# જુનો પૂર્વઝોન(વરાછા)–એ ની અખબારી યાદી

તા.૧૬/૦૬/૨૦૨૨

## જુનો પૂર્વ(વરાછા)ઝોન–એ ના મગોબ વિસ્તારમાં રોડ ખુલ્લો કરવા બાબત.

➢ નામ.ગુજરાત હાઈકોર્ટના SCA.NO.8537/2019, SCA.NO.9681/2019 તથા SCA.NO.9725/2019થી ઉપસ્થિત કોર્ટ પ્રકરણો અન્વયે નામ.ગુજરાત હાઈકોર્ટના તા.૧૩/૦૬/૨૦૨૨ ના રોજના ચુકાદા/ જજમેન્ટને આધિન ટી.પી.સ્કીમ નં.૩૪(મગોબ–ડુંભાલ), ફા.પ્લોટ નં.૨૮ માં આવેલ વિવેકાનંદ સોસાયટીની ઉત્તર–પશ્ચિમે આવેલ ૨૪.૦૦ મી. ના ટી.પી. રોડ ઉપર ચાલતા ખાડી ડેવલોપમેન્ટ પ્રોજેક્ટમાં નડતરરૂપ મિલ્કતો પૈકી સબ પ્લોટ નં.૨૪૧+૨૪૨, ૩૦૦, ૩૦૦/એ, ૪૦૦ વાળી મિલ્કતોનું આર.સી.સી. કોલમ,બીમ, સ્લેબ,ચણતર તથા પ્લાસ્ટર સહિતનું આશરે ૪૦૦૦.૦૦ ચો.ફુટ ના માપ વિસ્તારમાં બાંધકામ દુર કરી, સદર રોડ ખુલ્લો કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. સદર ૨૪.૦૦ મી. ટી.પી.રોડ ખુલ્લો થયેથી ખાડી ડેવલોપમેન્ટ પ્રોજેક્ટની કામગીરી ઝડપી બની શકશે અને ત્યારબાદ ટી.પી.રસ્તો થયેથી ટ્રાફીકની સમસ્યા મહદ્અંશે નિવારી શકાશે.

ઉકત કામગીરી મે.ડે.કમિશ્નરશ્રી(ડે.) ની સૂચના મુજબ તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ શહેરી વિકાસના સ્ટાફ, દબાણ ખાતાનો સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ સહિત પાર પાડવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૧૦૦
તા.૧૬/૦૬/૨૦૨૨

-: પ્રેસ નોટ: -

તારીખ: ૧૭-૦૬-૨૦૨૨

# સેવા બસ્તિ માં રહેતી મહિલાઓ ને આત્મનિર્ભર બનાવવાની સુરત સ્માર્ટ સીટી ની અનોખી પહેલ

સુરત મહાનગર પાલિકા, સુરત સ્માર્ટ સીટી, એક સોચ એનજીઓ, ત્રયમ ફ્રેઉન્ડેશન, બાઈક્સ ઇન્ડિયા, પ્રોજેક્ટ સુરત, અને સુરત સાયકલિસ્ટ ના સહયોગ થી સુરત ના સેવા બસ્તિ માં રહેતી મહિલા ઓ ને સાયકલ શીખવાવનો પ્રોગ્રામ શરુ કરાયો.

ઇન્ડિયા સાયકલ ફોર ચેન્જ ચેલેંજ (C4C) ના ભાગરૂપે સુરત શહેર ના સેવા બસ્તિ માં રહેતી મહિલા ઓ કે જેમની પાસે પોતાનું વેહિકલ નથી અને તેઓ રીક્ષા અથવા ચાલી ને કામ કરવા જાય છે તેવી મહિલા ઓ માટે આજે સવારે સાત વાગ્યે સુરતના સાત અલગ અલગ  જગ્યા ઓ પર સાયકલ શીખવવાનો પ્રોગ્રામ કરાયો હતો જેમાં ઘણી બધી મહિલા ઓ એ ભાગ લીધો અને સાયકલ ચલાવવાનું શીખ્યા. જેમાં સુરત મહાનગર પાલિકા દ્વારા દરેક સ્થળ પર સાયકલ સાયકલ પહોંચાડવામાં આવી હતી અને, એ ડી સોની, સ્પ્રેડ ખુશી, રોબિનહૂડ આર્મી, અસાધારણ એનજીઓ, હોપ ફાઉન્ડેશન, આઇસેક, અને એનજીઓ ઉપહાર એમ કરી ને સાત જગ્યાઓ પર જુદા જુદા સાત એનજીઓ દ્વારા જે તે સ્થળ ની સ્થાનિક મહિલા ઓ ને સાયકલ શીખવાવમાં આવી હતી. અને આ રીત નો કાર્યક્રમ હવે આવનારા દિવસો માં સુરત ની બીજી જગ્યા એ પણ યોજાનાર છે જેથી સુરત માં વધુ માં વધુ મહિલા ઓ સાયકલ શીખી શકે અને તેઓ પોતે કામ કરવા માટે ચાલતા કે રિક્ષામાં જતા હતા ત્યાં હવે પછી સાયકલ લઇ ને જઈ શકે અને આત્મનિર્ભર બની શકે.

"અમે સાઇકલ સવારોની એક પેઢી બનાવવા માંગીએ છીએ જે સુરત ને હરિયાળું શહેર બનાવશે અને અહીં એક મજબૂત સાઇકલિંગ કોમ્યુનિટી નું નિર્માણ કરશે. ઉપરાંત, આ અનોખી તાલીમ કાર્યક્રમ ઘણી સ્ત્રીઓને સશક્ત અને આત્મનિર્ભર બનાવશે, કે જેઓ ને મુસાફરી માટે પરિવારના સભ્ય પર અથવા રીક્ષા પાર આધાર રાખવો પડે છે." - સ્વાતિ દેસાઈ, સી.ઈ.ઓ સ્માર્ટ સિટી

"આપણે વુમન એમ્પાવરમેન્ટ બાબતે ઘણી વાત કરીયે છે પરંતુ આ સેવા બસ્તિ, આવાસ અને સ્લમ માં રહેતી મહિલાઓ ને ઘણી વાર તક મળતી નથી, પરંતુ આ સાયકલ તાલીમ કાર્યક્રમ દ્વારા તેઓ સાયકલ શીખશે અને તેમના રોજિંદા જીવન ના કામો ને વધુ સરળ બનાવી શકશે અને આત્મનિર્ભર પણ જરૂર થી બનશે." - રીતુ રાઠી, એક સોચ એન.જી.ઓ

જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૧૦૧





# **પ્રેસનોટ**

સેન્ટ્રલ ઝોન

સુરત મહાનગરપાલિકા

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :-

આજરોજ સુરત મહાનગરપાલિકાના કાર્યપાલક ઇજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.૧૧,નોંધ નં.૧૨૫૯,૧૨૬૦,૧૨૬૧,૮૮ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા દ્વારા મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા, તા.૧૭/૦૬/૨૦૨૨ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત રહેણાંકનાં હેતુસરવાળી મિલ્કતમાં પાંચમાં માળ તથા છઠ્ઠા માળે આશરે ૨૧૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી.સ્લેબ તથા ચણતર દુર કરવામાં આવેલ છે તેમજ ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૭૫,૦૦૦/- પેનલ્ટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં...૧૦૨
તા. ૧૭/05/2022

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

આજરોજ તા.17/06/2022 ના રોજ પર્ફોર્મિંગ આર્ટ હોલ અડાજણ સુરત ખાતે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૦૨૨ની પૂર્વ તૈયારીના ભાગરૂપે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત દ્વારા આચાર્ય સભાનું આયોજન કરવામાં આવેલ હતું. તેમાં સુરત મહાનગર પાલિકાના શાસકપક્ષના નેતાશ્રી અમિત ભાઈ રાજપૂત, માન. શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી ધનેશ ભાઈ શાહ તેમજ માન. વાઇસ ચેરમેન કુમારી સ્વાતિબેન સોસા, માન. સુરત મહાનગર પાલિકાના ડે.કમિશનરશ્રી સ્વાતિ બેન દેસાઈ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના તમામ સભ્યશ્રીઓ, શાસનાધિકારી શ્રી વિમલ ભાઈ દેસાઈ,તમામ નિરીક્ષકો,યુ.આર.સી., સી.આર.સી.,તમામ આચાર્યશ્રી ઉપસ્થિત રહ્યા હતાં.તેમાં પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-2022 વિશે ચર્ચા કરવામાં આવી હતી... અને સુરત શહેર માં આન, બાન, શાન થી પ્રવેશોત્સવ ઉજવાય તે માટે આગોતરું આયોજન કરવામાં આવ્યું હતુ.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં.૧૦૩,૧૭/૦૬/૨૦૨૨**









## સુરત મહાનગરપાલિકા
## હાઈડ્રોલિક વિભાગ

**<u>પ્રેસનોટ</u>**

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા દ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હંમેશ કટીબધ્ધ રહેલ છે. સુરત શહેરના નોર્થ ઝોન વિસ્તારમાં અમરોલી ખાતે આવેલ ESR E-1 (નવા કોસાડ રોડ પર શાંતિ નગર સામે) ની ૫૦૦ મી.મી. વ્યાસની આઉટલેટ લાઈન પર FLOW CONTROL VALVE લગાવવાની કામગીરી **<u>તા.૨૧/૦૬/૨૦૨૨</u>** ના રોજ હાથ ધરવામાં આવનાર હોઈ, અમરોલી વિસ્તારની ૨૪×૭ યોજના હેઠળની ટાંકી ESR E-1 ના નેટવર્ક હેઠળના અમરોલી ચાર રસ્તાથી અમરોલી ગામ તરફના રોડની બે બાજુના સોસાયટી તથા ફળીયા, અમરોલી ગામતળ, અમરોલી કોલેજની આજુબાજુની સોસાયટી, ઉત્રાણ રેલ્વે ગરનાળાથી સાંઈમંદિર થઈ માનસરોવર સુધીનો વિસ્તાર તથા અમરોલી ચાર રસ્તાથી છાપરાભાઠા રોડ પર અમરદીપ સોસાયટી સુધી રોડની બંને બાજુનો વિસ્તારમાં પાણી પુરવઠો તા.૨૧/૦૬/૨૦૨૨ના રોજ પુરો પાડી શકાશે નહી તેમજ તા.૨૨/૦૬/૨૦૨૨ ના રોજ સદર વિસ્તારોમાં પાણી પુરવઠો ઓછા પ્રેશરથી મળવાની શકયતા રહેલ છે. જેની જાહેર જનતાએ નોંધ લેવા તથા ઉપરના અસરકર્તા દિવસો પહેલા પુરતા જથ્થામાં જરૂરીયાત મુજબના પાણીના જથ્થાનો સંગ્રહ કરી લેવા તેમજ કરકસર પૂર્વક પાણીનો વપરાશ કરવા વિનંતી કરવામાં આવે છે. નાગરીકોને પડનાર અગવડ બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે તથા નાગરીકોને સહકાર આપવા વિનંતી છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરતમહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં.** ૧૦૪
**તા.** ૨૮/૦૫/૨૦૨૨

## :: પ્રેસનોટ ::

## "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ"

"માનવતા માટે યોગા (Yoga for Humanity)"

**વિષય :** સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧/૦૬/૨૦૨૨ના રોજ એરપોર્ટ આઈકોનિક રોડ, સુરત ખાતે મહાનગરપાલિકા કક્ષાનો તથા શહેરમાં અન્ય સ્થળોએ "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ"ની ઉજવણી બાબત.

પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા માનવજાતને અપાયેલી એક અમૂલ્ય ભેટ એવી યોગ વિદ્યાને વિશ્વ ફલક ઉપર લાવવા તથા માનવજાતને આરોગ્ય, સુખાકારી અને માનવતા તરફ દોરવાના ઉમદા હેતુથી માનનીય વડા પ્રધાનશ્રી દ્વારા સંયુકત રાષ્ટ્રસંઘની ૬૯મી સામાન્ય સભા સમક્ષ ૨૧મી જુનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવા કરેલ પ્રસ્તાવને સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા મંજૂરીના ભાગરૂપે સમગ્ર વિશ્વમાં તારીખ ૨૧ જૂનના દિવસને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. વર્ષ–૨૦૧૫થી પ્રતિ વર્ષ ૨૧ જૂનના દિવસે જુદી જુદી થીમ ઉપર ઉજવાતા આ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ચાલુ વર્ષે 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત ભારત સરકારશ્રી તથા રાજય સરકારશ્રીના "માનવતા માટે યોગા (Yoga for Humanity)"ના થીમ સાથે જનભાગીદારીથી ઉજવણી કરવા બાબતે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧/૦૬/૨૦૨૨ના રોજ **સવારે ૫.૪૫ કલાકથી સવારે ૭.૪૭ કલાક** દરમ્યાન માન.મેયરશ્રીમતી હેમાલીબેન બોઘાવાલાની ઉપસ્થિતિમાં મહાનગરપાલિકા કક્ષાના **"આંતરરાષ્ટ્રીય યોગ દિવસ"ની ઉજવણી સુરત એરપોર્ટ આઈકોનીક રોડ, સુરત ખાતે** આયોજન કરવામાં આવેલ છે. સુરત શહેરના ઈલેકશન વોર્ડ પ્રમાણે ૪૪થી વધુ સ્થળોએ સવારે ૬.૩૦ કલાક થી સવારે ૭.૪૭ કલાક દરમ્યાન શહેરમાં વિવિધ શૈક્ષણિક, સામાજીક અને સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, પાર્ટી પ્લોટ, સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે યોજાનાર છે. વધુમાં શહેરમાં ખાનગી હોલ, ખાનગી સંસ્થા, સરકારી તથા ખાનગી શાળા–કોલેજો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ, ખુલ્લા મેદાનો વગેરે સ્થળો ઉપર યોગ નિદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

ભારત સરકાર અને રાજય સરકાર દ્વારા ૨૧મી જુન ૨૦૨૨ના રોજ રાષ્ટ્ર વ્યાપી ઉજવણી થઈ રહી છે ત્યારે સુરત મહાનગરપાલિકા દ્વારા ભારતીય યોગની લોકપ્રિયતા ઉજાગર કરવાના હેતુસર અને દેશભરમાં આ દિવસે યોગ સંસ્કૃતિ જનજન જાણે તે માટે યોજાનાર આ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણી કાર્યક્રમમાં વધુમાં વધુ લોકો જોડાય તે માટે શહેરના વિવિધ વિસ્તારોમાં ગુજરાત રાજય યોગ બોર્ડ, આર્ટ ઓફ લિવિંગ સંસ્થા, પતંજલિ યોગ સમિતિ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુમન સ્કુલના, ખાનગી સ્કુલના શિક્ષકો તથા યોગ વિદ્યાના જાણકારી ધરાવતાં વિવિધ સંસ્થાઓના માસ્ટર ટ્રેઈનરો દ્વારા યોગના મહત્વ અંગેની માહિતી સાથે દરેક ઝોનમાં યોગ પ્રશિક્ષણ આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેમાં મોટી સંખ્યામાં યોગ ઉત્સુક નગરજનોને તાલીમ મેળવી લેવા અનુરોધ છે.

૨૧મી જૂન ૨૦૨૨ની પ્રભાતે સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, શાળા–કોલેજોના મેદાનો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ, ખુલ્લા મેદાનો વિગેરે વિવિધ સ્થળોએ યોજાનાર યોગ કાર્યક્રમમાં આર્ટ ઓફ લિવિંગ સંસ્થા અને પતંજલિ યોગ સમિતિના યોગ પ્રશિક્ષકના નિદર્શન હેઠળ તાડાસન, વૃક્ષાસન, ભુજંગાસન, ત્રિકોણાસન, શશકાસન, ભદ્રાસન, શવાસન, પવનમુકતાસન જેવા વિવિધ સરળ આસનોની સાચી રીત અને તેના ફાયદાઓની સમજ અને નિદર્શનો સાથે યોગ કરાવવામાં આવશે. કપાલભાતી, અનુલોમ વિલોમ, ભસ્ત્રિકા અને ભ્રામરી જેવા પ્રાણાયામ બાદ ધ્યાનની અનુભૂતિ સાથે યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. ભારતના ઐતિહાસિક પ્રદાન સમા આ "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" ઉજવણીમાં મોટી સંખ્યામાં સહભાગી થવા નગરજનોને સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે.

સમાચારયાદી નં. ૧૦૫, તા. ૧૯/૦૬/૨૦૨૨, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# સુરત મહાનગરપાલિકા
## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત–મુંબઈ વેસ્ટર્ન રેલવેલાઈન પર સહારા દરવાજા રેલવે ગરનાળા ઉપર, સુરત–બારડોલી રોડ પર કરણીમાતા જંકશન પર રૂ.૧૩૩.૫૦ કરોડના ખર્ચે નવનિર્મિત સુરતની શાન સમા અને ગુજરાતના સૌ પ્રથમ મલ્ટીલેયર અને મલ્ટી ડિરેક્શન રેલવે ઓવરબ્રિજ/ ફ્લાય ઓવરબ્રિજનું માન. સંસદસભ્ય શ્રી સી.આર.પાટીલના વરદ્હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સાથે સુરતવાસીઓને ૧૧૭માં ફ્લાયઓવર બ્રિજની ભેટ મળી છે.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન. ડે. મ્યુ. કમિશનર શ્રી એન. વી. ઉપાધ્યાયે જણાવ્યું કે આજરોજ સુરત શહેરનો ૧૧૭મો બ્રિજ માન. સંસદસભ્ય શ્રી સી.આર. પાટીલના વરદહસ્તે લોકાર્પણ કરવામાં આવ્યો. સુરત શહેરએ  બ્રિજ સિટી તરીકે જાણીતુ છે. આ બ્રિજના લોકાર્પણની નગરજનો ઘણાં સમયથી રાહ જોતા હતા. તે બ્રિજ આજે તેઓ માટે ખુલ્લો મુકવામાં આવેલ છે. ગુજરાતનો સૌ પ્રથમ મલ્ટીલેયર બ્રિજ જે સુરત શહેરનું નવલુ નજરાણું બનશે.

આ કાર્યક્રમ પ્રસંગે પ્રવચન કરતા માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ જણાવ્યું કે એક સમયે ૮૪ બંદરોના વાવટા ફરકાવતું સુરત વર્તમાનમાં સમયમાં પણ વૈવિધ્ય ધરાવતું સુરત સૌનાની મુરત સમાન છે. ૧૧૬ બ્રિજોના પ્રતાપે સુરત શહેરએ બ્રિજોની સિટી તરીકે જાણીતું બન્યું છે. વધુમાં તેઓએ પંકિતમાં સુરત શહેરની પ્રશંસા કરી જણાવ્યું કે "કેટલીય કુદરતી  આફતો સામે લડીને જંગ જીત્યું  છે, આપણું સુરત શહેર આફતોની સામે વિખરાતું ,પરંતુ પળભરમાં વિકાસની ધારામાં આગળ વધતું સુરત શહેરે કોરોનાને મ્હાત આપીને જીવંત બન્યુ, સુરત સુખ અને સમૃધ્ધિથી ચમકી રહયું છે. સુરત શહેર એ એકવાર ફરીથી બનશે સુરત સોનાની મુરત"

આ કાર્યક્રમ પ્રસંગે માન. કેન્દ્રીય રાજયમંત્રી , વસ્ત્ર અને રેલવે મંત્રાલય, ભારત સરકાર શ્રીમતી દર્શનાબેન જરદોશે તેમના પ્રવચનમાં જણાવ્યું કે શહેરી વિકાસ મંત્રાલય, મહાનગરપાલિકા અને કેન્દ્ર સરકારના સમન્વયથી ઝડપથી વિકાસ કાર્યો થઈ રહયાં છે.  જયારે પ્રતિદિન ૧૫૦ જેટલી ટ્રેનો શહેરમાંથી અવર–જવર કરતી હોય ત્યારે તેને રોકી ઝડપથી બ્રિજનું કન્સ્ટ્રકશન કરવા બદલ મહાનગરપાલિકાના મ્યુ. અધિકારીશ્રીઓને અભિનંદન પાઠવ્યા. ધર્મશાળા ખાતે નેશનલ કોન્ફરન્સમાં માન. મ્યુ. કમિશનર શ્રી બંછાનિધિ પાની ધ્વારા રજૂ કરાયેલ ટાઉન પ્લાનીંગની દિશામાં કરવામાં આવેલ કામગીરીનું પ્રેઝન્ટેશન નિહાળી માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આ પ્રેઝન્ટેશનની ખુબજ સરાહના કરી. વધુમાં આ વર્ષે આઝાદી કા અમૃત મહોત્સવ દરમ્યાન જે પણ કાર્યો કરવામાં આવી રહયા છે. તે અમૃતકાળ તરીકે યાદગાર રહેશે.

આ કાર્યક્રમ પ્રસંગે માન. સંસદસભ્ય શ્રી સી.આર. પાટીલે તેમના પ્રવચનમાં જણાવ્યું કે શહેરીજનોની માંગ ઉઠે એ પહેલાં જ સુરત મહાનગરપાલિકા સુખ સુવિધા આપી દેવાની આગવી કાર્ય પ્રણાલી ધરાવે છે. સમગ્ર દેશમાં સુરત મહાનગરપાલિકા સૌથી વધુ ટ્રીટેડ વોટર શહેરીજનોને પૂરૂં પાડે છે. સુરત મહાનગરપાલિકા વેસ્ટ વોટરમાંથી વોટર ટ્રીટમેન્ટ કરી ઉદ્યોગોને ટ્રીટેડ વોટરનું વેચાણ કરે છે, જેના થકી કરોડોની વધારાની આવક ઉભી કરીને આત્મ નિર્ભરતાની વિભાવના સાકાર કરી રહી છે. તેમણે આ બ્રિજ બનવાથી લાખો વાહનચાલકોને ટ્રાફિકજામની સમસ્યામાંથી કાયમી છુટકારો મળશે. ઉપરાંત, લોકોના સમય અને ઈંધણની પણ બચત થશે એમ પણ ઉમેર્યું હતું. શહેરીજનોની સુવિધા માટે સુરત મહાનગરપાલિકા સૌથી વધુ કામ કરે છે. જયારે કોઈ વ્યકિત બહારથી ફ્લાઈટ મારફત આવે છે તો તેઓને સુરતનું નજરાણું સિંગાપોર હોય તેમ લાગે છે.

આ કાર્યક્રમની આભારવિધિ માન. ડે.મેયર શ્રી દિનેશભાઈ જોધાણીએ કરી હતી. આ પ્રસંગે માન. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ રાજ્યમંત્રી શ્રી  વિનોદ મોરડિયા, માન. ધારાસભ્યશ્રી  કિશોરભાઈ કાનાણી, માન. ધારાસભ્ય શ્રીમતી  સંગીતાબેન પાટીલ, માન. ધારાસભ્ય શ્રીમતી  ઝંખનાબેન પટેલ, માન. ધારાસભ્યશ્રી  વિવેકભાઈ પટેલ , માન. ધારાસભ્યશ્રી  કાંતિભાઈ બલર, માન. ધારાસભ્યશ્રી  વી.ડી. ઝાલાવાડિયા, , માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલ, , માન. નેતા શાસકપક્ષ શ્રી અમિતસિંગ રાજપૂત, માન. દંડક શાસકપક્ષ શ્રી વિનોદભાઈ પટેલ,માન. વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ,માન. મ્યુ સદસ્યશ્રીઓ,મિડીયાના મિત્રો તથા સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં. ૧૦૬, તા.૧૯/૦૬/૨૦૨૨**


મહાનગરપાલિકા
સુરત-મુંબઈ વેસ્ટર્ન રેલવે લાઈન ઉપર રેલવે ગરનાળા નં.૪૪૫
ઉપર તથા સુરત-બારડોલી રોડ પર કરણીમાતા જંકશન


સુરત
મહાનગરપાલિકા





## પ્રેસનોટ

ગુજરાત રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ પ્રેરિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત શહેર કક્ષાએ તા. ૨૩ થી ૨૫ જુન દરમ્યાન "કન્યા કેળવણી મહોત્સવ" અને "શાળા પ્રવેશોત્સવ ૨૦૨૨"ની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં ૧૬૮ શાળા ભવનમાં ૩૨૧ થી વધુ શાળામાં ધોરણ-૧માં નવા અંદાજીત ૨૦,૦૦૦ જેટલા ભૂલકાઓને પ્રવેશ આપી ઉજવણી કરાશે.

પ્રવેશ પામના તમામ બાળકોને પ્રોત્સાહિત કરવા અને સન્માનિત કરવા માટે રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, શહેરના નગર સેવકો, વિવિધ પાલિકા અને શિક્ષણ સમિતિ સહિતના પદાધિકારીશ્રીઓ તથા ઉચ્ચ અધિકારીશ્રીઓ શાળામાં આવશે અને તેમની ઉપસ્થિતિમાં પ્રવેશ પામતા ભૂલકાઓનાં કુમકુમ પગલાં વૈદિક રીતે પાડી મંગલમય શિક્ષણનો પ્રારંભ કરવવામાં આવશે. આ તબક્કે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ તેઓના કુમકુમ પગલાના છાપની લેમીનેટડ ફોટો ફ્રેમ બનાવી સ્મૃતિ ભેટ તરીકે તેમને અર્પણ કરાશે. આ કાર્યક્રમ દરમ્યાન "આઝાદી કા અમૃત મહોત્સવ" ઉજવણી નિમિત્તે શાળામાં વિદ્યાર્થીઓ વક્તવ્ય આપશે તથા શાળાની વિશિષ્ટ સિદ્ધિઓ અને સુવિધા અંગેની પ્રેઝન્ટેશન મહાનુભાવો નિહાળશે અને તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે. આ ત્રિદિવસીય ૨૩ થી ૨૫ જુન દરમ્યાન યનાર "કન્યા કેળવણી મહોત્સવ" અને "શાળા પ્રવેશોત્સવ"માં સામાજિક આગેવાનો, શાળા વાલીમંડળ તથા નાગરિકો ભૂલકાઓને આવકારવા પ્રોત્સાહિત કરવા માટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં અધ્યક્ષશ્રી ધનેશભાઈ શાહ, ઉપાધ્યક્ષશ્રી કુ. સ્વાતિબેન સોસા અને શૈક્ષણિક અને સાંસ્કૃતિક કન્વીનરશ્રી રંજનાબેન ગોસ્વામી સહિત શિક્ષણ સમિતિના સદસ્યોશ્રીઓ અનુરોધ કર્યો છે. શાળા "કન્યા કેળવણી મહોત્સવ" અને "પ્રવેશોત્સવ"થી સુરત શહેર કક્ષાએ શિક્ષણનો વ્યાપ વધે છે તથા નામાંકનમાં પણ વધારો થાય છે તથા બાળકોમાં ઉત્સાહ અને આનંદથી પ્રવેશ મેળવે છે. તેમ જણાવ્યું હતું.

જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૨૦૭
તા. ૨૦/૦૬/૨૦૨૨

## :: પ્રેસનોટ ::

### "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ"

"માનવતા માટે યોગા (Yoga for Humanity)"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧/૦૬/૨૦૨૨ના રોજ એરપોર્ટ આઈકોનિક રોડ, સુરત ખાતે મહાનગરપાલિકા કક્ષાનો તથા શહેરમાં અન્ય સ્થળોએ "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ"ની ઉજવણી બાબત.

પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા માનવજાતને અપાયેલી એક અમૂલ્ય ભેટ એવી યોગ વિદ્યાને વિશ્વ ફલક ઉપર લાવવા તથા માનવજાતને આરોગ્ય, સુખાકારી અને માનવતા તરફ દોરવાના ઉમદા હેતુથી માનનીય વડા પ્રધાનશ્રી દ્વારા સંયુકત રાષ્ટ્રસંઘની ૬૯મી સામાન્ય સભા સમક્ષ ૨૧મી જુનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવા કરેલ પ્રસ્તાવને સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા મંજૂરીના ભાગરૂપે સમગ્ર વિશ્વમાં તારીખ ૨૧ જૂનના દિવસને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. વર્ષ–૨૦૧૫થી પ્રતિ વર્ષ ૨૧ જૂનના દિવસે જુદી જુદી થીમ ઉપર ઉજવાતા આ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ચાલુ વર્ષે 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત ભારત સરકારશ્રી તથા રાજય સરકારશ્રીના "માનવતા માટે યોગા (Yoga for Humanity)"ના થીમ સાથે રાજયના ૭૫ આઈકોનિક સ્થળો પર યોગ પ્રદર્શન કરવા બાબતે સુરત મહાનગરપાલિકા દ્વારા ૨૧મી જૂન ૨૦૨૨ના રોજ પ્રભાતે સુરત એરપોર્ટ આઈકોનિક રોડ ખાતે આયોજીત "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ"ની ઉજવણીમાં માન.મેયરશ્રીમતી હેમાલીબેન બોઘાવાલા, ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, મ્યુનિ.કમિશનરશ્રી બંછાનિધી પાની,આઈ.એ.એસ., મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, સ્વૈચ્છિક અને યોગ સંસ્થાના સભ્યશ્રીઓ, NSS,NCC કેડેટ્સ, સુરત શહેર પોલીસના જવાનો, સુરત એરપોર્ટ ઓથોરીટી સ્ટાફ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુમન શાળા સેલ તથા જી.ડી.ગોએન્કા અને દિલ્હી પબ્લીક સ્કુલના વિદ્યાર્થીઓ તથા યોગી પ્રેમી નગરજનો મળી ૩,૧૭૦ જેટલી સંખ્યામાં ઉપસ્થિત રહી લાઈવ પ્રસારણ સાથે વરસતા વરસાદમાં ઉત્સાહભેર યોગાસનો કર્યા હતા.

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧મી જૂન ૨૦૨૨ના રોજ ભારતના ઐતિહાસિક પ્રદાન સમા માનવ જીવનમાં યોગના મહત્વ અંગેની સમજ સાથે શહેરના ચોકબજાર કિલ્લાનું ઐતિહાસિક સ્થળ, કોમ્યુનિટી હોલ, સ્પોર્ટસ કોમ્પલેક્ષ, ન.પ્રા.શાળા અને સુમન શાળાઓ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, સરકારી તથા ખાનગી શાળા–કોલેજો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ, ખાનગી હોલ, સમાજની વાડી વિગેરે સ્થળોએ યોજાયેલા યોગ કાર્યક્રમમાં ૭ લાખથી વધુ યોગપ્રેમી નગરજનો વિદ્યાર્થીઓએ વિશ્વ યોગ દિવસે યૌગિક ક્રિયાઓ કરી, યોગના મહાત્મ્યને અપનાવી સ્વીકાર્યું હતું.

ભારતીય યોગની લોકપ્રિયતા ઉજાગર કરવા તથા દેશભરમાં આ દિવસે યોગ વિદ્યાની સંસ્કૃતિ જનજન જાણે તે હેતુસર યોજાયેલા આ ૨૧મી જૂન વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં વધુમાં વધુ લોકો જોડાય તે માટે શહેરના ગાર્ડન, વોક–વે, જેવા વિવિધ જાહેર સ્થળોએ નગરજનોને માહિતગાર કરી યોગમાં જોડાવા ઉત્સુક નગરજનોના રજીસ્ટ્રેશન માટે તમામ ઝોનમાં વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારોમાં ગુજરાત રાજય યોગ બોર્ડ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુમન હાઈસ્કુલ અને ખાનગી સ્કુલોના શિક્ષકો, પતંજલિ યોગ સમિતિ, આર્ટ ઓફ લિવિંગ, બ્રહ્મકુમારીઝ તથા યોગ વિદ્યાની જાણકારી ધરાવતાં વિવિધ સંસ્થાઓના માસ્ટર ટ્રેઈનરો દ્વારા દરેક ઝોનમાં યોગ પ્રશિક્ષણમાં મોટી સંખ્યામાં યોગ ઉત્સુક નગરજનો તથા વિદ્યાર્થીઓએ યોગની તાલીમ મેળવી યોગ નિદર્શનમાં સહભાગી થયા હતા. શહેરના દરેક નગરજનો આ કાર્યક્રમથી માહિતગાર બની યોગ કાર્યક્રમમાં જોડાય તે માટે હોર્ડિંગ્સ અને બેનર લગાડવા સાથે વર્તમાનપત્રોમાં જાહેરાત અને પ્રેસનોટ આપવામાં આવી હતી. સુરત મહાનગરપાલિકાએ તમામ નગરજનોને રજીસ્ટ્રેશન કરાવી, આપવામાં આવી રહેલી માહિતી સાથે યોગની તાલીમ લઈ યોગ દિવસ ઉજવણીમાં સહભાગી થવા અપીલ કરતાં સૌ નગરજનો ઉમંગભેર સામુહિક યોગ નિદર્શનમાં જોડાયા હતા.

સુરત મહાનગરપાલિકા દ્વારા યોગના તમામ સ્થળોએ સાઉન્ડ સીસ્ટમ, લાઈટ–પંખા, પીવાના પાણી જેવી તમામ આનુષાંગિક સુવિધાઓ, ખાસ મેડીકલ ઓફિસર સાથેની મેડીકલ ટીમની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ભારતીય સંસ્કૃતિની ઉત્તમ દેન યોગ વિદ્યાને વૈશ્વિક વિરાસતમાં આમેજ આ "વિશ્વ યોગ દિવસ"ની ઉજવણી પ્રસંગે માન.મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા, ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી પરેશભાઈ પટેલ, મ્યુનિ.કમિશનરશ્રી બંછાનિધી પાની,આઈ.એ.એસ. શાસક પક્ષ નેતાશ્રી અમિતસિંગ રાજપુત, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, શહેરના વિવિધ કલબો–મંડળો, સીનીયર સીટીઝન, રમતગમતના એસોસીએશનો, શહેરમાં આવેલી વિવિધ યોગ સંસ્થાઓએ સુરત મહાનગરપાલિકાને સારો સહકાર પૂરો પાડતાં હજારો લોકોએ વરસતા વરસાદમાં ઉમંગભેર વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં ભાગ લઈ આ યશસ્વી ઘટનાના સાક્ષી બન્યાની ધન્યતા અનુભવતા હતા. ઉપરાંત તંદુરસ્ત આનંદમય જીવન જીવવા યોગનું મહત્વ સ્વીકારી તેને જીવન શૈલીનો એક ભાગ બનાવી અન્ય લોકોને પણ નિરોગી તંદુરસ્ત જીવન જીવવા યોગ માટે પ્રેરિત કરવા તથા શાંતિ, સ્વાસ્થ્ય, સ્વચ્છતા અને પર્યાવરણ જાળવણીના સંકલ્પ સાથે શહેરના હજારો યોગપ્રેમી નગરજનોએ સામુહિક યોગાસન, સાધારણ કસરત પ્રાણાયામ જેવી યોગક્રિયામાં જોડાઈને "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ"ની સફળ અને ઐતિહાસિક ઉજવણીમાં ગૌરવભેર ભાગ લીધો હતો.

સમાચારયાદી નં.૧૦૮, તા.૨૧/૦૬/૨૦૨૨, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.




યોગના માધ્યમથી મેળવો
સ્વાસ્થ્ય અને સુખાકારી

પ્રેસ નોટ






## સુરત માટે વ્યાપક વિદ્યુત ગતિશીલતા પ્લાન (comprehensive electric mobility plan) વિકસાવવા માટે નીતિ આયોગ અને એશિયન ડેવલોપમેન્ટ બેંક દ્વારા કરવામા આવેલ વર્કશોપ.

ભારત સરકારના નીતિ આયોગ દ્વારા સુરત, લખનઉ અને કલકત્તાને વ્યાપક વિદ્યુત ગતિશીલતા પ્લાન તૈયાર કરવા માટે પસંદ કરવામાં આવેલ છે. જે અન્વયે, સુરત શહેર માટે વ્યાપક વિદ્યુત ગતિશીલતા પ્લાન વિકસાવવા માટે તા.૨૧ જુન ૨૦૨૨ના રોજ નીતી આયોગ અને એશિયન ડેવલોપમેન્ટ બેંક અને સુરત મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે વર્કશોપનું આયોજન કરવામાં આવેલ.

આ વર્કશોપનો હેતુ, સુરતમાં ઈલેક્ટ્રીક વાહનોનો પ્રસાર કરવા અંગેના પડકારોના નિરાકરણ માટેની અડચણો શક્ય એટલી ઓછી કરવાના પ્રયાસો તથા, ગુજરાત માટે વિદ્યુત ગતિશીલતા ક્રમશઃ વધારવા મનોમંથન તેમજ ફીડબેક દ્વારા વ્યાપક વિદ્યુત ગતિશીલતા પ્લાન માટેનું મંચ તૈયાર કરવાનો હતો.

સુરત મહાનગરપાલિકાએ સુરત શહેર માટે વિદ્યુત વાહનો માટેની પોલીસી જાહેર કરેલ છે જેના પ્રતિભાવમાં,મળેલ વ્યાપક પ્રતિસાદ નીચેના આંકડાઓથી મળે છે.

1. પોલીસી જાહેર થવા અગાઉ શહેરમાં નોંધાયેલ વિદ્યુત વાહનોની સંખ્યા આશરે ૧૦૦૦ જેટલી હતી જે હવે ૧૧,૫૦૦ થી વધુ થયેલ છે.
2. દેશના પરિપ્રેક્ષ્યમાં વિદ્યુત વાહનોમાં સુરત શહેરની હિસ્સેદારી,એપ્રિલ ૨૦૨૨માં ૩.૦ % થી વધુ રહી છે.
3. ગુજરાત રાજ્યના પરિપ્રેક્ષ્યમાં વિદ્યુત વાહનોમાં સુરત શહેરની હિસ્સેદારી,૧ એપ્રિલ ૨૦૨૨ થી ૧૮ જુન ૨૦૨૨ સુધી ૧૨.૦ % થી વધુ રહી છે. આમ,ઈલેક્ટ્રીક વાહનોના રજીસ્ટ્રેશન સંદર્ભે રાજ્યના તમામ શહેરો પૈકી સુરત શહેર મોખરે રહેલ છે.

કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા દ્વારા તેઓના પ્રારંભિક પ્રવચનમાં નીતિ આયોગ, એશીયન ડેવલોપમેન્ટ બેંક, પ્રાઈસ વોટર હાઉસ કુપર્સ તથા સરકારી અને ખાનગી સંસ્થાઓના ઉપસ્થિત રહેલ પ્રતિનિધિઓને આવકારવા સાથે ઈલેક્ટ્રીક વાહનો અંગેના પડકારો જેમ કે, વાહનોના ચાર્જીંગ માટેના ઈન્ફ્રાસ્ટ્રકચર વિકસાવવા, રહેણાંક વિસ્તારોમાં વાહનના ચાર્જીંગ માટેની જગ્યા ફાળવવા વ્યવસ્થા કરવી, વાહનની બેટરી માટે વધુ આધુનિક ટેકનોલોજીનો આવિસ્કાર, બેટરીનો વૈજ્ઞાનિક પધ્ધતિથી નિકાલ વગેરે અંગે પોતાનું મંતવ્ય રજુ કરેલ. કમિશ્નરશ્રીએ જણાવ્યા પ્રમાણે અગાઉ વાહન ખરીદતી વખતે માઈલેજ જોવાતી હતી જે ઈલેક્ટ્રીક વાહન મા ટકાઉપણાનો માપદંડ મુખ્ય હોવાનું જણાવેલ. વધુમા, તેમણે રોજીંદા વપરાશમાં હાઈબ્રીડ સાઈકલના વપરાશ પર પણ ભાર મુકેલ.

ઈલેક્ટ્રીક મોબીલીટી તરફ વળવાથી સુરતને એનર્જી એફિસીયન્ટ સીટી બનાવવાના હેતુને વેગ મળશે. તેનાથી ઈલેક્ટ્રીક વાહનો માટેના કુશળ કારીગરો વિકસાવવા અને તેના જુદા જુદા સેગમેન્ટમાં નોકરીની તકો પણ વધારી શકાશે.સુરત શહેરમાટે વ્યાપક વિદ્યુત ગતિશીલતા પ્લાન વિકસાવવા સુરત મહાનગરપાલિકા, નીતિ આયોગ અને એશીયન ડેવલોપમેન્ટ બેંક સાથે સહયોગ કરવા ઉત્સુક છે. વર્કશોપમાં ઈલેક્ટ્રીક મોબીલીટી અંગે ભારત સરકારશ્રી તરફથી કરવામાં આવેલ પહેલ વિશે નીતિ આયોગ અને એશીયન ડેવલોપમેન્ટ બેંક તરફથી પ્રવચન રજુ કરવામાં આવ્યું. સુરત મહાનગરપાલિકા તરફથી "સુરત શહેર ઈ વેહિકલ પોલીસી–૨૦૨૧" તથા ઈ વેહિકલના વપરાશને ક્રમશઃ વધારવા માટેના કરવામાં આવેલ વિવિધ પ્રયાસો અંગે પ્રેઝન્ટેશન રજુ કરવામા આવ્યુ.

વર્કશોપમાં પ્રાઈસ વોટર હાઉસ કુપર્સના ડીરેકટરશ્રી કે જેઓ સુરત માટે વ્યાપક વિદ્યુત ગતિશીલતા પ્લાનના કન્સલ્ટન્ટ છે તેમણે સુરતમાં ઈલેક્ટ્રીક વાહનોનો પ્રસાર કરવા અંગેના પડકારોના નિરાકરણ માટેની અડચણો શક્ય એટલી ઓછી કરવાના પ્રયાસો તથા, ગુજરાત માટે વિદ્યુત ગતિશીલતા ક્રમશઃ વધારવા, શહેરમાં ઈકો સિસ્ટમ આંતરરાષ્ટ્રિય કેસ સ્ટડી માટે ચર્ચા, મનોમંથન તેમજ ફીડબેક દ્વારા વ્યાપક વિદ્યુત ગતિશીલતા પ્લાન અંગે પ્રેઝન્ટેશન રજુ કર્યુ. વર્કશોપમાં વ્યાપક વિદ્યુત ગતિશીલતા પ્લાનના અગત્યના સહભાગીઓ દ્વારા સંયુકત ચર્ચા–વિચારણા કરી મહત્વના સુચનો રજુ કરવામા આવ્યા તેમજ, ઈ વેહિકલ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવા સુરત માટેના પોર્ટલ વિશે માર્ગદર્શન આપવામા આવ્યુ. આ વેબ પોર્ટલ, ઈલેક્ટ્રીક વાહનોના વપરાશકારો રોકાણકારો ઉપરાંત, લોકોમાં જાગરૂકતા વધારવા, લોકોને પ્રત્સાહિત કરવા, ઈલેક્ટ્રીક વાહનો પ્રતિ વળવા અને તેના વેપાર સાથે સંકળાયેલ તમામ માટેનું સમર્પિત સ્થાન બની રહેશે.

આ વર્કશોપમાં નીતિ આયોગ, બીઈઈ, એડીબી, જેડા, આરટીઓ, જી.પી.સી.બી., એમએનઆરઈ,ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ., વીજ પુરવઠો પુરો પાડતી એજન્સીઓ, એસવીએનઆઈટી, ક્લાઈમેટ ચેન્જ વિભાગ, ચેમ્બર્સ ઓફ કોમર્સ, ક્રેડાઈ, સુરત ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન, ઈલેક્ટ્રીક વાહનોના ઉત્પાદકો, ચાર્જ પોઈન્ટ ઓપરેટરો, ઈલે મોબીલીટી ઈન્ડસ્ટ્રીના ખાનગી પ્લેયર્સ વગેરે ઉપસ્થિત રહેલ.

આ વર્કશોપ, સુરત શહેરમાં ઈલે.વાહનોના પ્રસાર તથા તેને લગતા જુદા જુદા ક્ષેત્રમાં નોકરીની વિપુલ તકો વર્ષ ૨૦૩૦ સુધીમાં વધારવા સાથે વાહનો દ્વારા થતા પ્રદુષણ અને તેના થકી થતા કાર્બન ડાયોકસાઈડના ઉત્સર્જનને ઓછું કરવામાં ઉપયોગી નિવડશે એવી આશા રાખવામા આવે છે.

આ વર્કશોપને સફળ બનાવવા બદલ સુરત મહાનગરપાલિકા તરફથી ઉપસ્થિત રહેલ શ્રી જોસેફ તેજા–પબ્લિક પોલીસી એનાલીસ્ટ નીતિ આયોગ, શ્રી જીવન આચાર્ય–પ્રિન્સિપલ એનર્જી સ્પેશ્યલીસ્ટ–એડીબી, શ્રી કીર્તિકુમાર–એસોસીએટ પ્રોજેકટ ઓફિસર–એડીબી, શ્રીકુલભુષણ કુમાર–ડીરેકટર–પીડબલ્યુસી વગરે તમામનો આભાર માનવામાં આવ્યો.

# સુરત મહાનગરપાલિકા
## પ્રેસનોટ

આજરોજ તા.૨૧/૦૬/૨૦૨૨ આંતરરાષ્ટ્રીય યોગદિનની ઉજવણીમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના માર્ગદર્શનમાં સુરત મહાનગરપાલિકાના માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ માનવ જીવનને સર્વાંગી સમૃદ્ધ બનાવવા "માનવતા માટે યોગ"ની થીમ પર આધારિત આ વર્ષના "વિશ્વ યોગ" દિવસે યોગ કાર્યક્રમમાં શહેરીજનો સાથે વરસતા વરસાદમાં ઉત્સાહપૂર્વક જોડાઈ સુરતીઓને પ્રોત્સાહિત કર્યા. ત્યારબાદ સુરત મહાનગરપાલિકા દ્વારા કાર્યરત ફ્લ્ડ ફાયર કન્ટ્રોલ રૂમ – ઈમરજન્સી રીસ્પોન્સ સેન્ટરની મુલાકાત લીધી અને આ સેન્ટરની કામગીરીની વિસ્તૃત માહિતી મેળવી અને ચોમાસાની ઋતુને ધ્યાને લઈ અગમચેતીના ભાગરૂપે વિયર કમ કોઝવે ખાતે સ્થળ મુલાકાત લઈ વિયર કમ કોઝવેની મેઈન્ટેનન્સની કામગીરીની સમિક્ષા કરી અધિકારીઓને જરૂરી સુચનો કર્યા હતા.

જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૧૧૦,
તા.૨૧/૦૬/૨૦૨૨


GROVE
GROVE



# –::પ્રેસનોટ::–

આરોગ્ય અધિકારીશ્રી, ટોબેકો કંટ્રોલ સેલ, સુરત મહાનગરપાલિકાનાં સીધા માર્ગદર્શન હેઠળ તા.૨૨/૦૬/૨૦૨૨નાં રોજ તમાકુ નિયત્રણ અધિનિયમ–૨૦૦૩ હેઠળ કલમ–૪ અને કલમ–૬(બ)નાં ભંગ કરનાર ઈસમો સામે અસરકારક અને સખ્ત અમલીકરણ તથા તમાકુ વિરોધી લોક જાગૃતિ થાય તે માટે તમામ ઝોનમાં નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે. જેનાથી તમાકુ પ્રોડકટસનું વેચાણ કરનાર વિક્રતાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | કલમ–૪ નાં ભંગ બદલ દંડ | | કલમ–૬ (બ)નાં ભંગ બદલ દંડ | | કલમ –૪ અને ૬(બ) નાં ભંગ બદલ કુલ દંડ | |
|---|---|---|---|---|---|---|
| | ઈસમ | રૂપિયા | ઈસમ | રૂપિયા | કુલ ઈસમો | કુલ રૂપિયા |
| સેન્ટ્રલ | ૧૦ | ૨૦૦૦ | ૧૧ | ૪૨૦૦ | ૨૧ | ૪૨૦૦ |
| વરાછા (એ) | ૬ | ૧૨૦૦ | ૬ | ૧૨૦૦ | ૧૨ | ૨૪૦૦ |
| વરાછા (બી) | ૪ | ૮૦૦ | ૫ | ૧૦૦૦ | ૯ | ૧૮૦૦ |
| રાંદેર | ૧૦ | ૨૦૦૦ | ૧૦ | ૨૦૦૦ | ૨૦ | ૪૦૦૦ |
| કતારગામ | ૦૬ | ૧૨૦૦ | ૦૬ | ૧૨૦૦ | ૧૨ | ૨૪૦૦ |
| ઉધના (એ) | ૯ | ૧૮૦૦ | ૩ | ૬૦૦ | ૧૨ | ૨૪૦૦ |
| ઉધના (બી) | ૦૪ | ૮૦૦ | ૦૫ | ૧૦૦૦ | ૦૯ | ૧૮૦૦ |
| લિંબાયત | ૦૮ | ૧૬૦૦ | ૦૯ | ૧૮૦૦ | ૧૭ | ૩૪૦૦ |
| અઠવા | ૪ | ૮૦૦ | ૯ | ૧૮૦૦ | ૧૩ | ૨૬૦૦ |
| કુલ | ૬૧ | ૧૨૨૦૦ | ૬૪ | ૧૪૮૦૦ | ૧૨૫ | ૨૫૦૦૦ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૧૧૧
તા.૨૨/૦૬/૨૦૨૨

TOBACCO NONDH

સુરત મહાનગર પાલિકા

વાહકજન્ય રોગ નિયંત્રણ વિભાગની મુખ્ય કચેરી

અખબારી યાદી

સુરતમહાનગરપાલિકા અને ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ લોકલસેલ્ફગવર્નમેન્ટના સંયુક્ત ઉપક્રમે આજરોજ પરફોર્મિંગ આર્ટ્સ સેન્ટર, સુરત ખાતે "મેલેરિયા એલિમિનેશન સેમિનાર"નું આયોજન કરવામાં આવેલ હતું. કાર્યક્રમની શરૂઆતમાં કુમારીદ્રષ્ટિ વિજયકુમારપંડ્યાએ ભરતનાટ્યમના સુંદરનૃત્ય સાથે ગણેશવંદના પ્રસ્તુતકરીહતી ત્યારબાદ "ઇતનીશક્તિહમેદેનાદાતા..." નાપ્રાર્થનાગીતને સેમિનારમાં ભાગ લેનાર તમામએ સમૂહગાનકરી વાતાવરણને ખુબસુંદર બનાવ્યુંહતું. ત્યારબાદ મહેમાનોના હસ્તે દીપ-પ્રાગટ્ય કરવામાંઆવ્યું હતું. ઓલઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ લોકલસેલ્ફ ગવર્નમેન્ટ નાપ્રાદેશિકનિયામક શ્રીપરવેઝમલિકએ સ્વાગતપ્રવચન કર્યું હતું. ઉપસ્થિત તમામ મહેમાનોને સ્મુર્તિભેટ આપવામાં આવેલ હતી. ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ લોકલ સેલ્ફગવર્નમેન્ટના નાયબ નિયામક(શૈક્ષણિક) અનેઆચાર્યશ્રીડૉ. જગદીશએસ. ગનેરીવાલએ સંસ્થાનો પરિચય આપ્યો હતો. પ્રમુખસ્થાનેથી ડેપ્યુટીકમિશ્નર (હેલ્થઅનેહોસ્પિટલ) શ્રીડૉઆશિષનાયક એસેમિનાર નેખુલ્લો મુકતા જણાવ્યું હતુંકે, આગામી દિવસોમાં આપણે સૌએભેગામળીને આગામી૨૦૨૫સુધીમાં ગુજરાતસરકારના કાર્યક્રમ મુજબ મેલેરિયાનેનાબૂદ કરવાનોછે. કામદારથી માંડીને અધિકારી વર્ગ સુધીનાસૌએ ખભેથીખભા મિલાવીને પોતાની ફરજ બજાવવાનીછે. જેથી આપણે શહેરીજનોની સેવા પણ કરી શકીશું. સેમિનારમાં વક્તાઓ તરીકે જંતુનાશકઅધિકારી શ્રીડૉ.કે.જી.વૈષ્ણવ, એડીશનલ જંતુનાશકઅધિકારી શ્રીજયસુખવાગડીયા, એડીશનલજંતુનાશકઅધિકારી શ્રીનરેશસુથારએ મેલેરિયા નાબુદીઅંગેની તમામ માહિતીઓ રસપ્રદરીતે આપી હતી.

આપ્રસંગે સુરતમહાનગરપાલિકાના વેક્સીનવિભાગના મેડિકલઓફિસર શ્રીડૉ. રવિજરીવાલાએ કોરોનાની કામગીરી દરમ્યાન રાખવાની તકેદારી અંગેની માહિતી આપી હતી. આપ્રસંગે આરોગ્યઅધિકારી શ્રીડૉ.પ્રદીપઉમરીગર, તમામઝોનના આસિસ્ટન્ટજંતુનાશકઅધિકારીઓ, ઓલઇન્ડિયાઇન્સ્ટિટ્યૂટઓફલોકલસેલ્ફગવર્નમેન્ટનો સ્ટાફ હાજર રહ્યો હતો. સેમિનારમાં વી.બી.ડી.સી. વિભાગના સેનીટરીઇન્સ્પેક્ટર, સેનીટરીસબઇન્સ્પેક્ટર, હેલ્થસુપરવાઈઝર તથા

પ્રાયમરી હેલ્થ વર્કરો મોટીસંખ્યામાં જોડાયાહતા. સેમિનારના અંતમાં આભારવિધિ અને સમગ્રકાર્યક્રમનું સંચાલન ઓલઇન્ડિયાઇન્સ્ટિટ્યૂટઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટના પ્રોજેક્ટએસોસીએટ શ્રીમોહંમદ ઇકબાલ શેખએ કર્યું હતું.

તંત્રીશ્રી, ઉપરોક્તસમાચારપ્રસિદ્ધકરીઆભારીકરશો.

જનસંપર્ક વિભાગ
સમાચાર યાદી નં. ૧૧૨
તા. ૨૨-૦૬-૨૦૨૨

SWACHH SURVEKSHAN 2022

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

**તા.૨૮/૦૨/૨૦૨૨**

સુરત મહાનગરપાલિકા ધ્વારા સિંગણપોર વિયરથી ઓએનજીસી બ્રીજ સુધી (૧૦ કી.મી.) અને સિંગણપોર વિયરથી કઠોર બ્રીજ સુધી (૨૩ કી.મી.) આમ, અંદાજે કુલ ૩૩ કિ.મી.ના વિસ્તારમાં તાપી નદીનાં બન્ને કાંઠાને નવસાધ્યકરણ કરી રીવર ફ્રન્ટ વિકસાવવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. સુરત શહેર માટે લાંબાગાળાની ભવિષ્યલક્ષી તાપી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ યોજનાની આગળની તમામ કામગીરી તેમજ અમલીકરણ, નિભાવ વગેરે કરવા માટે અલાયદી "સ્વતંત્ર/સ્વાયત્ત સ્પેશીયલ પર્પઝ વિહીકલ (SPV) કંપની તરીકે "તાપી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી." ને **Ministry of Corporate Affairs (MCA), New Delhi** દ્વારા તા.૦૨/૦૨/૨૦૨૨ થી કંપની incorporate - રજીસ્ટર્ડ કરવામાં આવેલ છે.

તા.૨૧/૦૬/૨૦૨૨ના રોજ સુડાભવન, વેસુ, સુરત ખાતે "તાપી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી." ના બોર્ડ ઓફ ડાયરેકટર્સની બીજી બોર્ડ મીટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં શ્રી બંછાનિધિ પાની "તાપી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી." ના ચેરમેનશ્રી અને મેનેજીંગ ડાયરેકટરશ્રી (કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા) દ્વારા બોર્ડ મીટીંગ દરમ્યાન હાજર રહેલ તમામ બોર્ડ ઓફ ડાયરેકટર્સ સાથે એજન્ડામાં સમાવિષ્ટ દરેક મુદ્દાઓ પર તથા સદર પ્રોજેકટ અંતર્ગત થયેલ/થનાર ગતિવિધિની વિસ્તુત ચર્ચા કરવામાં આવેલ.

"તાપી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી." કંપનીમાં વિવિધ વિષયો પરત્વે અધિકારીશ્રી/કર્મચારીશ્રીની નિમણૂંક બાબતે તૈયાર કરવામાં આવેલ માળખાને આખરી ઓપ આપવામાં આવેલ, પ્રકલ્પનાં અસરકારક અમલીકરણ અર્થે વિવિધ કમિટિઓનું ગઠન કરવા બાબતે ચર્ચા કરવામાં આવેલ. તાજેતરમાં, વર્લ્ડબેંકના પ્રતિનિધિશ્રીઓ સાથે થયેલ વિવિધ પ્રેઝન્ટેશન સાથેની સંયુકત મીટીંગમાં થયેલ ચર્ચા તથા પ્રકલ્પને સાકારિત કરવા બાબતે થયેલ વિવિધ સૂચનોથી બોર્ડના સભ્યશ્રીઓને અવગત કરાવવામાં આવેલ.

સુરત શહેરના મા.મેયરશ્રી હેમાલીબેન બોઘાવાલા તાપી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડના ડાયરેકટરશ્રી તરીકે મીટીંગમાં હાજર રહેલ હતા.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૧૧૩
તા.૨૨/૦૬/૨૦૨૨

C:\Users\user1.pro123\Desktop\Press-Note SPV 22.06.2022 .docx



## અખબાર યાદી

સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુરત

કામરેજ

તા.૨૨/૦૬/૨૦૨૨

### માન.કલેકટરશ્રી, સુરતના આદેશ અન્વયે કરવામાં આવેલ કામગીરી

સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુરત દ્વારા ટી.પી.નં. - ૪૦, નવાગામ, તાલુકા પંચાયત કચેરી, કામરેજ ની દિવાલને અડિને આવેલ તમામ કાચા દબાણ - કેબીન આશરે - ૨૨ તેમજ પાકા દબાણ - ૧ તેમજ કામરેજની મામલતદાર ઓફીસ, કામરેજના સર્વીસ રોડ ઉપરના લારી - ગલ્લાના દબાણ આશરે - ૧૦ તેમજ ટી.પી.નં. - ૪૯, ખોલવડ, કામરેજ ચાર રસ્તા તેમજ સુરત થી કામરેજ આવતા હાઇવેના સર્વીસ રોડ ઉપરના દબાણ - લારી - ગલ્લા આશરે ૧૭ દબાણ તા.૨૨/૦૬/૨૦૨૨ ના રોજ સુડા, સુરતની ટીમ દ્વારા સવારે ૮:૦૦ વાગ્યાથી સાંજે - ૫:૦૦ વાગ્યા સુધીમાં દુર કરવામાં આવેલ છે.

આજ રોજ સાંજે ૪:૩૦ કલાકે કામરેજ મુકામે ભારે વરસાદ તથા પવન તથા વાવાઝોડા ને કારણે ટ્રાન્સ્ફોર્મરમાં ભડકા (સ્પાર્ક) થતા આજે કામગીરી મુલત્વિ રાખેલ છે. તા.૨૩/૦૬/૨૦૨૨ ના રોજ સવારે પુન: ડિમોલેશનની કામગીરી શરૂ કરવામાં આવશે, જે વિદિત થાય.

કામરેજ ચાર રસ્તાએ સુરત શહેરના મુખ્ય પ્રવેશદ્વાર સમો વિસ્તાર છે.સદર ચાર રસ્તાની ચારે બાજુએ ખુબ મોટા પ્રમાણ માં કોમર્શીયલ એક્ટીવીટી થાય છે.જેને કારણે ટ્રાફિક નું સુચારુ વહન કરાવવું એ ખુબજ મોટી સમસ્યા બનેલ છે. જેના નિરાકરણ માટે સુડા મારફત સરદાર વલ્લભભાઇ નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી,સુરત(SVNIT) ને સદર ચાર રસ્તા ના ડેવલોપમેન્ટ માટે ડીઝાઇન કરવાની કામગીરી આપવામાં આવેલ હતી તેમના દ્વારા આપવામાં આવેલ ભવિષ્ય ના આયોજન ને સાકાર કરવા માટે ઉપરોક્ત દબાણો દુર કરવા ખુબજ જરૂરી હતા. આમ ભવિષ્યમાં સુરત ના પ્રવેશ દ્વાર ને સુવ્યવસ્થિત બનાવવા માટેની કામગીરી ના ભાગરૂપે ઉપર મુજબ ની કામગીરી કરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરીજનોને વિવિધ સેવાઓ સરળતાથી મળી રહે તે માટે નવા પૂર્વઝોન (સરથાણા)માં પાસોદરા ગ્રામ પંચાયત ઓફિસ, પાસોદરા ખાતે તથા લસકાણા ગ્રામ પંચાયત ઓફિસ, લસકાણા ખાતેથી "**નાગરિક સુવિધા કેન્દ્ર**" નો શુભારંભ માન.મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાના વરદહસ્તે કરવામાં આવેલ  આ પ્રસંગે માન.ડે.મેયર શ્રી દિનેશભાઈ જોધાણી, માન.વિરોધ પક્ષ નેતા શ્રી ધર્મેશભાઈ ભંડેરી, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, ડે.કમિશનર શ્રી ઉપાધ્યાય અને અન્ય અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ નાગરિક સુવિધા કેન્દ્રો મારફત આ વિસ્તારના નાગરિકોને સુરત મહાનગરપાલિકાની જુદી જુદી સેવાઓ અને ફરિયાદ નિવારણની સગવડ પૂરી પાડવામાં આવશે. આ સેન્ટરો ખાતે કોમ્પ્યુટર નેટવર્ક ધ્વારા નાગરિક સેવાઓ જેમકે જન્મ –મરણ નોંધણી, ગુમાસ્તાધારા નોંધણી પ્રમાણપત્ર, વેરા સ્વીકાર વિગેરે સેવાઓ પુરી પાડવામાં આવશે.

**જનસંપર્ક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,**
**સમાચાર યાદી નં.૧૧૫ , તા.૨૩/૦૬/૨૦૨૨**

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરીજનોને વિવિધ સેવાઓ સરળતાથી મળી રહે તે માટે રાંદેરઝોનમાં ભાઠા ગ્રામ પંચાયત ઓફિસ, ભાઠા ખાતે તથા શાંતિકુંજની વાડી નજીક, ભેંસાણ બસ સ્ટોપ પાસે, ભેંસાણ ખાતે "**નાગરિક સુવિધા કેન્દ્ર**" નો શુભારંભ માન.મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાના વરદહસ્તે કરવામાં આવેલ. આ પ્રસંગે માન.ધારા સભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ અને અન્ય અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ નાગરિક સુવિધા કેન્દ્રો મારફત આ વિસ્તારના નાગરિકોને સુરત મહાનગરપાલિકાની જુદી જુદી સેવાઓ અને ફરિયાદ નિવારણની સગવડ પૂરી પાડવામાં આવશે. આ સેન્ટરો ખાતે કોમ્પ્યુટર નેટવર્ક ધ્વારા નાગરિક સેવાઓ જેમકે જન્મ –મરણ નોંધણી, ગુમાસ્તાધારા નોંધણી પ્રમાણપત્ર, વેરા સ્વીકાર વિગેરે સેવાઓ પુરી પાડવામાં આવશે.

**જનસંપર્ક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,**
**સમાચાર યાદી નં.૧૧૬,**
**તા.૨૪/૦૬/૨૦૨૨**

# **પ્રેસનોટ**

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

## **ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :–**

આજરોજ સુરત મહાનગરપાલિકાના કાર્યપાલક ઇજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ નીચે મુજબની ડીમોલીશનની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૧) સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.૧૧,નોંધ નં.૧૭૮૦,૧૭૮૧ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ  બાંધકામ કરતા, તા.૨૪/૦૬/૨૦૨૨ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત રહેણાંકનાં હેતુસરવાળી મિલ્કતમાં પાંચમાં માળે આશરે ૧૫૯૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર. સી. સી. સ્લેબ તથા આશરે ૧૦૦૦ ચો.ફુટર ચણતર દુર કરવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.૧૧,નોંધ નં.૨૫૪૦ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ  બાંધકામ કરતા, તા.૨૪/૦૬/૨૦૨૨ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત રહેણાંકનાં હેતુસરવાળી મિલ્કતમાં પાંચમાં માળે આશરે ૧૨૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર. સી. સી. સ્લેબ વિસ્તારમાં તથા આશરે ૯૦૦ ચો.ફુટ ચણતર દુર કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૧૧૭
તા.૨૪/૦૬/૨૦૨૨




વ્યવસાય વેરો
મિલ્કત વેરો


નાગરિક સુવિધા કેન્દ્ર



# સુરત મહાનગરપાલિકા

## યુ.સી.ડી.વિભાગ

## <u>અખબારી યાદી</u>

**પ્રેસીડન્સી સ્કુલ, તાડવાડી, ન્યુ રંદિર રોડ, સુરત ખાતે મહાનગરપાલિકા ધ્વારા સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.**

રાજય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોક ઉપયોગી યોજનાઓ પ્રવૃત્તિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનું ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓનો સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર **તા. ૨૬/૦૬/૨૦૨૨ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦** કલાક દરમ્યાન **પ્રેસીડન્સી સ્કુલ, તાડવાડી, ન્યુ રંદિર રોડ સુરત,** ખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા આઠમાં તબકકાનો ચોથો "સેવાસેતુ કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવેલ હતું.

"સેવાસેતુ કાર્યક્રમમાં" ઉપસ્થિત મહાનુભાવોનાં હસ્તે સેવાસેતુ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. "સેવાસેતુ કાર્યક્રમ"માં ઉપસ્થિત એડી. સિટી ઇજનેરશ્રી જે. એમ. દેસાઈ દ્વારા આવકાર પ્રવચન આપવામાં આવેલ. સેવાસેતુ કાર્યક્રમના અધ્યક્ષ માન. મંત્રીશ્રીપૂર્ણેશભાઈ મોદી (માર્ગ અને મકાન, વાહન વ્યવહાર, નાગરિક ઉડ્ડયન, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ) દ્વારા ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે હાલમાં સરકારશ્રી દ્વારા આઝાદીનાં ૭૫ વર્ષ "આઝાદીકા અમૃત મહોત્સવની " શાનદાર રીતે ઉજવણી થઇ રહી છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારશ્રીના વિવિધ કલ્યાણકારી લોકો ઉપયોગી યોજનાઓ અનેક પ્રકારના લાભ ગરીબ અને મધ્યમવર્ગને સારી રીતે મળી રહ્યા છે. સુશાસન થકી પાયાની પ્રાથમિક સુવિધાઓ જેવી કે રસ્તા, વીજળી, પાણી, ગેસ, મકાન અને શૌચાલય જેવા લાભો લાભો સરકાર દ્વારા આપવામાં આવી રહ્યા છે. જેના થકી લોકોના અનેકવિધ પ્રશ્નોનું સરળતાથી નિરાકરણ થયેલ છે.

"સેવાસેતુ કાર્યક્રમ"માં મ્યુનિસિપલ સદસ્યશ્રી અનિલભાઇ બિસ્કીટવાળા દ્વારા આભાર વિધિ સંપન્ન કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત માન.મેયરશ્રીમતી હેમાલીબેન બોઘાવાલા, માન. દંડકશ્રી વિનોદભાઈ પટેલ તેમજ વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ અને મ્યુ.સદસ્યશ્રીઓએ હાજર રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

"સેવાસેતુ કાર્યક્રમ"માં વિવિધ વિભાગો જેવા કે મેહસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગરપાલિકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ.વિભાગ,વિવિધ બેંકો વગેરે ધ્વારા દિવસ દરમ્યાન કુલ **1574** લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રીમીલેયર સર્ટી, પંચનામાં, ધાર્મિક લઘુમતી પ્રમાણપત્ર, વિધવા સહાય,વૃદ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., મા વાત્સલ્ય કાર્ડ જેવી વિવિધ રજૂઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એક જ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ ' સેવાસેતુ કાર્યક્રમના આયોજન બદલ વિસ્તારના રહીશો ધ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગરપાલિકા<br>
સમાચાર યાદી નં.<br>
તા. ૨૬/૦૬/૨૦૨૨









# સુરત મહાનગરપાલિકા
## પ્રેસનોટ (COVID-19)
**તા.૧૭/૦૪/૨૦૨૧**

વૈશ્વિક મહામારી કોવિડ–૧૯ને નિયંત્રિત કરવા માટે તેમજ શહેરીજનોને ઘરઆંગણે આરોગ્યલક્ષી સારવાર સરળતાથી મળી રહે તે માટે શહેરના મોટા પ્રમાણમાં વિસ્તારોને આવરી લઈ " ધન્વંતરી આરોગ્ય રથ" ની સેવા શરૂ કરવામાં આવેલ છે. જેનો શહેરીજનો દ્વારા મહત્તમ લાભ લેવામાં આવી રહયો છે.

આજ રોજ શહેરના વિવિધ વિસ્તારોમાં ૨૧૪ "ધન્વંતરી આરોગ્ય રથ" દ્વારા ૯૪૩ વિસ્તારમાં કુલ ૮૫,૯૭૬ ઘરો તેમજ ૩,૨૩,૨૮૮ વ્યકિતઓનું આરોગ્યલક્ષી સર્વે કરવામાં આવેલ છે. આ સર્વે દરમ્યાન ૪૯,૯૭૦ વ્યકિતઓની OPD અને તાવના ૧૯૩ અને અન્ય બિમારીના ૪૬,૭૨૩ કેસો મળેલ છે. તેમજ ૮૪,૪૯૫ વ્યકિતઓની SPO2ની ચકાસણી કરવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,**
**સમાચાર યાદી નં.૧૧૯**
**તા.૧૭/૦૪/૨૦૨૧**

:: પ્રેસનોટ ::

## આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત "અલુણાવ્રત ઉજવણી નિમિત્તે મહેંદી અને ગોરમાગીત સ્પર્ધા"

**વિષય : આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાનાર મહેંદી અને ગોરમાગીત સ્પર્ધા**

સુરત મહાનગરપાલિકા દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત "અલુણાવ્રત ઉજવણી નિમિત્તે નીચે મુજબની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે.

| ક્રમ | તારીખ/વાર | સમય | સ્પર્ધા | વિભાગ | સ્થળ | પ્રવેશફોર્મ સ્વીકારવાની અંતિમ તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૦૮/૦૭/૨૦૨૨ શુક્રવાર | બપોરે ૧૨.૦૦ થી ૧.૦૦ કલાક | મહેંદી સ્પર્ધા | પ્રાથમિક (ધો.૪ થી ૮) | કતારગામ કોમ્યુનિટી હોલ, વસ્તાદેવડી રોડ, સુરત | ૦૫/૦૭/૨૦૨૨ મંગળવાર |
| | | | | માધ્યમિક (ધો.૯ થી ૧૨) | | |
| ૨ | | બપોરે ૨.૦૦ થી ૩.૦૦ કલાક | | ખુલ્લો વિભાગ (૧૮ થી ૪૦ વર્ષ) | | |
| ૩ | ૧૨/૦૭/૨૦૨૨ મંગળવાર | સવારે ૧૧.૦૦ કલાકે | ગોરમાગીત સ્પર્ધા | પ્રાથમિક (ધો.૪ થી ૮) | પરફોર્મિંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી, અડાજણ, સુરત | ૦૮/૦૭/૨૦૨૨ શુક્રવાર |

મહેંદી સ્પર્ધામાં સુરત શહેરની પ્રાથમિક અને માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓ તથા ખુલ્લા વિભાગમાં ૧૮ થી ૪૦ વર્ષની સુરત શહેરની મહિલાઓ ભાગ લઈ શકશે. પ્રાથમિક અને માધ્યમિક વિભાગની શાળાઓએ મહેંદી સ્પર્ધાના પ્રવેશપત્રો શાળા મારફત જ સાંસ્કૃતિક વિભાગમાં મોકલવાના રહેશે.

ગોરમાગીત સ્પર્ધામાં શહેરની પ્રાથમિક શાળાઓની વિદ્યાર્થીનીઓ/કન્યાઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં. ૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી પ્રવેશપત્ર સાથે જન્મનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ અથવા અન્ય ઉંમરના પુરાવાની સર્ટીફાઈડ કોપી સહિત પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news તથા mysurat.in વેબસાઈટ પરથી પણ સ્પર્ધામાં ભાગ લેવા બાબતની પ્રેસનોટ, નિયમો અને પ્રવેશ ફોર્મ મળી શકશે.

સમાચારયાદી નં.૧૨૦, તા.૨૭/૦૬/૨૦૨૨, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# **પ્રેસનોટ**

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

## **ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :–**

આજરોજ સુરત મહાનગરપાલિકાના કાર્યપાલક ઇજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ નીચે મુજબની ડીમોલીશનની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૧) સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.૦૧,નોંધ નં.૩૬૩૨/અ,બ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા, તા.૨૭/૦૬/૨૦૨૨ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત રહેણાંકનાં હેતુસરવાળી મિલ્કતમાં પ્રથમ માળ થી ત્રણ માળ સુધી એલાઈમેન્ટવાળા ભાગમાં આશરે ૧૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. સ્લેબ અને પ્રથમ માળ થી ચાર માળ સુધી આશરે ૪૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ચણતરની દિવાલો દુર કરી ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૧૫,૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.૧૧,નોંધ નં.૧૬૭૪/અ,૧૬૭૪/બ/૧,૧૬૭૪/બ/૨ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા, તા.૨૭/૦૬/૨૦૨૨ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત રહેણાંકનાં હેતુસરવાળી મિલ્કતમાં છઠ્ઠા માળે આશરે ૪૮૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર. સી. સી. સ્લેબ વિસ્તારમાં તથા આશરે ૪૦૦ ચો.ફુટ ચણતર દુર કરવામાં આવેલ છે.

(૩) સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.૦૩,નોંધ નં.૨૦૮૭ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા, તા.૨૭/૦૬/૨૦૨૨ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત રહેણાંકનાં હેતુસરવાળી મિલ્કતમાં પાંચમાં માળે આશરે ૧૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર. સી. સી. સ્લેબ તથા આશરે ૨૦૦ ચો.ફુટ ચણતર દુર કરી ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૫,૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૧૨૧
તા.૨૭/૦૬/૨૦૨૨

# <u>પ્રેસનોટ</u>

સેન્ટ્રલ ઝોન

સુરત મહાનગરપાલિકા

## <u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–

આજરોજ સુરત મહાનગરપાલિકાના કાર્યપાલક ઇજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ નીચે મુજબની ડીમોલીશનની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૧) સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.૦૭,નોંધ નં.૩૫૦૭/અ/બ/ક વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ  બાંધકામ કરતા, તા.૨૮/૦૬/૨૦૨૨ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત રહેણાંકનાં હેતુસરવાળી મિલ્કતમાં ચોથા માળે આશરે ૩૬૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર. સી. સી. સ્લેબ તથા આશરે ૨૦૦ ચો.ફુટર ચણતર દુર કરવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.૦૯,નોંધ નં.૧૭૮૬ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાની મંજુરી વગરનું બાંધકામ કરતા, તા.૨૮/૦૬/૨૦૨૨ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત રહેણાંકનાં હેતુસરવાળી મિલ્કતમાં પ્રથમ માળે આશરે ૧૦૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર. સી. સી. સ્લેબ તથા બીજા માળે આશરે ૧૦૦૦ ચો.ફુટ શટરીંગ દુર કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં...૧૨૩
તા. ૨૮/૦૬/૨૦૨૨

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે રાજ્ય સરકાર ધ્વારા રાજ્યના તમામ જીલ્લાઓમાં " **વંદે ગુજરાત વિકાસ યાત્રા**" નું આયોજન તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવનાર છે. જેના સુચારૂ આયોજન સંદર્ભે જરૂરી ચર્ચા વિચારણા કરવા સારૂ માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાની અધ્યક્ષતામાં શહેરના માન. ધારાસભ્યશ્રીઓ તથા પદાધિકારીશ્રીઓ સાથે બેઠકનું આયોજન સ્થાયી સમિતિ સભાખંડ નવી એનેક્ષી બિલ્ડીંગ, મુગલીસરા ખાતે કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં ગુજરાત સરકાર ધ્વારા છેલ્લા ૨૦ વર્ષોમાં કરવામાં આવેલ વિકાસની હરણફાળ લોકો સુધી પહોંચાડવા તથા સરકારશ્રીની વિવિધ યોજનાકીય કામગીરીથી લોકો માહિતગાર થાય તે હેતુસર શહેરના કુલ ૩૦ વોર્ડમાં વોર્ડદીઠ કાર્યક્રમો તથા વંદે ગુજરાત વિકાસ રથ મારફત ફિલ્મ ધ્વારા પ્રચાર–પ્રસાર કરવામાં આવશે. વધુમાં વોર્ડદીઠ કાર્યક્રમોમાં પી.એમ.જે.એ.વાય. માં યોજનાઓના લાભાર્થીઓને લાભ વિતરણ અને લોકકલ્યાણના પ્રકલ્પોના લોકાર્પણ સહિતનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

આ બેઠકમાં માન. ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, માન. ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ, માન. ધારાસભ્ય શ્રી પ્રવિણભાઈ ઘોઘારી, માન. ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રાણા, માન. ધારાસભ્ય શ્રી વી.ડી. ઝાલાવાડિયા , માન. ડે. મેયર શ્રી દિનેશભાઈ જોધાણી, માન.સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલ, માન. કમિશનર શ્રી બંછાનિધિ પાની, માન. નેતા શાસકપક્ષ શ્રી અમિતસિંગ રાજપૂત, માન. દંડક શાસકપક્ષ શ્રી વિનોદભાઈ પટેલ અને સુરત મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૧૨૩,તા.૨૯/૦૬/૨૦૨૨**





**પ્રેસ નોટ**
**નોર્થ ઝોન (કતારગામ)**
**સુરત મહાનગરપાલિકા**

સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં. ૩૫(કતારગામ), સરકારશ્રીનાં જાહેરનામા ક્રમાંક GH/V/69 OF 2013/TPS-1408-4334-L થી તા. ૧૮/૦૪/૨૦૧૩ થી પ્રિલીમનરી સ્કીમ જાહેર થયેલ છે, જેમાં સુચિત ફા.પ્લોટ નં. ૧૩૩ માં વખારીયા વાડી, કેન્સર હોસ્પિટલની પાસે, ડભોલી વિસ્તારમાં અધતન લાઈબ્રેરી બનાવવાની સ્થાયી સમિતી ધ્વારા મંજુરી આપવામાં આવેલ છે. જેનુ ક્ષેત્રફળ ૩૮૨૦.૦૦ ચો.મી. છે. જેમાં વર્ષો જુનું હયાત ગ્રા.ફ્લોર+ પ્રથમ માળનું અંદાજીત ક્ષેત્રફળ ૧૦૦૦ (ચો.ફુટ) નું બાંધકામ નડતરરૂપ હતું. સદર નડતરરૂપ બાંધકામ આજરોજ ડે.મ્યુ.કમિશનરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ શહેરી વિકાસ વિભાગ, દબાણ વિભાગ તથા સિકયુરીટી સ્ટાફનાં સહયોગથી દુર કરી સદર પ્લોટ અધતન લાઈબ્રેરીનાં બાંધકામ માટે ખુલ્લો કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૧૨૪
તા.૨૯ –૦૬– ૨૦૨૨

# સુરત મહાનગરપાલિકા
# હાઈડ્રોલિક વિભાગ

## <u>–:પ્રેસનોટ:–</u>

સુરત મહાનગરપાલિકાના હદમાં ૨૭ ગામો અને ૦૨ નગરપાલિકા નવા સમાવિષ્ટ કરવામાં આવેલ જે પૈકી કનકપુર–કનસાડ, સચીન, પાલી, પારડી–કણદે વિસ્તારમાં પાણી પુરવઠો પુરો પાડવા માટે ગુજરાત શહેરી વિકાસ મિશન અંતર્ગત કુલ રૂ.૪૦.૬૨ કરોડની ગ્રાન્ટ મહાનગરપાલિકામાં સમાવિષ્ટ પહેલા કનકપુર–કનસાડ, સચીન નગરપાલિકાને ફાળવવાનું મંજુર થયેલ ત્યારબાદ સદર વિસ્તારનો મહાનગરપાલિકાની હદમાં સમાવેશ થતા સદર કામગીરી સુરત મહાનગરપાલિકા હસ્તક કરવાની થાય છે. સદર પાણી પુરવઠાના પ્રકલ્પોની સ્થળ નિરીક્ષણ માટે આજરોજ તા.૦૧/૦૭/૨૦૨૨ના રોજ  સુરત મહાનગરપાલિકાના માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા, માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલ, માન. નેતા શાસકપક્ષ શ્રી અમિતસિંગ રાજપૂત તેમજ મ્યુ. સભ્યશ્રીઓ સહિત ડીંડોલી જળવિતરણ મથક ખાતે હાલમાં ચાલતી ૯૮ લાખ લીટર ક્ષમતાની બુસ્ટર હાઉસ સહિતની ભૂગર્ભ ટાંકીની સાઈટ પર આવેલ હતા. કનકપુર–કનસાડ, સચીન, પાલી, પારડી–કણદે વિસ્તારમાં પાણી પુરવઠો પુરો પાડવા માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા હાથ ધરવામાં આવેલ વિવિધ પ્રકલ્પોના કામની વિસ્તુત ચર્ચા કરવામાં આવેલ હતી. ત્યારબાદ સચીન ખાતે ગુજરાત પાણી પુરવઠા બોર્ડના સબંધિત અધિકારીઓ તેમજ સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ સાથે બેઠક યોજવામાં આવેલ. જેમાં ગુજરાત પાણી પુરવઠા બોર્ડના સબંધિત અધિકારીઓને હાલમાં કનકપુર–કનસાડ, સચીન વિસ્તારમાં ગુજરાત પાણી પુરવઠા બોર્ડ ધ્વારા હાલમાં આપવમાં આવતા પાણીના જથ્થામાં વધારો કરી સદર વિસ્તારમાં વધારે માત્રામાં પાણી પુરવઠો પહોંચાડવા માટે સૂચના આપવામાં આવી.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં.૧૨૫, તા.૦૧/૦૭/૨૦૨૨**





# <u>પ્રેસનોટ</u>

સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

## <u>સુરત મહાનગરપાલિકાની જગ્યામાં અનઓથોરાઈઝડ ઓકયુપેન્ટસને દૂર કરી જગ્યાનો કબ્જો મેળવ્યાની વિગત</u> :–

આજરોજ સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.–૦૨, નોંધ નં.૧૯૬૧/અ, ૧૯૬૧/બ, રૂદરપુરા, કાદરશાની નાળ ખાતે આવેલ મ્યુ.શોપીગ સેન્ટર નામથી ઓળખાતી મિલ્કતમાં અંદાજે ૩૦ થી વધુ જુના શોપીગ સેન્ટરવાળી જગ્યા, જે તે સમયે ભાડાથી ફાળવેલ. પ્રશ્નવાળી જગ્યાનું સુરત મહાનગરપાલિકાનું મહત્વકાક્ષી પ્રકલ્પ એવા મેટ્રો પ્રોજેકટનાં Phase-I માટે સ્ટેશન બનાવવાની જરૂરીયાત ઉભી થતા પ્રશ્નવાળી મિલ્કતમાં દુકાનનાં કબ્જેદારોને જગ્યાનો કબ્જો સુરત મહાનગરપાલિકને સુપરત કરવા માટે ધી ગુજરાત પબ્લીક પ્રીમાઈસીસ ઈવીકશન ઓફ અનઓથોરાઈઝડ ઓકયુપેન્સી એકટ–૧૯૭૨ ની કલમ (૪) અને (૫) હેઠળની નોટીસ અનુક્રમે તા.૦૭/૦૧/૨૦૨૧ અને તા.૧૮/૦૨/૨૦૨૧ થી પાઠવવામાં આવેલ. જેનાથી નારાજ થઈ કબ્જેદાર/ ભાડુઆતો ધ્વારા નામદાર ડ્રીસ્ટ્રીકટ કોર્ટમાં તથા નામદાર હાઈકોર્ટમાં દાવા પ્રકરણો કરેલ. જે તમામ દાવા પ્રકરણનો સુરત મહાનગરપાલિકાની તરફેણમાં તા.૨૪/૦૬/૨૦૨૨ ના રોજ હુકમો થતાં આજરોજ તા.૦૨/૦૭/૨૦૨૨ ના થી સેન્ટ્રલ ઝોનનાં શહેર વિકાસના સ્ટાફ, તથા પોલીસ સ્ટાફની સાથે રહી આજરોજ ગ્રા.ફલોર ૫૧ દુકાન + પ્રથમ માળનું ડીમોલીશન કરી જગ્યાનો કબ્જો ખુલ્લો કરવાની પ્રક્રિયા હાલ પ્રગતિ હેઠળ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૧૨૬
તા.૦૨/૦૭/૨૦૨૨

# સુરત મહાનગરપાલિકા
# પ્રેસનોટ

## પ્રતિબંધિત પ્લાસ્ટિક ઝુંબેશ  તા.02-07-2022

મા.વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી દ્વારા 2022 સુધીમાં ભારતને પ્લાસ્ટિક મુક્ત બનાવવાના લક્ષ્યાંકને હાંસલ કરવા સુરત મહાનગરપાલિકા દ્વારા "પ્લાસ્ટિક મુક્ત સુરત" અભિયાન શરુ કરેલ.

પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા સીંગલ યુઝ પ્લાસ્ટિક તથા કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પ્રસિદ્ધ જાહેરનામા મુજબ આજ તા.02-07-2022 ના રોજ સુરત શહેરના હદ વિસ્તારમાં આવેલ પ્રતિબંધિત સીંગલ યુઝ પ્લાસ્ટિક અને પ્લાસ્ટિકના ઉત્પાદન, સંગ્રહ, વિતરણ, વેચાણ, અને વપરાશ સંદર્ભે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. જેમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક ઝુંબેશ આ ઝુંબેશ દરમ્યાન **1445** સંસ્થોની વિઝીટ દરમ્યાન **647.3** કી.ગ્રા. પ્લાસ્ટિક (<75 માઈક્રોન વાળી પ્લાસ્ટિક કેરી બેગ્સ તથા સીંગલ યુઝ પ્લાસ્ટિક) જપ્ત કરી **₹1,20,500/-** વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ. સદર ઝુંબેશ દરમ્યાન જપ્ત કરવામાં આવેલ પ્લાસ્ટિક પ્રોડક્ટ્સને સુરત મહાનગરપાલિકા અધિકૃત પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ એજન્સીને રીસાયકલીંગ માટે મોકલવા અંગેની કાર્યવાહી કરવામાં આવેલ.

| No. | ઝોન | ચેક કરેલ સંસ્થા | જપ્ત કરેલ પ્લાસ્ટિક (kg) | વસુલ કરેલ વહીવટી ખર્ચ |
|---|---|---|---|---|
| 1 | CZ | 266 | 72.1 | 10500 |
| 2 | EZ-A | 35 | 65.55 | 7000 |
| 3 | EZ-B | 438 | 85.3 | 17500 |
| 4 | WZ | 210 | 169.28 | 34200 |
| 5 | NZ | 127 | 62.4 | 12400 |
| 6 | SZ-A | 155 | 61.15 | 6700 |
| 7 | SZ-B | 25 | 43.78 | 1500 |
| 8 | SWZ | 108 | 44.5 | 24600 |
| 9 | SEZ | 81 | 43.2 | 6100 |

સુરત મહાનગરપાલિકા દ્વારા શરુ કરેલ "પ્લાસ્ટિક મુક્ત સુરત" અભિયાન હેઠળ આગામી દિવસોમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક અંગે સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવશે અને પ્રતિબંધિત પ્લાસ્ટિકનું વેચાણ, વપરાશ, સંગ્રહ કરતી સંસ્થાઓ સામે સખ્ત કાર્યવાહી કરવામાં આવશે. આમ, લાગત સંસ્થાઓને સ્વેચ્છાએ રીસાયકલેબલ /રીયુઝેબલ પ્રોડક્ટ્સનું વેચાણ કરવા જણાવવામાં આવે છે.

સુરતના શહેરીજનો ને પણ પર્યાવરણને અનુકુળ રીયુઝેબલ / ડિસ્પોઝેબલ પ્રોડક્ટ્સ નો રોજબરોજના કામમાં ઉપયોગમાં લેવા અનુરોધ કરવામાં આવે છે.

******

# સુરત મહાનગરપાલિકા
## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાની સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના, ઉપાધ્યક્ષ શ્રી જયેશભાઈ મહેન્દ્રભાઈ જરીવાલા(જગાભાઈ)ના અવસાનના કારણે સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિની સમિતિમાં ખાલી પડેલ જગ્યા ઉપર તા.૨૯–૬–૨૦૨૨ ના રોજ મળેલ સુરત મહાનગરપાલિકાની માસિક સાધારણ સભાએ સભ્ય શ્રીમતી ભાવનાબેન ચીમલભાઈ સોલંકીની સભ્ય તરીકે તેમજ આજરોજ સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિએ ઉપાધ્યક્ષ પદ ઉપર નિયુકિત પામનાર વોર્ડ નં.૧૦(અડાજણ–પાલ–ઈચ્છાપોર) ના અનુસૂચિત આદિજાતિ સ્ત્રીની બેઠક પર તરીકે ચુટાયેલ કુ. દિવ્યાબેન કલ્લુભાઈ રાઠોડ(એડવોકેટ) ની નિયુકિત કરેલ છે. સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિ અધ્યક્ષશ્રી દિનેશભાઈ પૂરોહિત(રાજપૂરોહિત)એ બંને સભ્યશ્રીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

**જનસંપર્ક વિભાગ,**

**સુરત મહાનગરપાલિકા તરફથી**

**સાદર સમાચાર યાદી નં.૧૨૮,**

**તા.૦૪/૦૭/૨૦૨૦**

**સુરત મહાનગર પાલિકા**
**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**
**અખબારી યાદી**

સુરત મહાનગર પાલિકાનાં વીબીડીસી વિભાગ દ્વારા ચોમાસાની ઋતુમાં ગત અઠવાડીયા દરમ્યાન મચ્છર જન્ય રોગ નિયંત્રણ માટે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી તેમજ બાંધકામો, શાળાઓ, હોસ્પિટલો, સરકારી તેમજ ખાનગી મિલકતો, માર્કેટો, ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટો, જીઆઈડીસી, રેલ્વે સ્ટેશન, બસડેપો વિગેરે પ્રિમાયસીસોમાં મચ્છરોનાં ઉત્પતિ સ્થાનો શોધી તેનો નાશ કરવાની અને તળાવો, લેક–ગાર્ડનો, પાણીનાં ભરાવામાં પોરા ભક્ષક માછલીઓ મુકવી તેમજ મોસ્કયુટોજનીક પરિસ્થિતિનું નિર્માણ કરતા ઈસમો સામે નોટીસ આપવાની તથા વહીવટી ખર્ચ વસુલવાની કામગીરી કરવામાં આવી હતી. મચ્છર જન્ય રોગોનાં નિયંત્રણ માટે લોકોનો સહકાર મળી રહે તે માટે પ્રત્યક્ષ નિદર્શન ધ્વારા લોક જાગુતિનાં કાર્યક્રમ કરવામાં આવેલ, તદઉપરાંત વરસાદી પાણી ભરાયેલ ખુલ્લા પ્લોટો, રોડ સાઈટ વોટર લોગીંગ નું નીક પાડી કુલ **૭૩૭** ખુલ્લા પ્લોટમાં પાણીનો નીકાલ કરવાની કામગીરી કરવામાં આવી હતી. વીબીડીસી વિભાગ ધ્વારા તા.૨૭/૦૬/૨૦૨૨ થી સુરત મહાનગર પાલિકાના વિવિધ ઝોન ધ્વારા કુલ **૨,૩૭,૦૪૩** ઘરો સર્વે કરી **૬,૩૭,૮૩૧** મચ્છરોનાં ઉત્પતિ સ્થાનો તપાસવામાં આવેલ તે પૈકી કુલ **૧૮૮૨** ચેક કરેલ ઘરોમાં મચ્છરોના **૨૫૮૧** બ્રિડીગ મળી આવેલ જેનો નાશ કરવામાં આવેલ તથા કુલ **૮૧** જગ્યા એ પોરાભક્ષક માછલી મુકવામાં આવી હતી. કુલ **૫૨૮** ઈસમોને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ અને **૧,૭૮,૩૦૦/–** વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. મચ્છર જન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ ઝોનનાં હાઈરીસ્ક એરીયામાં જંતુનાશક દવનો ઘરોમાં છંટકાવની કામગીરી કરવામાં આવેલ જે અંતર્ગત **૧૪૫૩૪** ઘરોમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ.

**સેન્ટ્રલ ઝોનમાં** ૨૫૨૧૧ ઘરો સર્વે કરાતા ૬૭૬૯૪ સ્પોટ ચેક કરાતા કુલ ૩૦૬ બ્રિડીગ ૧૦૭ નોટીસ ૧૬૨૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. **વેસ્ટ ઝોનમાં** ૩૪૪૬૨ ઘરો સર્વે કરાતા ૧૦૯૬૩૫ સ્પોટ ચેક કરાતા કુલ ૪૬૪ બ્રિડીગ ૯૪ નોટીસ ૧૩૦૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. **સાઉથ–એ ઝોનમાં** ૩૩૭૩૫ ઘરો સર્વે કરાતા ૧૦૪૩૨૨ સ્પોટ ચેક કરાતા કુલ ૪૨૭ બ્રિડીગ ૧૦૪ નોટીસ ૧૬૩૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. **સાઉથ–બી ઝોનમાં** ૧૪૫૧૮ ઘરો સર્વે કરાતા ૩૪૪૪૫ સ્પોટ ચેક કરાતા કુલ ૨૫૦ બ્રિડીગ ૩૮ નોટીસ ૫૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. **સા–ઈસ્ટ ઝોનમાં** ૨૮૩૭૯ ઘરો સર્વે કરાતા ૭૭૭૦૯ સ્પોટ ચેક કરાતા કુલ ૪૪૦ બ્રિડીગ ૬૦ નોટીસ ૨૮૮૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. **સા–વેસ્ટ ઝોનમાં** ૨૮૬૨૧ ઘરો સર્વે કરાતા ૯૦૭૨૩ સ્પોટ ચેક કરાતા કુલ ૨૩૪ બ્રિડીગ ૩૦ નોટીસ ૨૪૨૦૦/–વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. **નોર્થ ઝોનમાં** ૨૯૦૬૧ ઘરો સર્વે કરાતા ૭૨૧૧૫ સ્પોટ ચેક કરાતા કુલ ૨૧૯ બ્રિડીગ ૩૨ નોટીસ ૨૯૪૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. **ઈસ્ટ–એ ઝોનમાં** ૨૮૦૩૮ ઘરો સર્વે કરાતા ૫૫૩૧૧ સ્પોટ ચેક કરાતા કુલ ૧૫૦ બ્રિડીગ ૨૧ નોટીસ ૧૨૨૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. **ઈસ્ટ–બી ઝોનમાં** ૧૫૦૧૮ ઘરો સર્વે કરાતા ૨૫૮૭૭ સ્પોટ ચેક કરાતા કુલ ૯૧ બ્રિડીગ ૪૨ નોટીસ ૩૭૭૦૦/–વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

તદઉપરાંત મચ્છર જન્ય રોગોથી બચવા માટે લોકોને પોતાના ઘરોમાં સંગ્રહિત પાણી ભરવાના પાત્રોને દર ત્રણ દીવસે ખાલી કરી ભરવા માટે, ખુલ્લા પાત્રોને હવાચુસ્ત ઢાંકણથી ઢાંકવા, ઘરોમાં ધાબા પર સંગ્રહીત પાણીનો નિકાલ કરવા તેમજ ધાબા પર પડી રહેલા નકામા ભંગાર, ટાયરો, ડબ્બાનો નિકાલ કરવા, ઘરની આસપાસ ભરાય રહેલ પાણીનો નિકાલ કરવા અથવા બળેલા ઓઈલનો છંટકાવ કરવા માટે જણાવવામાં આવે છે. જાહેર જનતાને આખી બાંઈના કપડા પહેરવા માટે, મચ્છરદાનીમાં સુવા માટે ખાસ કરીને સગર્ભા બહેનોને મચ્છરદાનીમાં સુવા માટે જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સમાચાર યાદી નં.૧૨૯
તા. ૦૪–૦૭–૨૦૨૨

# સુરત મહાનગરપાલિકા
## પ્રેસનોટ

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા **" વંદે ગુજરાત વિકાસ યાત્રા"** નું આયોજન તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. તા.૦૫ જુલાઈ ૨૦૨૨ના રોજ માન. મંત્રી(રા. ક.) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ શ્રી વિનોદભાઈ મોરડીયાની પ્રેરક ઉપસ્થિતીમાં, માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાના પ્રમુખપદે, માન. કેન્દ્રીય રાજયમંત્રી , વસ્ત્ર અને રેલવે મંત્રાલય, ભારત સરકાર શ્રીમતી દર્શનાબેન જરદોશ,માન. સાંસદ શ્રી સી.આર.પાટીલ અને માન. સાંસદ શ્રી પરભુભાઈ વસાવાના મુખ્યમહેમાન પદે તથા માન. ધારાસભ્યશ્રી કિશોરભાઈ કાનાણી, માન. ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, માન. ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ, માન. ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ , માન. ધારાસભ્યશ્રી કાંતિભાઈ બલર, માન. ધારાસભ્ય શ્રી પ્રવિણભાઈ ઘોઘારી, માન. ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રાણા, માન. ધારાસભ્યશ્રી વી.ડી. ઝાલાવાડિયા, માન. ડે. મેયર શ્રી દિનેશભાઈ જોધાણી, માન.સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલ, માન. નેતા શાસકપક્ષ શ્રી અમિતસિંગ રાજપૂત, માન. દંડક શાસકપક્ષ શ્રી વિનોદભાઈ પટેલના અતિથિવિશેષપદે રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ,આશાપુરામાતાનો ટેકરો,રૂસ્તમપુરા,સુરત ખાતે સાંજે ૪:૩૦ કલાકે **"વંદે ગુજરાત વિકાસ યાત્રા"** કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવશે. વધુમાં તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન વિવિધ ઝોન વિસ્તારમાં વોર્ડદીઠ કાર્યક્રમોમાં નિરામય ગુજરાત અંતર્ગત આરોગ્ય કેમ્પ,પ્રાથમિક શાળાના બાળકો ધ્વારા પ્રભાતફેરી,પી.એમ.જે.એ.વાય. માં યોજનાઓના લાભાર્થીઓને લાભ વિતરણ, યોગભ્યાસ, વૃક્ષારોપણ અને રોપાવિતરણ કાર્યક્રમ તથા સુરત મહાનગરપાલિકા દ્વારા રૂા.૧૪૧.૧૪ કરોડના ખર્ચે સાકારિત તથા સાકારિત થનાર કુલ ૧૧૯ લોકકલ્યાણના પ્રકલ્પોના લોકાર્પણ/ખાતમુહૂર્તની જાહેરાત પણ કરવામાં આવશે.

વધુમાં ગુજરાત સરકાર ધ્વારા છેલ્લા ૨૦ વર્ષોમાં કરવામાં આવેલ વિકાસની હરણફાળ લોકો સુધી પહોંચાડવા તથા સરકારશ્રીની વિવિધ યોજનાકીય કામગીરીથી લોકો માહિતગાર થાય તે હેતુસર સમગ્ર ગુજરાતમાં ૮ મહાનગરપાલિકાઓ અને ૩૩ જિલ્લાઓમાં ૮૨ રથ, ૨૫૦૦થી વધુ કાર્યક્રમો અને ૨૫,૦૦૦થી વધુ નવા વિકાસકાર્યોની જાહેરાત **" વંદે ગુજરાત વિકાસ યાત્રા"** અંતર્ગત કરવામાં આવશે.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૧૩૦,તા.૦૪/૦૬/૨૦૨૨**

:: પ્રેસનોટ ::

## "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત
## સુર્યપુત્રી તાપી નદીની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તાપીમાતાની આરાધનાનો કાર્યક્રમ

વિષય : "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત સુર્યપુત્રી તાપી નદીની જન્મજયંતિની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૬/૦૭/૨૦૨૨ના રોજ યોજાનાર તાપીમાતાની આરાધનાનો કાર્યક્રમ

ભારત દેશની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત અષાઢ સુદ સાતમ સુર્યપુત્રી તાપી નદીના જન્મ દિનની ઉજવણી પ્રસંગે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૬/૦૭/૨૦૨૨ને બુધવારના રોજ સાંજે ૬.૦૦ કલાકથી નાવડી ઓવારા, જૂની કોર્ટ સામે, નાનપુરા, સુરત ખાતે મંગલદીપ પ્રગટાવી તાપીમાતાની આરાધનાનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે. સુરત શહેરની ધરોહર એવી સુર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી પ્રસંગે નાવડી ઓવારા ખાતે યોજાનાર તાપીમાતાની આરાધના કાર્યક્રમના પાવન પ્રસંગે શહેરના નગરજનોને સહભાગી થવા નિમંત્રણ છે.

સમાચારયાદી નં. ૧૩૧ , તા.૦૫/૦૭/૨૦૨૨, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

## સુરત મહાનગરપાલિકા

**પ્રેસનોટ**

### " વંદે ગુજરાત વિકાસ યાત્રા"

તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા **" વંદે ગુજરાત વિકાસ યાત્રા"** નું આયોજન તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. આ સમયગાળા દરમ્યાન "વંદે ગુજરાત વિકાસ રથ" ધ્વારા વોર્ડદીઠ સમગ્ર શહેરમાં ફરીને બે દાયકાના વિકાસની ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવશે.

આજરોજ **" વંદે ગુજરાત વિકાસ યાત્રા "** કાર્યક્રમ સંદર્ભે શ્રી એમ. કે. ઝવેરી તથા શ્રી એચ. આર. ઝવેરી નગર પ્રાથમિક શાળા ક્રમાંક–૩૬ અને ૪૧ના વિદ્યાર્થીઓ અને શિક્ષકોઓ સહિત કુલ ૧૭૦ વ્યકિતઓ ધ્વારા શાળાના સ્થળેથી રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ સુધી ઉત્સાહપૂર્વક પ્રભાતફેરી કરવામાં આવી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ, સ્થાનિક શહેરીજનોએ, Art Of living સંસ્થાના સ્વયં સેવકોએ અને સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ સહિત ૨૦૭ વ્યકિતઓએ માનવ જીવનને નિરામય બનાવવાના હેતુસર Art Of living સંસ્થાના યોગગુરૂના માર્ગદર્શન હેઠળ આશાપુરામાતાનો ટેકરો, રૂસ્તમપુરા, સુરત ખાતે આવેલ રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ, ખાતે યોગશિબિરમાં યોગભ્યાસ કરી સ્વાસ્થયની જાળવણી અંગે જાગૃતિ દાખવી હતી. આ ઉપરાંત **" વંદે ગુજરાત વિકાસ યાત્રા "** કાર્યક્રમ સંદર્ભે રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ, ખાતે નિરામય ગુજરાત – મુખ્યમંત્રીશ્રીની પહેલ અન્વયે હાઈપરટેન્શન, ડાયાબિટીસ,મોઢાં, સ્તન, ગર્ભાશયના મુખનું કેન્સર,કિડનીની બિમારી, પાંડુરોગ, કેલ્શેમિયમની ઉણપ સહિતની બિમારીઓને આવરી લેવામાં આવેલ છે. તથા લોકોના આરોગ્યની સુખાકારી માટે સ્ક્રીનીંગથી સારવાર સુધીના મહાઅભિયાન હાથ ધરવામાં આવેલ છે. તેમજ ગાર્ડન વિભાગ ધ્વારા વૃક્ષારોપણ અને વિનામુલ્યે રોપાવિતરણ પણ રાખવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૧૩૨**

**તા.૦૫/૦૭/૨૦૨૨**


વંદે ગુજરાત



# પ્રેસનોટ

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિતે સમગ્ર દેશમા "આઝાદી કા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામા આવી રહેલ છે. જેના ભાગ સ્વરૂપે ગુજરાતમા છેલ્લા બે દાયકામા થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા "વંદે ગુજરાત વિકાસ યાત્રા"નુ આયોજન તા.૦૫/૦૭/૨૦૨૨ થી તા.૧૯/૦૭/૨૦૨૨ દરમ્યાન કરવામા આવેલ છે. જેમા માન. મંત્રી (રાજય કક્ષા) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ, શ્રી વિનોદ મોરડિયાનિ પ્રેરક ઉપસ્થિતિમા તા.૦૫/૦૭/૨૦૨૨ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ, રૂસ્તમપુરા, સુરત ખાતે કાર્યક્રમ યોજવામા આવેલ. જેમા પ્રમુખ સભ્યો અને માન. મેયરશ્રીમતી હેમાલીબેન બોઘાવાલા તથા મુખ્ય મહેમાન તરીકે સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તથા અન્ય પદાધિકારીઓ હાજર રહેલ હતા

આ કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિક સંચાલિત આઇ.સી.ડી.એસ. વિભાગની આંગણવાડી ખાતે લાભ લેતી કિશોરીઓએ સરકારશ્રીમાથી મળતા પ્રીમિક્સ ((બાળશક્તિ, પૂર્ણ શક્તિ, તથા માતૃ શક્તિ) માથી વિવિધ વાનગીઓ બનવી પ્રદર્શન કરવામા આવેલ હતુ.

"મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના"(MMY) હેઠળનો અમલ આજ રોજ સુરત શહેરની ૧૦૯૩ આંગણવાડી કેંદ્રો ખાતે કરવામા આવેલ હતો.જેમાં પ્રથમ પ્રસૂતા ધરાવતી સગર્ભા/ધાત્રી ને તેની નોંધણીથી લઈ બાળક બે વર્ષનું થાય ત્યાં સુધી દર માસે આંગણવાડી કેન્દ્રો પરથી લાભાર્થીદિઠ બે કિલો ચણા,૧ કિલો તુવેર દાળ અને એક લિટર સિંગતેલ આપવામાં આવશે.આ યોજનાનો હેતુ સગર્ભા/ધાત્રી માતાને પોષણક્ષમ બનાવવાનો તથા આવનાર બાળક તંદુરસ્ત જન્મે તે છે.આજે આ યોજનાના ત્રણ લાભાર્થીઓને ટોકન રૂપે મહાનુભાવોના હસ્તક "રાશન કિટ" આપવામા આવેલ. જેમા દરેક લાભાર્થીને એક માસના ૨-કીલો ચણા ૧-કિલો તુવેરદાળ તથા ૧-લિટર

સીંગતેલની કીટ બનાવી આપવામા આવી હતી. આ યોજના હેઠળ હાલમાં કુલ 4203 પ્રથમ પ્રસૂતા ધરાવતી સગર્ભા/ ધાત્રી ને આ યોજના નો લાભ આપવામાં આવશે.

આંગણવાડી કેન્દ્ર ખાતે 0-5 વર્ષના બાળકોનું દર માસે વજન કરવામાં આવે છે અને વજન ના આધારે બાળકોની તંદુરસ્તીનો ગ્રેડ આપવામાં આવે છે. આજના આ કાર્યક્રમમાં ત્રણ જે બાળકો કુપોષિતમાંથી બહાર આવી ને તંદુરસ્ત બન્યા છે તેવા ત્રણ બાળકોને પ્રમાણપત્ર અને સ્કૂલકીટ આપી તેમનું સન્માન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમ અંતર્ગત સરકારશ્રી ધ્વારા મળતા THR (બાળશક્તિ, પૂર્ણા શક્તિ, તથા માતૃ શક્તિ) માંથી આ વિસ્તારની ૨૬૬ આંગણવાડીની કિશોરીઓ ધ્વારા વિવિધ વાનગીઓ બનાવવામાં આવી જેમાંથી શ્રેષ્ઠ વાનગી બનાવેલી ત્રણ કિશોરીઓને પ્રમાણપત્ર અને ભેટ આપી તેમનું સન્માન કરવામાં આવ્યું.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં....૨૩૩...........
તા.૦૫/૦૯/૨૦૨૨

**પ્રેસ નોટ**
**નોર્થ ઝોન (કતારગામ)**
**સુરત મહાનગરપાલિકા**

સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં. ૩(કતારગામ), સરકારશ્રીનાં જાહેરનામા ક્રમાંક GF/P/42 OF 1980-TPS-4277/384(80)-Q , તા. ૧૮/૦૨/૧૯૮૦ થી ફાયનલ સ્કીમ તરીકે મંજુર થયેલ છે, જેમાં વસ્તાદેવી રોડથી શાંતિનિકેતન સોસાયટી, સુમુલ ડેરી રોડ તરફ જતાં ૬૦'૦૦" નાં ટી.પી. રસ્તા ઉપર આવેલ દીપુનો ટેકરો નામે ઓળખાતી ૪૦ થી ૫૦ વર્ષ જુની મિલ્કતને ટી.પી.સ્કીમનાં અમલીકરણ અંતર્ગત કબ્જા ફેરફાર કરાવી આજ તા.૦૫/૦૭/૨૦૨૨ નાં રોજ સદરહું ૬૦'૦૦" નાં ટી.પી.રસ્તા ઉપરથી વર્ષો જુના ૧૦૦૦ ચો.ફુટ વિસ્તારમાંથી કાચાં–પાકાં મકાન/ઝુંપડાઓ દુર કરી જાહેર જનતાનાં હિતમાં સદર ટી.પી. રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે. ટી.પી.સ્કીમનાં ૬૦'૦૦" ના રસ્તામાં મધ્યમાં આવેલ આવી મિલ્કતને કારણે અવરનવર અકસ્માતો થતા હોય ટી.પી.સ્કીમનું અમલીકરણ કરવા સ્થાનિક મ્યુ.સભ્યશ્રી તથા સ્થાયી સમિતી સભ્યશ્રી દક્ષેશભાઈ માવાણી ધ્વારા રજુઆતો કરવામાં આવેલ.સદર રજુઆતો અન્વયે ટી.પી.રસ્તામાં નડતરરૂપ કાચાં–પાકાં ઝુંપડાઓનું દબાણ ડે.મ્યુ.કમિશનરશ્રીની સુચનાથી કાર્યપાલક ઈજનેરશ્રી, નોર્થઝોનનાં સીધા માર્ગદર્શન હેઠળ શહેરી વિકાસ વિભાગ, દબાણ વિભાગ તથા સિકયુરીટી સ્ટાફનાં સહયોગથી સદર ૬૦'૦૦" નાં ટી.પી. રસ્તા ઉપરનાં વર્ષો જુના દબાણ દુર કરી જાહેર જનતા માટે રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી ન.૧૩૪**
**તા. ૦૫ – ૦૭ – ૨૦૨૨**

# સુરત મહાનગરપાલિકા
## પ્રેસનોટ

**" વંદે ગુજરાત વિકાસ યાત્રા"**
**તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨**

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા **" વંદે ગુજરાત વિકાસ યાત્રા"** નું આયોજન તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. આજરોજ **" વંદે ગુજરાત વિકાસ યાત્રા "** કાર્યક્રમ સંદર્ભે આશાપુરા માતાનો ટેકરો, રૂસ્તમપુરા, સુરત ખાતે આવેલ રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ, ખાતે **" વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથનો** માન. મંત્રી(રા.ક.)શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ શ્રી વિનોદભાઈ મોરડીયાએ પ્રસ્થાન કરાવી આ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો.

સૌપ્રથમ માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા તથા વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ મારફત કુમકુમ તીલક, અને સામૈયુ કરી ઉત્સાહભેર **" વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથનું** સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ ગણેશ વંદના પ્રાર્થના અને સ્વાગત ગીત મારફત કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો. બાળાઓ ધ્વારા દેશભકિતગીતો પર . સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવેલ. ત્યારબાદ ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસ કાર્યોની પ્રતીતી કરાવતી માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વકતવ્યોની ટૂંકી ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી. વીસ વર્ષના વિકાસગાથાનું ગાન અને **" વંદે ગુજરાત વિકાસ યાત્રા "** અંગેની ફિલ્મ પ્રદર્શન કરવામાં આવી. ત્યારબાદ ઔષધીયરોપાઓથી ઉપસ્થિત મંચસ્થ મહાનુભવોનું ધ્વારા સ્વાગત કરવામાં આવ્યું.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલે જણાવ્યું કે વર્ષ ૨૦૦૨ના સમય ગાળા દરમ્યાન ૨૪ કલાક વિજળીની સુવિધા ન ઉપલબ્ધ ન હતી પરંતુ આજે ૨૦૨૨ દરમ્યાન ૨૦ વર્ષના સમયગાળા દરમ્યાન ૨૪ કલાક વિજળીની સુવિધા આપતુ ગુજરાત માત્ર એક રાજય છે.એ ગુજરાતની સૌથી મોટી ઉપલબ્ધી છે. સુરત મહાનગરપાલિકા જ સમગ્ર રાજયમાં એકમાત્ર મહાનગરપાલિકા છે જે સૌરઉર્જા મારફત વર્ષે રૂા. ૮૭.૦૦ કરોડની બચત કરે છે. આ ગુજરાત વિકાસની યાત્રામાં મ્યુ. સદસ્યશ્રીઓ તથા વાર્ડપ્રમુખોને ઉત્સાહભેર જોડાવા અપીલ કરી હતી.

આ કાર્યક્રમ પ્રસંગે પ્રવચન કરતા માન. ધારાસભ્ય શ્રી અરવિંદ રાણાએ જણાવ્યું કે આ **" વંદે ગુજરાત વિકાસ યાત્રા "** રથ ૧૫ દિવસ સુધી સમગ્ર રાજયમાં તથા શહેરના વોર્ડદીઠ ફરશે અને ૨૦ વર્ષના વિકાસને જન જન સુધી પહોચાડશે. હવે પછીના આગામી ૨૫ વર્ષ ભારત દેશનો અમૃતકાળ છે. વર્ષ ૨૦૪૭ની ઉજવણી સમયે ભારત દેશ વિશ્વગુરૂ

હશે. શહેરમાં ફેલાયેલ પ્લેગ અને પુર જેવી હોનારતો સામે શહેર અડીખમ રહી સતત વિકસતું રહયું. છેલ્લા ૨ દાયકા દરમ્યાન શહેરમાં લોકોને મળ્યા પોતાના પાકકા મકાનો, ગેસ કનેકશનો, વિજળી સહિતની તમામ ઉત્તમ સુવિધાઓ. કાયદો વ્યવસ્થાની સ્થિતિ ખુબજ સુગમ બની છે. સર્વાંગી વિકાસની હરણફાળ ભરી ગુજરાત રાજય સમગ્ર દેશમાં વિકાસના રોલ મોડલ બન્યું છે. જે સૌએ સ્વીકાર્યુ છે. ગુજરાતની આ વિકાસ ગાથા ઘર ઘર સુધી પહોચે એવી અભ્યર્થના.

આ પ્રસંગે ઉદ્દબોધન કરતા માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ જણાવ્યું કે આજની આ વિકાસયાત્રા ગુજરાતની સાથે સાથે સુરત શહેરની વિકાસગાથા પણ છે. સુરત શહેરમાં વિકાસની આ ગાથાને લોકો સુધી પહોંચાડવાની ઘડી આવી છે. છેલ્લા બે દાયકાનો વિકાસ,વિશ્વાસ,પ્રયાસના પંથને ચરિતાર્થ કરતી આ વિકાસગાથા લોકો સુધી પહોંચાડવાની છે. સમગ્ર દેશભરમાં સૌથી લાંબો બી.આર.ટી.એસ કોરીડોર સુરત શહેરમાં છે. ડાયમંડસીટી, ટેકસટાઈલ સિટી તરીકે જાણીતું શહેર ૧૧૮ બ્રિજોની સુવિધા સાથે બ્રિજસીટી તરીકે જાણીતું બન્યું છે તથા સ્વચ્છતા સર્વેક્ષણમાં અગ્રેસર બીજા નંબરનું સૌથી સ્વચ્છ શહેર બન્યું છે.

આ પ્રસંગે ઉદબોધન કરતા માન. મંત્રી(રા.ક.)શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ શ્રી વિનોદભાઈ મોરડીયાએ જણાવ્યું કે છેલ્લા બે દાયકામાં જે જે યોજનાઓનો શુભારંભ કરવામાં આવેલ એ તમામ માંથી ૨૦ વર્ષની ૨૦ જુદી જુદી યોજનાઓ પોતાના જીવનકાળ સુધી લોકોને યાદ રહેશે. સમગ્ર દેશમાં ૨૪ કલાક વિજળી આપતું ગુજરાત રાજય અગ્રેસર છે. ગુજરાતભરમાં ૯૫ % નળ સે જળ યોજના પૂર્ણ કરી છે. નળ સે જળ યોજનામાં પણ સુરત શહેર અગ્રેસર છે. શિક્ષણ ક્ષેત્રે પણ પ્રગતી થઈ છે. ધોલેરા, દહેજ, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાતમાં વિકાસના કાર્યો અવિરત ચાલુ રહે છે. ગુજરાતમાં તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વિકાસની જે કેડી કંડારી છે તે હાલના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈએ તેને અવિરત ગતિમાન રાખી રહયા છે. સૌના સાથ, સૌના વિકાસ,સૌનો પ્રયાસ,અને સૌનો વિશ્વાસના સુત્રને ચરિતાર્થ કરતી આ વિકાસગાથાની ઝાંખી લોકો સુધી પહોચશે. ગુજરાતમાં રોડ,પાણી,વિજળી વિગેરે ની ઉત્તમ સુવિધાને કારણે ઉદ્યોગ ક્ષેત્રમાં દેશના ૧૦૦ માંથી ૨૨% મુડી રોકાણ ગુજરાતમાં આવે છે. વિશ્વના ૯૫% હીરા સુરતમાં બને છે જેની એકસપોર્ટ ડયુટી મહારાષ્ટ્રમાં જતી હતી પરતું હવે ડાયમંડબુર્સના શહેરમાં નિર્માણના આ બધી સમસ્યાઓનું નિરાકરણ થશે અને જેનો લાભ સુરત શહેરને મળશે. રાજયમાં કન્ટેનર ફ્રી સુરત શહેર પ્રથમ બન્યું છે. વિકાસના ક્ષેત્રે ગુજરાત સર્વત્ર સ્થાન પર રહયું છે અને રહેશે. વધુમાં રાષ્ટ્રની એકતામાં ગુજરાતનો સિહંફાળો હોય એવી અભ્યર્થના .વધુમાં તેઓશ્રીએ રૂ. ૪૫૨.૮૮ લાખના ખર્ચે સાકારિત થનાર વિવિધ ૩૦ રસ્તાઓને બનાવવાના કામની જાહેરાત કરી હતી.

ઉપસ્થિત મંચસ્થ મહાનુભવો દ્વારા પી.એમ.જે.એ.વાય. માં યોજનાઓ સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સર્ટીફિકેટ તથા કીટ વિતરણ કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં માન. ધારાસભ્યશ્રી કાંતિભાઈ બલર, માન. ધારાસભ્ય શ્રી પ્રવિણભાઈ ઘોઘારી, માન. ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રાણા, માન. ધારાસભ્યશ્રી વી.ડી. ઝાલાવાડિયા, માન. ડે. મેયર શ્રી દિનેશભાઈ જોધાણી, માન.સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલ, માન. કમિશનર શ્રી બંછાનિધિ પાની, માન. નેતા શાસકપક્ષ શ્રી અમિતસિંગ રાજપૂત, માન. દંડક શાસકપક્ષ શ્રી વિનોદભાઈ પટેલ, માન. વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, માન. મ્યુ. સદસ્યશ્રીઓ,મ્યુ. અધિકારીશ્રીઓ, લાભાર્થીઓ, ,પત્રકારમિત્રો તથા સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહયા હતા.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૧૩૫, તા.૦૫/૦૭/૨૦૨૨**

સુરત મહાનગરપાલિકા

પ્રેસનોટ

**" વંદે ગુજરાત  વિકાસ યાત્રા"**

તા.૦૫ જુલાઇ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઇ ૨૦૨૨

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી  નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ  વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા  " **વંદે ગુજરાત  વિકાસ યાત્રા**" નું આયોજન તા.૦૫ જુલાઇ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઇ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. આજરોજ  સવારે " **વંદે ગુજરાત વિકાસ યાત્રા** "  કાર્યક્રમ સંદર્ભે નગર પ્રાથમિક શાળા ક્રમાંક-૪૫ ના  વિધાર્થીઓ અને  શિક્ષકો સહિત કુલ ૧૨૬ વ્યકિતઓ ધ્વારા શાળાના સ્થળેથી  ખટોદરા કોમ્યુનિટી હોલ સુધી ઉત્સાહપૂર્વક પ્રભાતફેરી કરવામાં આવી. ત્યારબાદ ગુરૂકૃપા શાળાના  વિધાર્થીઓએ, સ્થાનિક શહેરીજનોએ, સહિત ૨૧૩ વ્યકિતઓએ  માનવ જીવનને  નિરામય બનાવવાના હેતુસર ART OF LIVING સંસ્થાના યોગગુરૂના માર્ગદર્શન હેઠળ આશાપુરા માતાનો ટેકરો, રૂસ્તમપુરા, સુરત ખાતે આવેલ ખટોદરા કોમ્યુનિટી હોલ, ખાતે યોગ શિબિરમાં યોગાભ્યાસ કરી સ્વાસ્થયની જાળવણી  અંગે જાગૃતિ દાખવી હતી.

વધુમાં " **વંદે ગુજરાત વિકાસ યાત્રા** " કાર્યક્રમ  **ખટોદરા**  કોમ્યુનિટી હોલ ,ચોસઠ જોગણી માતાના મંદિર પાસે,સુરત ખાતે " **વંદે ગુજરાત  વિકાસ યાત્રા** " રથ કુમકુમ  તિલક તથા ઢોલ નગારાથી માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા, માન.ધારાસભ્ય શ્રી વિવેકભાઇ પટેલ અને માન.વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ અને માન.મ્યુ.સદસ્યશ્રીઓએ પ્રસ્થાન કરાવી આ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો.

ત્યારબાદ નગર પ્રાથમિક શાળાની બાળાઓ મારફત  પ્રાર્થના અને સ્વાગત ગીત મારફત કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ પણ કરવામાં આવેલ.  ત્યારબાદ ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ  વિકાસ કાર્યોની પ્રતીતી કરાવતી માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વકતવ્યોની ટૂંકી ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી. વીસ વર્ષના  વિકાસગાથાનું ગાન અને " **વંદે ગુજરાત  વિકાસ યાત્રા** " અંગેની ફિલ્મ પ્રદર્શન કરવામાં આવી. ત્યારબાદ ઔષધીય રોપાઓથી ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન.ધારાસભ્ય શ્રી  વિવેકભાઇ પટેલે જણાવ્યું કે આ " **વંદે ગુજરાત  વિકાસ યાત્રા** " રથ કાર્યક્રમના સૂત્રના આધારે ૨૦ વર્ષનો  વિકાસ અને  ૨૦ વર્ષનો  વિશ્વાસ એ કાર્યક્રમ માન.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જયારે આ વિકાસયાત્રાની સુકાન સંભાળી છે. ત્યારબાદ વિકાસની સોપાન તત્કાલિન મુખ્યમંત્રી શ્રી આનંદીબેન પટેલ, માન.તત્કાલિન મુખ્યમંત્રી શ્રી  વિજયભાઇ રૂપાણી અને હાલમાં માન.મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલે કરેલા અવિરત  વિકાસની આ ગાથા છે. સમગ્ર ગુજરાતમાં ૮ મહાનગરપાલિકાઓ અને ૩૩  જિલ્લાઓમાં ૮૨ રથ, ૨૫૦૦થી વધુ કાર્યક્રમો અને ૨૫,૦૦૦થી વધુ નવા વિકાસકાર્યોની જાહેરાત " **વંદે ગુજરાત  વિકાસ યાત્રા**"  અંતર્ગત કરવામાં આવશે. શાળા

પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીના નામાંકન રેસીયો પહેલા ૭૫% હતા. જે અવિરત પ્રયાસોના ભાગરૂપે આ નામાંકન રેસીયો હાલમાં ૧૦૦% થયા છે. જે એક વિશેષ ઉપલબ્ધિ છે. પહેલાની સરખામણીએ હાલમાં બાળકોનો ડ્રોપ આઉટ રેસીયો પણ ઘટયો છે.વધુમાં તેઓએ સરકારશ્રીની વિવિધ યોજનાઓ અને સિધ્ધીઓ વિશે સંક્ષિપ્ત માહિતી આપી હતી. ડિજિટલ ઇન્ડિયામાં પણ દેશ અગ્રેસર છે જેનું ઉત્તમ ઉદાહરણ વેકસીનેશન કરાવ્યા બાદ જે તે વ્યકિતઓને તાકીદે મળતા મેસેજ અને સર્ટીફિકેટ છે.

આ પ્રસંગે ઉદ્દબોધન કરતા માન.મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ જણાવ્યું કે વંદે ગુજરાત એ માત્ર રથયાત્રા નથી પરંતુ ૨૦ વર્ષનો વિશ્વાસને સાકાર કરવા જે વિકાસ કરવામાં આવેલ છે તે વિકાસગાથાને આ "**વંદે ગુજરાત વિકાસ યાત્રા**" રથ છે. માન.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં જયારે સમગ્ર દેશમાં આ વિકાસ ગાથાને આપણે ચોમેર બધા સાંભળી રહયા છે. ફકત સાંભળી જ નહી એને અનુભવી રહયા છે. તેમજ માન.મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં સમાયેલુ આ સુરત શહેર પણ વિશ્વ ફલક પર વિકાસની આ ગાથા સાથે નામાંકિત થયું છે. કોરોના મહામારીએ લોકોની કમર ભાંગી નાંખી હતી. કોરોનાના કપરા કાળમાં પણ સુરત મહાનગરપાલિકા ઘરે ઘરે સરકારશ્રીની લોક કલ્યાણકારી યોજનાઓનો લાભ આપવામાં કટિબધ્ધ રહી અને આ સુરત શહેર ફરી દોડતુ અને ધબકતું થઇ ગયું. વધુમાં જીવન જરૂરિયાત અને રોજીંદા જીવનમાં ઉપયોગી યોજનાઓનો લાભ પણ સુરત મહાનગરપાલિકા ધ્વારા સેવાસેતુ કાર્યક્રમ થકી આપવામાં આવે છે. સમગ્ર દેશભરમાં સૌથી લાંબો બી.આર.ટી.એસ કોરીડોર સુરત શહેરમાં છે. સુરત શહેર ડાયમંડસીટી, ટેકસટાઇલ સિટી, બ્રિજસીટી તરીકે જાણીતું બન્યું છે તથા સ્વચ્છતા સર્વેક્ષણમાં અગ્રેસર બીજા નંબરનું સૌથી સ્વચ્છ શહેર આગામી સ્વચ્છતા સર્વેક્ષણમાં પ્રથમ ક્રમાંકે આવે એ માટે યોગ્ય સાથ સહકાર મળે એની અભ્યર્થના. વધુમાં તેઓશ્રીએ સેન્ટ્રલ ઝોન વિસ્તારના વિવિધ લોકાર્પણ/ખાતમુહૂર્તના વિકાસ કામની જાહેરાત કરી હતી.

ત્યારબાદ ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો ધ્વારા પી.એમ.જે.એ.વાય. માં યોજનાઓ સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સર્ટીફિકેટ તથા કીટ વિતરણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં માન.સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી પરેશભાઇ પટેલ, માન.વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, માન.મ્યુ.સદસ્યશ્રીઓ,મ્યુ. અધિકારીશ્રીઓ, લાભાર્થીઓ, પત્રકારમિત્રો તથા સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહયા હતા.

**જનસંપર્ક વિભાગ,**

**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૧૩૭,**

**તા.૦૬/૦૭/૨૦૨૨**


" પી.એમ.જે.એ.વાય-મા " યોજના
વંદે ગુજરાત


વંદે ગુજરાત


" પી.એમ.જે.એ.વાય-મા " યોજના



# સુરત મહાનગરપાલિકા
# પ્રેસનોટ

**<u>જયાપાર્વતી વ્રત (અલુણાવ્રત) નિમિત્તે બાગોમા પ્રવેશ અંગે સુચના.</u>**

સુરત મહાનગરપાલિકા હસ્તકના નીચે જણાવેલ બાગોમા જયાપાર્વતીવ્રત નિમિત્તે તા.૧૧/૦૭/૨૨ થી તા.૧૫/૦૭/૨૨ સુધી નીચે જણાવેલ બાગોમાં બપોરે ૦૩:૦૦ થી રાત્રે ૧૧:૦૦ કલાકે બાગ બંધ થાય ત્યાં સુધી ફકત બહેનો/ નાના બાળકો/ બાલીકાઓને/ વરિષ્ઠ નાગરીકો ને જ દાખલ થવા દેવામાં આવશે.

**<u>પરિશિષ્ટ–અ</u>**

| | | | |
|---|---|---|---|
| | | સેન્ટ્રલ | |
| 1 | ગાંધીબાગ– ચોક | 2 | કવિશ્રી જંયત પાઠક ક્રિડાંગણ સગરામપુરા |
| 3 | સ્નેહ મિલન બાગ – ટીમલીયા વાડ | | |
| | | વેસ્ટ | |
| 4 | નેતાજી સુભાષચંદ્રબોઝ ઉધાન–રાંદેર | 5 | મોરારજીભાઈ દેસાઈઉધાન–અડાજણ |
| 6 | જયોતિન્દ્ર દવે ઉધાન–જોગાણી નગર | 7 | સોમેશ્વર મહાદેવ બાગ–પાલ |
| 8 | પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઉધાન રાંદેર | 9 | અડાજણ ચિલ્ડ્રન પાર્ક, ન્યુ રાંદેર ઝોન ઓફિસ રોડ |
| 10 | કવિ કલાપિ ગાર્ડન, અડાજણ ગામ | 11 | રોઝ ગાર્ડન, જહાંગીરપુરા |
| 12 | એકઝોરા ગાર્ડન, શ્રેણીકપાર્ક સોસાયટી | 13 | પામ ગાર્ડન, રાજહંસ એપલની પાછળ, પાલનપુર |
| 14 | મીરાબાઈ ગાર્ડન | 15 | પાલ લેક ગાર્ડન, ગેલેક્ષી સર્કલ લીનીયર વોક વે પાસે, પાલ ગામ |
| 16 | પાલનપુર લેક ગાર્ડન, પાલનપુર ફાયર સ્ટેશનની પાછળ, | | |
| | | સાઉથ વેસ્ટ | |
| 17 | લેકવ્યુ ગાર્ડન–પીપલોદ | 18 | સિધ્ધરાજ જયસિંહ સોલંકી ઉધાન અલથાણ |
| 19 | જવાહરલાલ નહેરૂ ઉધાન અઠવાલાઈન્સ | 20 | મહારાજા અગ્રેસન ઉધાન–સીટી લાઈટ |
| 21 | સરોજીની નાયડુ ઉધાન–ઉમરા | 22 | કવિશ્રી નવલરામ પંડયા ફલોરા પાર્ક, ઉમરા |
| 23 | સ્વામી વિવેકાનંદ ઉધાન–જીવકોરનગર | 24 | શ્રી ગૌરીશંકર જોષી ઉધાન, વેસુ ટાંકીની બાજુમાં |
| 25 | ખજોદ લેક ગાર્ડન, ખજોદ ગામ | 26 | મકરંદ દવે ઉધાન, માનસરોવર બંગ્લોઝની સામે, ભીમરાડ |
| 27 | ટી.પી.૧૩ (ભરથાણા–વેસુ), એફ.પી.નં.૩૫,૧૮૦ અને ૧૮૧ ખાતે આવેલ લેક ગાર્ડન, વી.આઈ.પી. રોડ, મનભરી ફાર્મની પાછળ | 28 | શ્રી વાસુદેવ બી. સ્માર્ત ઉધાન |
| 29 | ધન્વંતરી હર્બલ ઉધાન | 30 | ભીમરાડ ઓકિસજન પાર્ક |
| 31 | વેસુ લેક ગાર્ડન | 32 | ટી.પી.એસ.નં.૪૩ (ભીમરાડ), એફ.પી.નં.૧૦૩ (ગાર્ડન) અને એફ.પી.નં.૬૩ (લેક) ખાતે આવેલ લેક ગાર્ડન |
| 33 | ટી.પી.એસ.નં.૦૨ (વેસુ– ભરથાણા), એફ.પી.નં.૨૦૧, ૨૦૨,૩૬ (લેક) ખાતે આવેલ લેક ગાર્ડન | | |
| | | સાઉથ | |
| 28 | ઉન લેક ગાર્ડન, ઉન ગામ | 29 | ઉમીયામાતા ઉધાન,ખરવરનગર |
| 30 | ખટોદરા લેક ગાર્ડન, ખટોદરા બી.આર.ટી.એસ.રૂટ પાસે | | |
| | | સાઉથ ઈસ્ટ | |
| 31 | મહર્ષી આસ્તિક ઋષિ લેક ગાર્ડન, ગોડાદરા ગામતળ | 32 | ડૉ.રાજેન્દ્ર પ્રસાદ ઉધાન, કરાડવા રોડ, ડીંડોલી |
| 33 | ડીંડોલી છઠ સરોવર ગાર્ડન, ડીંડોલી ગામ | 34 | ટી.પી.નં.૬૧(પરવટ–ગોડાદરા) એફ.પી.નં.આર – ૩૪, વિનાયક હાઈટસની સામે, |
| | | ઈસ્ટ | |
| 35 | મહારાણા પ્રતાપ ઉધાન –વરાછા | 36 | પુષ્ટિ ઉધાન, – મગોબ |
| 37 | ઝવેરચંદ મેઘાણી ઉધાન – વરાછા | 38 | શહીદ વીર ભગતસીંહ ઉધાન ત્રિકમ નગર |
| 39 | મોટા વરાછા લેક ગાર્ડન, સુદામા ચોકની બાજુમા | 40 | ટી.પી.સ્કીમ નં.૬૪(કુંભારીયા–મગોબ), ફા.પ્લોટ નં.૧૩૩ (આર–૭), લેન્ડમાર્ક ટેક્ષટાઈલ્સ માર્કેટ પાછળ, મોર્ડન ટાઉનશીપ પાસે |
| 41 | જયુબીલી લેક ગાર્ડન, કબ્રસ્તાન પાસે, મોટા વરાછા ગામ | | |
| | | નોર્થ | |
| 42 | વીર સાવરકર ઉધાન – કતારગામ | 43 | ડૉ.શ્યામાપ્રસાદ મુખરજી લેક ગાર્ડન–કતારગામ |
| 44 | પ્રેમાનંદ ઉધાન – સીંગણપોર | 45 | કોસાડ લેક ગાર્ડન, કોસાડ ગામ |
| 46 | ઉત્રાણ લેક ગાર્ડન , ઉત્રાણ ગામ | 47 | સંત શ્રી તુકારામ ઉધાન, ગોવિંદજી હોલ પાસે, ડભોલી |
| 48 | ફ્રેગરન્સ ગાર્ડન, પ્લેટીનમ પાર્કની સામે, કતારગામ | 49 | 'ડભોલી લેક ગાર્ડન' ડભોલી ગામ પાસે |

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા સેવા સદન તરફથી સાદર**
**સમાચાર યાદી નં.૧૩૭**
**તા.૦૬/૦૭/૨૦૨૨**

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

## " વંદે ગુજરાત વિકાસ યાત્રા"

**તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨**

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા **" વંદે ગુજરાત વિકાસ યાત્રા"** નું આયોજન તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. આજરોજ **" વંદે ગુજરાત વિકાસ યાત્રા "** કાર્યક્રમ કરંજ અર્બન હેલ્થ સેન્ટર, સુરત ખાતે " વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથ કુમકુમ તિલક તથા ઢોલ નગારાથી માન. ધારાસભ્ય શ્રી કાંતીભાઈ બલર, માન. ધારાસભ્ય શ્રી પ્રવિણભાઈ ઘોઘારી, માન. અધ્યક્ષ રૂગ્ણાલયો , વૈદકીય રાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિ શ્રી રાજુભાઈ જોળીયા અને માન. મ્યુ. સદસ્યશ્રીઓએ પ્રસ્થાન કરાવી આ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો.

ત્યારબાદ નગર પ્રાથમિક શાળાની બાળાઓ મારફત પ્રાર્થના અને સ્વાગત ગીત મારફત કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો. ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસ કાર્યોની પ્રતીતી કરાવતી માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વકતવ્યોની ટુંકી ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી. વીસ વર્ષના વિકાસગાથાનું ગાન અને " વંદે ગુજરાત વિકાસ યાત્રા " અંગેની ફિલ્મ પ્રદર્શન કરવામાં આવી. ત્યારબાદ ઔષધીય રોપાઓથી ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન. અધ્યક્ષ રૂગ્ણાલયો ,વૈદકીય રાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિ શ્રી રાજુભાઈ જોળીયાએ જણાવ્યું હતુ કે " વંદે ગુજરાત વિકાસ યાત્રા " કાર્યક્રમએ એક અનોખો કાર્યક્રમ છે. સુરત શહેર વિશ્વનું સૌથી વિકસતું શહેર છે. શહેરની આ વિકાસનીગાથા માટે શાસકો અને અધિકારીશ્રીઓનો હૃદયથી અભિનંદન આપ્યા હતા.સુરત શહેર તમામ પ્રકારે વિકાસની ગતિમાં અગ્રેસર રહયું છે.

આ કાર્યક્રમ પ્રસંગે પ્રવચન કરતા માન. ધારાસભ્ય શ્રી પ્રવિણભાઈ ઘોઘારીએ જણાવ્યું કે સને ૨૦૦૨ થી સને ૨૦૨૨ સુધીના વિકાસકામોની આ વિકાસયાત્રા છે. છેલ્લાં ૨ વર્ષ દરમ્યાન કોરોનાની મહામારી દરમ્યાન માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત સરકાર અને ગુજરાતમાં પણ જે સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓએ જે ઝડપભેર વેકિસનેશનની કામગીરી કરી એ સરાહનીય છે. શહેર રોડ,રસ્તા,પાણી અને તમામ પ્રકારની અદ્યતન વિકાસકાર્યો ની સુવિધા થકી સુરત સમગ્ર દેશમાં ૨ નંબરનું સૌથી સ્વચ્છ શહેર બન્યું છે. ત્યારબાદ વરાછા ઝોન વિસ્તારના વિવિધ લોકાર્પણ/ખાતમુહૂર્તના વિકાસ કામની જાહેરાત કરી હતી.

ત્યારબાદ ઉપસ્થિત મંચસ્થ મહાનુભવો ધ્વારા પી.એમ.જે.એ.વાય. માં યોજનાઓ સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સર્ટીફિકેટ તથા કીટ વિતરણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં માન. ધારાસભ્ય શ્રી કાંતિભાઈ બલર, માન. વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, માન. મ્યુ. સદસ્યશ્રીઓ, મ્યુ. અધિકારીશ્રીઓ, લાભાર્થીઓ, ,પત્રકારમિત્રો તથા સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહયા હતા.

**જનસંપર્ક વિભાગ,**

**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૧૩૮,તા.૦૬/૦૭/૨૦૨૨**


વંદે ગુજરાત



# સુરત મહાનગરપાલિકા

પ્રેસનોટ

## " વંદે ગુજરાત વિકાસ યાત્રા"

### તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિતે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા **" વંદે ગુજરાત વિકાસ યાત્રા"** નું આયોજન તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. આજરોજ સવારે " વંદે ગુજરાત વિકાસ યાત્રા " કાર્યક્રમ સંદર્ભે નગર પ્રાથમિક શાળાના વિધાર્થીઓ અને શિક્ષકોઓ ધ્વારા શાળાના સ્થળેથી સરદાર સ્મૃતિ ભવન કોમ્યુનિટી હોલ સુધી ઉત્સાહપૂર્વક પ્રભાતફેરી કરવામાં આવી. ત્યારબાદ શાળાના વિધાર્થીઓએ, સ્થાનિક શહેરીજનોએ માનવ જીવનને નિરામય બનાવવાના હેતુસર યોગગુરૂના માર્ગદર્શન હેઠળ સરદાર સ્મૃતિ ભવન, મિની બજાર રોડ, વરાછા, સુરત ખાતે યોગશિબિરમાં યોગાભ્યાસ કરી સ્વાસ્થયની જાળવણી અંગે જાગૃતિ દાખવી હતી. આ ઉપરાંત " વંદે ગુજરાત વિકાસ યાત્રા " કાર્યક્રમ સંદર્ભે સરદાર સ્મૃતિ ભવન કોમ્યુનિટી હોલ ખાતે નિરામય ગુજરાત – મુખ્યમંત્રીશ્રીની પહેલ અન્વયે લોકોના આરોગ્યની સુખાકારી માટે સ્ક્રીનીંગથી સારવાર સુધીના મહાઅભિયાન હાથ ધરવામાં આવેલ છે. તેમજ ગાર્ડન વિભાગ ધ્વારા વૃક્ષારોપણ અને વિનામુલ્યે રોપાવિતરણ પણ રાખવામાં આવેલ છે.

વધુમાં " વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથનું કુમકુમ તિલક તથા સામૈયું કરી માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘવાલા, માન. ડે.મેયર શ્રી દિનેશભાઈ જોધાણી, માન. ધારાસભ્ય શ્રી કાંતિભાઈ બલર, ધારાસભ્ય શ્રી વી.ડી. ઝાલાવડીયા અને માન. વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ અને માન. મ્યુ. સદસ્યશ્રીઓએ આ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. ત્યારબાદ નગર પ્રાથમિક શાળાની બાળાઓ મારફત પ્રાર્થના અને સ્વાગત ગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવેલ.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન. અધ્યક્ષ રુગ્ણાલયો ,વૈદકીય રાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિ શ્રી રાજુભાઈ જોળીયાએ જણાવ્યું કે શહેરમાં થયેલ બે દાયકાના વિકાસકાર્યો આજેપણ અવિરત પણે ચાલી રહયા છે.અને આગામી દિવસોમાં પણ આ વિકાસની ગતિ વધુ ઝડપથી આગળ વધશે. ત્યારબાદ ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસ કાર્યોની પ્રતીતી કરાવતી માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વકતવ્યોની ટૂંકી ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી. વીસ વર્ષના વિકાસગાથાનું ગાન અને " વંદે ગુજરાત વિકાસ યાત્રા " અંગેની ફિલ્મ પ્રદર્શન કરવામાં આવી. ત્યારબાદ ઔષધીય રોપાઓથી ઉપસ્થિત મંચસ્થ મહાનુભવોનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ મંચસ્થ મહાનુભવોએ વરાછા ઝોન વિસ્તારના વિવિધ લોકાર્પણ/ખાતમુહુર્તના વિકાસ કામની જાહેરાત કરી હતી.

આ પ્રસંગે ઉદ્દબોધન કરતા માન. ડે. મેયર શ્રી દિનેશભાઈ જોધાણીએ જણાવ્યું કે માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે આરૂઢ થયા ત્યારથી સતત વિકાસકાર્યો ચાલી રહયા છે. ગુજરાત સરકારશ્રી મારફત નર્મદાના નીર સૌરાષ્ટ્રમાં કચ્છ સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય, લોકોના સ્વાસ્થ્યની જાળવણી માટે વિનામુલ્યે સારવારની ઉત્તમ વ્યવસ્થા, આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની રોડ, રસ્તા, પાણી,શિક્ષણ,ઓનલાઈન સુવિધા સહિતની સિધ્ધીઓ અને વિકાસકાર્યોની સંક્ષિપ્ત માહિતી આપી હતી.

ત્યારબાદ ઉપસ્થિત મંચસ્થ મહાનુભવો ધ્વારા પી.એમ.જે.એ.વાય. માં યોજનાઓ સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સર્ટીફિકેટ તથા કીટ વિતરણ કરવામાં આવેલ. માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘવાલા, માન. ધારાસભ્ય શ્રી કાંતિભાઈ બલર, ધારાસભ્ય શ્રી વી.ડી. ઝાલાવડીયા,માન. અધ્યક્ષ ન.પ્રા.શિ.સ. શ્રી ધનેશભાઈ શાહ, માન. વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, માન. મ્યુ. સદસ્યશ્રીઓ,મ્યુ. અધિકારીશ્રીઓ, લાભાર્થીઓ, ,પત્રકારમિત્રો તથા સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહયા હતા.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૧૩૯,તા.૦૭/૦૭/૨૦૨૨**


વંદે ગુજરાત
વિકાસ યાત્રા
તારીખ : ૦૭ જુલાઈ ૨૦૨૨
સમય : સવારે ૯-૩૦ કલાકથી ૧૧-૩૦ કલાક
સ્થળ : સરદાર સ્મૃતિ ભવન, મીની બજાર રોડ,



# :: પ્રેસનોટ ::

## "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત
## સુર્યપુત્રી તાપી નદીની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તાપીમાતાની આરાધનાનો કાર્યક્રમ

**વિષય :** "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત સુર્યપુત્રી તાપી નદીની જન્મજયંતિની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત તાપીમાતાની આરાધના કાર્યક્રમ બાબત.

ભારત દેશની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત અષાઢ સુદ સાતમ સુરત શહેરની ધરોહર એવી સુર્યપુત્રી તાપી નદીના જન્મ દિનની ઉજવણી પ્રસંગે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૬/૦૭/૨૦૨૨ને બુધવારના રોજ સાંજે ૬.૦૦ કલાકથી નાવડી ઓવારા, જૂની કોર્ટ સામે, નાનપુરા, સુરત ખાતે મંગલદીપ પ્રગટાવી તાપીમાતાની આરાધના કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

"ગંગા સ્નાને, યમુના પાને, નર્મદા દર્શને, તાપી સ્મરણે" આ પંકિતમાં તાપી માતાનું મહાત્મય વર્ણવતા કહ્યું છે કે, ગંગા નદીમાં સ્નાન, યમુનાના જળનું આચમન, અને નર્મદાના દર્શનથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે, તે પુણ્ય તાપીમાતાના સ્મરણ માત્રથી પ્રાપ્ત થાય છે. નદી એ માનવજાતને પાળતી પોષતી, સમૃધ્ધ કરતી અને સંસ્કૃતિનું સર્જન કરતી હોવાથી તેને માતાનો દરજ્જો મળ્યો છે. મધ્યપ્રદેશ સ્થિત સાતપુડા પર્વતમાળામાં બૈતુલ જિલ્લાના મૂલતાઈ નામના ગામ પાસેથી નીકળી સુરત શહેરના કિનારેથી અરબી સમુદ્રમાં વિલીન થતી અને સુરત શહેરને સદૈવ સમૃદ્ધ રાખનારી પુણ્ય સલિલા તાપી મૈયાના જન્મદિને શહેરના પ્રથમ નાગરિક મા.મેયરશ્રીમતી હેમાલીબેન બોઘાવાલા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી પરેશભાઈ પટેલ, શાસક પક્ષના નેતાશ્રી અમિતસિંગ રાજપુત, શાસકપક્ષ દંડકશ્રી વિનોદભાઈ પટેલ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી પૂર્ણિમાબેન દાવલે, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ અને ઉપસ્થિત નગરજનોના સાનિધ્યમાં સુરત શહેર માટે કલ્યાણકારી ભવિષ્યની વાંચ્છના સાથે દીપ પ્રગટાવી તાપી માતાની આરતી ઉતારી હતી. વૈદિક મંત્રોચ્ચાર સહ પૂજા અર્ચના કરી સુરતના વિકાસની નવી ઊંચાઈઓ પાર કરવા તાપી માતાના આશિષ વરસતા રહેશે તેવી પ્રાર્થના કરી હતી.

સમાચારયાદી નં.૧૪૦, તા.૦૭/૦૭/૨૦૨૨, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.





:: પ્રેસનોટ ::

**આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત "અલુણાવ્રત ઉજવણી નિમિત્તે મહેંદી સ્પર્ધા"**

**વિષય : આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાનાર મહેંદી સ્પર્ધા**

સુરત મહાનગરપાલિકા દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત અલુણાવ્રત ઉજવણી નિમિત્તે તા.૦૮/૦૭/૨૦૨૨ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે પ્રાથમિક અને માધ્યમિક વિભાગ તથા બપોરે ૨.૦૦ કલાકે ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધાનું આયોજન કતારગામ કોમ્યુનિટી હોલ, વસ્તાદેવડી રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે.

અલુણાવ્રત ઉજવણી નિમિત્તે યોજાનાર મહેંદી સ્પર્ધામાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને નિમંત્રણ છે. રજીસ્ટ્રેશન કરાવેલ સ્પર્ધકો જ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

સમાચારયાદી નં.૧૪૧, તા.૦૭/૦૭/૨૦૨૨, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

### " વંદે ગુજરાત વિકાસ યાત્રા"

**તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨**

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા **" વંદે ગુજરાત વિકાસ યાત્રા"** નું આયોજન તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. આજરોજ " વંદે ગુજરાત વિકાસ યાત્રા " કાર્યક્રમ સંદર્ભે પૂર્વ (વરાછા) ઝોન–એ ઝોન ઓફિસ, સૈફિ સોસાયટીની બાજુમાં, લંબે હનુમાન રોડ, ઉમરવાડા, સુરત ખાતે રાખવામાં આવેલ. જેમાં " વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથને કુમકુમ તિલક તથા સાંમૈયુ કરી માન.ધારાસભ્ય શ્રી કિશોરભાઈ કાનાણી, ધારાસભ્ય શ્રી વી.ડી. ઝાલાવડીયા, માન. ધારાસભ્ય શ્રી પ્રવિણભાઈ ઘોઘારી, માન.પૂર્વ ધારાસભ્યશ્રી જનકભાઈ બગદાણા, માન. અધ્યક્ષ રૂગ્ણાલયો , વૈદકીય રાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિ શ્રી રાજુભાઈ જોળીયા અને માન. મ્યુ. સદસ્યશ્રીઓએ શુભારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમ પ્રસંગે ઔષધીય રોપાઓથી ઉપસ્થિત મંચસ્થ મહાનુભવોનું સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ તેઓશ્રીઓએ કાર્યક્રમના અંતે" વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથનું પ્રસ્થાન કરાવેલ.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન. અધ્યક્ષ રૂગ્ણાલયો, વૈદકીય રાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિ શ્રી રાજુભાઈ જોળીયાએ જણાવ્યું કે, મકકમ મનોબળ ધરાવતા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સંકલ્પને સાર્થક કરવાના ભાગરૂપે ગુજરાતમાં સંર્વાગી વિકાસ ઝડપથી થઈ રહયો છે. આપણા સહિયારા પ્રયાસ થકી ગુજરાતની આ વિકાસગાથાને હજુ વધારે આગળ અને વધુ ઉંચાઈએ લઈ જઈએ એવી અભ્યર્થના. ત્યારબાદ ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસ કાર્યોની પ્રતીતી કરાવતી માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વકતવ્યોની ટુંકી ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી. વીસ વર્ષના વિકાસગાથાનું ગાન અને " વંદે ગુજરાત વિકાસ યાત્રા " અંગેની ફિલ્મ પ્રદર્શન કરવામાં આવેલ. ત્યારબાદ મંચસ્થ મહાનુભવોએ વરાછા ઝોન વિસ્તારના વિવિધ લોકાર્પણ/ખાતમુહૂર્તના વિકાસ કામની જાહેરાત કરી હતી.

આ પ્રસંગે ઉદ્‌બોધન કરતા માન. ધારાસભ્યશ્રી વી.ડી. ઝાલાવડીયાએ જણાવ્યું કે સને–૨૦૦૨ થી ગુજરાતના પનોતા પુત્ર અને માન. વડાપ્રધાન તથા ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જયારથી સુકાન સંભાળ્યું ત્યારથી અનેક સમસ્યાઓનું નિરાકરણ કરી અવિરત વિકાસની હરણફાળ ભરી છે. વધુમાં તેઓશ્રીએ ગુજરાત સરકારશ્રીની જયોતી ગ્રામ યોજના, માં વાત્સલ્ય કાર્ડ– ૫ લાખ સુધીનું સુરક્ષા કવચ જેવી યોજના તથા રોડ, રસ્તા અને શિક્ષણ સહિતની અદ્યતન સુવિધા સદર્ભે સંક્ષિપ્ત માહિતી આપી હતી. વધુમાં ભવિષ્યમાં ગુજરાત વિકાસનું રોલ મોડલ બનશે તેમ જણાવેલ.

ત્યારબાદ ઉપસ્થિત મંચસ્થ મહાનુભવો ધ્વારા પી.એમ.જે.એ.વાય. માં યોજનાઓ સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સર્ટીફિકેટ તથા કીટ વિતરણ કરવામાં આવેલ. માન. ધારાસભ્ય શ્રી પ્રવિણભાઈ ઘોઘારી, માજી. ધારાસભ્યશ્રી જનકભાઈ બગદાણા, માજી. મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, માન. અધ્યક્ષ ન.પ્રા.શિ.સ. શ્રી ધનેશભાઈ શાહ, માન. વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, માન. મ્યુ. સદસ્યશ્રીઓ,મ્યુ. અધિકારીશ્રીઓ, લાભાર્થીઓ, પત્રકારમિત્રો તથા સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહયા હતા.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૧૪૨, તા.૦૭/૦૭/૨૦૨૨**


વંદે ગુજરાત
વિકાસ યાત્રા
તારીખ : ૦૭ જુલાઈ ૨૦૨૨
સમય : સાંજે ૪.૩૦ કલાક થી ૬.૩૦ કલાક



# સુરત મહાનગરપાલિકા

**પ્રેસનોટ**

## " વંદે ગુજરાત વિકાસ યાત્રા"

**તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨**

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા " વંદે ગુજરાત વિકાસ યાત્રા" નું આયોજન તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. આજરોજ સવારે " વંદે ગુજરાત વિકાસ યાત્રા " કાર્યક્રમ સંદર્ભે નગર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોઓ ધ્વારા શાળાના સ્થળેથી શ્યામા પ્રસાદ મુખર્જી કોમ્યુનિટી હોલ સુધી ઉત્સાહપૂર્વક પ્રભાતફેરી કરવામાં આવી. ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓએ, સ્થાનિક શહેરીજનોએ માનવ જીવનને નિરામય બનાવવાના હેતુસર યોગગુરૂના માર્ગદર્શન હેઠળ શ્યામા પ્રસાદ મુખર્જી કોમ્યુનિટી હોલ, ડી.આર.વર્લ્ડની સામે, મગોબ, સુરત ખાતે યોગશિબિરમાં યોગભ્યાસ કરી સ્વાસ્થયની જાળવણી અંગે જાગૃતિ દાખવી હતી. આ ઉપરાંત " વંદે ગુજરાત વિકાસ યાત્રા " કાર્યક્રમ સંદર્ભે શ્યામા પ્રસાદ મુખર્જી કોમ્યુનિટી હોલ ખાતે નિરામય ગુજરાત – મુખ્યમંત્રીશ્રીની પહેલ અન્વયે લોકોના આરોગ્યની સુખાકારી માટે સ્ક્રીનીંગથી સારવાર સુધીના મહાઅભિયાન હાથ ધરવામાં આવેલ છે. તેમજ ગાર્ડન વિભાગ ધ્વારા વૃક્ષારોપણ અને વિનામુલ્યે રોપાવિતરણ પણ રાખવામાં આવેલ છે.

વધુમાં " વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથનું કુમકુમ તિલક તથા સામૈયું કરી માન.મંત્રી (રા.ક.) , શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ શ્રી વિનોદભાઈ મોરડીયા,માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘવાલા, માન. ડે.મેયર શ્રી દિનેશભાઈ જોધાણી, ધારાસભ્ય શ્રી વી.ડી.ઝાલાવડીયા, માન.ધારાસભ્યશ્રી શ્રી પ્રવિણભાઈ ઘોઘારી, માન. ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ, માન. વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ અને માન. મ્યુ. સદસ્યશ્રીઓએ આ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો અને કાર્યક્રમના અંતે " વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથનું પ્રસ્થાન કરાવયું હતું, નગર પ્રાથમિક શાળાની બાળાઓ મારફત પ્રાર્થના, સ્વાગત ગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવેલ.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન. ડે.મેયર શ્રી દિનેશભાઈ જોધાણીએ જણાવ્યું કે" વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથએ આ સપ્તાહથી સુરત શહેરના વિવિધ વિસ્તારોમાં વોર્ડદીઠ ફરી રહયો છે અને ગુજરાત સરકારશ્રી મારફત કરેલા છેલ્લાં ૨૦ વર્ષ દરમ્યાનના વિકાસકાર્યોની માહિતી તથા વિવિધ યોજનાઓ અંગે કરેલા કાર્યોની શહેરીજનોને પ્રતિતી કરાવી રહયો છે.શહેરીજનોને આ વિકાસકાર્યોની ફિલ્મ મારફત યોગ્ય માહિતી મળી રહે તેવી અભ્યર્થના. ત્યારબાદ ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસ કાર્યોની પ્રતીતી કરાવતી માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વકતવ્યોની ટૂંકી ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી. વીસ વર્ષના વિકાસગાથાનું ગાન અને " વંદે ગુજરાત વિકાસ યાત્રા " અંગેની ફિલ્મ પ્રદર્શન કરવામાં આવેલ. ત્યારબાદ મંચસ્થ મહાનુભવોએ વરાછા ઝોન વિસ્તારના વિવિધ લોકાર્પણ/ખાતમુહૂર્તના વિકાસ કામની જાહેરાત કરી હતી.

આ પ્રસંગે ઉદ્બોધન કરતા માન.મંત્રી (રા.ક.) , શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ શ્રી વિનોદભાઈ મોરડીયાએ જણાવ્યું કે ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દીર્ઘદ્રષ્ટિથી આજદિન સુધી બાળકોથી લઈ વૃધ્ધો, સ્વચ્છતાથી લઈ સ્માર્ટસીટી સુધી વિવિધ ક્ષેત્રોમાં અવિરત વિકાસ કર્યો છે. સુરત શહેરમાં સાકારિત થયેલ વિવિધ ફ્લાય ઓવર બ્રિજોના કારણે શહેરની ટ્રાફિક સમસ્યાઓનું નિરાકરણ આવેલ છે. ડાયમંડ અને ટેક્ષટાઈલ સિટી તરીકે જાણીતું આ શહેર ડાયમંડ બુર્સ તથા ઔદ્યોગિક વિકાસના કારણે દેશ અને દુનિયામાં ખ્યાતનામ બન્યું છે. ગુજરાતના વિવિધ ગામોમાં વીજળીની સુવિધા આપવા તથા ૯૫% નળ સે જળ યોજના હેઠળ પાણી પહોંચાડવાની સિધ્ધીમાં પણ ગુજરાત રાજય અગ્રેસર છે. દુનિયાના ૧૫૦ દેશોમાં ૨૫ પ્રકારની કોરોના મહામારી સામે સુરક્ષાકવચ સમાન વેકિસનનું સંશોધન કરવામાં આવેલ. આ ૨૫ વેકસીન પૈકી ૩ વેકસીન ભારત દેશમાં સંશોધન કરી અન્ય દેશોને પણ આપવામાં આવેલ છે. જે આત્મનિર્ભર ભારતનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. સુરત શહેર સમગ્ર દેશમાં સ્વચ્છતામાં,કન્ટેઈન્ટર ફ્રી સીટીમાં,ફ્લાય ઓવર બ્રિજના નિર્માણ તથા ટાઉન પ્લાનીંગ સ્કીમમાં પણ અગ્રેસર છે. સુરતીઓ આફતો દરમ્યાન જરૂરિયાતમંદોને આર્થિક સહાય કરવામાં પણ અગ્રેસર રહી પ્રેરણાસ્ત્રોત બન્યા છે. વધુમાં એક ભારત ,શ્રેષ્ઠ ભારતમાં ગુજરાત રાજય વિકાસનું મોડલ બને એવી અભ્યર્થના.

ત્યારબાદ ઉપસ્થિત મંચસ્થ મહાનુભવો ધ્વારા પી.એમ.જે.એ.વાય. માં યોજનાઓ સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સર્ટીફિકેટ તથા કીટ વિતરણ કરવામાં આવેલ. માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘવાલા, ધારાસભ્ય શ્રી વી.ડી. ઝાલાવડીયા,માન.ધારાસભ્યશ્રી શ્રી પ્રવિણભાઈ ઘોઘારી,માન. ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ, અને માન. વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ માન. અધ્યક્ષ ન.પ્રા.શિ.સ. શ્રી ધનેશભાઈ શાહ, માન. વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, માન. મ્યુ. સદસ્યશ્રીઓ,મ્યુ. અધિકારીશ્રીઓ, લાભાર્થીઓ, ,પત્રકારમિત્રો તથા સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહયા હતા.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૧૪૩,તા.૦૮/૦૭/૨૦૨૨**





# પ્રેસનોટ

તા. ૦૮/૦૭/૨૦૨૨

**સ્માર્ટ સિટીઝ મિશન દ્વારા 'ઈન્ડિયા સાયકલ ફોર ચેન્જ' અને 'સ્ટ્રીટ ફોર પીપલ' ચેલેન્જ અંતર્ગત બેંગલુરુ ખાતે 'હેલ્થી સ્ટ્રીટસ કેપેસિટી ડેવલપમેન્ટ' વર્કશોપનું આયોજન**

સ્માર્ટ સિટીઝ મિશન, મિનીસ્ટ્રી ઓફ હાઉસીંગ અને અર્બન અફેર્સ દ્વારા દેશના શહેરોમાં નોન–મોટરાઈઝડ વ્હીકલોને પ્રોત્સાહન આપવા અને શહેરોને સાયકલિંગ–ફ્રેન્ડલી બનાવવાં હેતુથી **'ઈન્ડિયા સાયકલ ફોર ચેન્જ'** તેમજ દેશના શહેરોમાં પર્યાવરણ સંરક્ષણ અને વોકિંગ–ફ્રેન્ડલી સ્ટ્રીટસ બનાવવાનાં હેતુથી **'સ્ટ્રીટ ફોર પીપલ'** ચેલેન્જનું આયોજન કરવામાં આવેલ.

**'ઈન્ડિયા સાયકલ ફોર ચેન્જ'** અને **'સ્ટ્રીટ ફોર પીપલ'** ચેલેન્જોમાં ભાગ લેનાર તમામ શહેરો માટે બેંગલુરુ ખાતે **'હેલ્થી સ્ટ્રીટસ કેપેસિટી ડેવલપમેન્ટ'** વર્કશોપનું તા.૦૭/૦૭/૨૦૨૨ અને ૦૮/૦૭/૨૦૨૨ દરમ્યાન આયોજન કરવામાં આવેલ અને જેમાં સદર ચેલેન્જોમાં ભાગ લેનાર તમામ સ્માર્ટ સિટીઓનાં સી.ઈ.ઓ.ને આમંત્રિત કરવામાં આવેલ. સુરત મહાનગરપાલિકા અને સુરત સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિમીટેડ દ્વારા પણ સદર ચેલેન્જોમાં સક્રિય રીતે ભાગ લેવામાં આવેલ. જે અન્વયે શ્રીમતી સ્વાતી દેસાઈ, ડેપ્યુટી કમિશ્નર, સુરત મહાનગરપાલિકા અને સી.ઈ.ઓ., સુરત સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિમીટેડ દ્વારા સદર વર્કશોપમાં ભાગ લેવામાં આવેલ.

આ વર્કશોપમાં ભાગ લેનાર તમામ શહેરોને સાયકલિંગ–ફ્રેન્ડલી સિટી, હેલ્થી સ્ટ્રીટસ પોલિસી, હેલ્થી સ્ટ્રીટસ ડિઝાઈન ગાઈડલાઈન્સ, પાર્કિંગ પોલિસી વિગેરે વિશે વિવિધ સેશનો મારફત વિસ્તૃતમાં માહિતી આપવામાં આવેલ તેમજ આગામી ૩ વર્ષ માટે સાયકલિંગ અને વોકિંગ પ્રમોટ કરવા અંગે એકસન પ્લાન બનાવવાં પણ જણાવેલ.

વધુમાં વર્કશોપમાં ભાગ લેનાર તમામ શહેરોને સાયકલિંગ–ફ્રેન્ડલી અને વોકિંગ–ફ્રેન્ડલી સિટી બનાવવા માટે શહેરીજનોમાં જાગૃતતા લાવવાનાં ઉદ્દેશથી 'સાયકલ ટુ વર્ક', 'સાયકલ ટુ શોપ', 'ઓપન સ્ટ્રીટસ' તેમજ 'પેડેસ્ટ્રીઅન ડે' વિગેરે જેવાં વિવિધ અભિયાનો શરૂ કરવા જણાવેલ.

આ ઉપરાંત સદર વર્કશોપમાં સ્માર્ટ સિટીઝ મિશન દ્વારા સુરત શહેરને 'ઈન્ડિયા સાયકલ ફોર ચેન્જ' નાં પ્રથમ સ્ટેજ–૧માં પ્રશંસનીય પરફોર્મન્સ કરી સ્ટેજ–૨માં કવોલિફાય થયેલ કુલ ૧૧ શહેરો પૈકી કવોલિફાય થવા બદલ **'સર્ટીફીકેટ ઓફ એચીવમેન્ટ'** આપવામાં આવ્યું.

સુરત મહાનગરપાલિકા અને સુરત સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિમીટેડ દ્વારા સુરત શહેરને સાયકલિંગ–ફ્રેન્ડલી સિટી બનાવવાં શહેરમાં નોન–મોટરાઈઝડ વ્હીકલને પ્રોત્સાહન આપવાં 'પબ્લિક બાયસિકલ શેરીંગ સીસ્ટમ' શરૂ કરવામાં આવેલ છે તેમજ શહેરનાં વિવિધ વિસ્તારોમાં 'ડેડીકેટેડ સાયકલિંગ ટ્રેક' પણ બનાવવામાં આવેલ છે. 'ઈન્ડિયા સાયકલ ફોર ચેન્જ' અંતર્ગત

શહેરીજનોને સાયકલિંગ માટે પ્રોત્સાહિત સુરત મહાનગરપાલિકા અને સુરત સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિમિટેડ દ્વારા અવારનવાર વિવિધ કાર્યક્રમો/**પ્રોગ્રામોનું પણ આયોજન કરવામાં** આવે છે. હાલમાં 'ચાલો સાયકલ સીખીયે' ની અનોખી પહેલ અંતર્ગત **સુરત શહેરની બસ્તિમાં** રહેતી મહિલાઓને સાયકલ ચલાવતા શીખવવાનું પણ શરૂ કરવામાં આવેલ છે.







**જનસંપર્ક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં.૧૪૪,**
**તા.૦૮/૦૭/૨૦૨૨**

# સુરત મહાનગરપાલિકા
## પ્રેસનોટ

**" વંદે ગુજરાત વિકાસ યાત્રા"**
**તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨**

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા **" વંદે ગુજરાત વિકાસ યાત્રા"** નું આયોજન તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. આજરોજ " વંદે ગુજરાત વિકાસ યાત્રા " કાર્યક્રમ સંદર્ભે પૂર્વ (વરાછા) ઝોન–એ, કૃષિ માર્કેટ, કાલાપુર, પુણા, સુરત ખાતે રાખવામાં આવેલ. જેમાં " વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથને કુમકુમ તિલક તથા સાંમૈયુ કરી માન. ધારાસભ્ય શ્રી વી.ડી. ઝાલાવડિયા અને માન. મ્યુ. સદસ્યશ્રીઓએ શુભારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમ પ્રસંગે ઔષધીય રોપાઓથી ઉપસ્થિત મંચસ્થ મહાનુભવોનું સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ તેઓશ્રીઓએ કાર્યક્રમના અંતે" વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથનું પ્રસ્થાન કરાવેલ. ત્યારબાદ ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસ કાર્યોની પ્રતીતી કરાવતી માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વકતવ્યોની ટૂંકી ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી. વીસ વર્ષના વિકાસગાથાનું ગાન અને " વંદે ગુજરાત વિકાસ યાત્રા " અંગેની ફિલ્મ પ્રદર્શન કરવામાં આવેલ. ત્યારબાદ મંચસ્થ મહાનુભવોએ વરાછા ઝોન વિસ્તારના વિવિધ લોકાર્પણ/ખાતમુહૂર્તના વિકાસ કામની જાહેરાત કરી હતી.

માન. ધારાસભ્ય શ્રી વી.ડી. ઝાલાવડિયાએ જણાવ્યું કે સને–૨૦૦૨ થી માન. વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી ગુજરાત રાજય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જયારથી સત્તાનું સુકાન સંભાળ્યું ત્યારથી જ અનેકવિધ યોજનાઓના લાભાર્થીઓ સુધી સીધે સીધો લાભ મળી શકે તેવું આયોજન કરવામાં આવેલ છે. સમગ્ર ગુજરાતમાં વિકાસના અનેક કાર્યો ચાલી રહયા છે. રોડ, રસ્તા, પીવાના પાણીની અધ્યતન સુવિધા માટે તેઓશ્રીએ સુરત મહાનગરપાલિકાને અભિનંદન પાઠવ્યા. સુરત શહેરમાં શ્રી લેયર–મલ્ટી લેયર બ્રિજ તથા અધ્યતન બ્રિજોની સુવિધાના કારણે શહેર બ્રિજ સીટી તરીકે ખ્યાતનામ બન્યું છે.

ત્યારબાદ ઉપસ્થિત મંચસ્થ મહાનુભવો ધ્વારા પી.એમ.જે.એ.વાય. માં યોજનાઓ સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સર્ટીફિકેટ તથા કીટ વિતરણ કરવામાં આવેલ. માન. મ્યુ. સદસ્યશ્રીઓ,મ્યુ. અધિકારીશ્રીઓ, લાભાર્થીઓ, પત્રકારમિત્રો તથા સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહયા હતા.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૧૪૫, તા.૦૮/૦૭/૨૦૨૨**


વંદે
તારીખ : ૦૮ જુલાઈ ૨૦૨૨



# સુરત મહાનગરપાલિકા

**પ્રેસનોટ (COVID-19)**

**તા.૨૧/૦૪/૨૦૨૧**

સુરત શહેરમાં આજ રોજ નવા ૧૮૪૯ કોરોના પોઝિટિવ કેસો નોંધાયા છે. આજના આ ૧૮૪૯ કોરોના પોઝિટિવ કેસો સાથે કુલ કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા ૭૩,૫૯૩ થયા છે.

સુરત મહાનગરપાલિકા ધ્વારા હાલમાં એક્ટિવ સર્વેલન્સ દરમ્યાન ૨,૫૧૦ ટીમો દ્વારા ૧૨,૮૫,૬૨૧ વ્યકિતઓની સઘન તપાસ કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ APX સર્વેમાં કુલ ૩,૮૪,૫૫૬ ઘરોનું સર્વે હાથ ધરી કુલ ૧૨,૮૫,૬૨૧ શહેરીજનોનું સર્વે કરવામાં આવ્યું છે.

**જનસંપર્ક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,**
**સમાચાર યાદી નં.૧૪૬,**
**તા.૨૧/૦૪/૨૦૨૧**

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

### " વંદે ગુજરાત વિકાસ યાત્રા "

તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં "આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા **" વંદે ગુજરાત વિકાસ યાત્રા "** નું આયોજન તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. આજરોજ " વંદે ગુજરાત વિકાસ યાત્રા " કાર્યક્રમ સંતો ઉમા ભવન, છાપરાભાઠા ગામ, સુરત ખાતે રાખવામાં આવેલ. જેમાં " વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથને કુમકુમ તિલક તથા સ્વાગત કરી માન.મ્યુ.સદસ્યશ્રી અજીતભાઈ પટેલ, માન.ડે.કમિશનર શ્રી ધવલભાઈ પંડ્યા અને માન. મ્યુ. સદસ્યશ્રીઓએ શુભારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમ પ્રસંગે ઔષધીય રોપાઓથી ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ તેઓશ્રીઓએ કાર્યક્રમના અંતે " વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથનું પ્રસ્થાન કરાવેલ.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન. આરોગ્ય અધિકારી શ્રી કે.એ.સોઢાએ જણાવ્યું કે, ૨૦ વર્ષ માં જે વિકાસના કામો થયા છે અને જે ગુજરાત સરકાર દ્વારા લોકોના હીતમાં યોજનાઓ છે તે લોકો સુધી પહોંચે તે આશયથી " " વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથનું આયોજન કરેલ છે. તેમજ લોકોને મેડિકલ સેવાનો લાભ મળે તે માટે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. ત્યારબાદ ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસ કાર્યોની પ્રતીતી કરાવતી માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વક્તવ્યોની ટૂંકી ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી. વીસ વર્ષના વિકાસગાથાનું ગાન અને " વંદે ગુજરાત વિકાસ યાત્રા " અંગેની ફિલ્મ પ્રદર્શન કરવામાં આવેલ. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોએ વરાછા ઝોન વિસ્તારના વિવિધ લોકાર્પણ/ખાતમુહૂર્તના વિકાસ કામની જાહેરાત કરી હતી.

આ પ્રસંગે ઉદ્બોધન કરતા માન.મ્યુ. સદસ્યશ્રી અજીતભાઈ પટેલએ જણાવ્યું કે સને-૨૦૦૨ થી ગુજરાતના પનોતા પુત્ર અને માન. વડાપ્રધાન તથા ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના સાથસહકાર થી જે વિકાસ થઈ રહ્યો છે તે વિકાસ વધુ ઝડપી બને તેમ જણાવેલ.

ત્યારબાદ ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો દ્વારા પી.એમ.જે.એ.વાય. માં યોજનાઓ સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સર્ટીફિકેટ તથા કીટ વિતરણ કરવામાં આવેલ. માન. મ્યુ. સદસ્યશ્રીઓ,મ્યુ. અધિકારીશ્રીઓ, લાભાર્થીઓ, પત્રકારમિત્રો તથા સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં. ૧૪૭ , તા.૧૦/૦૭/૨૦૨૨**

## સુરત મહાનગરપાલિકા

### પ્રેસનોટ

## " વંદે ગુજરાત વિકાસ યાત્રા"

### તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા **" વંદે ગુજરાત વિકાસ યાત્રા"** નું આયોજન તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. આજરોજ સવારે નગર પ્રાથમિક શાળા વિદ્યાર્થીઓ અને શિક્ષકો ધ્વારા કોમ્યુનિટી હોલ, વસ્તાદેવડી, કતારગામ સુધી ઉત્સાહપૂર્વક પ્રભાતફેરી કરવામાં આવી. ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓ અને સ્થાનિક શહેરીજનોએ માનવ જીવનને નિરામય બનાવવાના હેતુસર યોગગુરૂના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમના સ્થળે યોગશિબિરમાં યોગાભ્યાસ કરી સ્વાસ્થ્યની જાળવણી અંગે જાગૃતિ દાખવી હતી.

વધુમાં **" વંદે ગુજરાત વિકાસ યાત્રા "** કાર્યક્રમમાં **" વંદે ગુજરાત વિકાસ યાત્રા "** રથનું કુમકુમ તિલક તથા સામૈયું કરી માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘવાલા,માન. ધારાસભ્ય શ્રી કાંતીભાઈ બલર અને માન. મ્યુ. સદસ્યશ્રીઓએ આ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. વધુમાં કાર્યક્રમના અંતે આ રથને પ્રસ્થાન પણ કરાવ્યો હતો.

નગર પ્રાથમિક શાળાની બાળાઓ મારફત પ્રાર્થના અને સ્વાગત ગીત ધ્વારા રજૂ કરવામાં આવેલ. તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ પણ કરવામાં આવેલ. ત્યારબાદ વીસ વર્ષના વિકાસગાથાનું ગાન અને **" વંદે ગુજરાત વિકાસ યાત્રા "** અંગેની ફિલ્મ, ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસ કાર્યોની પ્રતીતી કરાવતી માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વક્તવ્યોની ટૂંકી ફિલ્મ અને પી.એમ.જે.એ.વાય. માં યોજનાની ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી. ત્યારબાદ ઔષધીય રોપાઓથી ઉપસ્થિત મંચસ્થ મહાનુભવોનું ધ્વારા સ્વાગત કરવામાં આવ્યું.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન. નાયબ આરોગ્ય અધિકારી ડૉ. કે. એ. શ્રોફ સાહેબે જણાવ્યું કે છેલ્લા બે દાયકાથી ગુજરાત સરકારશ્રી ધ્વારા કરવામાં આવેલ વિકાસકાર્યો અને લોકકલ્યાણકારી યોજનાઓની માહિતી શહેરીજનોને મળી રહે તે હેતુસર સરકારશ્રી મારફત ફાળવવામાં આવેલ "વંદે ગુજરાત વિકાસ યાત્રા" રથ ધ્વારા શહેરના ૩૦ વોર્ડદીઠ વિવિધ યોજનાઓ અને વિકાસકાર્યો સંદર્ભે શહેરીજનોને માહિતગાર કરવામાં આવશે. વધુમાં તેઓએ PMJAY યોજનાનો લાભ શહેરીજનોને લેવા અપીલ કરી હતી.

આ પ્રસંગે ઉદ્‌બોધન કરતા માન.મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ જણાવ્યું કે માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં થયેલ વિકાસગાથાને જન જન સુધી પહોંચાડવા "વંદે ગુજરાત વિકાસ યાત્રા" રથ એક માધ્યમ બન્યો છે. વિશ્વની સૌથી ઉંચી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા તથા વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ પણ આપણાં ગુજરાતમાં છે. આમ, ગુજરાતમાં સર્વાંગી વિકાસ અવિરત ચાલી રહયો છે. સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન શાળા ધોરણ ૧૧ અને ૧૨ના વર્ગો શરૂ કરવામાં આવેલ છે. જેમાં ૧૧માં ધોરણમાં દીકરીઓને વિનામૂલ્યે શિક્ષણ આપવામાં આવે છે. આમ, સુરત મહાનગરપાલિકા શિક્ષણક્ષેત્રે પણ અગ્રેસર છે. સુરત શહેર ડાયમંડ સિટી, ટેક્ષટાઈલસિટી અને બ્રિજ સિટી તરીકે પણ ખ્યાતનામ બન્યું છે. વિશ્વનો સૌથી લાંબો બી.આર.ટી.એસ કોરીડોર સુરત શહેરમાં છે. મહિલાઓને માઉથ મિડીયા કહેવાય છે. મહિલાઓના માધ્યમ ધ્વારા વિકાસની વાતો શહેરી મહોલ્લા સુધી પહોંચશે. સુરતીઓ આફતને અવસરમાં પલટવાની ક્ષમતા ધરાવે છે. કોરોના મહામારીમાં પણ સુરત શહેર કોરોના રીકવરીરેટ અને વેકસીનેશની કામગીરીમાં પણ અગ્રેસર રહયું છે. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોએ કતારગામ ઝોન વિસ્તારના વિવિધ લોકાર્પણ/ખાતમુર્હતના વિકાસ કામની જાહેરાતકરી , પી.એમ.જે.એ.વાય. માં યોજનાઓ સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સર્ટીફિકેટ તથા કીટ વિતરણ અને વૃક્ષારોપણ કર્યુ હતું. આ કાર્યક્રમમાં માન. મ્યુ. સદસ્યશ્રીઓ,મ્યુ. અધિકારીશ્રીઓ, લાભાર્થીઓ, ,પત્રકારમિત્રો તથા સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહયાં હતા.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૧૪૮,તા.૧૧/૦૭/૨૦૨૨**


વંદે ગુજરાત
વિકાસ યાત્રા
તારીખ : ૧૧ જુલાઈ ૨૦૨૨
સમય : સવારે ૯.૩૦ કલાકથી ૧૧.૩૦ કલાક
સ્થળ : કોમ્યુનિટી હૉલ, વસ્તાદેવડી પાસે, વસ્તાદેવડી રોડ,
કતારગામ, સુરત.


તારીખ : ૧૧ જુલાઈ ૨૦૨૨

:: પ્રેસનોટ ::

**આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત "અલુણાવ્રત ઉજવણી નિમિત્તે ગોરમાગીત સ્પર્ધા"**

**વિષય : આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા આયોજીત ગોરમાગીત સ્પર્ધા**

સુરત મહાનગરપાલિકા દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત અલુણાવ્રત ઉજવણી નિમિત્તે તા.૧૨/૦૭/૨૦૨૨ના રોજ ગોરમાગીત સ્પર્ધાનું આયોજન સવારે ૧૧.૦૦ કલાકે પરફોર્મિંગ આર્ટ સેન્ટર–ઓડિટોરીયમ, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત ખાતે કરવામાં આવેલ છે.

અલુણાવ્રત ઉજવણી નિમિત્તે યોજાનાર ગોરમાગીત સ્પર્ધામાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને નિમંત્રણ છે. રજીસ્ટ્રેશન કરાવેલ સ્પર્ધકો જ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

સમાચારયાદી નં.૧૪૯, તા.૧૧/૦૭/૨૦૨૨, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# પ્રેસ નોટ

........................

**માહે જૂન ૨૦૨૨ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.**

સ્મીમેર હોસ્પીટલમાં માહે જૂન **૨૦૨૨** દરમ્યાન **૪૨૮૬** ઈન્ડોર તથા **૬૫૨૩૮** આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. **૩૭૧૯** નાના તથા ૭૬૭ મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. **૧૬૬૬૧** એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૮૨૦ અને જૂના ૧૪૧૭ દર્દીઓ સહીત કુલ **૨૨૩૭** દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ **૧૧૨૩** તથા આંખ વિભાગમાં **૩૫૩૧** આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ **૧૯૮૨૯** દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

પ્રતિ,
જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર.
સમાચાર યાદી નં.૧૫૦ તા.૧૧/૦૭/૨૨

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

હવામાન ખાતા દ્વારા સુરત જિલ્લામાં તા. ૧૧ થી ૧૨ ખુબજ ભારે વરસાદ (રેડ એલર્ટ) , તા. ૧૩ થી ૧૪ ભારેથી અતિ ભારે વરસાદ (ઓરેન્જ એલર્ટ), તા. ૧૫ ભારે વરસાદ (યેલો એલર્ટ) ની આગાહી કરવામા આવેલ છે. જેથી માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ સુરત શહેરની હાલની વરસાદની પરિસ્થિતીને ધ્યાને લઈ મુગલીસરા કચેરી ખાતે આવેલ સ્મેક સેન્ટર ની મુલાકાત લઈ શહેરની પરિસ્થિતીની સમીક્ષા કરી હતી.

**જનસંપર્ક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં.૧૫૧,**
**તા.૧૧/૦૭/૨૦૨૨**





# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

### " વંદે ગુજરાત વિકાસ યાત્રા"

**તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨**

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા **" વંદે ગુજરાત વિકાસ યાત્રા"** નું આયોજન તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. આજરોજ " વંદે ગુજરાત વિકાસ યાત્રા " કાર્યક્રમ સંદર્ભે પાટીદાર ભવન હોલ, આંબાતલાવડી ચાર રસ્તા, અંકુર સ્કુલની સામે, કતારગામ, સુરત ખાતે રાખવામાં આવેલ. જેમાં " વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથને કુમકુમ તિલક તથા સામૈયુ કરી માન. મ્યુ. સદસ્યશ્રીઓએ શુભારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમ પ્રસંગે ઔષધીય રોપાઓથી ઉપસ્થિત મંચસ્થ મહાનુભવોનું સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ તેઓશ્રીઓએ કાર્યક્રમના અંતે " વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથનું પ્રસ્થાન કરાવેલ. આ ઉપરાંત આ કોમ્યુનિટી હોલ ખાતે નિરામય ગુજરાત – મુખ્યમંત્રીશ્રીની પહેલ અન્વયે લોકોના આરોગ્યની સુખાકારી માટે સ્ક્રીનીંગથી સારવાર સુધીના મહાઅભિયાન હાથ ધરવામાં આવેલ છે. તેમજ ગાર્ડન વિભાગ ધ્વારા વૃક્ષારોપણ અને વિનામુલ્યે રોપાવિતરણ પણ રાખવામાં આવેલ છે. ત્યારબાદ નગર પ્રાથમિક શાળાની બાળાઓ મારફત પ્રાર્થના, સ્વાગત ગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવેલ.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન.નાયબ આરોગ્ય અધિકારી ડૉ. કે. એ. શ્રોફ સાહેબે જણાવ્યું કે છેલ્લા ૨ દાયકા દરમ્યાન ગુજરાત સરકાર મારફત કરવામાં આવેલ વિકાસ કાર્યોના ફળ શહેરીજનોને મળી રહયા છે. "વંદે ગુજરાત વિકાસ યાત્રા" રથ મારફત શહેરીજનોને સરકારશ્રીની વિવિધ યોજનાઓની માહિતી મળે અને વધુને વધુ લોકો આ યોજનાઓનો લાભ લઈ આર્થિક અને સામાજિક સમૃધ્ધ બને એવી અભ્યર્થના. ત્યારબાદ ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસ કાર્યોની પ્રતીતી કરાવતી માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વકતવ્યોની ટૂંકી ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી. વીસ વર્ષના વિકાસગાથાનું ગાન અને " વંદે ગુજરાત વિકાસ યાત્રા "અંગેની ફિલ્મ પ્રદર્શન કરવામાં આવેલ. ત્યારબાદ મંચસ્થ મહાનુભવોએ વરાછા ઝોન વિસ્તારના વિવિધ લોકાર્પણ/ખાતમુહૂર્તના વિકાસ કામની જાહેરાત કરી હતી.

આ કાર્યક્રમ પ્રસંગે મ્યુ. સદસ્ય શ્રી નરેન્દ્રભાઈ પાંડવે જણાવ્યું કે ભારત દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી દરમ્યાન આજે આપણે "વંદે ગુજરાત વિકાસ યાત્રા" રથ મારફત ગુજરાત સરકારશ્રી ધ્વારા છેલ્લા બે દાયકા દરમ્યાન કરેલા વિકાસકાર્યોની ગાથા નિહાળી. કોરોનાના સમયગાળા દરમ્યાન માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબના માર્ગદર્શનમાં વેકસીન તૈયાર કરીને અન્ય દેશોને પણ આપવામાં આવી. આ આત્મનિર્ભર ભારત દેશનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. વધુમાં તેમણે આરોગ્ય ક્ષેત્રે વિવિધ યોજનાઓનો લાભ લેવા અપીલ કરી હતી. વધુમાં તેમણે વિકાસકાર્યોની ફિલ્મ દ્વારા વિકાસની ઝાંખી કરી હતી. ત્યારબાદ ઉપસ્થિત મંચસ્થ મહાનુભવો ધ્વારા પી.એમ.જે.એ.વાય. માં યોજનાઓ સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સર્ટીફિકેટ તથા કીટ વિતરણ અને વૃક્ષારોપણ કર્યું હતું. માન. મ્યુ. સદસ્યશ્રીઓ,મ્યુ. અધિકારીશ્રીઓ, લાભાર્થીઓ, પત્રકારમિત્રો તથા સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહયા હતા.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૧૫૨, તા.૧૧/૦૭/૨૦૨૨**


વંદે ગુજરાત


વંદે ગુજરાત
વિકાસ યાત્રા
પી.એમ.જે.એ.વાય-મા
યોજના

## સુરત મહાનગરપાલિકા
### પ્રેસનોટ

## " વંદે ગુજરાત વિકાસ યાત્રા"
તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં '' આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા " **વંદે ગુજરાત વિકાસ યાત્રા"** નું આયોજનતા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. આજરોજ " વંદે ગુજરાત વિકાસ યાત્રા "કાર્યક્રમ સંદર્ભે સિંગણપોર રોડ, મલ્ટીપર્પઝ હોલ, કતારગામ, સુરત ખાતે રાખવામાં આવેલ.જેમાં " વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથને કુમકુમ તિલક તથા સાંથિયુ કરી માન.ડે.કમિશનર શ્રી ધવલભાઈ પંડયા અને માન. મ્યુ. સદસ્યશ્રીઓએ શુભારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમ પ્રસંગે ઔષધીય રોપાઓથી ઉપસ્થિત મંચસ્થ મહાનુભવોનું સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ તેઓશ્રીઓએ કાર્યક્રમના અંતે" વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથનું પ્રસ્થાન કરાવેલ.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન. નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડૉ. કે એ.શ્રોફ સાહેબે જણાવ્યું કે, ગુજરાત સરકાર ધ્વારા છેલ્લા બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના હેતુસર "વંદે ગુજરાત વિકાસ યાત્રા" નું આયોજન તા.૦૫ જુલાઈ ૨૦૨૨ તી તા.૧૯ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. વધુમાં આ કાર્યક્રમ સુરત મહાનગરપાલિકાના ૩૦ વોર્ડદીઠ કરવામાં આવેલ. જેના આજે વોર્ડ નં.૮ માં આ કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ "વંદે ગુજરાત વિકાસ યાત્રા" રથ મારફત સરકારશ્રીની વિવિધ યોજના તથા વિકાસલક્ષી બાબતોથી શહેરીજનો માહિતગાર થાય તથા વધુમાં વધુ લોકકલ્યાણની યોજનાનો લાભ મેળવે એવી અભ્યર્થના ત્યારબાદ ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસ કાર્યોની પ્રતીતી કરાવતી માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વકતવ્યોની ટૂંકી ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી. વીસ વર્ષના વિકાસગાથાનું ગાન અને " વંદે ગુજરાત વિકાસ યાત્રા "અંગેની ફિલ્મ પ્રદર્શન કરવામાં આવેલ. ત્યારબાદ મંચસ્થ મહાનુભવોએ વરાછા ઝોન વિસ્તારના વિવિધ લોકાર્પણ/ખાતમુહુર્તના વિકાસ કામની જાહેરાત કરી હતી.

આ કાર્યક્રમ પ્રસંગે ઉદ્દબોધન કરતા માન. માન.મ્યુ. સદસ્યશ્રી ચીમનભાઈ પટેલે ગુજરાત સરકારશ્રીની છેલ્લા ૨૦ વર્ષની વિકાસ અને યોજના ઝાંખી દર્શાવતા વંદે ગુજરાત વિકાસ રથને વંદન કરી આવકારતા જણાવ્યુ કે ગુજરાત સરકારે છેલ્લા બે દાયકા દરમ્યાન ગુજરાત સરકારની વિવિધ યોજનાઓનો લાભ અને માહિતી સીધે સીધી નગરજનોને તથા છેવાડાના માનવીને મળે એવા ઉદ્દેશથી વંદે ગુજરાત વિકાસ યાત્રા રથ કરવામાં આવી છે. આ રથ શહેરના તમામ વિસ્તારોમાં ફરી સરકારશ્રીની લોકકલ્યાણકારી કાર્યો યોજનાઓથી નગરજનોને માહિતગાર કરશે.

ત્યારબાદ ઉપસ્થિત મંચસ્થ મહાનુભવો ધ્વારા પી.એમ.જે.એ.વાય. માં યોજનાઓ સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સર્ટીફિકેટ તથા કીટ વિતરણ કરવામાં આવેલ. માન. મ્યુ. સદસ્યશ્રીઓ,મ્યુ. અધિકારીશ્રીઓ, લાભાર્થીઓ, પત્રકારમિત્રો તથા સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૧૫૩, તા.૧૨/૦૭/૨૦૨૨**




વંદે
તારીખ : ૧૨ જુલાઈ ૨૦૨૨

**—:: પ્રે સ નો ટ ::—**

તા.૧૧/૦૭/૨૦૨૨ના રોજ માન.મ્યુનિ.કમિશ્નરશ્રીની સ્મેક સેન્ટર ખાતેની મુલાકાત દરમ્યાન ગાર્બેજ વલનરેબલ પોઈન્ટની ફરીયાદ અંગેના ફોટોગ્રાફનું મોનીટરીંગ કર્યા બાદ હાલના સ્ટેટસનું વેબ મોનીટરીંગ કરતા સ્થળ ઉપર કચરાના ઢગલાઓ હોવાનું માલુમ પડેલ જે અન્વયે કચરાના ઢગલાઓનો યોગ્ય નિકાલ કરવાની મદદનીશ આરોગ્ય નિરીક્ષકની નૈતિક ફરજમાં આવતું હોવા છતાં મદદનીશ આરોગ્ય નિરીક્ષક તરીકે ફરજ બજાવતા શ્રી અમીતકુમાર ઠાકોરભાઈ કુરેશીયા દ્વારા કચરાના ઢગલાઓનો યોગ્ય નિકાલ ન કરાવી કમ્પ્લેઈન સ્ટેટસમાં ફરીયાદ નિકાલ કરેલ હોવાનું દર્શાવેલ હોય તેમજ કમ્પ્લેઈન મેનેજમેન્ટ સીસ્ટમમાં આ સિવાય કુલ–૦૯ જેટલી ફરીયાદોનો તેઓ દ્વારા નિકાલ કરવામાં આવેલ ન હોવાથી તેઓની ફરજમાં ગંભીર નિષ્ક્રિયતા/બેદરકારી/નિષ્કાળજી દાખવી ફરજ પ્રત્યે ગંભીર પ્રકારની ફરજચૂક કરેલ હોય જે સુરત મહાનગરપાલિકાના વહીવટી હિતમાં બિલકુલ ચલાવી શકાય તેમ ન હોવાથી તાત્કાલીક અસરથી અમલમાં આવે તે રીતે ફરજમોકુફી હેઠળ મુકી તાકીદે ખાતાકીય તપાસ કરવાનો હુકમ કરવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,
સમાચાર યાદી નં...૧૫૫૪......
તા..૧૧/૦૭/૨૦૨૨..

## :: પ્રેસનોટ ::

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત "અલુણાવ્રત ઉજવણી નિમિત્તે ગોરમાગીત સ્પર્ધા"

વિષય : આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા આયોજીત ગોરમાગીત સ્પર્ધા

ભારત દેશની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત અલુણાવ્રત ઉજવણી નિમિત્તે તા.૧૨/૦૭/૨૦૨૨ના રોજ ગોરમાગીત સ્પર્ધાનું આયોજન સવારે ૧૧.૦૦ કલાકે પરફોર્મિંગ આર્ટ સેન્ટર–ઓડિટોરીયમ, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત ખાતે કરવામાં આવેલ હતું. આ સ્પર્ધામાં ઉપસ્થિત તમામને આવકારતાં આસી.મ્યુનિ.કમિશનર અને ઈ.ચા.ડે.મ્યુનિ.કમિશનરશ્રી ગાયત્રીબેન જરીવાલાએ જણાવ્યું હતું કે, ભારતીય લોકસંસ્કૃતિ અને વૈવિધ્ય સભર સાંસ્કૃતિક વિરાસતનું જતન કરવાના ભાગરૂપે આ ગોરમાગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આપણી સંસ્કૃતિમાં બાલિકાઓ–કન્યાઓ માટે જ વિશેષરૂપે આયોજીત હોય તેવો આ એક જ ઉત્સવ છે. કન્યાઓના આ આગવા ઉત્સવ તરીકે તેની પ્રાસંગિકતા અને મહત્તા ટકવી જોઈએ. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દિપ પ્રાગ્ટય કરી સ્પર્ધાનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

ભારતીય સંસ્કૃતિમાં બાલિકાઓ, કન્યાઓ અને મહિલાઓ માટે જ વિશેષરૂપે ઉજવાતા આ ઉત્સવની ઉજવણી અંતર્ગત યોજાયેલ ગોરમાગીત સ્પર્ધામાં શહેરની ખાનગી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ મળી ૨૨ પ્રાથમિક શાળાઓની ૧૩૦ કરતા પણ વધુ બાળાઓએ ભારતીય પરંપરાગત વેશભૂષામાં સજ્જ થઈને ગોરમાંની આરાધના કરતાં ગીતો પૂરી તન્મયતાથી ગાયાં હતાં. જેને ઉપસ્થિત સૌએ ભાવસભર માણ્યાં હતાં. સ્પર્ધાને અંતે નીચે મુજબની શાળાઓ વિજેતા જાહેર થઈ હતી.

| વિજેતાનો ક્રમ | શાળાનું નામ |
|---|---|
| પ્રથમ | કવિશ્રી રાજેન્દ્ર શાહ ન.પ્રા.શા.નં.૧૪૩ |
| દ્વિતીય | સંસ્કારભારતી વિદ્યાલય (ગુજરાતી માધ્યમ) |
| તૃતીય | સદભાવના વિદ્યાલય |
| આશ્વાસન | જીવનભારતી કિશોર ભવન |
| | શ્રીમતી શિરીનબાઈ જે. લશ્કરી કન્યા શાળા ક્રમાંક –૨૨૦ |
| | શ્રી ઠક્કરબાપા ન.પ્રા.શા.નં.૩૩૯ |
| | કે.એસ. જોષી ઈ.મી. ગર્લ્સ સ્કુલ |

ગોરમાગીત સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી પૂર્ણિમાબેન દાવલે, સાંસ્કૃતિક સમિતિ સભ્ય શ્રીમતી ગૌરીબેન સાપરીયા, આસી.મ્યુનિ.કમિશનર અને ઈ.ચા.ડે.મ્યુનિ.કમિશનર શ્રીમતી ગાયત્રીબેન જરીવાલા તથા નિર્ણાયક સર્વશ્રી ભાસ્કરભાઈ બારોટ અને શ્રી હેમાંગભાઈ વ્યાસના વરદહસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર દરેક સ્પર્ધકોને સ્મૃતિભેટ તથા શાળાઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતાં. આ પ્રસંગે શિક્ષકો, વાલીઓ અને સંગીતપ્રેમી નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ગોરમાના ગીતો માણવા સાથે સ્પર્ધક બાળાઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સમાચારયાદી નં.૧૫૫, તા.૧૨/૦૭/૨૦૨૨, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.





## પ્રેસનોટ

સુરત શહેરના પાણીપુરવઠાના મુખ્ય સ્ત્રોત એવી પુણ્ય સલિલા તાપી નદીમાં હાલમાં ઉપરવાસમાં ભારે વરસાદને કારણે વિપુલમાત્રામાં ઝાડી-ઝાંખરા વિગેરે તણાઈને આવતાં નદીમાં આવેલા ઇન્ટેકવેલમાં ફસાઈ જવાથી, ઇન્ટેકવેલોની પંપીંગ મશીનરી ખોટકાતા યોગ્ય માત્રામાં પાણીનો જથ્થો ઉપાડી શકાતો નથી. સદર ઝાડી-ઝાંખરા દુર કરવા / સાફ સફાઈ માટે નાર્કોટિ ડાઇવર્સની મદદથી રાત-દિવસ સતત સાફ-સફાઈની કામગીરી કરવામાં આવી રહી છે. શહેરના આઠ ઇન્ટેકવેલો પૈકી રાંદેર ઇન્ટેકવેલ સિવાયના અન્ય કતારગામ, મોટાવરાછા, સરથાણા, વાલક ખાતેના ઉપરવાસના તમામ ઇન્ટેકવેલોમાં સદર ઝાડી-ઝાંખરા ફસાવા ને કારણે શહેરના પાણીપુરવઠા ને આજરોજથી અસર થયેલ છે. સદર કારણોસર શહેરના કેટલાક વિસ્તારમાં પાણી પુરવઠો અપૂરતો / ઓછા દબાણથી / પૂરતા સમયગાળાથી આપી શકાયેલ નથી. સદર ઝાડી-ઝાંખરા દુર કરવાની અવિરત કામગીરી કરી તમામ શહેરીજનોને રાબેતા મુજબ પાણી પુરવઠો પૂરો પાડવાના પ્રયાસો સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવી રહેલ છે. જેથી હાલમા પાણીનો સંયમપૂર્વક ઉપયોગ કરવા તથા સદર પરિસ્થિતિમાં સહકાર આપવા શહેરીજનોને વિનંતી છે.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૧૫૬, તા.૧૨/૦૭/૨૦૨૨**

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

### " વંદે ગુજરાત વિકાસ યાત્રા"

**તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨**

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિતે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોચાડવાના પ્રયાસ સ્વરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા **" વંદે ગુજરાત વિકાસ યાત્રા"** નું આયોજન તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. આજરોજ " વંદે ગુજરાત વિકાસ યાત્રા "કાર્યક્રમ સંદર્ભે લિંબાયત ઝોન વિસ્તારમાં ચંદ્રમણિ રાજપુત સમાજ ભવન, પુણા પોલીસ સ્ટેશનની બાજુમાં, મગોબ, સુરત ખાતે રાખવામાં આવેલ. જેમાં " વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથને કુમકુમ તિલક તથા સામૈયુ કરી માન.ધારાસભ્ય ઝંખનાબેન પટેલ, માન. અધ્યક્ષ આરોગ્ય સમિતિ શ્રીમતી દર્શિનીબેન કોઠિયા, માન. અધ્યક્ષ સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિ શ્રી દિનેશભાઈ પુરોહિત, માન. અધ્યક્ષ જાહેર પરિવહન પ્રવૃત્તિ સમિતિ શ્રીમતી રમિલાબેન પટેલ, માન. મ્યુ. સદસ્યશ્રીઓએ અને ઝોનલ ચીફશ્રી અને OSD શ્રી આર.જે. માકડીયા IAS (Rtd) શુભારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમ પ્રસંગે ઔષધીય રોપાઓથી ઉપસ્થિત મંચસ્થ મહાનુભવોનું સ્વાગત કરવામાં આવેલ. ત્યાર બાદ તેઓશ્રીઓએ કાર્યક્રમના અંતે" વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથનું પ્રસ્થાન કરાવેલ.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન. મ્યુ. સદસ્ય શ્રી દિનેશભાઈ રાજપુરોહિતે જણાવ્યું કે માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબ જ્યારથી ગુજરાત રાજયના મખ્યમંત્રી બન્યા ત્યારથી જ ગુજરાત રાજયમાં વિકાસકાર્યો અવિરત ચાલી રહયા છે. ગુજરાત રાજયમાં પહેલાની સરખામણીએ એરપોર્ટ અને યુનિવર્સિટીઓમાં પણ વધારો થયો છે. તેમજ મા નર્મદાનું નીર સૌરાષ્ટ્ર અને કચ્છ સુધી પહોચડવાની કામગીરી સરકારશ્રી ધ્વારા કરવામાં આવેલ છે. વધુમાં સુરત શહેરમાં પાણી, ડ્રેનેજ, લાઈટ, ગાર્ડન, મેડિકલ વગેરે ક્ષેત્રે પણ અવિરત વિકાસના કામો ચાલી રહયા છે. ત્યારબાદ ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસ કાર્યોની પ્રતીતી કરાવતી માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વકતવ્યોની ટૂંકી ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી. વીસ વર્ષના વિકાસગાથાનું ગાન અને " વંદે ગુજરાત વિકાસ યાત્રા "અંગેની ફિલ્મ પ્રદર્શન કરવામાં આવેલ. ત્યારબાદ મંચસ્થ મહાનુભવોએ લિંબાયત ઝોન વિસ્તારના વિવિધ લોકાર્પણ/ખાતમુહૂર્તના વિકાસ કામની જાહેરાત કરી હતી.

આ કાર્યક્રમ પ્રસંગે ઉદ્દબોધન આપતા માન. ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલે જણાવ્યું કે ગુજરાતમાં સુરત શહેર એવું શહેર છે જ્યાં પરપ્રાંતિ લોકો રોજગાર અર્થે આવતા હોય છે. સુરત શહેરમાં તમામ સુવિધાઓ શહેરીજનોને મળી રહે છે. મને ગર્વ છે હું ગુજરાતી છું. શહેરમાં કોરોના કાળ દરમ્યાન મેડિકલ ક્ષેત્રમાં સૌથી ઝડપી સહાય અને સુવ્યવસ્થિત વ્યવસ્થા ગુજરાતમાં આપવામાં આવી છે. શિક્ષણ, રોડ–રસ્તા, સુદ્રઢ આરોગ્ય લક્ષી યોજનાઓ વડે આજે જનસુખાકારીમાં વધારો થયો છે. રાજય સરકાર દ્વારા અમલી વિવિધ કલ્યાણકારી યોજનાઓ થકી છેલ્લા ૨૦ વર્ષમાં લોકોના જીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. કલ્યાણકારી યોજનાઓ થકી જનજન સુધી પહોચી સરકારે છેવાડાના માનવીની ચિંતા કરી છે. તે ગૌરવની વાત છે. એમ જણાવેલ.

ત્યારબાદ ઉપસ્થિત મંચસ્થ મહાનુભવો ધ્વારા પી.એમ.જે.એ.વાય. માં યોજનાઓ સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સર્ટીફિકેટ તથા કીટ વિતરણ કરવામાં આવેલ. માન. મ્યુ. સદસ્યશ્રીઓ,મ્યુ. અધિકારીશ્રીઓ, લાભાર્થીઓ, પત્રકારમિત્રો તથા સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહયા હતા.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૧૫૭, તા.૧૨/૦૭/૨૦૨૨**





# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

## " વંદે ગુજરાત વિકાસ યાત્રા"

### તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા **" વંદે ગુજરાત વિકાસ યાત્રા"** નું આયોજન તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. આજરોજ સવારે નગર પ્રાથમિક શાળા વિદ્યાર્થીઓ અને શિક્ષકો ધ્વારા લિંબાયત ઝોન ઓફિસ, ડુંભાલ ફાયર સ્ટેશનની સામે,ડુંભાલ, સુરત સુધી ઉત્સાહપૂર્વક પ્રભાતફેરી કરવામાં આવી. ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓ અને સ્થાનિક શહેરીજનોએ માનવ જીવનને નિરામય બનાવવાના હેતુસર યોગગુરૂના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમના સ્થળે યોગશિબિરમાં યોગાભ્યાસ કરી સ્વાસ્થ્યની જાળવણી અંગે જાગૃતિ દાખવી હતી. તથા લોકોના આરોગ્યની સુખાકારી માટે સ્ક્રીનીંગથી સારવાર સુધીના મહાઅભિયાન હાથ ધરવામાં આવેલ છે. તેમજ ગાર્ડન વિભાગ ધ્વારા વૃક્ષારોપણ અને વિનામુલ્યે રોપાવિતરણ પણ રાખવામાં આવેલ છે. વધુમાં **" વંદે ગુજરાત વિકાસ યાત્રા "** કાર્યક્રમમાં **" વંદે ગુજરાત વિકાસ યાત્રા "** રથનું કુમકુમ તિલક તથા સામૈયું કરી માન. ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ,માન. વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ અને માન. મ્યુ. સદસ્યશ્રીઓએ આ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. કાર્યક્રમના શુભારંભ પ્રસંગે પ્રાર્થના, સ્વાગત અને સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવેલ. ત્યારબાદ વીસ વર્ષના વિકાસગાથાનું ગાન અને **" વંદે ગુજરાત વિકાસ યાત્રા "** અંગેની ફિલ્મ, ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસ કાર્યોની પ્રતીતી કરાવતી માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વકતવ્યોની ટૂંકી ફિલ્મ અને પી.એમ.જે.એ.વાય. માં યોજનાની ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી. ત્યારબાદ ઔષધીય રોપાઓથી ઉપસ્થિત મંચસ્થ મહાનુભવોનું ધ્વારા સ્વાગત કરવામાં આવ્યું.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન.ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલે જણાવ્યુ કે, ભારત દેશને આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે સરકારશ્રીએ " વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથ માધ્યમથી વિવિધ યોજનાઓની માહિતી પુરૂ પાડી છે. માન. વડાપ્રધાન જયારથી ગુજરાત રાજયના મુખ્યમંત્રી બન્યા ત્યારથી જ વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓના લાભ છેવાડાના માનવી સુધી તબક્કાવાર પહોંચાડવાનું આયોજન કરેલ છે. કોઈપણ આર્થિક રીતે નબળા વર્ગના લોકોના કુટુંબમાં જયારે કોઈ વ્યકિતને હાર્ટ એટેક, કિડની, કેન્સર જેવી ગંભીર બિમારી થાય ત્યારે તેની સારવાર PMJAY – આયુષ્માન કાર્ડ મારફત હોસ્પિટલમાં રૂ. ૫ લાખ સુધીની સારવારમાં સહાય મેળવી શકે છે. વધુમાં ૩૫૦૦થી વધુ દિકરીઓના ખાતા ખોલાવી તેઓના સુકન્યા સમૃધ્ધિ યોજના હેઠળ પહેલો હપ્તો ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલે ભરી આ યોજનાનો શુભારંભ કરવેલ છે. તેમણે જનધન યોજના, અટલ પેન્શન યોજના, પ્રધાનમંત્રી વિમા યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, મુખ્યમંત્રી સુપોષણ યોજના સહિતની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓના લાભો સંદર્ભે સંક્ષિપ્ત માહિતી આપી હતી. જયોતીગ્રામ યોજના હેઠળ સમગ્ર ગુજરાતભરમાં ૧૮,૦૦૦ ગામોમાં વિજળીની સુવિધા પુરી પાડવામાં આવેલ છે. વધુમાં માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ કોરોના મહામારી દરમ્યાન સમગ્ર દેશમાં તબક્કાવાર વેકસીનેશનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. વધુમાં છેલ્લા બે દાયકા દરમ્યાન ૨૩ કરોડથી વધુ બાળકોની આરોગ્યની તપાસ, ૨ લાખથી વધુ બાળકોની હૃદયની સારવાર, ૪૦ હજાર જેટલા બાળકોની કિડનીની સારવાર, ૨૩ હજારથી વધુ બાળકોની કેન્સરની સારવાર કરી આરોગ્યલક્ષી સુવિધામાં પણ વધારો થયો છે. આમ, ગુજરાત રાજયે વિવિધ ક્ષેત્રોમાં વિકાસની અનેક પહેલ કરીને ગુજરાતે સફળતા મળેલ છે.

આ પ્રસંગે ઉદ્બોધન કરતા માન. મ્યુ સદસ્ય શ્રી વિજયકુમાર ચૌમાલે જણાવ્યું કે છેલ્લા ૨૦ વર્ષમાં ગુજરાત રાજયમાં રોડ–રસ્તા ,હાઈ–વે ,પાણી, સહિતની વિવિધ માળખાકીય સુવિધામાં વધારો થયો છે. આ " વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથ ૧૫ દિવસ સુધી સમગ્ર રાજયમાં તથા શહેરના વોર્ડદીઠ ફરશે અને ૨૦ વર્ષના વિકાસને જન જન સુધી પહોચાડશે. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોએ લિંબાયત ઝોન વિસ્તારના વિવિધ લોકાર્પણ/ખાતમુહૂર્તના વિકાસ કામની જાહેરાત કરી , પી.એમ.જે.એ.વાય. માં યોજનાઓ સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સર્ટીફિકેટ તથા કીટ વિતરણ કર્યુ હતું. આ કાર્યક્રમમા માન. વિવિધ સમિતીના અધ્યક્ષશ્રીઓ, માન. મ્યુ. સદસ્યશ્રીઓ,મ્યુ. અધિકારીશ્રીઓ, લાભાર્થીઓ, ,પત્રકારમિત્રો તથા સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહયાં હતા.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં. ૧૫૮, તા.૧૩/૦૭/૨૦૨૨**




ICDS

# —::પ્રેસનોટ::—

આરોગ્ય અધિકારીશ્રી, ટોબેકો કંટ્રોલ સેલ, સુરત મહાનગરપાલિકાનાં સીધા માર્ગદર્શન હેઠળ તા.૧૩/૦૭/૨૦૨૨નાં રોજ તમાકુ નિયત્રણ અધિનિયમ–૨૦૦૩ હેઠળ કલમ–૪ અને કલમ–૬(બી)નાં ભંગ કરનાર ઈસમો સામે અસરકારક અને સખ્ત અમલીકરણ તથા તમાકુ વિરોધી લોક જાગૃતિ થાય તે માટે તમામ ઝોનમાં નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે. જેનાથી તમાકુ પ્રોડકટસનું વેચાણ કરનાર વિક્રતાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | કલમ–૪ નાં ભંગ બદલ દંડ | | કલમ–૬ (બી)નાં ભંગ બદલ દંડ | | કલમ –૪ અને ૬(બી) નાં ભંગ બદલ કુલ દંડ | |
|---|---|---|---|---|---|---|
| | ઈસમ | રૂપિયા | ઈસમ | રૂપિયા | કુલ ઈસમો | કુલ રૂપિયા |
| સેન્ટ્રલ | ૦૯ | ૧૮૦૦ | ૦૯ | ૧૮૦૦ | ૧૮ | ૩૬૦૦ |
| વરાછા (એ) | ૦૭ | ૧૪૦૦ | ૦૭ | ૧૪૦૦ | ૧૪ | ૨૮૦૦ |
| વરાછા (બી) | ૦૬ | ૧૨૦૦ | ૧૦ | ૨૦૦૦ | ૧૬ | ૩૨૦૦ |
| રાંદેર | ૧૦ | ૨૦૦૦ | ૧૦ | ૨૦૦૦ | ૨૦ | ૪૦૦૦ |
| કતારગામ | ૦૫ | ૧૦૦૦ | ૦૫ | ૧૦૦૦ | ૧૦ | ૨૦૦૦ |
| ઉધના (એ) | ૦૮ | ૧૬૦૦ | ૦૩ | ૬૦૦ | ૧૧ | ૨૨૦૦ |
| ઉધના (બી) | ૦૪ | ૮૦૦ | ૦૪ | ૮૦૦ | ૦૮ | ૧૬૦૦ |
| લિંબાયત | ૦૮ | ૧૬૦૦ | ૦૭ | ૧૪૦૦ | ૧૫ | ૩૦૦૦ |
| અઠવા | ૦૩ | ૬૦૦ | ૧૦ | ૨૦૦૦ | ૧૩ | ૨૬૦૦ |
| **કુલ** | **૬૦** | **૧૨૦૦૦** | **૬૫** | **૧૩૦૦૦** | **૧૨૫** | **૨૫૦૦૦** |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૧૫૯
તા.૧૩/૦૭/૨૦૨૨

TOBACCO NONDH

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

હાલમાં ઉપરવાસમાં ભારે વરસાદને કારણે તાપી નદીમાં મોટી માત્રામાં ઝાડી–ઝાંખરા, જળકૂંભી વિગેરે તણાયને આવેલ છે. જે ઈન્ટેકવેલમાં ફસાઈ જવાના કારણે ઈન્ટેકવેલોની પંપીંગ મશીનરી ખોટકાતા યોગ્ય માત્રામાં પાણીનો જથ્થો ઉપાડી શકાતો નથી જેથી શહેરના તમામ વિસ્તારોમાં પાણી પુરવઠાને અસર ન પહોંચે તે માટે ઈન્ટેકવેલમાં ફસાયેલ ઝાડી–ઝાંખરા દુર કરી તાકીદે સાફ–સફાઈની કામગીરી કરવામાં આવી રહી છે. આજરોજ માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ સરથાણા વોટરવર્કસ ખાતે સ્થળ મુલાકાત કરી કામગીરીનું નિરીક્ષણ કરી શહેરીજનોને પર્યાપ્ત માત્રામાં પાણી પુરવઠો મળી રહે તે બાબતે અધિકારીઓને જરૂરી સુચનો કર્યા હતા.

**જનસંપર્ક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા તરફથી**
**સાદર સમાચાર યાદી નં.૧૬૦,**
**તા.૧૩/૦૭/૨૦૨૨**





# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

### " વંદે ગુજરાત વિકાસ યાત્રા"

**તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨**

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોચાડવાના પ્રયાસ સ્વરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા **" વંદે ગુજરાત વિકાસ યાત્રા"** નું આયોજન તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. આજરોજ " વંદે ગુજરાત વિકાસ યાત્રા "કાર્યક્રમ સંદર્ભે સુભાષનગર કોમ્યુનિટી હોલ, સુભાષનગર, લિંબાયત, સુરત ખાતે રાખવામાં આવેલ. જેમાં " વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથને કુમકુમ તિલક તથા સામૈયુ કરી માન.ધારાસભય વિવેકભાઈ પટેલ, માન. અધ્યક્ષ ગટર સમિતિ શ્રી વિક્રમભાઈ પાટીલ, માન. મ્યુ. સદસ્યશ્રીઓએ શુભારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમ પ્રસંગે ઔષધીય રોપાઓથી ઉપસ્થિત મંચસ્થ મહાનુભવોનું સ્વાગત કરવામાં આવેલ.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન. અધ્યક્ષ ગટર સમિતિ શ્રી વિક્રમભાઈ પાટીલે જણાવ્યું કે વંદે ગુજરાત વિકાસ યાત્રા કાર્યક્રમ દરમ્યાન સરકારશ્રી મારફત કરવામાં આવેલ વિવિધ ક્ષેત્રે કરેલા વૈવિધ્યસભર વિકાસગાથા અને લોકહિતની વિવિધ યોજનાઓની માહિતી છેવાડાના માનવી સુધી પહોંચે તે હેતુસર વંદે ગુજરાત વિકાસ રથ એક માધ્યમ બન્યું છે. વધુમાં આ રથ દરેક વોર્ડમાં ફરશે અને લોકોને સરકારી જન કલ્યાણકારી યોજનાઓથી માહિતગાર કરીને તેનો લાભ લેવા આહવાન કરશે. ત્યારબાદ ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસ કાર્યોની પ્રતીતી કરાવતી માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વકતવ્યોની ટૂંકી ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી. વીસ વર્ષના વિકાસગાથાનું ગાન અને " વંદે ગુજરાત વિકાસ યાત્રા "અંગેની ફિલ્મ પ્રદર્શન કરવામાં આવેલ. ત્યારબાદ મંચસ્થ મહાનુભવોએ લિંબાયત ઝોન વિસ્તારના વિવિધ લોકાર્પણ/ખાતમુહૂર્તના વિકાસ કામની જાહેરાત કરી હતી.

આ પ્રસંગે ઉદ્દબોધન કરતા માન. ધારાસભ્ય શ્રી વિવેકભાઈ પટેલે જણાવ્યું કે વંદે ગુજરાત વિકાસ યાત્રા કાર્યક્રમ અંતર્ગત સમગ્ર ગુજરાતમાં ૮૨ વંદે ગુજરાત વિકાસ રથ મારફત ૮ મહાનગરપાલિકાઓ તથા ૩૩ જિલ્લાના તાલુકા અને ગ્રામ્ય સ્તરે ૨૫૦૦ થી વધુ કાર્યક્રમો કરવામાં આવેલ છે. જેમાં ૨૫૦૦૦ થી વધુ નવા વિકાસકાર્યોની લોકાપર્ણ/ખાતમુહૂર્તની જાહેરાત કરવામાં આવશે. માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી જયારે ગુજરાત રાજયના મુખ્યમંત્રી બન્યા ત્યારથી જ ગુજરાત રાજયની વિકાસગાથા અવિરત ચાલી રહી છે. વધુમાં તેમણે છેલ્લા ૨ દાયકા દરમ્યાન શિક્ષણ ક્ષેત્રે ગુજરાત રાજયમાં થયેલ વિવિધ સિધ્ધીઓ વિશે સંક્ષિપ્ત માહિતી આપી હતી.

ત્યારબાદ ઉપસ્થિત મંચસ્થ મહાનુભવો દ્વારા પી.એમ.જે.એ.વાય. માં યોજનાઓ સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સર્ટીફિકેટ તથા કીટ વિતરણ કરવામાં આવેલ. માન. મ્યુ. સદસ્યશ્રીઓ,મ્યુ. અધિકારીશ્રીઓ, લાભાર્થીઓ, પત્રકારમિત્રો તથા સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહયા હતા.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૧૬૧, તા.૧૩/૦૭/૨૦૨**





તારીખ : ૧૩ જુલાઈ ૨૦૨૨
સમય : સાંજે ૪.૩૦ કલાક

# સુરત મહાનગરપાલિકા

પ્રેસનોટ

## " વંદે ગુજરાત વિકાસ યાત્રા"

**તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨**

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા **" વંદે ગુજરાત વિકાસ યાત્રા"** નું આયોજન તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. આજરોજ સવારે નગર પ્રાથમિક શાળા વિદ્યાર્થીઓ અને શિક્ષકો ધ્વારા મહર્ષિ આસ્તિક ઋષિ મંદિર પાસે, ગોડાદરા, સુરત સુધી ઉત્સાહપૂર્વક પ્રભાતફેરી કરવામાં આવી. ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓ અને સ્થાનિક શહેરીજનોએ માનવ જીવનને નિરામય બનાવવાના હેતુસર યોગગુરૂના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમના સ્થળે યોગશિબિરમાં યોગભ્યાસ કરી સ્વાસ્થયની જાળવણી અંગે જાગૃતિ દાખવી હતી. તથા લોકોના આરોગ્યની સુખાકારી માટે સ્ક્રીનીંગથી સારવાર સુધીના મહાઅભિયાન હાથ ધરવામાં આવેલ છે. તેમજ ગાર્ડન વિભાગ ધ્વારા વૃક્ષારોપણ અને વિનામુલ્યે રોપાવિતરણ પણ રાખવામાં આવેલ છે. વધુમાં **" વંદે ગુજરાત વિકાસ યાત્રા "** કાર્યક્રમમાં **" વંદે ગુજરાત વિકાસ યાત્રા "** રથનું કુમકુમ તિલક તથા સામૈયું કરી માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા, માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલ,માન. શાસકપક્ષ નેતા શ્રી અમિતસિંગ રાજપૂત, માન. વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ અને માન. મ્યુ. સદસ્યશ્રીઓએ આ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. કાર્યક્રમના શુભારંભ પ્રસંગે પ્રાર્થના, સ્વાગત અને સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવેલ. ત્યારબાદ વીસ વર્ષના વિકાસગાથાનું ગાન અને **" વંદે ગુજરાત વિકાસ યાત્રા "** અંગેની ફિલ્મ, ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસ કાર્યોની પ્રતીતી કરાવતી માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વકતવ્યોની ટૂંકી ફિલ્મ અને પી.એમ.જે.એ.વાય. માં યોજનાની ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી. ત્યારબાદ ઔષધીય રોપાઓથી ઉપસ્થિત મંચસ્થ મહાનુભવોનું ધ્વારા સ્વાગત કરવામાં આવ્યું.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન. ઝોનલ ચીફશ્રી અને OSD શ્રી આર. જે. માકડીયા IAS (RTD.) એ જણાવ્યુ કે, વંદે ગુજરાત વિકાસ યાત્રા રથ મારફત આપણે સૌ નગરજનોને સરકારશ્રીની વિવિધ સિધ્ધી, માર્ગદર્શન, સુચનો અને વિવિધ યોજનાઓની માહિતી મળશે. વધુમાં કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત નગરજનોની ઉપસ્થિત રહયા બદલા હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો હતો.

આ પ્રસંગે ઉદ્બોધન કરતા માન.શાસકપક્ષ નેતા શ્રી અમિતસિંગ રાજપુતે જણાવ્યુ કે વંદે ગુજરાત વિકાસયાત્રા રથ તા.૦૫ જુલાઈથી શહેરના વિવિધ વિસ્તારોમાં ગુજરાત રાજયમાં થયેલ વિકાસલક્ષી માહિતી નગરજનોને આપી રહયો છે. અને આજે આ રથ મહર્ષિ આસ્તિક ઋષિના પાવન ધરા પર આવેલ છે. માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબ જયારથી ગુજરાત રાજયના મુખ્યમંત્રી બન્યા ત્યારથી ગુજરાત રાજયની વિકાસની રૂપરેખા નકકી કરી આપણાં આ ગુજરાત રાજયના

વિકાસની નવી દિશા આપી છે. વધુમાં તેઓએ ગઈ કાલે અંબાજી મંદિર ખાતે પરિવહનની સુવિધા સરળ કરવા ૧૧૬ કિ.મીના રેલ્વે નેટવર્ક નાંખવાની કામગીરીની મંજુરી આપી છે. આમ, ગુજરાતમાં અવિરત વિકાસના કામો ચાલી રહયા છે. તેમજ સુરત મહાનગરપાલિકા ધ્વારા વિવિધ વિકાસલક્ષી કામો અને સુધ્ધ સેવાઓ આપવામાં આવી રહી છે એમ જણાવેલ. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોએ લિંબાયત ઝોન વિસ્તારના વિવિધ લોકાર્પણ/ખાતમુહૂર્તના વિકાસ કામની જાહેરાત કરી , પી.એમ.જે.એ.વાય. માં યોજનાઓ સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સર્ટીફિકેટ તથા કીટ વિતરણ કરી કાર્યક્રમના અંતે વંદે ગુજરાત વિકાસ યાત્રા રથને પ્રસ્થાન કરાવેલ. વધુમાં માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલે આઈ.સી.ડી.એસ. તથા આરોગ્યના કેમ્પની મુલાકાત લીધી હતી તથા આંગણવાડીની બહેનોને સ્વાસ્થ્યવર્ધક પોષણક્ષમ આહાર તૈયાર કરવામાં મદદરૂપ થવાની તૈયારી દર્શાવી હતી. આ કાર્યક્રમમા માન. વિવિધ સમિતીના અધ્યક્ષશ્રીઓ, માન. મ્યુ. સદસ્યશ્રીઓ,મ્યુ. અધિકારીશ્રીઓ, લાભાર્થીઓ, પત્રકારમિત્રો તથા સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહયાં હતા.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં. ૧૬૨, તા.૧૪/૦૭/૨૦૨**




વંદે ગુજરાત
વિકાસ યાત્રા

# સુરત મહાનગરપાલિકા
## પ્રેસનોટ

### " વંદે ગુજરાત વિકાસ યાત્રા"
**તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨**

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા **" વંદે ગુજરાત વિકાસ યાત્રા"** નું આયોજન તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. આજરોજ " વંદે ગુજરાત વિકાસ યાત્રા "કાર્યક્રમ સંદર્ભે શ્રી કલ્યાણજી વિઠલભાઈ મહેતા પ્રા.શાળા ક્રમ નં.૨૪૬ અને શ્રી ગણપતદાસ ત્રિવેદી પ્રા.શાળા ક્રમ નં.૨૪૭ ઈશ્વરપુરા, નવાગામ, ડીંડોલી, સુરત ખાતે રાખવામાં આવેલ. જેમાં " વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથને કુમકુમ તિલક તથા સામૈયુ કરી માન. મ્યુ. સદસ્યશ્રીઓએ શુભારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમ પ્રસંગે ઔષધીય રોપાઓથી ઉપસ્થિત મંચસ્થ મહાનુભવોનું સ્વાગત કરવામાં આવેલ.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન. ઝોનલ ચીફશ્રી તથા OSD શ્રી આર. જે. માકડીયા, I.A.S (Rtd) એ જણાવ્યું કે ગુજરાત સરકારશ્રીની છેલ્લા બે દાયકા દરમ્યાન થયેલ વિકાસકાર્યો એટલે કે ૨૦ વર્ષનો વિશ્વાસ, ૨૦ વર્ષનો વિકાસ જનજન સુધી પહોંચવાના હેતુસર આયોજિત આ " વંદે ગુજરાત વિકાસ યાત્રા " કાર્યક્રમમાં કિંમતી સમય ફાળવી ઉપસ્થિત તમામ નગરજનોનો હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો હતો. ત્યારબાદ ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસ કાર્યોની પ્રતીતી કરાવતી માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વકતવ્યોની ટુંકી ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી. વીસ વર્ષના વિકાસગાથાનું ગાન અને " વંદે ગુજરાત વિકાસ યાત્રા "અંગેની ફિલ્મ પ્રદર્શન કરવામાં આવેલ. ત્યારબાદ મંચસ્થ મહાનુભવોએ લિંબાયત ઝોન વિસ્તારના વિવિધ લોકાર્પણ/ખાતમુહૂર્તના વિકાસ કામની જાહેરાત કરી હતી.

આ પ્રસંગે ઉદ્‌બોધન કરતા માન. મ્યુ. સદસ્ય શ્રી સુધાકર ચૌધરીએ જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાત તથા શહેરમાં સર્વાંગી વિકાસ થયેલ છે. વધુમાં શિક્ષણ ક્ષેત્રે આ વિસ્તારમાં સુમન શાળા સહિત કોલેજ સુધીની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આર્થિક રીતે નબળાવર્ગના લોકો આયુષ્માન કાર્ડ મારફત રૂા. ૫ લાખ ની સહાય મેળવી કિડની,કેન્સર સહિતના ગંભીર રોગોની સારવાર કરાવી શકે છે. વધુમાં તેમણે અટલ પેંશન યોજના, જનધન યોજના,નિરાધાર પેંશન યોજના,પ્રધાનમંત્રી આવાસ યોજના સહિતની યોજનાઓ વિશે સંક્ષિપ્ત માહિતી આપી સરકારશ્રીની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓના લાભ લેવા શહેરીજનોને અનુરોધ કર્યો હતો.

ત્યારબાદ ઉપસ્થિત મંચસ્થ મહાનુભવો ધ્વારા પી.એમ.જે.એ.વાય. માં યોજનાઓ સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સર્ટીફિકેટ તથા કીટ વિતરણ કરવામાં આવેલ. માન. મ્યુ. સદસ્યશ્રીઓ,મ્યુ. અધિકારીશ્રીઓ, લાભાર્થીઓ, પત્રકારમિત્રો તથા સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહયા હતા.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૧૬૩, તા.૧૪/૦૭/૨૦૨૨**


સમય : સાંજે ૪.૩૦ કલાક થી ૬.૩૦ કલાક
સ્થળ : ખોડિયાર માતાનું મંદિર હોલ,


સમય : સાંજે ૪.૩૦ કલાક થી ૬.૩૦ કલાક

## સુરત મહાનગરપાલિકા

**પ્રેસનોટ**

# " વંદે ગુજરાત વિકાસ યાત્રા"

## તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા " વંદે ગુજરાત વિકાસ યાત્રા" નું આયોજન તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. આજરોજ સવારે અણુવ્રત ધ્વાર ફલાય ઓવર બ્રિજની નીચે, સીટીલાઈટ, સુરત સુધી ઉત્સાહપૂર્વક પ્રભાતફેરી કરવામાં આવી. ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓ અને સ્થાનિક શહેરીજનોએ માનવ જીવનને નિરામય બનાવવાના હેતુસર યોગગુરૂના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમના સ્થળે યોગશિબિરમાં યોગભ્યાસ કરી સ્વાસ્થયની જાળવણી અંગે જાગુતિ દાખવી હતી. તથા લોકોના આરોગ્યની સુખાકારી માટે સ્ક્રીનીંગથી સારવાર સુધીના મહાઅભિયાન હાથ ધરવામાં આવેલ છે. તેમજ ગાર્ડન વિભાગ ધ્વારા વૃક્ષારોપણ અને વિનામુલ્યે રોપાવિતરણ પણ રાખવામાં આવેલ છે. વધુમાં " વંદે ગુજરાત વિકાસ યાત્રા " કાર્યક્રમમાં " વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથનું કુમકુમ તિલક તથા સામૈયું કરી માન.ગૃહમંત્રી,(રા.ક.) શ્રી હર્ષ સંઘવી, માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા અને માન. મ્યુ. સદસ્યશ્રીઓએ આ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. કાર્યક્રમના શુભારંભ પ્રસંગે પ્રાર્થના, સ્વાગત અને સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવેલ.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન.ગૃહમંત્રી,(રા.ક.) શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ કે, " વંદે ગુજરાત વિકાસ યાત્રા " કાર્યક્રમ ગુજરાતમાં થયેલ છેલ્લા બે દાયકા દરમ્યાન વિકાસ કાર્યોની માહિતી મેળવવાનું માધ્યમ બન્યુ છે. માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબ અને ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ નાગરીકોના સહીયારા પ્રયાસ થકી ગુજરાતની વિકાસગાથા અવિરત ચાલતી રહેશે. બે દાયકા દરમ્યાન થયેલ ગુજરાતનો વિકાસ સમગ્ર દેશના નાગરીકોને રોજગાર આપવા તથા તેમનું સ્વપ્ન સાકાર કરવાનું કામ કરેલ છે. વધુમાં ગુજરાત રાજયમાં સુરક્ષા સલામતીની વ્યવસ્થા પણ સુદ્રઢ થયેલ છે. તેમજ ગુજરાતમાં લાઈટ, વિજળી, પાણી, ગેસ તેમજ પાકકા મકાનો જેવી સુવિધાના આ સર્વાંગી વિકાસના લાભો નાગરીકોને મળેલ છે. " વંદે ગુજરાત વિકાસ યાત્રા " કાર્યક્રમ આપણા સૌના સ્વમાન અને સ્વાભિમાનનો કાર્યક્રમ છે. આપણે જે વિકાસ કર્યો છે તે દેશ–દુનિયાને બતાવવાનો અવસર છે.

ત્યારબાદ વીસ વર્ષના વિકાસગાથાનું ગાન અને " વંદે ગુજરાત વિકાસ યાત્રા " અંગેની ફિલ્મ, ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસ કાર્યોની પ્રતીતી કરાવતી માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વકતવ્યોની ટૂંકી ફિલ્મ અને પી.એમ.જે.એ.વાય. માં યોજનાની ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી. ત્યારબાદ ઔષધીય રોપાઓથી ઉપસ્થિત મંચસ્થ મહાનુભવોનું ધ્વારા સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોએ અઠવા ઝોન વિસ્તારના વિવિધ લોકાર્પણ/ખાતમુહૂર્તના વિકાસ કામની જાહેરાત કરી , પી.એમ.જે.એ.વાય. માં યોજનાઓ સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સર્ટીફિકેટ તથા કીટ વિતરણ કરી મહાનુભવોના વરદ્દહસ્તે વૃક્ષારોપણ કરી ત્યારબાદ માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાના વરદ્દહસ્તે આરોગ્ય કેમ્પનું દીપ પ્રાગટય કરી શુભારંભ કરાવ્યો હતો તથા નાગરીકોને આ સેવાનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમા માન. મ્યુ. સદસ્યશ્રીઓ,મ્યુ. અધિકારીશ્રીઓ, લાભાર્થીઓ, પત્રકારમિત્રો તથા સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહયાં હતા.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં. ૧૬૪, તા.૧૫/૦૭/૨૦૨**


રહો વધુ સુરક્ષિત


વંદે ગુજરાત
વિકાસ યાત્રા




વંદે ગુજરાત
તારીખ :
સમય : સવારે
સ્થળ : અણુવ્રત

# પ્રેસનોટ

**આજ** રોજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત સંચાલિત **261 શાળાઓની 783** કન્યાઓ વચ્ચે તથા **21** શિક્ષિકા બહેનો ની શહેર કક્ષાની ફાઈનલ મહેંદી સ્પર્ધા રુસ્તમપુરા મુકામે મેયરશ્રી **હેમાલીબેન બોઘાવાલા,** પાલિકાના ચેરમેનશ્રીઓ, **ન.પ્રા.શિ.સ.**ના અધ્યક્ષ શ્રી ધનેશ**ભાઈ શાહ**,સંસ્કૃતિક સમિતિ ના કન્વીનર શ્રી રંજનાબેન તથા સમિતિ ના સદસ્યશ્રીઓ     નગરસેવકોની ઉપસ્થિતિમાં **યોજવામાં આવી.** મેયરશ્રી **હેમાલીબેન,** અધ્યક્ષ શ્રી ધનેશ**ભાઈ શાહ** સંસ્કૃતિક સમિતિ ના કન્વીનર શ્રી રંજનાબેનએ પ્રાસંગિક ઉદબોધન કર્યા હતા. વિમલ **દેસાઈ** શાસનાધિકારીશ્રી એ આવકાર તથા બાલવાડી કન્વીનર શ્રી નિરંજનાબેન જાની એ આભારવિધી **કરી હતી.**ધોરણ **6/7/8** માં પ્રથમ વિજેતા નંબર અનુક્રમે શાળા ક્રમાંક **234**, શાળા ક્રમાંક **16**, શાળા ક્રમાંક **295ની શેખ તૈયબા , ચોવટીયા યુવી**,પીંજારી **શહાદીયા,અને** શિક્ષિકા બહેનોમાં **મિતાબેન, હિરલબેન તથા** કવિતાબેન વિજેતા તરીકે જાહેર કરાયા હતા. **વિજેતાઓને** રૂપિયા **1700/- નો ચેક તથા** પ્રમાણપત્રો ઉપસ્થિત મહાનુભાવો એ આપી ને સન્માનિત કર્યા હતા.

અંતે રાષ્ટ્રગાન કરીને તથા અલ્પાહાર મેળવીને કાર્યક્રમ પૂર્ણ જાહેર કરેલ હતો.

## પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોનમાં કરવામાં આવતી રસ્તા રીપેરીંગની કામગીરી અંતર્ગત આજરોજ નીચે મુજબના પરિશિષ્ટ મુજબ કુલ ૫૪૦.૧૫ મે.ટન જી.એસ.બી./છારૂ વિગેરે મટીરીયલનો ઉપયોગ કરી કુલ ૧૧૮ રસ્તાઓ પર અંદાજે ૩૮૪૪.૦૦ ચો.મી. વિસ્તારમાં રસ્તા રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. વધુમાં, રસ્તા રીપેરીંગની કામગીરી નિયમિતપણે તમામ ઝોનમાં ચાલુ રહેશે.

### પરિશિષ્ટ

| અ.નં. | ઝોનનું નામ | જી.એસ.બી. / છારૂ વિગેરે મટીરીયલ (મે.ટન) |
|---|---|---|
| ૧ | વેસ્ટ ઝોન | ૫૩.૦૦ |
| ૨ | નોર્થ ઝોન | ૬૩.૪૫ |
| ૩ | વરાછા ઝોન–એ | ૪૪.૦૦ |
| ૪ | વરાછા ઝોન–બી | ૮૯.૦૦ |
| ૫ | સાઉથ–વેસ્ટ ઝોન | ૧૦૩.૦૦ |
| ૬ | સાઉથ–ઈસ્ટ ઝોન | ૪૨.૦૦ |
| ૭ | સાઉથ ઝોન–એ | ૪૭.૦૦ |
| ૮ | સાઉથ ઝોન–બી | ૨૫.૦૦ |
| ૯ | સેન્ટ્રલ ઝોન | ૭૩.૭૦ |
| | કુલ.. | ૫૪૦.૧૫ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં..........
તા.૧૫/૦૭/૨૦૨૨

# સુરત મહાનગરપાલિકા

**પ્રેસનોટ**

## " વંદે ગુજરાત વિકાસ યાત્રા"

**તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨**

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા **" વંદે ગુજરાત વિકાસ યાત્રા"** નું આયોજન તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. આજરોજ " વંદે ગુજરાત વિકાસ યાત્રા "કાર્યક્રમ સંદર્ભે અલથાણ શાકભાજી માર્કેટ પાસે, ભટાર, સુરત ખાતે રાખવામાં આવેલ. જેમાં " વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથને કુમકુમ તિલક તથા સામૈયુ કરી માન.ગૃહમંત્રી,(રા.ક.) શ્રી હર્ષ સંઘવી, માન. મ્યુ. વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ અને માન. મ્યુ. સદસ્યશ્રીઓએ શુભારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમ પ્રસંગે ઔષધીય રોપાઓથી ઉપસ્થિત મંચસ્થ મહાનુભવોનું સ્વાગત કરવામાં આવેલ.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન.ગૃહમંત્રી,(રા.ક.) શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ કે, ગુજરાત રાજય દેશભરમાં વિકાસકાર્યો કરવામાં અગ્રેસર છે અને આ વિકાસની ગાથા લોકો સુધી પહોંચાડવા " વંદે ગુજરાત વિકાસયાત્રા " કાર્યક્રમ યોજાયેલ છે. આ બે દાયકા દરમ્યાન ગુજરાતમાં ૨૪ કલાક વિજળી, પાણી અને ઘર વિહોણા લોકોને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત પાકકા મકાન જેવી સુવિધા આપી વિકાસગાથા અવિરત ચલાવી છે. સુરક્ષા અને સલામતીની વ્યવસ્થામાં ગુજરાત સુદ્રઢ થયું છે. કોરોનાકાળ દરમ્યાન ગરીબ લોકોની ચિંતા કરી તેમને ભોજન અને રાશન પહોંચાડવાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી અને આપ સૌના સાથ સહકારથી આ જ ઝડપથી વિકાસગાથા અવિરત ચાલતી રહેશે. ત્યારબાદ વીસ વર્ષના વિકાસગાથાનું ગાન અને **" વંદે ગુજરાત વિકાસ યાત્રા "** અંગેની ફિલ્મ, ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસ કાર્યોની પ્રતીતી કરાવતી માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વકતવ્યોની ટૂંકી ફિલ્મ અને પી.એમ.જે.એ.વાય. મા યોજનાની ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી. ત્યારબાદ ઔષધીય રોપાઓથી ઉપસ્થિત મંચસ્થ મહાનુભવોનું ધ્વારા સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોએ અઠવા ઝોન વિસ્તારના વિવિધ લોકાર્પણ/ખાતમુહૂર્તના વિકાસ કામની જાહેરાત કરી.

ત્યારબાદ ઉપસ્થિત મંચસ્થ મહાનુભવો ધ્વારા પી.એમ.જે.એ.વાય. મા યોજનાઓ સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સર્ટીફિકેટ તથા કીટ વિતરણ કરવામાં આવેલ. માન. મ્યુ. સદસ્યશ્રીઓ,મ્યુ. અધિકારીશ્રીઓ, લાભાર્થીઓ, પત્રકારમિત્રો તથા સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહયા હતા.

**જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી, સાદર સમાચાર યાદી નં.૧૬૭, તા.૧૫/૦૭/૨૦૨૨**

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

## " વંદે ગુજરાત વિકાસ યાત્રા"

### તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા **" વંદે ગુજરાત વિકાસ યાત્રા"** નું આયોજન તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. આજરોજ સવારે નગર પ્રાથમિક શાળા વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા બમરોલી હેલ્થ સેન્ટર, સુરત સુધી ઉત્સાહપૂર્વક પ્રભાતફેરી કરવામાં આવી. ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓ અને સ્થાનિક શહેરીજનોએ માનવ જીવનને નિરામય બનાવવાના હેતુસર યોગગુરૂના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમના સ્થળે યોગશિબિરમાં યોગભ્યાસ કરી સ્વાસ્થયની જાળવણી અંગે જાગૃતિ દાખવી હતી તથા લોકોના આરોગ્યની સુખાકારી માટે સ્ક્રીનીંગથી સારવાર સુધીના મહાઅભિયાન હાથ ધરવામાં આવેલ છે. તેમજ ગાર્ડન વિભાગ દ્વારા વૃક્ષારોપણ અને વિનામુલ્યે રોપાવિતરણ પણ રાખવામાં આવેલ છે. વધુમાં **" વંદે ગુજરાત વિકાસ યાત્રા "** કાર્યક્રમમાં **" વંદે ગુજરાત વિકાસ યાત્રા "** રથનું કુમકુમ તિલક તથા સામૈયું કરી માન. મ્યુ. વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ અને માન. મ્યુ. સદસ્યશ્રીઓએ આ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. કાર્યક્રમના શુભારંભ પ્રસંગે પ્રાર્થના, સ્વાગત અને સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવેલ.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન.મ્યુ.સદસ્યશ્રી ડૉ. દિનાનાથ મહાજને જણાવ્યું કે, માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબ જયારથી ગુજરાત રાજયના મુખ્યમંત્રી બન્યા ત્યારથી જ સતત બે દાયકા દરમ્યાન ગુજરાત રાજયમાં રોડ, રસ્તા, ૨૪ કલાક વિજળી સહિતની અદ્યતન સુવિધાઓ લોકોને મળી છે અને ગુજરાતની વિકાસયાત્રા અવિરત ચાલી રહી છે. વધુમાં તેમણે સ્વચ્છ સુરત, સુંદર સુરતમાં આયોજીત આ **" વંદે ગુજરાત વિકાસ યાત્રા "** કાર્યક્રમમાં ઉપસ્થિત તમામનો આભાર વ્યકત કર્યો.

આ કાર્યક્રમ પ્રસંગે ઉદ્‌બોધન કરતા માન.સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલે જણાવ્યું કે રોડ–રસ્તા, પાણી, વિજળી, ઘર, ગટર સહિતની અદ્યતન સુવિધા ગુજરાત રાજયમાં આપવામાં આવી રહી છે. આમ સર્વાંગી વિકાસકાર્યો ના કારણે સમગ્ર ભારત દેશમાં ગુજરાત રાજય અગ્રેસર છે. સુરત મહાનગરપાલિકા દ્વારા દૈનિક ધોરણે ઘરદીઠ રોજના ફકત 10 પૈસા વસુલી ૧૫૪ લીટર શુધ્ધ પીવા યોગ્ય પાણી શહેરીજનોને આપવામાં આવે છે. આ ઉપરાંત છેલ્લા દોઢ વર્ષમાં શહેરમાં ૪૭૮ રસ્તાઓ સિમેન્ટ કોંક્રિટના અદ્યતન સુવિધાયુકત બનાવવામાં આવેલ છે. તેમજ સુરત મહાનગરપાલિકા દ્વારા ગ્રીન એનર્જીનો ઉપયોગ કરી રૂા.૮૭ કરોડની બચત પણ કરવામાં આવે છે. આમ છેલ્લા બે દાયકા દરમ્યાન ગુજરાત રાજયમાં અવિરત વિકાસકાર્યો ચાલી રહયાં છે. વધુમાં સુરત અને ગુજરાતમાં વિવિધ ક્ષેત્રોમાં જે સર્વાંગી વિકાસ થયેલ છે તેનો તમામ નગરજનો માહિતગાર થાય એવી અભ્યર્થના પાઠવી હતી.

ત્યારબાદ વીસ વર્ષના વિકાસગાથાનું ગાન અને **" વંદે ગુજરાત વિકાસ યાત્રા "** અંગેની ફિલ્મ, ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસ કાર્યોની પ્રતીતી કરાવતી માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વકતવ્યોની ટૂંકી ફિલ્મ અને પી.એમ.જે.એ.વાય. માં યોજનાની ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી. ત્યારબાદ ઔષધીય રોપાઓથી ઉપસ્થિત મંચસ્થ મહાનુભવોનું દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોએ ઉધના ઝોન વિસ્તારના વિવિધ લોકાર્પણ/ખાતમુહૂર્તના વિકાસ કામની જાહેરાત કરી , પી.એમ.જે.એ.વાય. માં યોજનાઓ સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સર્ટીફિકેટ તથા કીટ વિતરણ કરી મહાનુભવોના વરદ્‌હસ્તે વૃક્ષારોપણ તેમજ આરોગ્ય કેમ્પનો શુભારંભ આવેલ તથા નાગરીકોને આ સેવાનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમા માન.મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા, માન.ડે.મેયર શ્રી દિનેશભાઈ જોધાણી, માન.અધ્યક્ષ સ્થાયી સમિતિ શ્રી પરેશભાઈ પટેલ, માન.નેતા, શાસક પક્ષ શ્રી અમિતસિંગ રાજપુત, માન. મ્યુ. સદસ્યશ્રીઓ, મ્યુ. અધિકારીશ્રીઓ, લાભાર્થીઓ, પત્રકારમિત્રો તથા સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહયાં હતા.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૧૬૮, તા.૧૬/૦૭/૨૦૨૨**







# <u>પ્રેસ નોટ</u>

સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોનમાં કરવામાં આવતી રસ્તા રીપેરીંગની કામગીરી અંતર્ગત આજરોજ નીચે મુજબના પરિશિષ્ટ મુજબ **કુલ ૧૮.૧૦ મે.ટન** બીટ્યુમીનસ મટીરીયલનો અને **કુલ ૪૮૫.૬૩ મે.ટન** જી.એસ.બી./છારૂ વિગેરે મટીરીયલનો ઉપયોગ કરી **કુલ ૧૦૭** રસ્તાઓ પર અંદાજે **૪૫૬૭.૭૦ ચો.મી.** વિસ્તારમાં રસ્તા રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. વધુમાં, રસ્તા રીપેરીંગની કામગીરી નિયમિતપણે તમામ ઝોનમાં ચાલુ રહેશે.

## <u>પરિશિષ્ટ</u>

| અ.નં. | ઝોનનું નામ | બીટ્યુમીન મટીરીયલ પેચવર્ક(મે.ટન) | જી.એસ.બી. / છારૂ વિગેરે મટીરીયલ (મે.ટન) |
|---|---|---|---|
| ૧ | વેસ્ટ ઝોન | ૧૦.૪૭ | ૫૫.૦૦ |
| ૨ | નોર્થ ઝોન | - | ૪૮.૧૬ |
| ૩ | વરાછા ઝોન–એ | - | ૭૪.૦૦ |
| ૪ | વરાછા ઝોન–બી | ૭.૬૩ | ૭૭.૦૦ |
| ૫ | સાઉથ–વેસ્ટ ઝોન | - | ૪૯.૦૦ |
| ૬ | સાઉથ–ઈસ્ટ ઝોન | - | ૬૮.૪૭ |
| ૭ | સાઉથ ઝોન–એ | - | ૩૯.૦૦ |
| ૮ | સાઉથ ઝોન–બી | - | ૪૮.૦૦ |
| ૯ | સેન્ટ્રલ ઝોન | - | ૨૭.૦૦ |
| | **કુલ..** | **૧૮.૧૦** | **૪૮૫.૬૩** |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૧૬૯
તા.૧૬/૦૭/૨૦૨૨

# **<u>પ્રેસનોટ</u>**

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

**<u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–**

આજરોજ સુરત મહાનગરપાલિકાના કાર્યપાલક ઇજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.૧૦,નોંધ નં.૧૭૩૮,૧૭૩૯,૧૭૪૦ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા મંજુર પ્લાન વિરુધ્ધ  બાંધકામ કરતા, તા.૧૬/૦૭/૨૦૨૨ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત રહેણાંકનાં હેતુસરવાળી મિલ્કતમાં મંજુર પ્લાન વિરૂધ્ધ વધારાના પાંચમા માળનુ બાંધકામ આશરે ૧૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. સ્લેબ, દુર કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/– પેનલ્ટી ચાર્જ વસૂલ લેવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર

સમાચાર યાદી નં.૧૭૦

તા.૧૬/૦૭/૨૦૨૨

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

## " વંદે ગુજરાત વિકાસ યાત્રા"

### તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા **" વંદે ગુજરાત વિકાસ યાત્રા"** નું આયોજન તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. આજરોજ " વંદે ગુજરાત વિકાસ યાત્રા "કાર્યક્રમ પિયુષ પોઈન્ટ, પાંડેસરા, સુરત ખાતે રાખવામાં આવેલ. જેમાં " વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથને કુમકુમ તિલક તથા સામૈયુ કરી માન. સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષ શ્રીમતી પુર્ણિમાબેન દાવલે અને માન. મ્યુ. સદસ્યશ્રીઓએ શુભારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમના શુભારંભ પ્રસંગે પ્રાર્થના, સ્વાગતગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવેલ. આ કાર્યક્રમ પ્રસંગે ઔષધીય રોપાઓથી ઉપસ્થિત મંચસ્થ મહાનુભવોનું સ્વાગત કરવામાં આવેલ. વધુમાં કાર્યક્રમના સ્થળે મેડિકલ કેમ્પ અને ગાર્ડન વિભાગ ધ્વારા વૃક્ષારોપણ અને વિનામુલ્યે રોપાવિતરણ કાર્યક્રમ પણ રાખવામાં આવેલ છે.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન. મ્યુ. સદસ્ય શ્રી શરદભાઈ પાટીલે જણાવ્યું કે " વંદે ગુજરાત વિકાસ યાત્રા " કાર્યક્રમએ છેલ્લા બે દાયકા દરમ્યાન લોકોનો વિશ્વાસને સાર્થક કરી ગુજરાત રાજયમાં થયેલ અવિરત વિકાસગાથા દર્શાવવા તથા લોકોને માહિતગાર કરવાનો કાર્યક્રમ છે. વધુમાં તેમણે આ કાર્યક્રમમાં ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો અને શહેરીજનોને આવકાર્યા હતા. ત્યારબાદ વીસ વર્ષના વિકાસગાથાનું ગાન અને " વંદે ગુજરાત વિકાસ યાત્રા " અંગેની ફિલ્મ, ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસ કાર્યોની પ્રતીતી કરાવતી માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વકતવ્યોની ટૂંકી ફિલ્મ અને પી.એમ.જે.એ.વાય. મા યોજનાની ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી. ત્યારબાદ ઔષધીય રોપાઓથી ઉપસ્થિત મંચસ્થ મહાનુભવોનું ધ્વારા સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોએ ઉધના ઝોન વિસ્તારના વિવિધ લોકાર્પણ/ખાતમુહૂર્તના વિકાસ કામની જાહેરાત કરી.

આ કાર્યક્રમ પ્રસંગે ઉદ્‌બોધન કરતા માન. શાસકપક્ષ નેતા શ્રી અમિતસિંગ રાજપુતે જણાવ્યું કે છેલ્લા ૨૦ વર્ષ દરમ્યાન સરકારશ્રી મારફત કરેલા વિવિધ વિકાસકાર્યોની ગાથા આ " વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથ મારફત તા.૦૫ જુલાઈથી વિવિધ વોર્ડદીઠ દર્શાવવામાં આવી રહી છે. વધુમાં ગુજરાત રાજયમાં અવિરત સર્વાંગી વિકાસ કરવામાં આવી રહયો છે. આ સર્વાંગી વિકાસકાર્યોથી ગુજરાત રાજયની કાયાપલટ થઈ છે. તેમજ સમગ્ર ભારત દેશમાં સુરત મહાનગરપાલિકા સંચાલિત શાળાઓ મારફત જ ધોરણ ૧ થી ૧૨નું શિક્ષણ આપવામાં આવે છે. તેમજ ગુજરાતી, મરાઠી, ઉર્દૂ, ઉડીયા, હિન્દી, તેલુગુ, અંગ્રેજી સહિત કુલ ૭ ભાષામાં વિધાર્થીઓને શિક્ષણ આપવામાં આવી રહયું છે. વધુમાં ધોરણ–૧૧માં કન્યાઓને વિનામુલ્યે શિક્ષણ આપવામાં આવે છે. આમ,શિક્ષણક્ષેત્રે પણ સુરત મહાનગરપાલિકા અગ્રેસર છે.

ત્યારબાદ ઉપસ્થિત મંચસ્થ મહાનુભવો વૃક્ષારોપણ કરી પી.એમ.જે.એ.વાય. મા યોજનાઓ સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સર્ટીફિકેટ તથા કીટ વિતરણ કરવામાં આવેલ. માન. નેતા શાસકપક્ષ શ્રી અમિતસિંહ રાજપુત, માન. મ્યુ. સદસ્યશ્રીઓ, મ્યુ. અધિકારીશ્રીઓ, લાભાર્થીઓ તથા સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહયા હતા.

**જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી, સાદર સમાચાર યાદી નં.૧૭૧, તા.૧૬/૦૭/૨૦૨૨**


વંદે ગુજરાત
વિકાસ યાત્રા
તારીખ : ૧૬ જુલાઈ ૨૦૨૨



## સુરત મહાનગરપાલિકા

### યુ.સી.ડી.વિભાગ

### <u>અખબારી યાદી</u>

**મોટા વરાછા કોમ્યુનીટી હોલ, સુદામા ચોક પાસે,મોટા વરાછા,સુરતખાતે** મહાનગરપાલિકા ધ્વારા સેવાસેતુ કાયક્રમનું **આયોજન કરવામાં આવેલ.**

રાજય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃત્તિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનું ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શાતા વધે તે હેતુથી નાગરિકોની વ્યકિતલક્ષી યોજનાઓનો સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર **તા. ૧૬/૦૭/૨૦૨૨**ના રોજ સવારે ૦૯:૦૦ **થી** ૦૫:૦૦ કલાક દરમ્યાન**મોટા વરાછા કોમ્યુનીટી હોલ, સુદામા ચોક પાસે,મોટા વરાછા,સુરત**ખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા આઠમાંતબકકાનો પાંચમાં "સેવાસેતુ કાયક્રમ"નું આયોજન કરવામાં આવેલ હતું.

સેવાસેતુ કાયક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોનાં હસ્તે સેવાસેતુ કાયક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. "સેવાસેતુ કાયક્રમ"માં ઉપસ્થિત ડે.મેયરશ્રી દિનેશભાઈ જોધાણીએ પ્રાસંગિક ઉદબોધન અને આવકાર પ્રવચન આપતા જણાવેલ કે, સુરત મહાનગરપાલિકાના સંકલનથી ગુજરાત સરકારની વિવિધ સેવાઓ સીધેસીધી મળી રહે છે. લોકોએ સરકારી કચેરીઓમાં જવું પડતું નથી, લાભાર્થીઓનો સમય ન વેડફાય તેમજ તેમના ઘર આંગણે પ્રાથમિક જરુરિયાઓ એક જ સ્થળેથી મળી રહે માટે સરકારનો આ એક ભગીરથ પ્રયાસ છે. લોકોને વિવિધ યોજનાનો લાભ મેળવવા માટે જરૂરી પુરાવાઓ સેવાસેતું કાયક્રમમાં સરળતાથી ઉપલબ્ધ થાય છે.ડે.મ્યુ.કમિશનરશ્રીએન.વી.ઉપાધ્યાય દ્વારા આભારવિધિ સંપન્ન કરવામાં આવી હતી કાયક્રમમાં ઉપસ્થિત મા.મેયરશ્રી હેમાલીબેન બોધાવાલા, માન.નેતા શાસકપક્ષ, શ્રીઅમિતસિગ રાજપૂત, માન.નેતા વિરોધ પક્ષ શ્રીધમશભાઈ ભંડેરીતેમજવિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ અને મ્યુ.સદસ્યશ્રીઓએહાજર રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કયા હતા.

"સેવાસેતુ કાયક્રમ"માં વિવિધ વિભાગો જેવા કે મેહસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સવ સુપ્રિંટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગરપાલિકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ.વિભાગ,વિવિધ બકો વગેરે ધ્વારા દિવસ દરમ્યાન કુલ **1180**લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રીમીલેયર સર્ટી, પંચનામાં, ધાર્મિક લઘુમતી પ્રમાણપત્ર, વિધવા સહાય,વૃદ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., મા વાત્સલ્ય કાડ, મા અમૃતમ કાડ જેવી વિવિધ રજૂઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદભ લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એક જ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ ' સેવાસેતુ કાયક્રમના આયોજન બદલ વિસ્તારના રહીશો ધ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.

જનસંપક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં. 172
તા. ૧૬/૦૭/૨૦૨૨


ગુજરાત
"સેવા
લાભાર્થી


અને
ના સંયુક્ત

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

## " વંદે ગુજરાત વિકાસ યાત્રા"

## તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોચાડવાના પ્રયાસ સ્વરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા **" વંદે ગુજરાત વિકાસ યાત્રા"** નું આયોજન તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. આજરોજ સવારે BRTS બસ ડેપો, પાલનપુર, કેનાલ, સુરત સુધી ઉત્સાહપૂર્વક પ્રભાતફેરી કરવામાં આવી. ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓ અને સ્થાનિક શહેરીજનોએ માનવ જીવનને નિરામય બનાવવાના હેતુસર યોગગુરૂના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમના સ્થળે યોગશિબિરમાં યોગભ્યાસ કરી સ્વાસ્થયની જાળવણી અંગે જાગૃતિ દાખવી હતી તથા લોકોના આરોગ્યની સુખાકારી માટે સ્ક્રીનીંગથી સારવાર સુધીના મહાઅભિયાન હાથ ધરવામાં આવેલ છે. તેમજ ગાર્ડન વિભાગ ધ્વારા વૃક્ષારોપણ અને વિનામુલ્યે રોપાવિતરણ પણ રાખવામાં આવેલ છે. વધુમાં **" વંદે ગુજરાત વિકાસ યાત્રા "** કાર્યક્રમમાં રથનું કુમકુમ તિલક તથા સામૈયું કરી માન.માજી.ડે. મેયરશ્રી નિરવભાઈ શાહ અને માન. મ્યુ. સદસ્યશ્રીઓએ આ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. કાર્યક્રમના શુભારંભ પ્રસંગે પ્રાર્થના, સ્વાગત અને સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવેલ.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન.ડે.કમિશનરશ્રી ધર્મેશ મિસ્ત્રીએ જણાવ્યું કે ભારત દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થયાના અવસરે સમગ્ર દેશમાં આઝાદીકા અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાત સરકાર ધ્વારા છેલ્લા ૨ દાયકા દરમ્યાન થયેલ અવિરત વિકાસકાર્યોને ડિજિટલ રૂપે કંડારીને શહેરીજનોને **"વંદે ગુજરાત વિકાસ યાત્રા"** રથ મારફત ઝાંખી દર્શાવવામાં આવી રહી છે. ત્યારબાદ વીસ વર્ષના વિકાસગાથાનું ગાન અને **" વંદે ગુજરાત વિકાસ યાત્રા "** અંગેની ફિલ્મ, ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસ કાર્યોની પ્રતીતી કરાવતી માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વકતવ્યોની ટૂંકી ફિલ્મ અને પી.એમ.જે.એ.વાય.–મા યોજનાની ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી. ત્યારબાદ ઔષધીય રોપાઓથી ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોએ રાંદેર ઝોન વિસ્તારના વિવિધ લોકાર્પણ/ખાતમુહૂર્તના વિકાસ કામની જાહેરાત કરી.

આ કાર્યક્રમ પ્રસંગે ઉદબોધન કરતા માન.મ્યુ. સદસ્યશ્રી નેન્સીબેન શાહે જણાવ્યું કે સુરત મહાનગરપાલિકા ધ્વારા રોડ, રસ્તા, પાણી, ડ્રેનેજ, લાઈટની પ્રાથમિક જરૂરીયાતની સુવિધા પુરી પાડવામાં આવે છે.સુરત શહેરને ભારત દેશનું સૌથી સુરક્ષિત શહેર અને બેસ્ટ રહેવાલાયક શહેર તરીકેના એવોર્ડ મળેલ છે ૫ લાખ સુધીની મેડિકલ સહાય આર્થિક રીતે પછાત વર્ગના લોકો પી.એમ.જે.એ.વાય.–મા અમૃતમ યોજનાના કાર્ડ ધ્વારા મેળવી શકે છે.જેનો જરૂરીયાતમંદો લાભ મેળવે. વધુમાં તેમણે પ્રધાનમંત્રી આવાસ યોજના વિશે સંક્ષિપ્ત માહિતી આપી તેઓના વોર્ડ–નં.૯માં લાયબ્રેરી, શેલ્ટરહોમ, ગ્રાઉન્ડ સહિતના ભાવી વિકાસકાર્યોની ઝાંખી આપી હતી.

મ્યુ. સદસ્યશ્રી કુણાલભાઈ સેલરએ તેમના ઉદબોધનમાં જણાવ્યુ કે સ્વચ્છતામાં સુરત શહેર પૂરા દેશમાં નંબર –૨ પર છે. તે જ આપણા શહેરનો વિકાસ દર્શાવે છે. સરકાર ધ્વારા આ બે દાયકામાં દરેક દિશામાં વિકાસ કર્યો છે. ૨૪ કલાક પાણી અને વિજળીના સ્વપ્ન પૂર્ણ થયા છે. આ વિકાસના કારણે ગુજરાતના નાગરિકો પહેલાની કપરી પરિસ્થિતિ ભૂલી શકયા છે. કોરોનાકાળ દરમ્યાન દરેક ભારતીયોને મુફતમાં વેકશીનેશનની વ્યવસ્થા કરવામાં આવેલ. કૃષિ મેળા તેમજ પશુપાલન મેળા કરી ખેડૂતો ને પણ સરકાર મદદરૂપ થાય છે. બે દાયકામાં કુપોષિત બાળકોનો અને શાળા છોડવાનો રેશિયો ઘટયો છે અને શાળા છોડવાનો રેશિયો ૫૦% હતો તે ૫% થઈ ગયો છે. કવિ નર્મદની જે રચના છે " જય જય ગરવી ગુજરાત" ને ગુજરાત સરકારે આ વિકાસના કામો ધ્વારા સાર્થક કરી છે.

ત્યારબાદ ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો વૃક્ષારોપણ કરી પી.એમ.જે.એ.વાય. મા યોજનાઓ સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સર્ટીફિકેટ તથા કીટ વિતરણ કરવામાં આવેલ. માન. મ્યુ. સદસ્યશ્રીઓ, મ્યુ. અધિકારીશ્રીઓ, લાભાર્થીઓ તથા સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહયા હતા.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૧૭૩, તા.૧૭/૦૭/૨૦૨૨**





# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

"વંદે ગુજરાત વિકાસ યાત્રા"

તા.૦૫ જુલાઇ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઇ ૨૦૨૨

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા " વંદે ગુજરાત વિકાસ યાત્રા" નું આયોજન તા.૦૫ જુલાઇ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઇ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. આજરોજ " વંદે ગુજરાત વિકાસ યાત્રા "કાર્યક્રમ સંદર્ભે રામ ભવન ધામ, એક્વેરિયમની બાજુમાં, સુરત ખાતે રાખવામાં આવેલ. જેમાં " વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથને કુમકુમ તિલક તથા શ્રીફળ સાથે વિધિવત રીતે સ્વાગત કરીને માન. મ્યુ. સદસ્યશ્રીઓએ શુભારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમ પ્રસંગે ઔષધીય રોપાઓથી ઉપસ્થિત મંચસ્થ મહાનુભવોનું સ્વાગત કરવામાં આવેલ. કાર્યક્રમના શુભારંભ પ્રસંગે પ્રાર્થના, સ્વાગત અને સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવેલ.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન. ડે. કમિશનર શ્રી પર્મેશભાઈ મિસ્ત્રીએ જણાવ્યું કે, ભારત દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે સમગ્ર ભારત દેશમાં " આઝાદી કા અમૃત મહોત્સવ " ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં ગુજરાત રાજ્ય " વંદે ગુજરાત વિકાસ યાત્રા " કાર્યક્રમ મારફત આ ઉજવણીમાં સહભાગી બન્યું છે. ગુજરાત સરકાર દ્વારા છેલ્લા ૨૦ વર્ષ દરમ્યાન કરેલ વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓ અને વિકાસની સિદ્ધિઓ વિશે જન જન ને માહિતગાર કરવા " વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથ એક માધ્યમ બન્યો છે. વધુમાં ગુજરાત રાજ્યની અવિરત વિકાસની પ્રતીતિ કરાવતા આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મંચસ્થ મહાનુભાવો અને શહેરીજનોનો આભાર વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ વીસ વર્ષના વિકાસગાથાનું ગાન અને " વંદે ગુજરાત વિકાસ યાત્રા " અંગેની ફિલ્મ, ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસ કાર્યોની પ્રતીતી કરાવતી માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વક્તવ્યોની ટૂંકી ફિલ્મ અને પી.એમ.જે.એ.વાય. મા યોજનાની ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી. ત્યારબાદ ઔષધીય રોપાઓથી ઉપસ્થિત મંચસ્થ મહાનુભવોનું ધ્વારા સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોએ રાંદેર ઝોન વિસ્તારના વિવિધ લોકાર્પણ/ખાતમુહૂર્તના વિકાસ કામની જાહેરાત કરી.

આ પ્રસંગે માન. મ્યુ.સદસ્ય શ્રી પર્મેશભાઈ વાણિયાવાલાએ તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે આ " વંદે ગુજરાત વિકાસ યાત્રા " કાર્યક્રમએ જે લોકો સરકારશ્રીની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓથી વંચિત છે તેઓને આ યોજનાઓ વિશે માહિતી મળે અને તેઓ આ વિવિધ યોજનાનો લાભ મેળવે શકે. વધુમાં તેમણે ગુજરાત સરકારશ્રીની ખૂબ જ મહત્વની એવી પી.એમ.જે.એ.વાય. મા "માં અમૃતમ યોજના" કે જેમાં વિવિધ ગંભીર બીમારીની સારવારમાં રૂપિયા ૫ (પાંચ) લાખની સહાય

મળે છે. પ્રધાનમંત્રી આવાસ યજના તથા સરકારશ્રીની વિવિધ યોજનાની સંક્ષિપ્ત માહિતી આપી. વધુમાં વધુ લોકો સરકારશ્રીની આ યોજનાઓનો લાભ મેળવે તેવો અનુરોધ કર્યો હતો.

ત્યારબાદ ઉપસ્થિત મંચસ્થ મહાનુભવો દ્વારા પી.એમ.જે.એ.વાય. મા યોજનાઓ સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સર્ટીફિકેટ તથા કીટ વિતરણ કરવામાં આવેલ. ત્યારબાદ મહાનુભવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવેલ. તેમજ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં માન. મ્યુ. સદસ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ, લાભાર્થીઓ, પત્રકારમિત્રો તથા સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી, સાદર સમાચાર યાદી ન.૧૭૪, તા.૧૭/૦૭/૨૦૨૨

## <u>પ્રેસ નોટ</u>

સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોનમાં કરવામાં આવતી રસ્તા રીપેરીંગની કામગીરી અંતર્ગત આજરોજ નીચે મુજબના પરિશિષ્ટ મુજબ કુલ ૧૭૦.૨૭ મે.ટન બીટયુમીનસ મટીરીયલનો અને કુલ ૨૩૨.૩૬ મે.ટન જી.એસ.બી./છારૂ વિગેરે મટીરીયલનો ઉપયોગ કરી કુલ ૭૬ રસ્તાઓ પર અંદાજે ૪૨૮૧.૦૦ ચો.મી. વિસ્તારમાં રસ્તા રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. વધુમાં, રસ્તા રીપેરીંગની કામગીરી નિયમિતપણે તમામ ઝોનમાં ચાલુ રહેશે.

### <u>પરિશિષ્ટ</u>

| અ.નં. | ઝોનનું નામ | બીટયુમીન મટીરીયલ પેચવર્ક(મે.ટન) | જી.એસ.બી. / છારૂ વિગેરે મટીરીયલ (મે.ટન) |
|---|---|---|---|
| ૧ | વેસ્ટ ઝોન | ૨૧.૫૭ | ૪૧.૦૦ |
| ૨ | નોર્થ ઝોન | ૧૯.૧૧ | ૨૯.૬૫ |
| ૩ | વરાછા ઝોન–એ | ૨૧.૬૪ | ૪૩.૨૫ |
| ૪ | વરાછા ઝોન–બી | ૦૫.૭૨ | ૪૯.૪૬ |
| ૫ | સાઉથ–વેસ્ટ ઝોન | ૦૮.૧૯ | ૨૩.૦૦ |
| ૬ | સાઉથ–ઈસ્ટ ઝોન | ૩૩.૧૫ | ૦૪.૦૦ |
| ૭ | સાઉથ ઝોન–એ | ૨૮.૭૭ | ૦૮.૦૦ |
| ૮ | સાઉથ ઝોન–બી | ૧૯.૪૪ | ૧૪.૦૦ |
| ૯ | સેન્ટ્રલ ઝોન | ૧૧.૪૫ | ૨૦.૦૦ |
| ૧૦ | બ્રીજ સેલ | ૦૧.૨૩ | – |
| | કુલ.. | ૧૭૦.૨૭ | ૨૩૨.૩૬ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં..........
તા.૧૭/૦૭/૨૦૨૨

# સુરત મહાનગરપાલિકા

**પ્રેસનોટ**

## " વંદે ગુજરાત વિકાસ યાત્રા"

### તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા " **વંદે ગુજરાત વિકાસ યાત્રા**" નું આયોજન તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. આજરોજ સવારે સ્વામીનારાયણ મંદિર પાસે, પ્રેમવતી ઉપહાર ગૃહ, સુરત સુધી ઉત્સાહપૂર્વક પ્રભાતફેરી કરવામાં આવી. ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓ અને સ્થાનિક શહેરીજનોએ માનવ જીવનને નિરામય બનાવવાના હેતુસર યોગગુરૂના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમના સ્થળે યોગશિબિરમાં યોગાભ્યાસ કરી સ્વાસ્થ્યની જાળવણી  અંગે જાગૃતિ દાખવી હતી તથા લોકોના આરોગ્યની સુખાકારી  માટે સ્ક્રીનીંગથી સારવાર સુધીના મહાઅભિયાન હાથ ધરવામાં આવેલ છે. તેમજ ગાર્ડન વિભાગ ધ્વારા વૃક્ષારોપણ અને  વિનામૂલ્યે રોપાવિતરણ પણ રાખવામાં આવેલ છે.  વધુમાં " **વંદે ગુજરાત વિકાસ યાત્રા** " કાર્યક્રમમાં રથનું કુમકુમ તિલક તથા સામૈયું કરી માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાના અને માન. મ્યુ. સદસ્યશ્રીઓએ આ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. કાર્યક્રમના શુભારંભ પ્રસંગે  પ્રાર્થના, સ્વાગત અને સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવેલ.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન.ડે.મ્યુ.કમિશનરશ્રી ધર્મેશ મિસ્ત્રીએ જણાવ્યું કે ભારત દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થયાના અવસરે  સમગ્ર દેશમાં આઝાદીકા અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. જે ઉજવણીમાં ગુજરાત રાજ્ય "**વંદે ગુજરાત વિકાસ યાત્રા**" કાર્યક્રમ મારફત સહભાગી બન્યુ છે. વધુમાં સરકારશ્રીની છેલ્લા બે દાયકાની વિવિધ લોકકલ્યાણકારી વિવિધ  યોજનાઓ અને સિધ્ધીઓ વિશે જનજન માહિતગાર થાય આ યોજનાનો લાભ મેળવે તેના માટે"**વંદે ગુજરાત વિકાસ યાત્રા**" રથ એક માધ્યમ બન્યુ છે. વધુમાં આ રથમાં ગુજરાત સરકારશ્રીની છેલ્લા બે દાયકાની વિવિધ વિકાસલક્ષી બાબતો અને યોજનાઓ પ્રત્યક્ષ જાણીએ અને ગૌરવની લાગણી અનુભવીએ એમ જણાયેલ ત્યારબાદ વીસ વર્ષના વિકાસગાથાનું ગાન અને " **વંદે ગુજરાત વિકાસ યાત્રા** "  અંગેની ફિલ્મ, ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસ કાર્યોની પ્રતીતી કરાવતી માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વકતવ્યોની ટુંકી ફિલ્મ અને પી.એમ.જે.એ.વાય.–મા યોજનાની ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી. ત્યારબાદ ઔષધીય રોપાઓથી ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોએ રાંદેર ઝોન વિસ્તારના વિવિધ લોકાર્પણ/ખાતમુહૂર્તના વિકાસ કામની જાહેરાત કરી.

આ કાર્યક્રમ પ્રસંગે ઉદબોધન કરતા માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ જણાવ્યું કે" **વંદે ગુજરાત વિકાસ યાત્રા** " રથ છેલ્લા ૧૨ દિવસથી ફરી રહ્યો છે અને ગુજરાત રાજયના તમામ ગામડાઓ અને શહેર–નગરપાલિકાઓમાં સરકારશ્રીની વિવિધ યોજના–સિધ્ધીઓ જનજનને માહિતગાર કરી રહ્યો છે. અવિરત વિકાસકાર્યો થી સુરત શહેર બ્રિજ સિટી, ટેક્ષટાઈલ સિટી અને ડાયમંડસિટી તરીકે ખ્યાતનામ બન્યુ છે. નલ સે જલ યોજના મારફત સુરત મહાનગરપાલિકા ધ્વારા ઘર ઘર સુધી પીવા યોગ્ય શુધ્ધ પાણી પહોંચાડવામાં આવેલ છે. સમગ્ર વિશ્વનો સૌથી લાંબો B.R.T.S. કોરીડોર સુરત શહેરમાં છે. વધુમાં સુરત મહાનગરપાલિકા સંચાલિત શાળાઓ મારફત ધોરણ–૧૧ અને ૧૨ ના પણ શુભારંભ કરવામાં આવેલ છે. વધુમાં કન્યાઓને ધોરણ–૧૧ માં નિઃશુલ્ક શિક્ષણ આપવામાં આવે છે. આમ શિક્ષણક્ષેત્રે પણ સુરત શહેર અગ્રેસર છે. વધુમાં ગુજરાત સરકારની આ વિકાસયાત્રામાં  ઉપસ્થિત તમામ નગરજનો અન્ય જનજન સુધી પહોંચાડે એવો અનુરોધ કરેલ.

ત્યારબાદ ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવોએ વૃક્ષારોપણ કરી પી.એમ.જે.એ.વાય.મા યોજનાઓ સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સર્ટીફિકેટ તથા કીટ વિતરણ કરવામાં આવેલ. તેમજ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં માન. મ્યુ. સદસ્યશ્રીઓ, મ્યુ. અધિકારીશ્રીઓ, લાભાર્થીઓ તથા સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહયા હતા.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૧૭૬, તા.૧૮/૦૭/૨૦૨૨**




વંદે ગુજરાત
વિકાસ યાત્રા
તારીખ : ૧૮ જુલાઈ ૨૦૨૨
સમય : સવારે ૯.૩૦ કલાકથી ૧૧.૩૦ કલાક
અડાજણ, સુરત.

**પ્રેસનોટ**

**વી.બી.ડી.સી.વિભાગ**

**નોર્થઝોન (કતારગામ)**

**સુરત મહાનગરપાલિકા,સુરત.**

નોર્થઝોન (કતારગામ) વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ભારે વરસાદનાં કારણે કોસાડ યુનિટમાં આવેલ અંજની ઈન્ડસ્ટ્રી વિસ્તારમાં થયેલ પાણી ભરાવામાં વધારાની ટીમો મુકી આસી.જંતુનાશક અધિકારીશ્રીની સીધી દેખરેખ હેઠળ વી.બી.ડી.સી.વિભાગનાં ૬ મદદનિશ આરોગ્ય નિરીક્ષક તેમજ ૨૬ પ્રાયમરી હેલ્થ વર્કરની ટીમ બનાવી અંજની ઈન્ડસ્ટ્રીઝમાં તા.૧૬/૦૭/૨૦૨૨ થી તા.૧૮/૦૭/૨૦૨૨ દિન–૩ સુધી માસ સર્વેલન્સની કામગીરી કરાવવામાં આવેલ છે. જેમાં કુલ ૨૨૧ કારખાનાનો સર્વે કરી કુલ ૫૯૨૩ બ્રીડીંગ સ્પોટ ચેક કરવામાં આવ્યા જેમાંથી એનોફીલીસ ૭૭, એડીસ ૨૨,ક્યુલેક્ષ ૧૮ અને મિશ્ર ૧૨ આમ કુલ ૧૨૯ મચ્છરનાં બ્રીડીંગ મળી આવેલ હતા જેનો સ્થળ પર જ નાશ કરવામાં આવેલ હતો. આ ઉપરાંત ન્યુસન્સ કરતા કુલ ૦૭ ઈસમો પાસેથી કુલ ૮૫૦૦/–રૂા વહીવટી ખર્ચ વસુલવામાં આવ્યો હતો,અને ૧૮૮ પડતર કન્ટેનરનો નિકાલ કરવામા આવેલ હતો. ૫૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ હતી. તેમજ તાવનાં ૨૮ કેસ મળી આવેલ હતા. કુલ ૧૦૬૦ લોકોનાં મેલેરીયા નાં પરીક્ષણ માટે લોહીનાં નમુનાં લેવામાં આવેલ હતા.

તેમજ ૦૭ એન્ટીલાર્વલ સુપરવાઈઝર તેમજ ૩૫ બેલદારોની ટીમ બનાવી કુલ ૧૦૬૮ ખુલ્લા પ્લોટોનો સર્વે કરી માઈનોર એન્જીનીયરીંગ વર્ક કરી વરસાદી પાણી ભરેલ ખુલ્લા પ્લોટોમાંથી પાણીનો નિકાલ કરી જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નંબર :– ૧૭૭**
**તા.૧૮/૦૭/૨૦૨૨**

## પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોનમાં કરવામાં આવતી રસ્તા રીપેરીંગની કામગીરી અંતર્ગત આજરોજ નીચે મુજબના પરિશિષ્ટ મુજબ **કુલ ૩૪૫.૮૧ મે.ટન** બીટયુમીનસ મટીરીયલનો અને **કુલ ૨૩૧.૦૩ મે.ટન** જી.એસ.બી./છારૂ વિગેરે મટીરીયલનો ઉપયોગ કરી **કુલ ૧૦૫** રસ્તાઓ પર **અંદાજે ૬૭૧૬.૫૦ ચો.મી.** વિસ્તારમાં રસ્તા રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. વધુમાં, રસ્તા રીપેરીંગની કામગીરી નિયમિતપણે તમામ ઝોનમાં ચાલુ રહેશે.

### પરિશિષ્ટ

| અ.નં. | ઝોનનું નામ | બીટયુમીન મટીરીયલ પેચવર્ક(મે.ટન) | જી.એસ.બી. / છારૂ વિગેરે મટીરીયલ (મે.ટન) |
|---|---|---|---|
| ૧ | વેસ્ટ ઝોન | ૬૪.૪૩ | ૧૬.૦૦ |
| ૨ | નોર્થ ઝોન | ૩૮.૩૬ | ૨૨.૮૧ |
| ૩ | વરાછા ઝોન–એ | ૪૨.૨૬ | ૧૦.૯૨ |
| ૪ | વરાછા ઝોન–બી | ૨૭.૩૮ | ૫૯.૫૦ |
| ૫ | સાઉથ–વેસ્ટ ઝોન | ૫૩.૦૩ | ૩૭.૦૦ |
| ૬ | સાઉથ–ઈસ્ટ ઝોન | ૩૮.૨૬ | ૧૮.૦૦ |
| ૭ | સાઉથ ઝોન–એ | ૩૦.૫૯ | ૧૮.૦૦ |
| ૮ | સાઉથ ઝોન–બી | ૧૮.૫૫ | ૨૦.૦૦ |
| ૯ | સેન્ટ્રલ ઝોન | ૩૦.૫૧ | ૨૮.૮૦ |
| ૧૦ | બ્રીજ સેલ | ૨.૪૪ | - |
| | કુલ.. | ૩૪૫.૮૧ | ૨૩૧.૦૩ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૧૨૮
તા.૧૮/૦૭/૨૦૨૨

# સુરત મહાનગરપાલિકા

**તા.૧૮/૦૭/૨૦૨૨**

સુરત મહાનગરપાલિકામાં કોવીડ–૧૯ રસીકરણ અભિયાન અંતર્ગત આવતી કાલે તા.૧૯/૦૭/૨૦૨૨ ના રોજ તમામ રસીકરણ કેન્દ્રોની કામગીરી બંધ રહેશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**આરોગ્ય વિભાગ**
**સુરત મહાનગરપાલિકા**

## સુરત મહાનગરપાલિકા

**પ્રેસનોટ**

## " વંદે ગુજરાત વિકાસ યાત્રા"

**તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨**

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા **" વંદે ગુજરાત વિકાસ યાત્રા"** નું આયોજન તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. આજરોજ " વંદે ગુજરાત વિકાસ યાત્રા "કાર્યક્રમ સંદર્ભે છત્રપતિ શિવાજી ક્રિકેટ સ્ટેડિયમ, સોનલ વોર્ડ ઓફિસની પાછળ, વિજયાનગર, સુરત ખાતે રાખવામાં આવેલ. જેમાં " વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથને કુમકુમ તિલક તથા સામૈયુ કરી માન. અધ્યક્ષ જાહેર બાંધકામ સમિતિ શ્રીમતી રોહિણીબેન પાટીલ, માન. અધ્યક્ષ સમાજકલ્યાણ, આનંદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ શ્રીમતી પુર્ણિમાબેન દાવલે અને માન. મ્યુ. સદસ્યશ્રીઓએ શુભારંભ કરાવ્યો હતો. માન. મ્યુ. સદસ્યશ્રીઓએ આ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. કાર્યક્રમના શુભારંભ પ્રસંગે પ્રાર્થના, સ્વાગત અને સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવેલ. આ કાર્યક્રમ પ્રસંગે ઔષધીય રોપાઓથી ઉપસ્થિત મંચસ્થ મહાનુભવોનું સ્વાગત કરવામાં આવેલ.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન. મ્યુ. સદસ્ય ડૉ. બળવંતભાઈ પટેલે જણાવ્યું કે માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબ જયારથી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા ત્યારથી ગુજરાત રાજયમાં વૈવિધ્યસભર વિકાસલક્ષી કામોએ હરણફાળ ભરી છે. સને ૨૦૦૨ થી ૨૦૨૨ દરમ્યાન થયેલ અવિરત વિકાસકાર્યોની હારમાળા બની છે. ગુજરાતમાં આરોગ્ય, શિક્ષણ જેવા અનેક ક્ષેત્રોમાં સર્વાંગી વિકાસ કરવામાં આવ્યો છે. વધુમાં સુરત શહેરમાં પાણી, ડ્રેનેજ સહિતની વિવિધ સુવિધા ખુબ જ સુદ્દઢ છે. વધુમાં તેમણે સુરત શહેરમાં સર્વાંગી વિકાસ કરવામાં સહભાગી એવા સુરત મહાનગરપાલિકાના કર્મવીરોનો અભિનંદન પાઠવ્યા હતા. ત્યારબાદ વીસ વર્ષના વિકાસગાથાનું ગાન અને **" વંદે ગુજરાત વિકાસ યાત્રા "** અંગેની ફિલ્મ, ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસ કાર્યોની પ્રતીતી કરાવતી માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વકતવ્યોની ટૂંકી ફિલ્મ અને પી.એમ.જે.એ.વાય.– મા યોજનાની ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોએ ઉધના ઝોન વિસ્તારના વિવિધ લોકાર્પણ/ખાતમુહૂર્તના વિકાસ કામની જાહેરાત કરી.

આ કાર્યક્રમ પ્રસંગે ઉદબોધન કરતા માન. મ્યુ. સદસ્ય શ્રી સોમનાથભાઈ મરાઠેએ જણાવ્યું કે સુરત શહેરમાં શિક્ષણક્ષેત્રે અવિરત વિકાસ થયો છે. વર્તમાન સમયમાં શહેરમાં અંદાજિત ૧૦૦૯ આંગણવાડી અને અંદાજિત ૩૨૯ જેટલી શાળાઓ છે. સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળા મારફત ધોરણ ૧ થી ૮નું શિક્ષણ તેમજ સુમન શાળા મારફત ધોરણ ૯ થી ૧૦ અને ધોરણ ૧૧ અને ૧૨નો પણ પ્રારંભ કરવામાં આવેલ છે. સમગ્ર ગુજરાત રાજયમાં છેલ્લા બે દાયકા દરમ્યાન ૧૮,૦૦૦ ગામડાઓમાં વિજળીની સુવિધા પુરી પાડવામાં આવી છે. નર્મદા નદીના નીર કચ્છ–સોરાષ્ટ્ર સુધી પહોચાડવાનું ભગીરથ કાર્ય ગુજરાત સરકાર ધ્વારા કરવામાં આવેલ છે. વધુમાં તેમણે ગુજરાત સરકારશ્રીની વિવિધ વિકાસલક્ષી બાબતો ઉપસ્થિત શહેરીજનો ઘર ઘર સુધી પહોંચાડે એવો અનુરોધ કરેલ.

ત્યારબાદ ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો ધ્વારા પી.એમ.જે.એ.વાય.– મા યોજનાઓ સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સર્ટીફિકેટ તથા કીટ વિતરણ કરવામાં આવેલ. મહાનુભાવોના વરદહસ્તે વૃક્ષારોપણ કરવામાં આવેલ તેમજ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં માન. નેતા, શાસક પક્ષ શ્રી અમિતસિંગ રાજપૂત, માન. મ્યુ. સદસ્યશ્રીઓ,મ્યુ. અધિકારીશ્રીઓ, લાભાર્થીઓ, પત્રકારમિત્રો તથા સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહયા હતા.

**જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી, સાદર સમાચાર યાદી નં.૧૮૦, તા.૧૮/૦૭/૨૦૨૨**


વંદે ગુજરાત
વિકાસ યાત્રા



# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

## " વંદે ગુજરાત વિકાસ યાત્રા"

## તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા " **વંદે ગુજરાત વિકાસ યાત્રા**" નું આયોજન તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. આજરોજ સવારે ભેસ્તાન બી.આર.ટી.એસ. કોમ્યુનિટી હોલ, બી.આર.ટી.એસ. વર્કશોપની પાસે, ભેસ્તાન, સુરત સુધી ઉત્સાહપૂર્વક પ્રભાતફેરી કરવામાં આવી. ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓ અને સ્થાનિક શહેરીજનોએ માનવ જીવનને નિરામય બનાવવાના હેતુસર યોગગુરૂના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમના સ્થળે યોગશિબિરમાં યોગાભ્યાસ કરી સ્વાસ્થ્યની જાળવણી  અંગે જાગૃતિ દાખવી હતી તથા લોકોના આરોગ્યની સુખાકારી માટે સ્ક્રીનીંગથી સારવાર સુધીના મહાઅભિયાન હાથ ધરવામાં આવેલ છે. તેમજ ગાર્ડન વિભાગ ધ્વારા વૃક્ષારોપણ અને વિનામુલ્યે રોપાવિતરણ પણ રાખવામાં આવેલ છે.

વધુમાં " **વંદે ગુજરાત વિકાસ યાત્રા** " કાર્યક્રમમાં રથનું કુમકુમ તિલક તથા સામૈયું કરી માન. ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ, માન. નેતા, શાસક પક્ષ શ્રી અમિતસિંગ રાજપુત, માન. અધ્યક્ષ. નગર નિયોજન સમિતિ શ્રી કનૈયાલાલ પટેલ અને માન. મ્યુ. સદસ્યશ્રીઓએ આ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. કાર્યક્રમના શુભારંભ પ્રસંગે  પ્રાર્થના, સ્વાગત અને સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવેલ. આ કાર્યક્રમ પ્રસંગે  ઔષધીય રોપાઓથી ઉપસ્થિત મંચસ્થ મહાનુભવોનું સ્વાગત કરવામાં આવેલ.

માન. અધ્યક્ષ નગર નિયોજન સમિતિ શ્રી કનૈયાલાલ પટેલે સ્વાગત પ્રવચનમાં જણાવ્યુ કે છેલ્લા બે દાયકા દરમ્યાન ગુજરાત સરકારશ્રી ધ્વારા કરેલ  વિવિધ વિકાસકાર્યોની પ્રતિતિ કરાવતા "**વંદે ગુજરાત વિકાસયાત્રા**" કાર્યક્રમમાં પ્રત્યક્ષ ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો અને શહેરીજનોનો આભાર વ્યકત કર્યો હતો. ત્યારબાદ વીસ વર્ષના વિકાસગાથાનું ગાન અને "**વંદે ગુજરાત વિકાસ યાત્રા**"  અંગેની ફિલ્મ, ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસ કાર્યોની પ્રતીતી કરાવતી માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વકતવ્યોની ટૂંકી ફિલ્મ અને પી.એમ.જે.એ.વાય.– મા યોજનાની ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોએ ઉધના ઝોન વિસ્તારના વિવિધ લોકાર્પણ/ખાતમુહૂર્તના વિકાસ કામની જાહેરાત કરી.

આ કાર્યક્રમ પ્રસંગે ઉદ્દબોધન કરતા માન. ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલે જણાવ્યું કે સમગ્ર ગુજરાતમાં ૮ મહાનગરપાલિકાઓ અને ૩૩ જિલ્લાઓમાં ૮૨ રથ, ૨૫૦૦થી વધુ કાર્યક્રમો અને ૨૫,૦૦૦થી વધુ નવા વિકાસકાર્યોની જાહેરાત "**વંદે ગુજરાત વિકાસયાત્રા**" કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવી રહી છે. ગુજરાત રાજયના અવિરત વિકાસ તથા લોકોના સહિયારો  પ્રયાસ થકી  વિદ્યાર્થીઓનો નામાકંન રેસીયો વધ્યો અને ડ્રોપ આઉટ રેસીયો ઘટયો છે. સમગ્ર ગુજરાત રાજયમાં જયોતિ ગ્રામ યોજના મારફત ૧૮,૦૦૦ ગામોમા વિજળીની સુવિધા પુરી પાડવામાં આવી છે. વધુમાં તેમણે "વિધવા પેન્શન સહાય" યોજના વિશે સંક્ષિપ્ત માહિતી આપી હતી.

ત્યારબાદ ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો ધ્વારા પી.એમ.જે.એ.વાય.– મા યોજનાઓ સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સર્ટીફિકેટ તથા કીટ વિતરણ કરવામાં આવેલ. આ કાર્યક્રમના અંતે મંચસ્થ મહાનુભાવોએ "**વંદે ગુજરાત વિકાસયાત્રા**" રથનું પ્રસ્થાન કરાવેલ. આ કાર્યક્રમમાં મ્યુ. અધિકારીશ્રીઓ, લાભાર્થીઓ, પત્રકારમિત્રો તથા સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહયા હતા.

**જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી, સાદર સમાચાર યાદી નં.૧૮૧, તા.૧૯/૦૭/૨૦૨૨**


વંદે
ગુજરાત
તારીખ : ૧૯ જુલાઈ ૨૦૨૨


વંદે
વિકાસ

## :: પ્રેસનોટ ::

### ''સુરત મહાનગરપાલિકા આયોજીત વર્ષાગીત સ્પર્ધા''

વિષય : આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૮/૦૭/૨૦૨૨ના રોજ પરફોર્મિંગ આર્ટ સેન્ટર–ઓડિટોરીયમ, અડાજણ, સુરત ખાતે આયોજીત વર્ષાગીત સ્પર્ધા

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષાના આગમનને વધાવવા તા.૨૮/૦૭/૨૦૨૨ને ગુરૂવારના રોજ **સવારે ૧૦.૦૦ કલાકે માધ્યમિક વિભાગ**ની અને બપોરે **૧૨.૦૦ કલાકે પ્રાથમિક વિભાગ**ની વર્ષાગીત સ્પર્ધાનું આયોજન **પરફોર્મિંગ આર્ટ સેન્ટર–ઓડિટોરીયમ, એલ.પી.સવાણી, અડાજણ, સુરત** ખાતે કરવામાં આવેલ છે. વર્ષાગીત સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારમાં આવેલ પ્રાથમિક અને માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતેથી તથા સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પરથી મેળવી ભરેલા **<u>પ્રવેશપત્રો તા.૨૫/૦૭/૨૦૨૨</u>** સુધીમાં ઓફિસ સમય દરમ્યાન પરત કરવાના રહેશે. આ સ્પર્ધાના પ્રવેશપત્રો શાળા મારફત જ સાંસ્કૃતિક વિભાગમાં મોકલવાના રહેશે. સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news તથા mysurat.in પરથી સ્પર્ધાની પ્રેસનોટ, પ્રવેશ ફોર્મ અને નિયમો મળી શકશે.

સમાચારયાદી નં.૧૮૨, તા.૧૯/૦૭/૨૦૨૨, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

**પ્રેસનોટ**

**નોર્થઝોન (કતારગામ)**

**સુરત મહાનગરપાલિકા,સુરત.**

મે.ડે.કમિશ્નર (હે.એન્ડ હો.)શ્રી ની સુચના મુજબ નોર્થઝોન(કતારગામ) ખાતેનાં વી.બી.ડી.સી વિભાગનાં નેતૃત્વ હેઠળ ૦૬ સેનેટરી સબ ઈન્સ્પેકટર, ૫૩ પ્રા.હે.વ, ૯૪ બેલદારો તથા ૪૪ સર્વલન્સ વર્કર ની ટીમ ધ્વારા તા–૧૯/૦૭/૨૦૨૨નાં રોજ નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં આવેલ નહેરૂનગર, રહેમતનગર, ત્રિલોક સોસાયટી, સ્મૃતિ સોસાયટી, ખડી મહોલ્લો, પારેખ વાડી, દિવ્યજયોત ફ્લેટસ, રેલ રાહત કોલોની, આદર્શનગર–બી, વીજયનગર, બી.કે.હોમ્સ, અંજની ઈન્ડસ્ટ્રીઝ વિભાગ–૩ થી ૮, આવાસ એચ–૧,૨, કુબેરનગર–૧,૨, ગાયત્રીનગર–૧, જે.કે.પી.નગર, કંતેશ્વર સોસા., ભુલાભાઈ દેસાઈ પાર્ક, લક્ષ્મીકાંત સોસાયટીના સદર વિસ્તારમાં આવેલ અંદાજિત કુલ ૫૮૪૪ ઘરોમાં સર્વે કરી કુલ ૧૪૦૬૫ બ્રીડીંગ સ્પોટ ચેક કરવામાં આવ્યા જે પૈકી ૪૦૧૪ કન્ટેનરોમાં અબેટ ટ્રીટમેન્ટ આપવામાં આવેલ છે, ૫૦૬ સ્લાઈડ લેવામાં આવેલ છે. તથા ૪૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. સદર સોસાયટીઓમાં ઈન્ટ્રા ડોમેસ્ટીક સર્વેની કામગીરી દરમ્યાન એનોફીલીસ ૪૫, એડીસ ૫૯,અને મિશ્ર ૦૧ આમ કુલ ૧૦૫ મચ્છરનાં બ્રીડીંગ મળી આવેલ હતા જેનો સ્થળ પર જ નાશ કરવામાં આવેલ હતો.

વધુમાં વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગનાં કાર્યક્ષેત્ર હેઠળનાં વિસ્તારમાં આવેલ બાંધકામમાંથી બ્રિડીંગ સ્પોટ શોધવાની ઘનિષ્ટ કામગીરી કરવામાં આવી. જેમાં કુલ ૧૬ બાંધકામોની લીફ્ટ કુંડી,બાથરૂમની કુંડીઓ,સ્લેબ ઉપર રહેલ પાણી,કમ્પાઉન્ડમાં ભરાયેલ પાણી,ડ્રમ, અને ટાંકીઓ મળી કુલ ૮૦૪ બ્રિડીંગ સ્પોટ ચેક કરવામાં આવેલ હતા. જેમાં ૨૮ સ્પોટમાંથી મચ્છરની ઉત્પતિ મળી આવેલ હતા. જેમાંથી વિનસ હાઈટસ, કતારગામનાં બાંધકામને ૫,૦૦૦ રૂા. દંડ, શ્રી પેલેસ,કતારગામને ૫૦૦૦ દંડ, ગાયત્રી એસ્ટેટ,વસ્તાદેવડી રોડને ૫૧૦૦ રૂા.દંડ, સનસીટી રેસીડેન્સી–અમરોલીને ૫૦૦૦ રૂા.દંડ, ૪૫/૪૬,રંગલક્ષ્મી સોસાયટી–અમરોલીને ૫૦૦૦ રૂા દંડ, શ્રીહરી કોર્પોરેશન–આર્શીવાદ હાઈટસને–૫૦૦૦ રૂા.દંડ, પ્લોટ નં.૧૮/૧૯ અંજની ઈન્ડસ્ટ્રીઝ વી.૪ ને ૧૦૦૦ રૂા.દંડ, પ્લોટ નં.૨૨ થી ૨૪ અંજની ઈન્ડસ્ટ્રીઝ વી.૪ ને ૧૫૦૦ રૂા.દંડ, દેવ રેસીડેન્સી– સિંગણપોરને ૫૦૦૦ રૂા. દંડ, પ્લોટ નં.એ/૨૧ શ્યામધામ રેસી.–સિંગણપોરને ૧૭૦૦ રૂા.દંડ આમ કુલ ૧૦ ઈસમો પાસેથી ૩૯૩૦૦/– રૂા. વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો તથા તમામ બાંધકામ ઓર્ગેનાઈઝરને તેમના બાંધકામના મચ્છર ઉત્પતિ સ્થાન અંગે સજાગ કરી તેમને તે બાબતે કાળજી લેવા માટે સમજાવવામાં આવ્યું.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નંબર :–૧૮૩
તા. ૧૯/૦૭/૨૦૨૨

# <u>પ્રેસનોટ</u>

## <u>સુરત મહાનગર પાલિકા નાં વેસ્ટઝોન ના કાર્યક્ષેત્ર વિસ્તારમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિનાં રોકથામ માટે ડેંગ્યુ–મેલેરીયા મુકત ગુજરાત વર્ષ–૨૦૨૨ અભિયાન અંતર્ગત આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી :–</u>

હાલમાં ચોમાસાની ઋતુને ધ્યાને લઈને મચ્છરજન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ રહે તે મુજબ કાર્યવાહી હાથ ધરવા વેસ્ટઝોન (રાંદેર)ના ડે.કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ તેમજ ડે.કમિશ્નરશ્રી હેલ્થ અને હોસ્પિટલની મિટિંગમાં આપવામાં આવેલ સૂચના મુજબ મેલેરીયા મુકત ગુજરાત વર્ષ–૨૦૨૨ અભિયાન અંતર્ગત સુરતને મેલેરીયા મુકત કરવા મચ્છર ઉત્પતિ અને મેલેરીયા, ડેંગ્યુ અને ચીકુનગુનિયા રોગ અટકાયત અંગે જાગૃતિ આવે તે માટે વેસ્ટઝોન (રાંદેર) કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ બાંધકામો ની વિવિધ પ્રિમાઈસીસમાં મોન્સુનની કામગીરી દરમ્યાન એન્ટી–લાર્વલની કામગીરીનું ક્રોસ ચેકીંગ કરતાં બાંધકામો માંથી મચ્છરના ઉત્પતિ સ્થાનો મળતાં નીચે જણાવેલ ઈસમો પાસેથી વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવેલ છે.

અડાજણ વિસ્તારમાં આવેલ બાંધકામ (૧) સંગીત ઈમ્પીરીયા રૂા.૩,૦૦૦ (૨) એ.આર.ડેવલોપર્સ રૂા.૫,૦૦૦ (૩) લાઈફ સ્ટાઈલ એસોસેશીયન રૂા.૫,૦૦૦ (૪) બાનુ ઈબ્રાહીમ ગ્રુપ રૂા.૫,૦૦૦ માંથી એમ મળી કુલ–રૂા.૧૮,૦૦૦/– , પાલ વિસ્તારમાં આવેલ બાંધકામ (૧) મધુવન સર્કલ પાસે આવેલ બાંધકામમાંથી રૂા.૧૦,૦૦૦ (૨) પ્રથમ ગણેશા પાસે આવેલ બાંધકામમાંથી રૂા.૧૦,૦૦૦ (૩) સ્ટાર બજારની સામે આવેલ બાંધકામમાંથી રૂા.૫,૦૦૦ માંથી એમ મળી રૂા.૨૫,૦૦૦/–, પાલનપુર વિસ્તારમાં આવેલ બાંધકામ (૧) જકાતનાકા પાસે આવેલ બાંધકામમાંથી રૂા.૫,૦૦૦ (૨) હનીપાર્ક રોડ પર આવેલ બાંધકામોમાંથી રૂા.૬,૦૦૦ એમ મળી કુલ–રૂા.૧૧,૦૦૦/– , પાલણપોરગામ ગૌરવપથ વિસ્તારમાં ટી.પી.–૧૦માં આવેલ બાંધકામમાંથી રૂા.૫,૦૦૦, રાંદેર વિસ્તારમાં આવેલ બાંધકામ (૧) માધવ પ્લેટીના રૂા.૫,૦૦૦ (૨) વિટોરીયા હાઈટસ રૂા.૪,૦૦૦ (૩) અર્થ પ્લાઝા રૂા.૨,૦૦૦ (૪) આનંદ એવન્ય રૂા.૫,૦૦૦ (૫) ઓર્ચિડ ફેન્ટાસીયા રૂા.૫,૦૦૦ માંથી એમ મળી કુલ–૨૧,૦૦૦/– અને ઈચ્છાપોર ખાતે આવેલ બાંધકામોમાંથી રૂા.૨,૫૦૦ જે બાંધકામો માંથી કુલ ૪૪૯ સર્વે કરેલ સ્પોટ માંથી કુલ–૨૦ જગ્યાએ બ્રિડીંગ મળતાં મળી આવેલ જે ખામી બાબતે કુલ–૧૫ ઈસમો પાસે થી કુલ – ૮૨,૫૦૦/– વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ.

આથી તમામ બાંધકામના ધારકોને વિસ્તારમાં જણાવવાનું કે તમારી માલિકી / ભોગવટા / કબ્જા હેઠળ આવેલ મિલકતોમાં વરસાદી પાણીનો ભરાવો ન થાય તે મુજબની કાર્યવાહી હાથ ધરી ઝોન ખાતેના વી.બી.ડી.સી. વિભાગને જાણ કરવા અનુરોધ કરવામાં આવે છે. અન્યથા જે– તે બાંધકામમાં સુરત મહાનગરપાલિકાના વી.બી.ડી.સી. વિભાગ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી બદલ વહીવટી વસૂલાત ખર્ચ વસૂલવા ઉપરાંત કબ્જા હેઠળ રાખવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેવી.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણ થી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, મનીપ્લાન્ટ, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્છરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગર સેવા સદન તરફથી
સાદર સમાચાર યાદી નં.૧૮૪
તા. ૧૯/૦૭/૨૦૨૨

SURAT MUNICIPAL CORPORATION FIT INDIA SWACHH SURVEKSHAN 2022

## પ્રેસનોટ

**સુરત મહાનગર પાલિકા નાં સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન ના વી.બી.ડી.સી.વિભાગ દ્વારા ઝોન વિસ્તારમાં "મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા" જેવા મચ્છર જન્ય રોગ અટકાયત અભિયાન અંર્તગત કન્ટ્રકશન સર્વે કરવામાં આવેલ સદર સર્વે દરમ્યાન કુલઃ– ૬૩ બાંધકામો સર્વે કરી ૨૨ મધ્છરનાં બ્રિડીગ શોધી કાઢવામાં આવેલ મળેલ ક્ષતિઓ બદલ ૨૩ ઈસમોને નોટીસ આપી કુલઃ– ૧,૪૨,૫૦૦/–( એક લાખ બેતાલીસ હજાર પાંચસો રૂપિયા) વસુલ લેવમાં આવેલ વહીવટી ખર્ચ બાબતની અખબારી યાદી :**

હાલની ચોમાસાની ઋતુને ધ્યાને રાખી સુરત શહેરમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ વકરે નહિં તે હેતુસર મે.ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) સુરત મહાનગરપાલિકાનાં માર્ગદર્શન હેઠળ સાઉથ–વેસ્ટ(અઠવા) ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારશ્રી અને આસી.જંતુનાશક અધિકારીશ્રી ની સીધી દેખરેખ હેઠળ વી.બી.ડી.સી વિભાગ ધ્વારા તાઃ–૧૫/૦૭/૨૦૨૨ નાં રોજ ઝોન વિસ્તારમાં આવેલ ૬૩ જેટલા બાંધકામોમાં સર્વેની કામગીરી કરવામાં આવેલ જેમાં ૨૨ જેટલા બાંધકામમાં મધ્છરનાં બ્રિડીગની ઉત્પતિ મળી આવેલ. સદર તમામ બાંધકામમાં **કુલઃ–૧,૪૨,૫૦૦/– (એક લાખ બેતાલીસ હજાર પાંચસો પુરા) વહીવટી ખર્ચ પેટે** વસુલ લેવામાં આવેલ તેમજ **૪૬ જેટલા બાંધકામનાં વહીવટકર્તા ને નોટીસ** આપવામાં આવેલ છે. આ સાથે વહિવટી ખર્ચ વસુલ લેવામાં આવેલ ઈસમોનુ લાઈન લીસ્ટ આ સાથે સામેલ છે.

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે તમારા રહેણાંક વિસ્તારમાં તેમજ બાંધકામના સ્થળોએ મચ્છર જન્ય પરિસ્થિતિ નિવારવા સુરત મહાનગર પાલિકા, વી.બી.ડી.સી.વિભાગનાં કર્મચારીઓ તરફથી આપવામાં આવતી સુચનાઓનું પાલન કરવા અને સંપૂર્ણ સહકાર આપવા માટે જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે. અન્યથા શહેરીજનો નાં આરોગ્યની સુખાકારીને ધ્યાને લઈને વધુમાં વધુ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે, તેની જાણ કરવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૧૮૫
તા. ૧૯/૦૭/૨૦૨૨

# <u>પ્રેસ નોટ</u>

સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોનમાં કરવામાં આવતી રસ્તા રીપેરીંગની કામગીરી અંતર્ગત આજરોજ નીચે મુજબના પરિશિષ્ટ મુજબ **કુલ ૬૦૭.૦૪ મે.ટન** જી.એસ.બી./છારૂ વિગેરે મટીરીયલનો ઉપયોગ કરી **કુલ ૧૨૮** રસ્તાઓ પર **અંદાજે ૬૬૦૧.૪૦ ચો.મી.** વિસ્તારમાં રસ્તા રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. વધુમાં, રસ્તા રીપેરીંગની કામગીરી નિયમિતપણે તમામ ઝોનમાં ચાલુ રહેશે.

## <u>પરિશિષ્ટ</u>

| અ.નં. | ઝોનનું નામ | જી.એસ.બી. / છારૂ વિગેરે મટીરીયલ (મે.ટન) |
|---|---|---|
| ૧ | વેસ્ટ ઝોન | ૫૬.૦૦ |
| ૨ | નોર્થ ઝોન | ૭૧.૮૧ |
| ૩ | વરાછા ઝોન–એ | ૭૦.૩૪ |
| ૪ | વરાછા ઝોન–બી | ૧૨૯.૨૪ |
| ૫ | સાઉથ–વેસ્ટ ઝોન | ૬૮.૮૧ |
| ૬ | સાઉથ–ઈસ્ટ ઝોન | ૫૨.૦૦ |
| ૭ | સાઉથ ઝોન–એ | ૩૪.૦૦ |
| ૮ | સાઉથ ઝોન–બી | ૫૫.૮૪ |
| ૯ | સેન્ટ્રલ ઝોન | ૬૯.૦૦ |
| ૧૦ | બ્રીજ સેલ | ૦.૦૦ |
| | કુલ.. | ૬૦૭.૦૪ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૧૮૬
તા.૧૯/૦૭/૨૦૨૨

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગર પાલિકા**<br>**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**<br>**અખબારી યાદી** | |

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે "ડેન્ગ્યુ–મેલેરીયા મુકત ગુજરાત વર્ષ–૨૦૨૨" અભિયાન અંતર્ગત તા.૧૯/૦૭/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ સઘન ઝુંબેશ:–

હાલમાં ચોમાસાની ઋતુને ધ્યાને લઈને મચ્છરજન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ રહે તે મુજબ કાર્યવાહી હાથ ધરવા ડે.કમિશ્નરશ્રી હેલ્થ અને હોસ્પિટલની મિટિંગમાં આપવામાં આવેલ સૂચના મુજબ મેલેરીયા મુકત ગુજરાત વર્ષ–૨૦૨૨ અભિયાન અંતર્ગત સુરતને મેલેરીયા મુકત કરવા મચ્છર ઉત્પતિ અને મેલેરીયા, ડેંગ્યુ અને ચિકુનગુનિયા રોગ અટકાયત અંગે જાગૃતિ આવે તે માટે સુરત શહેરનાં કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ બાંધકામો ની વિવિધ પ્રિમાઈસીસમાં મોન્સુનની કામગીરી દરમ્યાન એન્ટી–લાર્વલની કામગીરી દરમ્યાન બાંધકામો માંથી મચ્છરના ઉત્પતિ સ્થાનો મળતાં નીચે જણાવેલ ઈસમો પાસેથી વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવેલ છે.

–વેસ્ટ ઝોનમાં એ.આર.ડેર્વલોપર્સ ૫૦૦૦/–, લાઈફ સ્ટાઈલ એસોસેશીયન ૫૦૦૦/–, બાનુ ઈબ્રાહીમ ગ્રુપ ૫૦૦૦/–, માધવ પ્લેટીના ૫૦૦૦/–, વિટોરીયા હાઈટસ ૪૦૦૦/–, આનંદ એવન્યુ ૫૦૦૦/–, ઓર્ચિડ ફેન્ટાસીયા ૫૦૦૦/– વિગેરે જુદાં–જુદાં બાંધકામ માંથી કુલ ૪૪૯ સર્વે કરેલ સ્પોટ માંથી કુલ–૨૦ જગ્યાએ બ્રિડીંગ મળતાં મળી આવેલ જે ખામી બાબતે કુલ–૧૫ ઈસમો પાસે થી <u>કુલ – ૮૨,૫૦૦/–</u> વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ.

–સાઉથ–વેસ્ટ ઝોનમાં એનોવિ બિલ્ડીંગ, રોયલ પ્લેટેનિયમનું બાંધકામ, બી.એલ.ઈન્ફ્રા પ્રોજેક પા.લી., સ્વાગત કિલ્ફટોનનું બાંધકામ વિગેરે જુદાં–જુદાં ૬૩ બાંધકામ માંથી ૨૨ બાંધકામમાં મચ્છરોની ઉત્પતિ મળી આવેલ છે, જે ખામી બાબતે કુલ–૨૨ ઈસમો પાસે થી <u>કુલ – ૧,૪૨,૫૦૦/–</u> વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ.

–નોર્થ ઝોનમાં વિનસ હાઈટસ ૫૦૦૦/–, શ્રી પેલેસ ૫૦૦૦/–, ગાયત્રી એસ્ટેટ ૫૧૦૦/–, સનસીટી રેસીડેન્સી ૫૦૦૦/–, આશીવાદ હાઈટસ ૫૦૦૦/– વિગેરે જુદાં–જુદાં ૧૬ બાંધકામ માંથી કુલ ૮૦૪ સર્વે કરેલ સ્પોટ માંથી કુલ–૨૮ જગ્યાએ બ્રિડીંગ મળતાં મળી આવેલ જે ખામી બાબતે કુલ–૧૦ ઈસમો પાસે થી <u>કુલ – ૩૯,૩૦૦/–</u> વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ.

–ઈસ્ટ–એ ઝોનમાં બેલાઝીયો, મહંત રેસી.બાંધકામ, અવધ ટેક્ષ–૨, K2 બાંધકામ વિગેરે જુદાં–જુદાં ૩૦ બાંધકામમાં મચ્છરોની ઉત્પતિ મળી આવેલ છે, જે ખામી બાબતે કુલ–૩૦ ઈસમો પાસે થી <u>કુલ – ૬૮,૫૦૦/–</u> વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ.

–સેન્ટ્રલ ઝોનમાં કોળીવાડ રૂદરપુરા, વલ્લભજીવનની ચાલ, મોટી શેરી, ગુમ્બજવાલી મસ્જિદ પાસે બાંધકામ વિગેરે જુદાં–જુદાં ૦૬ બાંધકામમાં મચ્છરોની ઉત્પતિ મળી આવેલ છે, જે ખામી બાબતે <u>કુલ – ૮,૪૦૦/–</u> વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ.

–સાઉથ–એ ઝોનમાં શિવ શકિત કોપોરેશન ૨૫૦૦૦/–, પાયોનીયર ડ્રીમ્સ ૩૦૦૦/–, નવચેતન ડીટરજન્ટ ૪૦૦૦/– વિગેરે જુદાં–જુદાં પર બાંધકામ માંથી ૨૮ બાંધકામ માં કુલ ૪૩૮ સર્વે કરેલ સ્પોટ માંથી કુલ–૬૯ જગ્યાએ બ્રિડીંગ મળતાં મળી આવેલ જે ખામી બાબતે કુલ–૧૨ ઈસમોને નોટીસ આપી <u>કુલ – ૯૨,૫૦૦/–</u> વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ.

–સાઉથ–બી ઝોનમાં વર્ણીરાજ હાઈટસ ૯૦૦૦/–, સાંઈભૂપત સોસાયટી ૫૦૦૦/–, શિવ શકિત સોસાયટી ૫૦૦૦/– વિગેરે જુદાં–જુદાં ૩૯ બાંધકામ માંથી ૩૨ બાંધકામ માં કુલ ૩૮૮ સર્વે કરેલ સ્પોટ માંથી કુલ–૩૨ જગ્યાએ બ્રિડીગ મળતાં મળી આવેલ જે ખામી બાબતે કુલ–૦૯ ઈસમોને નોટીસ આપી <u>કુલ – ૫૧,૦૦૦/–</u> વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ.

–સાઉથ–ઈસ્ટ ઝોનમાં નિધિ ટેક્ષટાઈલ ૧૦૦૦૦/–, શ્રી કિષ્ના કોર્પોરેશન ૧૦૦૦૦/–, નિલકંઠ એન્ટરપ્રાઈઝ ૫૦૦૦/–, સકેત ટેક્ષટાઈલ માર્કેટ ૫૦૦૦/– વિગેરે જુદાં–જુદાં ૨૧ બાંધકામ માંથી બ્રિડીગ મળી આવતા, જે ખામી બાબતે કુલ–૦૬ ઈસમોને નોટીસ આપી <u>કુલ – ૮૪,૫૦૦/–</u> વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ.

–ઈસ્ટ–બી ઝોનમાં જય ડેવલપર્સ ૧૦૦૦૦/–, મારુતી રો હાઉસ ૪૦૦૦/– વિગેરે જુદાં–જુદાં ૨૭ બાંધકામ માંથી બ્રિડીગ મળતાં મળી આવેલ જે ખામી બાબતે કુલ–૦૯ ઈસમોને નોટીસ આપી <u>કુલ – ૧૪,૫૦૦/–</u> વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ.

વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૧૯/૦૭/૨૦૨૨ ના રોજ **<u>૨૩૦</u>** બાંધકામ માંથી ખામી બાબતે કુલ–**<u>૧૩૫</u>** ઈસમોને નોટીસ આપી **<u>કુલ – ૫,૮૩,૭૦૦/–</u>** વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણ થી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, મનીપ્લાન્ટ, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્છરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

**"મેલેરીયા,ડેંગ્યુ અને ચિકુનગુનિયા નિયંત્રણ આપણા સૌની સામૂહિક જવાબદારી છે."**

જનસંપર્ક વિભાગ
સમાચાર યાદી નં.૧૮૭
તા. ૧૯–૦૭–૨૦૨૨

# સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા દ્વારા કોવીડ-૧૯ રસીકરણ અભિયાન અંતર્ગત આવતી કાલ તા.૨૦/૦૭/૨૦૨૨ બુધવારના રોજ **નીચે દર્શાવેલ રસીકરણ કેન્દ્રો પરથી રસીકરણની કામગીરી કરવામાં આવશે.** જેનો સમય સવારે ૯.૦૦ થી સાંજે ૫.૦૦ કલાક સુધીનો રહેશે.

**નોંધ** ::- પ્રીકોસન ડોઝ લેનારા નાગરિકોને પ્રથમ અને બીજા ડોઝ માટે જે રસી લીધી હશે તે જ રસીનો પ્રીકોસન ડોઝ બીજો ડોઝ લીધાને ૬ મહિના (૨૬ અઠવાડિયા)પુર્ણ થયે આપવામા આવશે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| **ઈસ્ટ ઝોન-એ (વરાછા)** | | | | | |
| **કોવીશીલ્ડ, કોવેક્સીન અને કોર્બેવેક્ષ રસીકરણ કેન્દ્ર** | | | | | |
| ૧ | કરંજ અર્બન હેલ્થ સેન્ટર | ૪ | ફુલપાડા અર્બન હેલ્થ સેન્ટર | ૬ | પુણા અર્બન હેલ્થ સેન્ટર |
| ૨ | વરાછા અર્બન હેલ્થ સેન્ટર | ૫ | હીરાબાગ અર્બન હેલ્થ સેન્ટર | ૭ | સણીયા હેમાદ અર્બન હેલ્થ સેન્ટર |
| ૩ | મગોબ અર્બન હેલ્થ સેન્ટર | | | | |
| **ઈસ્ટ ઝોન-બી (સરથાણા)** | | | | | |
| **કોવીશીલ્ડ, કોવેક્સીન અને કોર્બેવેક્ષ રસીકરણ કેન્દ્ર** | | | | | |
| ૧ | મોટાવરાછા અર્બન હેલ્થ સેન્ટર | ૪ | પુણા-સીમાડા અર્બન હેલ્થ સેન્ટર | ૬ | સરથાણા અર્બન હેલ્થ સેન્ટર |
| ૨ | નાનાવરાછા અર્બન હેલ્થ સેન્ટર | ૫ | કઠોદરા અર્બન હેલ્થ સેન્ટર | ૭ | પાસોદરા અર્બન હેલ્થ સેન્ટર |
| ૩ | ઉત્રાણ અર્બન હેલ્થ સેન્ટર | | | | |
| **સાઉથ ઝોન-એ (ઉધના)** | | | | | |
| **કોવીશીલ્ડ, કોવેક્સીન અને કોર્બેવેક્ષ રસીકરણ કેન્દ્ર** | | | | | |
| ૧ | પાંડેસરા અર્બન હેલ્થ સેન્ટર | ૩ | ઉધના અર્બન હેલ્થ સેન્ટર | ૬ | ભેસ્તાન અર્બન હેલ્થ સેન્ટર |
| ૨ | બમરોલી અર્બન કોમ્યુનીટી હેલ્થ સેન્ટર | ૪ | વડોદ અર્બન હેલ્થ સેન્ટર | ૭ | વિજયાનગર અર્બન હેલ્થ સેન્ટર |
| | | ૫ | ઉન અર્બન હેલ્થ સેન્ટર | | |
| **સાઉથ ઝોન-બી (કનકપુર)** | | | | | |
| **કોવીશીલ્ડ, કોવેક્સીન અને કોર્બેવેક્ષ રસીકરણ કેન્દ્ર** | | | | | |
| ૧ | કનકપુર અર્બન હેલ્થ સેન્ટર | ૩ | પારડી કણદે અર્બન હેલ્થ સેન્ટર | ૫ | કનસાડ અર્બન હેલ્થ સેન્ટર |
| ૨ | ઉન ગામ અર્બન હેલ્થ સેન્ટર | ૪ | તલંગપૂર અર્બન હેલ્થ સેન્ટર | | |
| **નોર્થ ઝોન (કતારગામ)** | | | | | |
| **કોવીશીલ્ડ, કોવેક્સીન અને કોર્બેવેક્ષ રસીકરણ કેન્દ્ર** | | | | | |
| ૧ | કતારગામ અર્બન હેલ્થ સેન્ટર | ૩ | છાપરાભાઠા અર્બન હેલ્થ સેન્ટર | ૫ | સિંગણપોર અર્બન હેલ્થ સેન્ટર |
| ૨ | કોસાડ અર્બન હેલ્થ સેન્ટર | ૪ | વેડ રોડ અર્બન હેલ્થ સેન્ટર | | |
| **સાઉથ વેસ્ટ ઝોન (અઠવા)** | | | | | |
| **કોવીશીલ્ડ, કોવેક્સીન અને કોર્બેવેક્ષ રસીકરણ કેન્દ્ર** | | | | | |
| ૧ | અલથાણ અર્બન હેલ્થ સેન્ટર | ૩ | ડુમસ અર્બન હેલ્થ સેન્ટર | ૫ | વેસુ અર્બન હેલ્થ સેન્ટર |
| ૨ | ઉમરા અર્બન હેલ્થ સેન્ટર | ૪ | પનાસ અર્બન હેલ્થ સેન્ટર | | |
| **સેન્ટ્રલ ઝોન** | | | | | |
| **કોવીશીલ્ડ, કોવેક્સીન અને કોર્બેવેક્ષ રસીકરણ કેન્દ્ર** | | | | | |
| ૧ | સોનીફળિયા અર્બન હેલ્થ સેન્ટર | ૪ | વરીયાવીબજાર અર્બન હેલ્થ સેન્ટર | ૭ | અસારાવાલા અર્બન હેલ્થ સેન્ટર |
| ૨ | મસ્કતિ હોસ્પિટલ | ૫ | ક્ષેત્રપાળ અર્બન હેલ્થ સેન્ટર | ૮ | લખપતિ અર્બન હેલ્થ સેન્ટર |
| ૩ | મહિધરપુરા અર્બન હેલ્થ સેન્ટર | ૬ | બી.પી. અર્બન હેલ્થ સેન્ટર | ૯ | કડીવાળા અર્બન હેલ્થ સેન્ટર |
| **વેસ્ટ ઝોન (રાંદેર)** | | | | | |
| **કોવીશીલ્ડ, કોવેક્સીન અને કોર્બેવેક્ષ રસીકરણ કેન્દ્ર** | | | | | |
| ૧ | અડાજણ અર્બન હેલ્થ સેન્ટર | ૩ | પાલનપોર અર્બન હેલ્થ સેન્ટર | ૫ | ઈચ્છાપોર અર્બન હેલ્થ સેન્ટર |
| ૨ | રાંદેર અર્બન હેલ્થ સેન્ટર | ૪ | પાલ અર્બન કોમ્યુનિટી હેલ્થ સેન્ટર | ૬ | વરીયાવ અર્બન હેલ્થ સેન્ટર |
| **સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)** | | | | | |
| **કોવીશીલ્ડ, કોવેક્સીન અને કોર્બેવેક્ષ રસીકરણ કેન્દ્ર** | | | | | |
| ૧ | ઉમરવાડા અર્બન હેલ્થ સેન્ટર | ૪ | નવાનગર અર્બન હેલ્થ સેન્ટર | ૭ | પરવટ અર્બન હેલ્થ સેન્ટર |
| ૨ | લિંબાયત અર્બન હેલ્થ સેન્ટર | ૫ | નવાગામ ડીંડોલી અર્બન હેલ્થ સેન્ટર | ૮ | ભાઠેના અર્બન કોમ્યુનીટી હેલ્થ સેન્ટર |
| ૩ | આંજણા અર્બન હેલ્થ સેન્ટર | ૬ | ન્યુ ડીંડોલી અર્બન હેલ્થ સેન્ટર | ૯ | ગોડાદરા અર્બન હેલ્થ સેન્ટર |

આરોગ્ય વિભાગ
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

## " વંદે ગુજરાત વિકાસ યાત્રા"

### તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા **" વંદે ગુજરાત વિકાસ યાત્રા"** નું આયોજન તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. આજરોજ " વંદે ગુજરાત વિકાસ યાત્રા "કાર્યક્રમ સંદર્ભે સચિન કોમ્યુનિટી હોલ, સચિન સુરત ખાતે રાખવામાં આવેલ. જેમાં " વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથને કુમકુમ તિલક તથા સામૈયુ કરી માન. અધ્યક્ષ કાયદા સમિતિ શ્રી હસમુખભાઈ નાયકા અને માન. મ્યુ. સદસ્યશ્રીઓએ શુભારંભ કરાવ્યો હતો. કાર્યક્રમના શુભારંભ પ્રસંગે પ્રાર્થના, સ્વાગત અને સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવેલ. આ કાર્યક્રમ પ્રસંગે ઔષધીય રોપાઓથી ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવેલ.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન. ડે. મ્યુ. કમિશનર શ્રી હર્ષદકુમાર કિનખાબવાલાએ જણાવ્યું કે આપ સૌ શહેરીજનોએ ગુજરાત સરકાર પર રાખેલ ૨૦ વર્ષનો વિશ્વાસ સાકાર કરીને જે અવિરત વિકાસ કરવામાં આવ્યો છે. તે આ " વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથ મારફત આપને પ્રદર્શિત કરવામાં આવશે. વધુમાં આ વંદે ગુજરાત વિકાસ યાત્રા કાર્યક્રમમાં ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો અને શહેરીજનોનો આભાર વ્યકત કર્યો હતા. ત્યારબાદ વીસ વર્ષના વિકાસગાથાનું ગાન અને **" વંદે ગુજરાત વિકાસ યાત્રા "** અંગેની ફિલ્મ, ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસ કાર્યોની પ્રતીતી કરાવતી માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વકતવ્યોની ટૂંકી ફિલ્મ અને પી.એમ.જે.એ.વાય.– મા યોજનાની ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોએ સાઉથ ઝોન–બી વિસ્તારના વિવિધ લોકાર્પણ/ખાતમુહૂર્તના વિકાસ કામની જાહેરાત કરી.

આ કાર્યક્રમ પ્રસંગે ઉદ્દબોધન કરતા માન. અધ્યક્ષ કાયદા સમિતિ શ્રી હસમુખભાઈ નાયકાએ જણાવ્યું કે ભારત દેશના આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થયાના અવસરે આઝાદીકા અમૃત મહોત્સવની ઉજવણીના ઉપલક્ષ્યમાં ગુજરાત સરકાર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે આ **" વંદે ગુજરાત વિકાસ યાત્રા "** કાર્યક્રમ યોજાયો છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ગુજરાત સરકાર ધ્વારા છેલ્લા ૨૦ વર્ષના વિકાસકાર્યો, યોજનાઓ અને અનેકવિધ સિધ્ધીઓ વિશે શહેરીજનોને માહિતગાર કરવાનો છે. વધુમાં તેમણે જણાવ્યું કે ગુજરાત રાજય સમગ્ર દેશમાં સૌથી ઝડપથી વિકસતું રાજય છે અને ગુજરાતમાં સુરત આ અવિરત વિકાસને ગતિ આપે છે. ત્યારબાદ તેઓએ આ વિસ્તારના ગાર્ડન, ઓવરહેડ ટાંકી, કોમ્યુનિટી હોલ, સ્ટ્રોમ લાઈન અને ઓવરબ્રિજ સહિતના સાકારિત થનાર વિવિધ લોકકલ્યાણના પ્રકલ્પોની સંક્ષિપ્ત માહિતી આપી હતી.

ત્યારબાદ ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો ધ્વારા પી.એમ.જે.એ.વાય.– મા યોજનાઓ સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સર્ટીફિકેટ તથા કીટ વિતરણ કરવામાં આવેલ. મહાનુભાવોના વરદહસ્તે વૃક્ષારોપણ કરવામાં આવેલ તેમજ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં માન. મ્યુ. સદસ્યશ્રીઓ, મ્યુ. અધિકારીશ્રીઓ, લાભાર્થીઓ, પત્રકારમિત્રો તથા સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહયા હતા.

**જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી, સાદર સમાચાર યાદી નં.૧૮૯, તા.૧૯/૦૭/૨૦૨૨**


વંદે ગુજરાત
વિકાસ યાત્રા
તારીખ : ૧૯ જુલાઈ ૨૦૨૨
સમય : સાંજે ૪.૩૦ કલાક થી ૬.૩૦ કલાક


વંદે ગુજરાત
તારીખ : ૧૯ જુલાઈ
સાંજે ૪.૩૦ કલાક
સચિન કોમ્યુનિટી
પોલિસ


વંદે ગુજરાત


વંદે ગુજરાત
20 વર્ષનો વિશ્વાસ
વંદે ગુજરાત
વિકાસ યાત્રા

## સુરત મહાનગરપાલિકા
### પ્રેસનોટ

# " વંદે ગુજરાત વિકાસ યાત્રા"

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા **" વંદે ગુજરાત વિકાસ યાત્રા"** નું આયોજન તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૨૦ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. આજરોજ સવારે પુણા ફાયર સ્ટેશન, શ્રીવીલા બંગ્લોઝની બાજુમાં, ડિ-માર્ટની સામે, વનમાળી જંકશન, બી.આર.ટી.એસ.-કેનાલ રોડ, પુણા, સુરત સુધી ઉત્સાહપૂર્વક પ્રભાતફેરી કરવામાં આવી. ત્યારબાદ સ્થાનિક શહેરીજનોએ માનવ જીવનને નિરામય બનાવવાના હેતુસર યોગગુરૂના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમના સ્થળે યોગશિબિરમાં યોગાભ્યાસ કરી સ્વાસ્થ્યની જાળવણી અંગે જાગૃતિ દાખવી હતી તથા લોકોના આરોગ્યની સુખાકારી  માટે સ્ક્રીનીંગથી સારવાર સુધીના મહાઅભિયાન હાથ ધરવામાં આવેલ છે. તેમજ ગાર્ડન વિભાગ ધ્વારા વૃક્ષારોપણ અને  વિનામુલ્યે રોપાવિતરણ પણ રાખવામાં આવેલ છે.  વધુમાં **" વંદે ગુજરાત વિકાસ યાત્રા "** કાર્યક્રમમાં રથનું કુમકુમ તિલક તથા સામૈયું કરી માન. અધ્યક્ષ રૂગ્ણાલયો, વૈદકીયરાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિ શ્રી રાજુભાઈ જોળીયા અને માન. અધ્યક્ષ, સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિ શ્રી દિનેશભાઈ પુરોહિત અને માન. મ્યુ.સદસ્યશ્રીઓએ આ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમના શુભારંભ પ્રસંગે પ્રાર્થના, સ્વાગત અને સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવેલ. આ કાર્યક્રમ પ્રસંગે ઔષધીય રોપાઓથી ઉપસ્થિત મંચસ્થ મહાનુભવોનું સ્વાગત કરવામાં આવેલ.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન. અધ્યક્ષ રૂગ્ણાલયો, વૈદકીયરાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિ શ્રી રાજુભાઈ જોળીયાએ જણાવ્યું કે અવિરત વિકાસના નવા આયામો સાથે સુરત શહેરે હરણફાળ ભરી છે. વિષમ પરિસ્થિતિઓમાં પણ સમગ્ર ગુજરાત રાજયમાં સર્વાંગી વિકાસ કરવામાં આવ્યો છે. ગુજરાત સરકારશ્રી છેવાડાના માનવી સુધી યોજનાઓના લાભ આપવા કટિબધ્ધ છે. વધુમાં આ "વંદે ગુજરાત વિકાસ યાત્રા" કાર્યક્રમમાં ઉપસ્થિત મંચસ્થ મહાનુભવો અને શહેરીજનોનો આભાર વ્યકત કર્યો હતો. ત્યારબાદ વીસ વર્ષના વિકાસગાથાનું ગાન અને **"વંદે ગુજરાત વિકાસ યાત્રા"** અંગેની ફિલ્મ, ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસ કાર્યોની પ્રતીતી કરાવતી માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વકતવ્યોની ટૂંકી ફિલ્મ અને પી.એમ.જે.એ.વાય.- મા યોજનાની ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોએ ઉધના ઝોન વિસ્તારના વિવિધ લોકાર્પણ/ખાતમુહૂર્તના વિકાસ કામની જાહેરાત કરી.

આ કાર્યક્રમ પ્રસંગ ઉદ્બોધન કરતા માન. અધ્યક્ષ સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિ શ્રી દિનેશભાઈ પુરોહિતે જણાવ્યું કે માં નર્મદાના નીર સૌરાષ્ટ્ર-કચ્છ સુધી પહોંચાડી તેઓને પીવાના પાણીની સુવિધા પાડી તેઓને સંતૃપ્ત કરવામાં આવેલ છે. તેમજ ગુજરાત સરકાર ધ્વારા છેલ્લા ૨૦ વર્ષ દરમ્યાન અંબાજી, સોમનાથ તથા પાવાગઢ જેવા પ્રવાસનોના વિસ્તારમાં રોડ-રસ્તા, પરિવહન અને તમામ સુવિધાઓ સુગમ કરવામાં આવેલ છે. ૧૮,૦૦૦ ગામોમાં અવિરત વિજળીની સુવિધા પુરી પાડવામાં આવે છે. પીવા યોગ્ય પાણીની સુવિધા આપવામાં સુરત મહાનગરપાલિકા ભારત દેશમાં સૌથી શ્રેષ્ઠ છે. સમગ્ર ગુજરાત રાજયમાં અધતન તથા સ્માર્ટ સુવિધાથી સજજ **"સ્કુલ ઓફ એકસીલન્સી"** હેઠળ ૫૦૦૦ શાળાઓની પસંદગી કરવામાં આવેલ છે. જે પૈકી ૪૦૦૦ શાળાઓની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. તેમજ સુરત શહેર તથા ગુજરાત રાજયમા અધતન સુવિધાઓના કારણે ગુજરાત રાજયનું મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રકચર સમગ્ર ભારત દેશમાં સૌથી શ્રેષ્ઠ છે. વધુમાં તેમણે શહેરમાં શિક્ષણ, આરોગ્ય, સહિતના સર્વાંગી વિકાસની સંક્ષિપ્ત માહિતી આપી હતી.

ત્યારબાદ ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો ધ્વારા પી.એમ.જે.એ.વાય.- મા યોજનાઓ સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સર્ટીફિકેટ તથા કીટ વિતરણ કરવામાં આવેલ. આ કાર્યક્રમના અંતે મંચસ્થ મહાનુભાવોએ **"વંદે ગુજરાત વિકાસયાત્રા"** રથનું પ્રસ્થાન કરાવેલ. આ કાર્યક્રમમાં મ્યુ. અધિકારીશ્રીઓ, લાભાર્થીઓ, પત્રકારમિત્રો તથા સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહયા હતા.

**જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી, સાદર સમાચાર યાદી નં.૧૯૦, તા.૨૦/૦૭/૨૦૨૨**


વંદે
તારીખ : ૨૦
કલાકથી ૧૧.૩૦ કલાક
સ્ટેશન, શ્રીવીલ
જની બાજુમાં,
-કેનાલ રોડ,
રંકશન, બી.આ


૧.૩૦ કલાક
ીલા બંગ્લોઝ
ડિ-માર્ટની
ાર.ટી.એસ.
રોડ, પુણા, સુર

## <u>પ્રેસ નોટ</u>

સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોનમાં કરવામાં આવતી રસ્તા રીપેરીંગની કામગીરી અંતર્ગત આજરોજ નીચે મુજબના પરિશિષ્ટ મુજબ **કુલ ૪૧૩.૮૮ મે.ટન** બીટયુમીનસ મટીરીયલનો અને **કુલ ૩૪૦.૪૧ મે.ટન** જી.એસ.બી./છારૂ વિગેરે મટીરીયલનો ઉપયોગ કરી **કુલ ૧૨૦** રસ્તાઓ પર **અંદાજે ૭૪૪૭.૦૦ ચો.મી.** વિસ્તારમાં રસ્તા રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. વધુમાં, રસ્તા રીપેરીંગની કામગીરી નિયમિતપણે તમામ ઝોનમાં ચાલુ રહેશે.

### <u>પરિશિષ્ટ</u>

| અ.નં. | ઝોનનું નામ | બીટયુમીન મટીરીયલ પેચવર્ક(મે.ટન) | જી.એસ.બી. / છારૂ વિગેરે મટીરીયલ (મે.ટન) |
|---|---|---|---|
| ૧ | વેસ્ટ ઝોન | ૬૦.૦૨ | ૩૭.૦૦ |
| ૨ | નોર્થ ઝોન | ૫૨.૨૦ | ૫૩.૧૮ |
| ૩ | વરાછા ઝોન–એ | ૪૭.૬૯ | ૨૩.૨૫ |
| ૪ | વરાછા ઝોન–બી | ૩૧.૧૧ | ૭૨.૬૫ |
| ૫ | સાઉથ–વેસ્ટ ઝોન | ૫૩.૨૫ | ૩૯.૩૩ |
| ૬ | સાઉથ–ઈસ્ટ ઝોન | ૫૦.૪૭ | ૩૩.૦૦ |
| ૭ | સાઉથ ઝોન–એ | ૨૯.૯૪ | ૫૩.૦૦ |
| ૮ | સાઉથ ઝોન–બી | ૨૧.૬૨ | ૧૧.૦૦ |
| ૯ | સેન્ટ્રલ ઝોન | ૬૬.૦૭ | ૧૮.૦૦ |
| ૧૦ | બ્રીજ સેલ | ૧.૫૧ | - |
| | કુલ.. | ૪૧૩.૮૮ | ૩૪૦.૪૧ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૧૯૧
તા.૨૦/૦૭/૨૦૨૨

# સુરત મહાનગરપાલિકા
**પ્રેસનોટ**

## " વંદે ગુજરાત વિકાસ યાત્રા"
**તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૨**

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા **" વંદે ગુજરાત વિકાસ યાત્રા"** નું આયોજન તા.૦૫ જુલાઈ ૨૦૨૨ થી તા.૨૦ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ છે. આજરોજ " વંદે ગુજરાત વિકાસ યાત્રા "કાર્યક્રમ સંદર્ભે મોટા વરાછા ફાયર સ્ટેશન, તુલસી આર્કેડની પાછળ, ઈન્દ્રલોક રેસીડેન્સીની બાજુમાં, મોટા વરાછા મેઈન રોડ, મોટા વરાછા, સુરત ખાતે રાખવામાં આવેલ. જેમાં " વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથને કુમકુમ તિલક તથા સામૈયુ કરી માન. મંત્રી કૃષિ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ શ્રી મુકેશભાઈ પટેલ અને માન. મ્યુ. સદસ્યશ્રીઓએ  શુભારંભ કરાવ્યો હતો. કાર્યક્રમના શુભારંભ પ્રસંગે પ્રાર્થના, સ્વાગત અને સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવેલ તેમજ આ કાર્યક્રમમાં મેડિકલ કેમ્પ અને વિનામુલ્યે રોપાવિતરણ પણ રાખવામાં આવેલ. આ કાર્યક્રમ પ્રસંગે ઔષધીય રોપાઓથી ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવેલ.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન. મંત્રી કૃષિ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ શ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યુંકે " વંદે ગુજરાત વિકાસ યાત્રા " રથ એ સમગ્ર ગુજરાત રાજયમાં ફરીને છેલ્લા ૨૦ વર્ષની વિકાસકાર્યોની ગાથાથી લોકોને માહિતગાર કરી રહયો છે. ગુજરાત રાજયમાં કરવામાં આવેલ સર્વાંગી વિકાસના કારણે ગુજરાત સમગ્ર દેશનું રોલ મોડલ બન્યું છે. માન. વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ છેલ્લા બે દાયકા દરમ્યાન ૧૮૦૦૦ ગામોમાં ૨૪ કલાક વિજળીની સુવિધા પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં છેલ્લા પખવાડિયા દરમ્યાન સમગ્ર ગુજરાત રાજયમાં વરસાદના કારણે સર્જાયેલ પરિસ્થિતિમાં પણ ઊર્જા વિભાગના કર્મચારીઓએ જે કામગીરી કરી છે એ પ્રશંસનીય છે. ત્યારબાદ વીસ વર્ષના વિકાસગાથાનું ગાન અને **"વંદે ગુજરાત વિકાસ યાત્રા"** અંગેની ફિલ્મ, ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં થયેલ વિકાસ કાર્યોની પ્રતીતી કરાવતી માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વકતવ્યોની ટૂંકી ફિલ્મ અને પી.એમ.જે.એ.વાય.– મા યોજનાની ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોએ ઉધના ઝોન વિસ્તારના વિવિધ લોકાર્પણ/ખાતમુહૂર્તના વિકાસ કામની જાહેરાત કરી.

ત્યારબાદ ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો ધ્વારા પી.એમ.જે.એ.વાય.– મા યોજનાઓ સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સર્ટીફિકેટ તથા કીટ વિતરણ કરવામાં આવેલ. આ કાર્યક્રમના અંતે મંચસ્થ મહાનુભાવોએ **"વંદે ગુજરાત વિકાસયાત્રા"** રથનું સમાપન કરાવેલ. આ કાર્યક્રમમાં મ્યુ. અધિકારીશ્રીઓ, લાભાર્થીઓ, પત્રકારમિત્રો તથા સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહયા હતા.

**જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી, સાદર સમાચાર યાદી નં.૧૯૨, તા.૨૦/૦૭/૨૦૨૨**




થી ૬.૩૦ કલાક
સ્ટેશન,


તારીખ : ૨૦ જુલાઈ ૨૦૨૨
સમય : સાંજે ૪.૩૦ કલાક થી ૬.૩૦ કલાક


વંદે ગુજરાત
તારીખ : ૨૦ જુલાઈ ૨૦૨૨

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં BRTS અને સીટીબસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહેલ છે. શહેરના નાગરિકો દ્વારા બસ સેવાનો ખુબજ સારા પ્રમાણમાં લાભ લેવામાં આવી રહેલ છે. જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉતરો-ઉતર વધારો થઇ રહેલ છે. સમગ્ર ભારતમાં સુરત શહેર માત્ર એક જ શહેર છે જ્યાં એક ટીકીટ થી સીટીબસ અને BRTS માં મુસાફરી કરી શકાય છે. હાલમાં BRTS ના કુલ ૧૩ રૂટ તેમજ સીટીબસના કુલ ૪૫ રૂટ ઉપર આશરે દૈનિક ૨,૩૦,૦૦૦ જેટલા નાગરિકો જાહેર પરિવહન સેવાનો લાભ લઇ રહેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ સુરત સિટિલિંક લિ.ની ૩૫મી બોર્ડ મીટીંગમાં મંજુર થયા મુજબ જાહેર પરિવહન સેવામાં રૂ.૨૫/- કિંમતની "સુમન પ્રવાસ ટીકીટ" દ્વારા આખા દિવસ દરમ્યાન અનલિમીટેડ મુસાફરીની સુવિધા તા.૨૧/૦૭/૨૦૨૨ ના રોજ થી શરૂ કરવામાં આવનાર છે. જેને કારણે મધ્યમ વર્ગ, નોકરિયાત વર્ગ કે જે કામના અર્થે દૈનિક ધોરણે બસોમાં મુસાફરી કરતા હોય તેઓને આર્થિક બચત થશે. જાહેર જનતા દ્વારા આ સુવિધાના ઉપયોગને કારણે જાહેર પરિવહન સેવાનો વધુ ઉપયોગ કરવામાં આવશે જેને કારણે ટ્રાફિક સમસ્યામાં અને પ્રદુષણમાં ઘટાડો થશે તથા સુરક્ષિત મુસાફરીનો આનંદ મેળવી શકાશે.

આ સેવાનો વધુમાં વધુ લાભ લેવા નાગરિકો દ્વારા લેવામાં આવે એવી અપીલ કરવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૧૯૩
તા.૨૦/૦૭/૨૦૨૨

:: પ્રેસનોટ ::

**"સુરત મહાનગરપાલિકાની ૪૮ વર્ષથી આયોજીત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાની સ્કુટિની"**

**વિષય : સુરત મહાનગરપાલિકાની ૪૮ વર્ષથી આયોજીત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાની સ્કુટિની બાબત.**

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના ઉગતા કલાકારોને પ્રોત્સાહિત કરી તેઓ રાજયકક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ નાટ્યક્ષેત્રે પોતાનું આગવું સ્થાન મેળવે તેવા ઉમદા હેતુસર નાટ્ય સ્પર્ધા યોજવામાં આવે છે. ચાલુ વર્ષે સપ્ટેમ્બર માસમાં સંજીવકુમાર ઓડીટોરીયમ, પાલ, સુરત ખાતે યોજાશે. આ નાટ્ય સ્પર્ધામાં વધુને વધુ ઉત્કૃષ્ઠ નાટકો ભજવાય તે હેતુસર નાટ્ય સ્પર્ધામાં ભાગ લેનાર નાટ્ય સંસ્થાઓની નાટકની સ્કુટિનીનું આયોજન તા.૨૩/૦૭/૨૦૨૨ થી તા.૨૪/૦૭/૨૦૨૨ દરમ્યાન પરફોર્મિંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી– ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત ખાતે કરવામાં આવેલ છે. તા.૨૩/૦૭/૨૦૨૨ના રોજ સવારે ૧૦.૦૦ કલાકથી તથા તા.૨૪/૦૭/૨૦૨૨ના રોજ સવારે ૯.૦૦ કલાકથી નાટ્ય સ્પર્ધાની સ્કુટિની યોજાશે. આ નાટ્ય સ્પર્ધામાં ભાગ લેનાર નાટ્ય સંસ્થાઓને પરફોર્મિંગ આર્ટ સેન્ટર ખાતે જણાવેલ તારીખ અને સમયે બિનચૂક ઉપસ્થિત રહેવા સ્પષ્ટ નોંધ લેવી.

**સુરત મહાનગરપાલિકાની ૪૮ વર્ષથી આયોજીત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાનો સ્કુટિની કાર્યક્રમ**

| સ્કુટીની ક્રમ | સંસ્થાનું નામ | નાટકનું નામ | તારીખ | સમય |
|---|---|---|---|---|
| ૧ | રાજગ્રુપ થિયેટર એન્ડ પરફોર્મિંગ આર્ટસ | આખરી પેશી | ૨૩/૦૭/૨૦૨૨ | સવારે ૧૦.૦૦ કલાકે |
| ૨ | ક્રાફ્ટ એન્ટરટેઈમેન્ટ | માણસ નામે મહાભારત | ૨૩/૦૭/૨૦૨૨ | સવારે ૧૧.૦૦ કલાકે |
| ૩ | એક્ષપ્રેશન ગ્રુપ | THE DOLL | ૨૩/૦૭/૨૦૨૨ | બપોરે ૨.૦૦ કલાકે |
| ૪ | કર્મસુ આર્ટસ | સાવ અમસ્તુ નાટક નાટક | ૨૩/૦૭/૨૦૨૨ | બપોરે ૩.૦૦ કલાકે |
| ૫ | શિવઅંશમ ઈવેન્ટ એન્ડ પ્રોડકશન | દશાનન | ૨૩/૦૭/૨૦૨૨ | સાંજે ૪.૦૦ કલાકે |
| ૬ | બી.આર.પ્રોડકશન | Mr. .બોલ બચ્ચન– | ૨૩/૦૭/૨૦૨૨ | સાંજે ૫.૦૦ કલાકે |
| ૭ | એન.વી.પ્રોડકશન | શકરબાજ | ૨૩/૦૭/૨૦૨૨ | સાંજે ૬.૦૦ કલાકે |
| ૮ | દિપ આર્ટસ્ | ભવિષ્યવેતા | ૨૪/૦૭/૨૦૨૨ | સવારે ૯.૦૦ કલાકે |
| ૯ | રંગ પુજા થીયેટર | નાનીમા | ૨૪/૦૭/૨૦૨૨ | સવારે ૧૦.૦૦ કલાકે |
| ૧૦ | શ્રી ક્રિષ્ના પ્રોડકશન | રિવા | ૨૪/૦૭/૨૦૨૨ | સવારે ૧૧.૦૦ કલાકે |
| ૧૧ | કે.ડી.એન્ટરટેઈનર્સ | ટાઈમ પ્લીસ | ૨૪/૦૭/૨૦૨૨ | બપોરે ૧૨.૦૦ કલાકે |
| ૧૨ | ડાયમંડ સીટી પ્રોડકશન | ધ ઓથર કલબ | ૨૪/૦૭/૨૦૨૨ | બપોરે ૧.૦૦ કલાકે |

**સમાચારયાદી નં.૧૯૪ તા.૨૧ /૦૭/૨૦૨૨, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.**

# **<u>પ્રેસનોટ</u>**

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

**<u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :—**

આજરોજ સુરત મહાનગરપાલિકાના કાર્યપાલક ઇજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.૦૯,નોંધ નં.૩૦૮ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા મંજુર પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા, તા.૨૧/૦૭/૨૦૨૨ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત રહેણાંકનાં હેતુસરવાળી મિલ્કતમાં મંજુર પ્લાન વિરૂધ્ધ વધારાનું બાંધકામ આશરે ૭૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. સ્લેબ દુર કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/— પેનલ્ટી ચાર્જ વસૂલ લેવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૧૯૫
તા.૨૧/૦૭/૨૦૨૨

## <u>પ્રેસ નોટ</u>

સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોનમાં કરવામાં આવતી રસ્તા રીપેરીંગની કામગીરી અંતર્ગત આજરોજ નીચે મુજબના પરિશિષ્ટ મુજબ કુલ ૪૨૭.૩૫ મે.ટન બીટયુમીનસ મટીરીયલનો અને કુલ ૩૧૩.૬૨ મે.ટન જી.એસ.બી./છારૂ વિગેરે મટીરીયલનો ઉપયોગ કરી કુલ ૧૧૬ રસ્તાઓ પર અંદાજે ૮૧૦૨.૦૦ ચો.મી. અને જેટ પેચર મશીનનો ઉપયોગ કરી અંદાજે ૩૦૯.૨૬ ચો.મી. વિસ્તારમાં રસ્તા રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. વધુમાં, રસ્તા રીપેરીંગની કામગીરી નિયમિતપણે તમામ ઝોનમાં ચાલુ રહેશે.

### <u>પરિશિષ્ટ</u>

| અ.નં. | ઝોનનું નામ | બીટયુમીન મટીરીયલ પેચવર્ક(મે.ટન) | જી.એસ.બી. / છારૂ વિગેરે મટીરીયલ (મે.ટન) |
|---|---|---|---|
| ૧ | વેસ્ટ ઝોન | ७४.५८ | २७.00 |
| ૨ | નોર્થ ઝોન | ५५.८५ | ४६.२३ |
| ૩ | વરાછા ઝોન–એ | ४६.४२ | २६.५४ |
| ૪ | વરાછા ઝોન–બી | ३४.८४ | ४८.८३ |
| ૫ | સાઉથ–વેસ્ટ ઝોન | ५३.१८ | 30.0२ |
| ૬ | સાઉથ–ઈસ્ટ ઝોન | ४७.४३ | ३८.00 |
| ૭ | સાઉથ ઝોન–એ | ३१.४७ | २६.00 |
| ૮ | સાઉથ ઝોન–બી | १२.0२ | ५६.00 |
| ૯ | સેન્ટ્રલ ઝોન | ७१.५५ | १५.00 |
| | કુલ.. | ૪૨૭.૩૫ | ૩૧૩.૬૨ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં..........
તા.૨૧/૦૭/૨૦૨૨

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં BRTS અને સીટીબસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહેલ છે. શહેરના નાગરિકો દ્વારા બસ સેવાનો ખુબજ સારા પ્રમાણમાં લાભ લેવામાં આવી રહેલ છે. જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉતરો-ઉતર વધારો થઇ રહેલ છે. સમગ્ર ભારતમાં સુરત શહેર માત્ર એક જ શહેર છે જ્યાં એક ટીકીટ થી સીટીબસ અને BRTS માં મુસાફરી કરી શકાય છે. હાલમાં BRTS ના કુલ ૧૩ રૂટ તેમજ સીટીબસના કુલ ૪૫ રૂટ ઉપર આશરે દૈનિક ૨,૩૦,૦૦૦ જેટલા નાગરિકો જાહેર પરિવહન સેવાનો લાભ લઇ રહેલ છે.

આજ તા. ૨૧/૦૭/૨૦૨૨ ગુરુવારના રોજ જાહેર પરિવહન સેવામાં **રૂ.૨૫/-** કિંમતની **"સુમન પ્રવાસ ટીકીટ"** નો આરંભ માનનીય મેયરશ્રી હેમાલીબેન બોઘાવાલાના વરદ હસ્તે નવયુગ કોલેજ બીઆરટીએસ બસ સ્ટેશન ખાતે કરવામાં આવેલ. આ સુવિધા મારફત આખા દિવસ દરમ્યાન અનલિમીટેડ મુસાફરી કરી શકાશે. સદર કાર્યક્રમમાં શાસકપક્ષના નેતાશ્રી અમિતસિંઘ રાજપુત, જાહેર પરિવહન સમિતિના ચેરમેનશ્રી રમીલાબેન પટેલ તથા કોર્પોરેટરશ્રી કુણાલભાઈ સેલર, શ્રી નિલેષભાઈ પટેલ અને અજિતભાઈ પટેલ ઉપસ્થિત રહેલ. વધુમાં માનનીય મેયરશ્રી હેમાલીબેન બોઘાવાલા દ્વારા મુસાફરોને સદર સેવાની સમજણ તથા તેનો વધુમાં વધુ લાભ લેવા અપીલ કરવામાં આવેલ.

સદર સેવાના માધ્યમથી મધ્યમ વર્ગ, નોકરિયાત વર્ગ કે જે કામના અર્થે દૈનિક ધોરણે બસોમાં મુસાફરી કરતા હોય તેઓને આર્થિક બચત થશે. જાહેર જનતા દ્વારા આ સુવિધાના ઉપયોગને કારણે જાહેર પરિવહન સેવાનો વધુ ઉપયોગ કરવામાં આવશે જેને કારણે ટ્રાફિક સમસ્યામાં અને પ્રદુષણમાં ઘટાડો થશે તથા સુરક્ષિત મુસાફરીનો આનંદ મેળવી શકાશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ...................................
તા.૨૧/૦૭/૨૦૨૨




Navyug College
Entry
No Entry

## સુરત મહાનગરપાલિકા
## પ્રેસનોટ

# પાનના ગલ્લા ખાતે પ્રતિબંધિત પ્લાસ્ટિક ઝુંબેશ
## તા.21-07-2022

સુરત મહાનગરપાલિકા દ્વારા પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય તથા કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સીંગલ યુઝ પ્લાસ્ટિક અન્વયે પ્રસિદ્ધ કરેલ જાહેરનામા મુજબ આજ તા.21-07-2022 ના રોજ સુરત શહેરના હદ વિસ્તારમાં આવેલ **પાનના ગલ્લા** ખાતે પ્રતિબંધિત પ્લાસ્ટિક ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. જેમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક ઝુંબેશ દરમ્યાન **835** પાનના ગલ્લાની વિઝીટ દરમ્યાન **111.8 કી.ગ્રા.** પ્લાસ્ટિક જપ્ત કરી **₹ 59,000/-** વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ. સદર ઝુંબેશ દરમ્યાન જપ્ત કરવામાં આવેલ પ્લાસ્ટિક પ્રોડક્ટ્સને સુરત મહાનગરપાલિકા અધિકૃત પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ એજન્સીને રીસાયકલીંગ માટે મોકલવા અંગેની કાર્યવાહી કરવામાં આવેલ.

| No. | ઝોન | ચેક કરેલ પાનના ગલ્લા | જપ્ત કરેલ પ્લાસ્ટિક (kg) | વસુલ કરેલ વહીવટી ખર્ચ |
|---|---|---|---|---|
| 1 | CZ | 153 | 7.3 | 7200 |
| 2 | EZ-A | 77 | 9.8 | 3700 |
| 3 | EZ-B | 121 | 11.9 | 9200 |
| 4 | WZ | 98 | 19.85 | 7400 |
| 5 | NZ | 106 | 18.4 | 7800 |
| 6 | SZ-A | 89 | 26.6 | 9500 |
| 7 | SZ-B | 41 | 2.95 | 1900 |
| 8 | SWZ | 98 | 9.8 | 8200 |
| 9 | SEZ | 52 | 5.2 | 4100 |

સુરત મહાનગરપાલિકા દ્વારા શરુ કરેલ "પ્લાસ્ટિક મુક્ત સુરત" અભિયાન હેઠળ આગામી દિવસોમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનું વેચાણ, વપરાશ, સંગ્રહ કરતી સંસ્થાઓ સામે સઘન ઝુંબેશ હાથ ધરી સખ્ત કાર્યવાહી કરવામાં આવશે જેની લાગત સંસ્થાઓએ નોંધ લેવા અને સ્વેચ્છાએ રીસાયકલેબલ /રીયુઝેબલ પ્રોડક્ટ્સનું વેચાણ કરવા જણાવવામાં આવે છે.

સુરતના શહેરીજનોને પણ પર્યાવરણને અનુકુળ રીયુઝેબલ / ડિસ્પોઝેબલ પ્રોડક્ટ્સ નો રોજબરોજના કામમાં ઉપયોગમાં લેવા અનુરોધ કરવામાં આવે છે.

******

**:: પ્રેસનોટ ::**

## ''કારગીલ વિજય દિવસ અને શહીદ જવાનોને શ્રધ્ધા સુમન''

**વિષય : ''આઝાદી કા અમૃત મહોત્સવ'' અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૦૭/૨૦૨૨ના રોજ ''કારગીલ ચોક'' ખાતે આયોજીત કારગીલ યુધ્ધ વિજયને 'વિજય દિવસ' સાથે કારગીલ યુદ્ધમાં શહીદ થયેલા જવાનોને શ્રધ્ધા સુમન અર્પણ કરવાનો કાર્યક્રમ**

કારગીલની ઊંચી પહાડીઓમાં વિષમ પરિસ્થિતિમાં ભારતીય જવાનોએ ૨૬મી જુલાઈ, ૧૯૯૯ના દિવસે ''ઓપરેશન વિજય'' પાર પાડી કારગીલની બધી જ ચોકી પર ભારતીય ત્રિરંગો ફરકાવ્યો ત્યારથી કારગીલ વિજયને 'વિજય દિવસ' તરીકે મનાવવા સાથે કારગીલ યુદ્ધમાં શહીદ થયેલા જવાનોને શ્રધ્ધાંજલિ આપવામાં આવે છે.

ભારત દેશની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી ''આઝાદી કા અમૃત મહોત્સવ'' અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૦૭/૨૦૨૨ને મંગળવારના રોજ સવારે ૮.૩૦ કલાકે કારગીલ યુધ્ધ વિજયને 'વિજય દિવસ' સાથે કારગીલ યુદ્ધમાં શહીદ થયેલા જવાનોને શ્રધ્ધા સુમન અર્પણ કરવાનો કાર્યક્રમ કારગીલ ચોક, લેકવ્યુ ગાર્ડન પાસે, પીપલોદ, સુરત ખાતે રાખવામાં આવેલ છે. પોલીસ જવાનોની બ્યુગલની ધુન સાથે શહીદોના સ્મારકને શ્રધ્ધા સુમન અર્પણ કાર્યક્રમમાં શહેરના નગરજનોને સહભાગી થવા અપીલ છે.

સમાચાર યાદી.૧૯૯, તા.૨૨/૦૭/૨૦૨૨, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# **<u>પ્રેસનોટ</u>**

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

## <u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–

આજરોજ સુરત મહાનગરપાલિકાના કાર્યપાલક ઇજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ નીચે મુજબની ડીમોલીશનની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૧) સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.૦૨,નોંધ નં.૧૧૪૧ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ  બાંધકામ કરતા, તા.૨૨/૦૭/૨૦૨૨ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત રહેણાંકનાં હેતુસરવાળી મિલ્કતમાં છઠ્ઠા માળે આશરે ૪૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર. સી. સી. સ્લેબ, બીમ તથા આશરે ૧૦૦ ચો.ફુટર ચણતર દુર કરવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.૦૭,નોંધ નં.૩૩૦૨ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ  બાંધકામ કરતા, તા.૨૨/૦૭/૨૦૨૨ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત રહેણાંકનાં હેતુસરવાળી મિલ્કતમાં ચોથા માળે અને પાંચમાં માળે આર.સી.સી.સ્લેબ આશરે ૩૨૦ ચો.ફુટ અને પતરાવાળી રૂમ તથા ચણતરની દિવાલો આશરે ૩૦૦ ચો.ફુટ દુર કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન ચાર્જ પેટે રૂ.૪૫,૦૦૦/– પેનલ્ટી ચાર્જ વસૂલ લેવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.૦૪,નોંધ નં.૩૦૧૩ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ  બાંધકામ કરતા, તા.૨૨/૦૭/૨૦૨૨ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત રહેણાંકનાં હેતુસરવાળી મિલ્કતમાં  પાંચમાં માળે આશરે ૭૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. સ્લેબ તથા છઠ્ઠા માળે કેબીનનું શટરીંગ દુર કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૨૦૦
તા.૨૨/૦૭/૨૦૨૨

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

સુરત શહેરનાં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ચૌટાબજારનાં જાહેર માર્ગ ઉપર થતા અનઅધિકૃત દબાણનાં કારણે નાગરિકોને તથા વાહનની અવર–જવરમાં મુશ્કેલી પડતી હોય છે તથા દબાણના કારણે રસ્તાઓ સાંકડા થવાથી નાગરિકોને ખાસ કરીને મહિલાઓ ભીડમાં અવર–જવરમાં મુશ્કેલી થતી હોય છે. આ વિસ્તારમાં સુરત જનરલ હોસ્પિટલમાં ઈમરજન્સી સારવાર અર્થે એમ્બ્યુલન્સમાં આવતા પેશન્ટોની અવર જવરમાં અડચણ ઉભી થાય છે. જેથી ફેરિયાઓ / દુકાનદારો દ્વારા થતુ અનઅધિકૃત દબાણ દુર કરવા સેન્ટ્રલ ઝોનનાં દબાણ ખાતાનાં સ્ટાફ ધ્વારા તા.૧૯/૦૭/૨૦૨૨, તા.૨૧/૦૭/૨૦૨૨ તથા તા.૨૨/૦૭/૨૦૨૨ ના રોજ દબાણ ઝુંબેશ હાથ ધરી ઉપરોક્ત વિસ્તાર ખાતે લાગુ રસ્તા ઉપર દબાણકર્તાઓ ધ્વારા માલ–સામાન મુકી કરવામાં આવેલ દબાણ સતત દૂર કરવાની કામગીરી સફળતાપૂર્વક હાથ ધરવામાં આવેલ. વધુમાં ઉપરોક્ત જણાવેલ ચૌટા બજારનાં વિસ્તારમાં દુકાનદારો ધ્વારા એંગલ, ટેબલ, લારી, તાડપત્રી, બેનર,લોખંડની જાળી, લોખંડના રેંક દૂર કરવામાં આવેલ. તેમજ પરચુરણ વસ્તુઓ થઈ કુલ– ૩૫ વસ્તુઓ જમા લેવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૨૦૧
તા.૨૨/૦૭/૨૦૨૨

# **<u>પ્રેસ નોટ</u>**

**સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોનમાં કરવામાં આવતી રસ્તા રીપેરીંગની કામગીરી અંતર્ગત આજરોજ નીચે મુજબના પરિશિષ્ટ મુજબ કુલ ૬૨૧.૬૨ મે.ટન બીટયુમીનસ મટીરીયલનો અને કુલ ૨૮૩.૦૨ મે.ટન જી.એસ.બી./છારૂ વિગેરે મટીરીયલનો ઉપયોગ કરી કુલ ૧૧૯ રસ્તાઓ પર અંદાજે ૮૮૨૨.૦૦ ચો.મી. વિસ્તારમાં રસ્તા રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. વધુમાં, રસ્તા રીપેરીંગની કામગીરી નિયમિતપણે તમામ ઝોનમાં ચાલુ રહેશે.**

## **<u>પરિશિષ્ટ</u>**

| અ.નં. | ઝોનનું નામ | બીટયુમીન મટીરીયલ પેચવર્ક(મે.ટન) | જી.એસ.બી. / છારૂ વિગેરે મટીરીયલ (મે.ટન) |
|---|---|---|---|
| ૧ | વેસ્ટ ઝોન | ૬૧.૮૩ | ૧૫.૦૦ |
| ૨ | નોર્થ ઝોન | ૭૯.૮૭ | ૭૦.૨૮ |
| ૩ | વરાછા ઝોન–એ | ૬૪.૧૫ | ૧૬.૩૦ |
| ૪ | વરાછા ઝોન–બી | ૭૮.૪૧ | ૪૧.૭૮ |
| ૫ | સાઉથ–વેસ્ટ ઝોન | ૫૯.૧૧ | ૪૯.૯૬ |
| ૬ | સાઉથ–ઈસ્ટ ઝોન | ૪૬.૦૬ | ૪૪.૭૦ |
| ૭ | સાઉથ ઝોન–એ | ૪૩.૬૨ | ૧૪.૦૦ |
| ૮ | સાઉથ ઝોન–બી | ૨૧.૨૦ | ૧૯.૦૦ |
| ૯ | સેન્ટ્રલ ઝોન | ૧૬૫.૯૬ | ૧૨.૦૦ |
| ૧૦ | બ્રીજ સેલ | ૧.૪૧ | ૦.૦૦ |
| | કુલ.. | ૬૨૧.૬૨ | ૨૮૩.૦૨ |

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં..........**
**તા.૨૨/૦૭/૨૦૨૨**

## <u>પ્રેસ નોટ</u>

સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોનમાં કરવામાં આવતી રસ્તા રીપેરીંગની કામગીરી અંતર્ગત આજરોજ નીચે મુજબના પરિશિષ્ટ મુજબ કુલ ૩૫૮.૭૨ મે.ટન બીટયુમીનસ મટીરીયલનો અને કુલ ૩૫૯.૫૮ મે.ટન જી.એસ.બી./છારૂ વિગેરે મટીરીયલનો ઉપયોગ કરી કુલ ૮૭ રસ્તાઓ પર અંદાજે ૭૨૨૦.૫૦ ચો.મી. વિસ્તારમાં રસ્તા રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. વધુમાં, રસ્તા રીપેરીંગની કામગીરી નિયમિતપણે તમામ ઝોનમાં ચાલુ રહેશે.

### <u>પરિશિષ્ટ</u>

| અ.નં. | ઝોનનું નામ | બીટયુમીન મટીરીયલ પેચવર્ક(મે.ટન) | જી.એસ.બી. / છારૂ વિગેરે મટીરીયલ (મે.ટન) |
|---|---|---|---|
| ૧ | વેસ્ટ ઝોન | 70.17 | 22.00 |
| ૨ | નોર્થ ઝોન | 51.18 | 40.95 |
| ૩ | વરાછા ઝોન–એ | 25.51 | 33.00 |
| ૪ | વરાછા ઝોન–બી | 20.08 | 65.80 |
| ૫ | સાઉથ–વેસ્ટ ઝોન | 50.13 | 20.92 |
| ૬ | સાઉથ–ઈસ્ટ ઝોન | 32.92 | 43.00 |
| ૭ | સાઉથ ઝોન–એ | 28.14 | 35.00 |
| ૮ | સાઉથ ઝોન–બી | 10.44 | 94.41 |
| ૯ | સેન્ટ્રલ ઝોન | 70.15 | 4.50 |
| ૧૦ | બ્રીજ સેલ | 0.00 | 0.00 |
| | કુલ.. | **358.72** | **359.58** |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં..........
તા.૨૩/૦૭/૨૦૨૨

{ FILENAME \p * MERGEFORMAT }

# સુરત મહાનગરપાલિકા

## યુ.સી.ડી.વિભાગ

## <u>અખબારી યાદી</u>

### અલથાણ ભટાર કોમ્યુનીટી હોલ, સોહમ સર્કલ પાસે, ભટાર, સુરત ખાતે મહાનગરપાલિકા દ્વારા સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃત્તિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનું ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓનો સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર **તા. ૨૪/૦૭/૨૦૨૨ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦** કલાક દરમ્યાન **અલથાણ ભટાર કોમ્યુનીટી હોલ, સોહમ સર્કલ પાસે, ભટાર, સુરત** ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા આઠમાં તબકકાનો છઠો "સેવાસેતુ કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવેલ હતું.

સેવાસેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સેવાસેતુ કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવેલ હતો. સેવા સેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત સિટી ઇજનેર શ્રી એ.એમ. દુબે દ્વારા આવકાર પ્રવચન આપતા જણાવેલ કે સેવાસેતુ કાર્યક્રમમાં સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ લેવાની દરેક વિસ્તારના લોકોને જરૂર પડે છે. તેઓ અલગ અલગ સેવાઓ માટેનો લાભ લઈ રહ્યા છે.

સેવાસેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત માનનીય મેયરશ્રી હેમાલીબેન બોઘાવાલાએ અધ્યક્ષ સ્થાનેથી જણાવેલું કે "સેવાસેતુ કાર્યક્રમ એટલે સેવાઓના માધ્યમથી લોકો સુધી જોડાયેલો સેવાઓનો સેતુ. ગુજરાત સરકાર અને સુરત મહાનગરપાલિકા સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ પ્રકારના લાભ તમામ વર્ગના લોકો લઈ રહ્યા છે. ત્યારે વધુમાં વધુ લોકો લાભ મેળવે તે માટે અપીલ કરવામાં આવેલ. સુરત શહેર વિશ્વ ફલક પર દરેક ક્ષેત્રમાં આગવી ઓળખ ધરાવે છે અવલ નંબર પર જ રહે છે. સરકારશ્રીના 'વંદે ગુજરાત' જેવા અનેક પ્રકારના કાર્યક્રમોના માધ્યમ થકી વિવિધ યોજનાઓની માહિતી આપી લોકો સુધી જરૂરિયાત મંદને લાભ પહોંચાડવામાં આવે છે.

સેવાસેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રીપરેશભાઈ પટેલે પ્રસંગિક ઉદબોદન કરતા જણાવેલ કે સેવાસેતુ કાર્યક્રમનું સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં સારો પ્રતિસાદ મળી રહેલ છે. એવા સેવાસેતુ કાર્યક્રમ વારંવાર કરવા જોઈએ જેથી કરીને એક જ જગ્યાએ પર બધા જ પ્રકારના લાભ સરળતાથી મળી રહે લોકોને સમયની સાથે સાથે પૈસાનું પણ બચત થાય છે. સરકારશ્રીના સેવાસેતુ કાર્યક્રમને વધુમાં વધુ વેગ મળે તેમ જ નગરજનોની સુખાકારી માટે સુરત મહાનગરપાલિકા હંમેશા તૈયાર જ રહે છે. વધુમાં સૂચન કરતા જણાવેલ કે આંગણવાડીની બહેનો સંગઠિત થઈ તેઓ દ્વારા વિવિધ પ્રકારની વાનગીઓ બનાવી તેનું પ્રદર્શન યોજવું અને વેચાણ પણ શરૂ કરવો જોઈએ જેથી બાળકોને ખોરાક ખાવાની રુચિ બદલાશે પૌષ્ટિક આહાર મળશે અને બહેનોને સરળતાથી રોજગારી પણ મળશે.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ અને મ્યુ.સદસ્યશ્રીઓએ હાજર રહી લાભાર્થીઓને

પ્રોત્સાહિત કર્યા હતા.

"સેવાસેતુ કાર્યક્રમ"માં વિવિધ વિભાગો જેવા કે મેહસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગરપાલિકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/ વસુલાત/ પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ.વિભાગ, વિવિધ બેંકો વગેરે ધ્વારા દિવસ દરમ્યાન કુલ 1703 લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રીમીલેયર સર્ટી, પંચનામાં, ધાર્મિક લઘુમતી પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃદ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., મા વાત્સલ્ય કાર્ડ, મા અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજૂઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એક જ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ ' સેવાસેતુ કાર્યક્રમના આયોજન બદલ વિસ્તારના રહીશો ધ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં.
તા. ૨૪/૦૭/૨૦૨૨


ના સંયુક્ત ઉપક્રમે
સેતુ કાર્યક્રમ"


સુરત મહાનગરપાલિકા
ના સંયુક્ત ઉપક્રમે
નાગરિકોની

# સુરત મહાનગરપાલિકા
## માર્કેટ વિભાગ
## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ તેમના ઠરાવ નં.૧૩૨૭/૨૦૧૪, તા. ૩૦/૦૭/૨૦૧૪ થી દર વર્ષે શ્રાવણ માસના દર સોમવારેએટલે કે, ચાલુ વર્ષ ૨૦૧૯ ની તા.૦૧/૦૮/૨૦૨૨, તા.૦૮/૦૮/૨૦૨૨, તા.૧૫/૦૮/૨૦૨૨ અને તા.૨૨/૦૮/૨૦૨૨ ના દિવસો દરમ્યાન સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ કતલખાનાઓ બંધ રાખવાનું ઠરાવેલ છે. જેની નોંધ આ ધંધા સાથે સંકળાયેલ તમામ ઇસમોએ લેવી. આપેલ સુચનાનો ભંગ કરવા બદલ જે તે ઇસમો સામે ધી બી.પી.એમ.સી. અને બોમ્બે પોલીસ એકટની વિવિધ જોગવાઇઓ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે માર્કેટ ખાતાના વડાએ એક યાદીમાં જણાવ્યુ છે.

**સમાચારયાદી નં.** ૨૦૫
**તા.** ૨૫/૦૭/૨૦૨૨
**જનસંપર્ક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**

## <u>પ્રેસ નોટ</u>

સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોનમાં કરવામાં આવતી રસ્તા રીપેરીંગની કામગીરી અંતર્ગત આજરોજ નીચે મુજબના પરિશિષ્ટ મુજબ કુલ ૫૮૧.૯૦ મે.ટન જી.એસ.બી./છારૂ વિગેરે મટીરીયલનો ઉપયોગ કરી કુલ ૧૨૦ રસ્તાઓ પર અંદાજે ૫૯૭૫.૧૦ ચો.મી. વિસ્તારમાં રસ્તા રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. વધુમાં, રસ્તા રીપેરીંગની કામગીરી નિયમિતપણે તમામ ઝોનમાં ચાલુ રહેશે.

### <u>પરિશિષ્ટ</u>

| અ.નં. | ઝોનનું નામ | જી.એસ.બી. / છારૂ વિગેરે મટીરીયલ (મે.ટન) |
|---|---|---|
| ૧ | વેસ્ટ ઝોન | ૩૫.૦૦ |
| ૨ | નોર્થ ઝોન | ૬૯.૩૩ |
| ૩ | વરાછા ઝોન–એ | ૯૦.૨૫ |
| ૪ | વરાછા ઝોન–બી | ૮૦.૫૦ |
| ૫ | સાઉથ–વેસ્ટ ઝોન | ૫૨.૫૧ |
| ૬ | સાઉથ–ઈસ્ટ ઝોન | ૮૫.૦૦ |
| ૭ | સાઉથ ઝોન–એ | ૪૬.૦૦ |
| ૮ | સાઉથ ઝોન–બી | ૫૬.૮૧ |
| ૯ | સેન્ટ્રલ ઝોન | ૬૬.૫૦ |
| | કુલ.. | ૫૮૧.૯૦ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં...૨૦૬...
તા.૨૫/૦૭/૨૦૨૨

સુરત મહાનગરપાલિકા
પ્રેસનોટ

**" માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાનો ૫૦૦ દિવસનો સેવાયજ્ઞ"**

આજરોજ માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાને સુરત મહાનગરપાલિકાના મેયર તરીકે ૫૦૦ દિવસની સેવાયાત્રા સંપન્ન થવાના ઉપલક્ષ્યમાં તેઓશ્રીએ તથા મ્યુ. સદસ્યશ્રીઓએ અને અન્ય મહાનુભવોએ વોર્ડ ન. ૧૦ ખાતે આવેલ આંગણવાડી ખાતે સ્થળ મુલાકાત લઈ આંગણવાડીના બાળકોમાં પોષણયુક્ત આહાર વિતરણ કર્યો તેમજ સુપોષિત બાળકો સાથે સમય વિતાવ્યો.

વધુમાં માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ આ ૫૦૦ દિવસની સેવાયાત્રામાં અનેક મહત્વના નિર્ણયો તથા કાર્યો કર્યા છે. તેઓએ કોરોનાના કપરાકાળમાં ઓકિસજન પ્લાન્ટ કાર્યરત કરાવ્યા, મારો વોર્ડ કોરોના મુકત વોર્ડ અભિયાન શરૂ કર્યુ, કોરોના મહામારી દરમ્યાન વિવિધક્ષેત્રે અવિરત કાર્ય કરતા કર્મચારીઓને પ્રધાનમંત્રી સુરક્ષા યોજના અંતર્ગત જીવન વિમા કવર અપાવ્યા, શેલ્ટર હોમ, બી.આર.ટી.એસ. બસની સુવિધા અને આગની દુર્ઘટના હોઈ કે પાણી ભરાયાની અવ્યવસ્થા તમામ સ્થળે પ્રત્યક્ષ મુલાકાત લઈ પરિસ્થિતિનો તાગ મેળવતા,સુરત શહેરને સાયકલીંગ સિટી બનાવવા પહેલ કરતા તેમજ સુરત શહેરને સ્વચ્છતા સર્વેક્ષણમાં મળેલ દ્વિતીય ક્રમનો એવોર્ડ સહિતના અનેકવિધ એવોર્ડ તેઓએ સ્વીકાર્યો તથા સુરત મહાનગપાલિકાના સર્વાંગી વિકાસના પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત વિધિ કરી શહેરના અવિરત વિકાસને વેંગવતુ બનાવ્યું.

**જનસંપર્ક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા તરફથી**
**સાદર સમાચાર યાદી નં.૨૦૭,તા.૨૫/૦૭/૨૦૨૨**





**:: પ્રેસનોટ ::**

**"કારગીલ વિજય દિન અને શહીદ જવાનોને શ્રધ્ધા સુમન"**

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૦૭/૨૦૨૨ના રોજ "કારગીલ ચોક" ખાતે યોજાયેલ કારગીલ વિજય દિવસ અને શહીદ જવાનોને શ્રધ્ધા સુમન અર્પણ કાર્યક્રમ.**

કારગીલની ઊંચી પહાડીઓમાં કબ્જો જમાવી બેઠેલા ઘૂસણખોરોને પાઠ ભણાવવા ભારતીય લશ્કરની ત્રણેય પાંખના જવાનોએ માણસનું હાડ થિજાવી દે તેવી વિષમ પરિસ્થિતિમાં ૨૬મી જુલાઈ, ૧૯૯૯ના દિવસે "ઓપરેશન વિજય" પાર પાડીને કારગીલ, દ્રાસ અને બટાલિકની બધી ચોકી પર પાછો ભારતીય ત્રિરંગો ફરકાવ્યો ત્યારથી ૨૬મી જુલાઈના રોજ કારગીલ વિજયને 'વિજય દિવસ' તરીકે મનાવવા સાથે કારગીલ યુધ્ધમાં શહીદ થયેલા જવાનોને શ્રધ્ધાંજલિ આપવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૦૭/૨૦૨૨ને મંગળવારના રોજ સવારે ૮.૩૦ કલાકે કારગીલ ચોક, લેકવ્યુ ગાર્ડન પાસે, પીપલોદ, સુરત ખાતે માતૃભૂમિની આઝાદીની રક્ષાર્થે શહીદ થયેલા વીર સપૂતોને શ્રધ્ધા સુમન અર્પણ કાર્યક્રમ રાખવામાં રાખવામાં આવ્યો હતો.

જેમાં માન.મેયરશ્રીમતી હેમાલીબેન બોઘાવાલા, ડે.મેયરશ્રી દિનેશભાઈ જોધાણી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી પરેશભાઈ પટેલ, મ્યુનિ.કમિશ્નરશ્રી બંછાનિધી પાની,આઈ.એ.એસ., શાસકપક્ષ નેતાશ્રી અમિતસિંગ રાજપુત, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી પુર્ણીમાબેન દાવલે, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા ઉપસ્થિત મહાનુભાવોએ પોલીસ જવાનોના બ્યુગલની ધુન સાથે ફુલોની રીંગ અર્પણ કરી દેશ માટે શહીદ થયેલા વીર જવાનોને સલામી આપી હતી. કારગીલ યુધ્ધમાં સામેલ જવાનો, માજી સૈનિકો અને ફૌજી ગૃપના જવાનો, લાન્સર્સ આર્મી સ્કુલ બેન્ડ સાથે તથા નગર પ્રથમિક શિક્ષણ સમિતિના બાળકો રેલી આકારે આવી પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ૨૬મી જુલાઈ, ૧૯૯૯ના કારગીલ યુદ્વ વિજયને આપણે સૌ "વિજય દિવસ" તરીકે મનાવીએ છીએ, કારગીલ યુદ્વ દરમ્યાન આપણા જવાનોએ જે રીતે વિષમ અને મનુષ્ય ન રહી શકે તેવા વાતાવરણમાં યુદ્વ લડી, ભારતીય શકિત્તનો પરચો બતાવ્યો તે દુશ્મનોને તો ઠીક, પણ સમગ્ર વિશ્વને યાદ રહેશે. આ પ્રસંગે ઉપસ્થિત તમામ મહાનુભાવો તથા માજી સૈનિકો અને ફૌજી ગૃપના જવાનોને તુલસીના છોડ આપવામાં આવ્યા હતા. અંતે "જય જવાન જય કિસાન", "શહીદો અમર રહો", "વંદેમાતરમ્" અને "ભારતમાતા કી જય"ના નારાથી વાતાવરણ ગુંજી ઉઠયું હતું.

**સમાચાર યાદી.૨૦૮, તા.૨૬/૦૭/૨૦૨૨, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**





:: પ્રેસનોટ ::

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સુરત મહાનગરપાલિકા આયોજીત વર્ષાગીત સ્પર્ધા"

વિષય : આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૮/૦૭/૨૦૨૨ના રોજ પરફોર્મિંગ આર્ટ સેન્ટર–ઓડિટોરીયમ, અડાજણ, સુરત ખાતે યોજાનાર વર્ષાગીત સ્પર્ધા

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષાના આગમનને વધાવવા તા.૨૮/૦૭/૨૦૨૨ને ગુરૂવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે માધ્યમિક વિભાગની અને બપોરે ૧૨.૦૦ કલાકે પ્રાથમિક વિભાગની વર્ષાગીત સ્પર્ધા પરફોર્મિંગ આર્ટ સેન્ટર–ઓડિટોરીયમ, એલ.પી.સવાણી, અડાજણ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ વર્ષાગીત સ્પર્ધામાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને નિમંત્રણ છે. રજીસ્ટ્રેશન કરાવેલ સ્પર્ધકો જ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

સમાચારયાદી નં.૨૦૯, તા.૨૬/૦૭/૨૦૨૨, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# –::પ્રેસનોટ::–

આરોગ્ય અધિકારીશ્રી, ટોબેકો કંટ્રોલ સેલ, સુરત મહાનગરપાલિકાનાં સીધા માર્ગદર્શન હેઠળ તા.૨૬/૦૭/૨૦૨૨નાં રોજ તમાકુ નિયત્રણ અધિનિયમ–૨૦૦૩ હેઠળ કલમ–૪ અને કલમ–૬(બી)નાં ભંગ કરનાર ઈસમો સામે અસરકારક અને સખ્ત અમલીકરણ તથા તમાકુ વિરોધી લોક જાગૃતિ થાય તે માટે તમામ ઝોનમાં નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે. જેનાથી તમાકુ પ્રોડકટસનું વેચાણ કરનાર વિક્રતાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | કલમ–૪ નાં ભંગ બદલ દંડ | | કલમ–૬ (બી)નાં ભંગ બદલ દંડ | | કલમ –૪ અને ૬(બી) નાં ભંગ બદલ કુલ દંડ | |
|---|---|---|---|---|---|---|
| | ઈસમ | રૂપિયા | ઈસમ | રૂપિયા | કુલ ઈસમો | કુલ રૂપિયા |
| સેન્ટ્રલ | ૦૮ | ૧૬૦૦ | ૦૮ | ૧૬૦૦ | ૧૬ | ૩૨૦૦ |
| વરાછા (એ) | ૦૭ | ૧૪૦૦ | ૦૮ | ૧૬૦૦ | ૧૫ | ૩૦૦૦ |
| વરાછા (બી) | ૦૬ | ૧૨૦૦ | ૦૫ | ૧૦૦૦ | ૧૧ | ૨૨૦૦ |
| રાંદેર | ૦૮ | ૧૬૦૦ | ૦૯ | ૧૮૦૦ | ૧૭ | ૩૪૦૦ |
| કતારગામ | ૦૫ | ૧૦૦૦ | ૦૬ | ૧૨૦૦ | ૧૧ | ૨૨૦૦ |
| ઉધના (એ) | ૦૭ | ૧૪૦૦ | ૦૩ | ૬૦૦ | ૧૦ | ૨૦૦૦ |
| ઉધના (બી) | ૦૫ | ૧૦૦૦ | ૦૫ | ૧૦૦૦ | ૧૦ | ૨૦૦૦ |
| લિંબાયત | ૦૭ | ૧૪૦૦ | ૦૮ | ૧૬૦૦ | ૧૫ | ૩૦૦૦ |
| અઠવા | ૦૫ | ૧૦૦૦ | ૦૭ | ૧૪૦૦ | ૧૨ | ૨૪૦૦ |
| કુલ | ૫૮ | ૧૧૬૦૦ | ૫૯ | ૧૧૮૦૦ | ૧૧૭ | ૨૩૪૦૦ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૨૧૦
તા.૨૬/૦૭/૨૦૨૨

TOBACCO NONDH

સુરત મહાનગરપાલિકા
પ્રેસનોટ

**માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાહેબની સુરત શહેરના સર્વાંગી વિકાસ અને**
**" World Cities Summit-2022 " અર્થે**
**શહેરના પ્રથમ નાગરિક માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાની રૂબરૂ મલાકાત**

આઠમી " World Cities Summit - 2022 " તા.૩૧/૦૭/૨૦૨૨ થી તા.૦૩/૦૮/૨૦૨૨ દરમ્યાન સિંગાપોર ખાતે યોજાનાર છે. જે અંતર્ગત તા.૩૧/૦૭/૨૦૨૨ના રોજ આયોજિત Mayors Forum માં ભાગ લેવા માટેનું નિમંત્રણ Prime Minister - Singapore ધ્વારા માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાને મળેલ છે. જે સંદર્ભે આજરોજ શહેરના પ્રથમ નાગરિક એવા માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ માન.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાહેબની રૂબરૂ મુલાકાત લઈ આઠમી " World Cities Summit-2022 " માં રજુ કરવા સુરત શહેર અને સુરત શહેરના સર્વાંગી વિકાસ કાર્યો બાબતે વિસ્તૃત ચર્ચા કરી હતી. વધુમાં તેઓશ્રીએ માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાહેબના જરૂરી સુચનો અને માર્ગદર્શન મેળવ્યા.

જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર સમાચાર યાદી નં.૨૧૧,
તા.૨૬/૦૭/૨૦૨૨





## પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોનમાં કરવામાં આવતી રસ્તા રીપેરીંગની કામગીરી અંતર્ગત આજરોજ નીચે મુજબના પરિશિષ્ટ મુજબ કુલ ૩૬૩.૫૭ મે.ટન બીટ્યુમીનસ મટીરીયલનો અને કુલ ૩૩૨.૫૦ મે.ટન જી.એસ.બી./છારૂ વિગેરે મટીરીયલનો ઉપયોગ કરી કુલ ૧૨૦ રસ્તાઓ પર અંદાજે ૬૭૭૦.૨૦ ચો.મી. અને જેટ પેચર મશીનનો ઉપયોગ કરી અંદાજે ૩૧૫.૬૨ ચો.મી. વિસ્તારમાં રસ્તા રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. વધુમાં, રસ્તા રીપેરીંગની કામગીરી નિયમિતપણે તમામ ઝોનમાં ચાલુ રહેશે.

## પરિશિષ્ટ

| અ.નં. | ઝોનનું નામ | બીટ્યુમીન મટીરીયલ પેચવર્ક(મે.ટન) | જી.એસ.બી. / છારૂ વિગેરે મટીરીયલ (મે.ટન) |
|---|---|---|---|
| ૧ | વેસ્ટ ઝોન | ૫૧.૦૧ | ૨૪.૦૦ |
| ૨ | નોર્થ ઝોન | ૫૧.૩૫ | ૫૧.૧૦ |
| ૩ | વરાછા ઝોન–એ | ૩૩.૮૭ | ૨૨.૩૮ |
| ૪ | વરાછા ઝોન–બી | ૨૭.૭૪ | ૭૪.૩૪ |
| ૫ | સાઉથ–વેસ્ટ ઝોન | ૩૯.૧૩ | ૩૫.૦૬ |
| ૬ | સાઉથ–ઈસ્ટ ઝોન | ૪૪.૧૬ | ૫૭.૦૦ |
| ૭ | સાઉથ ઝોન–એ | ૨૪.૬૬ | ૩૮.૦૦ |
| ૮ | સાઉથ ઝોન–બી | ૧૮.૦૫ | ૨૭.૬૨ |
| ૯ | સેન્ટ્રલ ઝોન | ૭૨.૧૨ | ૩.૦૦ |
| ૧૦ | બ્રીજ સેલ | ૧.૪૮ | ૦.૦૦ |
| | કુલ.. | ૩૬૩.૫૭ | ૩૩૨.૫૦ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં..........
તા.૨૬/૦૭/૨૦૨૨

D:\ZEBA\MAHITI\Monsoon 2022 Daily mahiti\26.07.2022\Press Note NEw.docx

:: પ્રેસનોટ ::

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સુરત મહાનગરપાલિકા આયોજીત મહેંદી સ્પર્ધા"

વિષય : આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા
તા.૨૯/૦૭/૨૦૨૨ના રોજ કતારગામ કોમ્યુનિટી હોલ ખાતે આયોજીત મહેંદી સ્પર્ધા

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૯/૦૭/૨૦૨૨ના રોજ પ્રાથમિક અને માધ્યમિક વિભાગની મહેંદી સ્પર્ધા બપોરે ૧૨.૦૦ કલાકે તથા ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધાનું આયોજન બપોરે ૨.૦૦ કલાકે કતારગામ કોમ્યુનિટી હોલ, વસ્તાદેવડી રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે.

આ મહેંદી સ્પર્ધામાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને નિમંત્રણ છે. રજીસ્ટ્રેશન કરાવેલ સ્પર્ધકો જ આ મહેંદી સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

સમાચારયાદી નં.૨૧૩, તા.૨૭/૦૭/૨૦૨૨, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

## :: પ્રેસનોટ ::

### "સુરત મહાનગરપાલિકાની ૪૮ વર્ષથી આયોજીત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા"

**વિષય : સુરત મહાનગરપાલિકાની ૪૮ વર્ષથી આયોજીત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાના સ્કુટિનીના પરિણામ બાબત.**

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના ઉગતા કલાકારોને પ્રોત્સાહિત કરી તેઓ રાજયકક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ નાટ્યક્ષેત્રે પોતાનું આગવું સ્થાન મેળવે તેવા ઉમદા હેતુસર સને ૧૯૬૯ વર્ષથી યોજવામાં આવે છે. આ વર્ષે યોજાનાર "સુરત મહાનગરપાલિકાની ૪૮ વર્ષથી આયોજીત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં" ભાગ લેવા માટે સુરત શહેરની ૧૨ નાટ્ય સંસ્થાની સ્કુટિનીનું આયોજન તા.૨૩ અને ૨૪ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન પરફોર્મીંગ આર્ટ સેન્ટર, અડાજણ, સુરત ખાતે યોજવામાં આવી હતી. જેમાં નિર્ણાયક તરીકે શ્રી સતીશચંદ્ર દેસાઈ–વલસાડ,શ્રી પ્રકાશ મહેતા– સુરત અને ભરત ભટ્ટ– સુરતએ સ્કુટિનીમાં રજૂ થયેલ ૧૨ નાટકોમાંથી નીચે જણાવેલ ૯ (નવ) નાટકોની ફાયનલ ભજવણી માટે પસંદગી કરેલ છે.

| ક્રમ | સંસ્થાનું નામ | નાટકનું નામ | દિગ્દર્શકનું નામ |
|---|---|---|---|
| ૧ | ક્રાફ્ટ એન્ટરટ્રેઈમેન્ટ | માણસ નામે મહાભારત | સ્ટવન જરીવાલા |
| ૨ | એક્ષપ્રેશન ગ્રુપ | The Doll | મિહિર પાઠક<br>વત્સલ શેઠ |
| ૩ | કર્મસુ આર્ટસ | સાવ અમસ્તું નાટક નાટક | રિષિત ઝવેરી |
| ૪ | બી.આર.પ્રોડકશન | Mr. .બોલ બચ્ચન | વિશ્વદીપસિંહ ઠાકોરે |
| ૫ | એન.વી.પ્રોડકશન | શકરબાજ | પંકજ પાઠકજી |
| ૬ | રંગ પુજા થીયેટર | નાનીમા | જીતેન્દ્ર સુમરા |
| ૭ | શ્રી ક્રિષ્ના પ્રોડકશન | રિવા | કુણાલ પારેખ |
| ૮ | કે.ડી.એન્ટરટેઈનર્સ | ટાઈમ પ્લીઝ | ખંજન ઠુમ્બર |
| ૯ | ડાયમંડ સીટી પ્રોડકશન | ધ ઓથર કલબ | તેજસ ટેલર |

નાટ્ય સંસ્થાઓના નાટકોની સ્કુટિની રાઉન્ડ બાદ પસંદ થયેલ ૯ (નવ) નાટકો આગામી સપ્ટેમ્બર–૨૦૨૨માં અનુકુળ તારીખોએ સ્કુટિનીના ક્રમ મુજબ સંજીવ કુમાર ઓડીટોરીયમ, અડાજણ, સુરત ખાતે યોજવામાં આવશે.

સમાચારયાદી નં. ૨૧૪ ,તા.૨૭/૦૭/૨૦૨૨, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

## <u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–

આજરોજ સુરત મહાનગરપાલિકાના કાર્યપાલક ઇજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ નીચે મુજબની ડીમોલીશનની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૧) સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.૦૫,નોંધ નં.૧૪૦૩ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા, તા.૨૬/૦૭/૨૦૨૨ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત રહેણાંકનાં હેતુસરવાળી મિલ્કતમાં પાંચમાં અને છઠ્ઠા માળે આશરે ૧૧૮૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર. સી. સી. સ્લેબ તથા આશરે ૭૦૦ ચો.ફુટ ચણતર દુર કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૫૦,૦૦૦/– પેનલ્ટી ચાર્જ વસૂલ લેવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.૦૭,નોંધ નં.૨૩૦૪, ૨૩૦૫ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા, તા.૨૭/૦૭/૨૦૨૨ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત રહેણાંકનાં હેતુસરવાળી મિલ્કતમાં છઠ્ઠા માળે આશરે ૫૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર. સી. સી. સ્લેબ તથા આશરે ૨૦૦ ચો.ફુટ ચણતર દુર કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૨૧૫
તા.૨૭/૦૭/૨૦૨૨

# <u>પ્રેસ નોટ</u>

સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોનમાં કરવામાં આવતી રસ્તા રીપેરીંગની કામગીરી અંતર્ગત આજરોજ નીચે મુજબના પરિશિષ્ટ મુજબ **કુલ ૭૯.૬૩ મે.ટન** બીટયુમીનસ મટીરીયલનો અને **કુલ ૫૮૨.૭૨ મે.ટન** જી.એસ.બી./છારૂ વિગેરે મટીરીયલનો ઉપયોગ કરી **કુલ ૧૧૧** રસ્તાઓ પર **અંદાજે ૬૫૧૮ ચો.મી.** વિસ્તારમાં રસ્તા રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. વધુમાં, રસ્તા રીપેરીંગની કામગીરી નિયમિતપણે તમામ ઝોનમાં ચાલુ રહેશે.

## <u>પરિશિષ્ટ</u>

| અ.નં. | ઝોનનું નામ | બીટયુમીન મટીરીયલ પેચવર્ક(મે.ટન) | જી.એસ.બી. / છારૂ વિગેરે મટીરીયલ (મે.ટન) |
|---|---|---|---|
| ૧ | વેસ્ટ ઝોન | ૨૧.૫૩ | ૪૫.૫૦ |
| ૨ | નોર્થ ઝોન | ૦.૦૦ | ૧૦૦.૯૨ |
| ૩ | વરાછા ઝોન–એ | ૮.૪૫ | ૧૦૧.૦૬ |
| ૪ | વરાછા ઝોન–બી | ૧૮.૬૫ | ૬૨.૨૭ |
| ૫ | સાઉથ–વેસ્ટ ઝોન | ૧૫.૩૦ | ૪૮.૯૭ |
| ૬ | સાઉથ–ઈસ્ટ ઝોન | ૫.૮૬ | ૭૧.૦૦ |
| ૭ | સાઉથ ઝોન–એ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૮ | સાઉથ ઝોન–બી | ૯.૮૪ | ૯૪.૦૦ |
| ૯ | સેન્ટ્રલ ઝોન | ૦.૦૦ | ૫૯.૦૦ |
| | કુલ.. | ૭૯.૬૩ | ૫૮૨.૭૨ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૨૧૬
તા.૨૭/૦૭/૨૦૨૨

# <u>પ્રેસનોટ</u>

## <u>"મેલેરીયા–ડેંગ્યુ–ચીકનગુનિયા વિરોધી માસ" અંતર્ગત યોજાયેલ</u>

## <u>ચિત્ર/કવીઝ/નિબંધ સ્પર્ધા</u>

હાલની વરસાદની ઋતુને ઘ્યાને લઈ વાહક જનિત રોગ વધવાની શકયતાને ઘ્યાને લઈ મેલેરીયા તથા ડેંગ્યુ વિરોધી માસની ઉજવણીના ભાગરૂપે તા–૨૮/૦૭/૨૦૨૨ નાં રોજ સેન્ટ્રલ ઝોનના અંબાબા હરીપુરા ગર્લ્સ શાળા સંકુલ ખાતે **" ડેંગ્યુ/મેલેરીયા નિયંત્રણ આપણા સૌની જવાબદારી "** વિષય પર કવીઝ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા તથા નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જે અંતર્ગત **સેન્ટ્રલ ઝોનનાં કુલ ૪૦ શાળાના ૧૭૮ બાળકોએ** ભાગ લઈ ડેંગ્યુ/મેલેરીયા તથા ચીકુનગુનીયા જેવા મચ્છરજન્ય રોગો માટે સાવચેતીના પગલા લેવા અંગેના મુદ્દાઓને આવરી લઈ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સદર સ્પર્ધાઓ દરમિયાન શાળાનાં ૪૦ શિક્ષકો તથા સેન્ટ્રલ ઝોનનાં આરોગ્ય ખાતાના વી.બી.ડી.સી. વિભાગના સ્ટાફ એ પણ ઉપસ્થિત રહી બાળકોનું ઉત્સાહ વધારવાની તથા સ્પર્ધાને લાગત કામગીરીમાં મદદ કરવાની કામગીરી કરી હતી. સદર સ્પર્ધા દરમિયાન નાયબ આરોગ્ય અધિકારીશ્રી સેન્ટ્રલ ઝોન, આસીસ્ટન્ટ આરોગ્ય અધિકારીશ્રી સેન્ટ્રલ ઝોન તથા આસીસ્ટન્ટ જંતુનાશક અધિકારીશ્રી સેન્ટ્રલ ઝોનએ ઉપસ્થિત રહી મચ્છરજન્ય રોગોના પ્રિવેન્સન અંગે સાવચેતીના પગલાંરૂપે માગદર્શન પુરૂ પાડયુ હતું તથા સંલગ્ન વી.બી.ડી.સી. વિભાગ તથા શાળાનાં સુપરવાઈઝરી સ્ટાફ અને વિધાર્થીઓ દ્વારા ઉત્સાહપૂર્વક લીધેલા ભાગને પ્રોત્સાહન આપ્યું હતું.


2022.07.28 12:07



33

# :: પ્રેસનોટ ::

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ વર્ષાગીત સ્પર્ધા''

**વિષય : આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૮/૦૭/૨૦૨૨ના રોજ પરફોર્મિંગ આર્ટ સેન્ટર–ઓડિટોરીયમ, અડાજણ, સુરત ખાતે યોજાયેલ વર્ષાગીત સ્પર્ધા**

ભારતીય લોકસંસ્કૃતિ અને વૈવિધ્યસભર સાંસ્કૃતિક વિરાસતના જતન કરવાના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ભારત જેવા કૃષિપ્રધાન દેશમાં વરસાદની મહત્તાને ઉજાગર કરવા અને વરસાદના આગમનને વધાવવા સુરત મહાનગરપાલિકા દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત તા.૨૮/૦૭/૨૦૨૨ને ગુરૂવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે માધ્યમિક વિભાગની અને બપોરે ૧૨.૦૦ કલાકે પ્રાથમિક વિભાગની વર્ષાગીત સ્પર્ધા પરફોર્મિંગ આર્ટ સેન્ટર–ઓડિટોરીયમ, એલ.પી.સવાણી, અડાજણ, સુરત ખાતે યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં ઉપસ્થિત તમામને આવકારતાં આસી.મ્યુનિ.કમિશનર અને ઈ.ચા.ડે.મ્યુનિ.કમિશનરશ્રી ગાયત્રીબેન જરીવાલાએ જણાવ્યું હતું કે, ગુજરાતની ભાતીગળ લોક સંસ્કૃતિ અને વૈવિધ્ય સભર સાંસ્કૃતિક વિરાસતનું જતન કરવાના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા અનેકવિધ પ્રયત્ન કરતી આવી છે. વરસાદના આગમનને વધાવવા વર્ષાગીત સ્પર્ધા એ તે માટેનો જ એક પ્રયાસ છે, ત્યારબાદ સ્પર્ધાના પ્રાસંગિક ઉદબોધનમાં સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી પુર્ણિમાબેન દાવલેએ જણાવ્યું હતું કે, સુરત શહેરની સંસ્કૃતિનું સ્તર જાળવી રાખવા, તેનું જતન તથા સંવર્ધન કરવા તથા આ સાથે આજની પેઢી ભારતના લોકનેતાઓએ ભારતની આઝાદી અને પ્રગતિમાં આપેલ ફાળાને, તેમની વિચારધારાને સમજે તે માટે સાંસ્કૃતિક વિભાગ દ્વારા વિવિધ કાર્યક્રમોનું દરવર્ષે આયોજન કરી સંસ્કારમુલક પ્રવુત્તિઓથી આજની અને આવતી કાલની પેઢીનું ઘડતર અને સંવર્ધન થતું રહે છે. આ સ્પર્ધાનો શુભારંભ ઉપસ્થિત મહાનુભાવોના વરદહસ્તે દિપ પ્રાગટયથી કરવામાં આવ્યો હતો.

આ સ્પર્ધામાં પ્રાથમિક વિભાગમાં શહેરની ખાનગી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ તથા માધ્યમિક વિભાગ મળી કુલ ૪૨ થી પણ વધુ શાળાઓના અંદાજીત ૨૫૦ બાળકોએ ભાગ લઈ પૂરી તન્મયતાથી વર્ષાગીતો રજૂ કરી ઉપસ્થિત શ્રોતાઓના મન મોહી લીધાં હતાં. આ પ્રસંગે માન.શાસક પક્ષના નેતાશ્રી અમિતસિંગ રાજપૂત અને જાહેર પરિવહન પ્રવુત્તિ સમિતિના અધ્યક્ષા શ્રીમતી રમીલાબેન પટેલ ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ જાહેર થયું હતું.

| વિજેતા ક્રમ | પ્રાથમિક વિભાગ | માધ્યમિક વિભાગ |
|---|---|---|
| પ્રથમ | સંસ્કાર ભારતી વિદ્યાલય (અંગ્રેજી માધ્યમ) | પી.પી.સવાણી વિદ્યાભવન |
| દ્વિતીય | કે.એસ. જાંપી ઈ.મી.ગર્લ્સ સ્કુલ | બી.એચ.કલસરીયા મા.શાળા |
| તૃતીય | કવિશ્રી રાજેન્દ્રશાહ ન.પ્રા.શા.નં.૧૪૩ | સંસ્કાર ભારતી વિદ્યાલય (ગુજરાતી માધ્યમ) |
| આશ્વાસન | ગજરાબા પ્રાથમિક વિદ્યાલય | હરિઓમ વિદ્યાભવન |
| | મહારાણી તારાબાઈ ન.પ્રા.શાળા નં.૧૭૫ | સુમન હાઈસ્કુલ નં.૧૯ (ઉત્રાણ) |
| | બીએપીએસ સ્વામીનારાયણ વિદ્યામંદિર | બીએપીએસ સ્વામીનારાયણ વિદ્યામંદિર |
| | જીવનભારતી પ્રવુતિ વિદ્યાલય | |
| | સદભાવના વિદ્યાલય | |

વર્ષાગીત સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી પૂર્ણિમાબેન દાવલે, નિર્ણાયક સર્વશ્રી નીતા રાજ ઉપાધ્યાય અને શ્રી શશાંકભાઈ જાનીના વરદહસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર દરેક સ્પર્ધકોને સ્મૃતિભેટ તથા શાળાઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતાં. આ પ્રસંગે શિક્ષકો, વાલીઓ અને સંગીતપ્રેમી નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વર્ષાના ગીતો માણવા સાથે સ્પર્ધક બાળાઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સમાચારયાદી નં.૨૧૮, તા.૨૮/૦૭/૨૦૨૨, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.



આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત
સુરત મહાનગરપાલિકા
આયોજીત
વર્ષાગીત સ્પર્ધા




# **પ્રેસ નોટ**

સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોનમાં કરવામાં આવતી રસ્તા રીપેરીંગની કામગીરી અંતર્ગત આજરોજ નીચે મુજબના પરિશિષ્ટ મુજબ **કુલ** ૪૩૨.૭૬ **મે.ટન** બીટ્યુમીનસ મટીરીયલનો અને **કુલ** ૨૮૮.૪૪ **મે.ટન** જી.એસ.બી./છારૂ વિગેરે મટીરીયલનો ઉપયોગ કરી **કુલ ૧૪૭** રસ્તાઓ પર **અંદાજે** ૮૫૯૭.૦૦ **ચો.મી.** વિસ્તારમાં રસ્તા રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. વધુમાં, રસ્તા રીપેરીંગની કામગીરી નિયમિતપણે તમામ ઝોનમાં ચાલુ રહેશે.

## **પરિશિષ્ટ**

| અ.નં. | ઝોનનું નામ | બીટ્યુમીન મટીરીયલ પેચવર્ક(મે.ટન) | જી.એસ.બી. / છારૂ વિગેરે મટીરીયલ (મે.ટન) |
|---|---|---|---|
| ૧ | વેસ્ટ ઝોન | ૪૪.૭૧ | ૪૫.૫૦ |
| ૨ | નોર્થ ઝોન | ૫૮.૩૭ | ૧૦૦.૯૨ |
| ૩ | વરાછા ઝોન–એ | ૫૮.૬૨ | ૧૦૧.૦૬ |
| ૪ | વરાછા ઝોન–બી | ૩૨.૧૧ | ૬૨.૨૭ |
| ૫ | સાઉથ–વેસ્ટ ઝોન | ૫૫.૯૬ | ૪૮.૯૭ |
| ૬ | સાઉથ–ઈસ્ટ ઝોન | ૬૪.૧૭ | ૭૧.૦૦ |
| ૭ | સાઉથ ઝોન–એ | ૨૩.૭૨ | ૦.૦૦ |
| ૮ | સાઉથ ઝોન–બી | ૨૧.૯૦ | ૯૪.૦૦ |
| ૯ | સેન્ટ્રલ ઝોન | ૭૧.૮૯ | ૫૯.૦૦ |
| ૧૦ | | ૧.૩૧ | - |
| | **કુલ..** | ૪૩૨.૭૬ | ૨૮૮.૪૪ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૨૧૯
તા.૨૮/૦૭/૨૦૨૨

# –: પ્રેસ નોટ :–

**ORS WEEK અને BREAST FEEDING WEEK ની ઉજવણી**

આજ રોજ તા.૨૮–૦૭–૨૦૨૨ **SMIMER** હૉસ્પિટલના **Pediatric** વિભાગ અને **SPACT (Surat Pediatric Association Charitable Trust)** દ્વારા **ORS WEEK** અને **BREAST FEEDING WEEK** ઉત્સવ અંતર્ગત **SMIMER** હૉસ્પિટલમાં એક કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં હૉસ્પિટલ ના **Pediatric** વિભાગ મા સારવાર લેવા આવનાર દર્દી અને એમના સગા સંબંધી ને જીવન રક્ષક જળ **(ORS)** ની ઉપયોગિતા અને એના દ્વારા **ડીહાઈડ્રેશન** રોકવા **ORS** બનાવવા ની રીત બતાવવામાં આવી અને **ORS** ના ફાયદા સમજાવવામાં આવ્યા, જુલાઈ મહિનાનું અંતિમ અઠવાડિયું પુરા ભારત દેશ મા **ORS week** તરીકે ઉજવવામાં આવે છે

આ સાથે સાથે **BREAST FEEDING WEEK** ની ઉજવણી પણ કરવામાં આવશે, ઑગસ્ટ મહિનાનું પ્રથમ અઠવાડિયું **BREAST FEEDING WEEK** તરીકે ઉજવવામાં આવે છે, જેમાં માતાના ધાવણ થી થતાં ફાયદા ની વિસ્તૃત જાણકારી આપવામાં આવી

આ કાર્યક્રમમાં **SMIMER** હૉસ્પિટલ ના ડીન શ્રી **Dr. Deepak Howale** , **Pediatrics** વિભાગ ના વડા અને ઇન્ચાર્જ સુપ્રિન્ટેન્ડન્ટ ડો વંદના દેસાઇ, **SPACT** ના પ્રમુખ શ્રી ડો દર્શન ચૌહાણ , **Pediatrics** વિભાગ ના એડિશનઅલ પ્રોફેસર ડો પુનમ સિંઘ , **R.M.O.**, નર્સિંગ સુપ્રિન્ટેન્ડન્ટ, **નર્સિંગ સ્ટાફ** હાજર રહ્યા હતા **તથા આ પ્રસંગે એક નાનકડું પોસ્ટર કોમ્પીટીશનું આયોજન** કરવા**માં આવેલ જેમાં** નર્સિંગ સ્ટુડન્ટ્સ **દ્વારા ખુબ** જ સુંદર **વિષય અનુરૂપ** પોસ્ટર બનાવવા**માં આવેલ** અને એમાં પ્રથમ ૩ આવનાર ને **પીડીયાટ્રીક એસોસીયેશન** તરફ થી ઈનામ અર્પણ કરાયા હતા.

કાર્યક્રમ ને સફળ બનાવવા ડો રજનીકાંત પટેલ અને ડો નિરાલી મેહતા **(પીડીયાટ્રીક વિભાગ) દ્વારા ખુબ જ મહેનત** કરવા**માં આવેલ.**


VACCINE ROOM
34


WORLD ORS DAY

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

**"હર ઘર તિરંગા" કાર્યક્રમ**
**તા.૧૩ ઓગષ્ટ ૨૦૨૨ થી તા. ૧૫ ઓગષ્ટ ૨૦૨૨**

ભારત દેશની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે અને આ આઝાદીકા અમૃત મહોત્સવની અંતર્ગત વિવિધ રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમોનું આયોજન થઈ રહેલ છે. તા.૧૩ ઓગષ્ટ ૨૦૨૨ થી તા.૧૫ ઓગષ્ટ ૨૦૨૨ દરમ્યાન " હર ઘર તિરંગા " કાર્યક્રમની રાષ્ટ્રવ્યાપી ઉજવણી કરવાનું આયોજન કરેલ છે. જે અંતર્ગત આજરોજ સુરત મહાનગરપાલિકાની મુખ્યકચેરી,મુગલીસરા ખાતે શહેરના વિવિધ એસોસીએશનોના પ્રતિનિધિઓ સાથે માન. મ્યુ. કમિશનર શ્રી બંછાનિધિ પાની સાહેબની અધ્યક્ષતામાં અને માન. ડે.મેયર શ્રી દિનેશભાઈ જોધાણી, માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલ,માન. શાસકપક્ષ નેતા શ્રી અમિતસિંગ રાજપુતની ઉપસ્થિતિમાં મીટીંગનું આયોજન કરવામાં આવેલ.

સમગ્ર દેશવાસીઓમાં રાષ્ટ્રધ્વજ અને દેશ માટે ગર્વની ભાવના જાગે તે હર ઘર તિરંગા કાર્યક્રમનો મુખ્ય હેતુ છે. દેશના ૨૦ કરોડથી વધુ ઘરો, એટલે કે ૧૦૦ કરોડથી વધુ લોકો અને આપણા ગુજરાત રાજયમાં ૫૦ લાખ શહેરી વિસ્તાર ,૫૦ લાખ ગ્રામીણ વિસ્તાર મળી ૧ કરોડ ઘરો પર હર ઘર તિરંગા કાર્યક્રમ અંતર્ગત રાષ્ટ્રધ્વજ લહેરાવાનું આયોજન કરવામાં આવેલ છે. વધુમાં તા.૧૩ ઓગષ્ટ ૨૦૨૨ થી તા. ૧૫ ઓગષ્ટ ૨૦૨૨ દરમ્યાન મહાનગરપાલિકા વિસ્તારના તમામ ઘરો, રસ્તા, અનાજની દુકાનો, એપીએમસી માર્કેટ, સહકારી મંડળીઓ, દૂધ મંડળીઓ, તમામ સરકારી–અર્ધસરકારી કચેરીઓ, ભવનો, શાળા, કોલેજ તથા અન્ય તમામ શૈક્ષણિક સંસ્થાઓ, આંગણવાડીઓ, જેલ, પોલીસ સ્ટેશન, બસ સ્ટેશન, પેટ્રોલ પંપ, હોટેલ, ઉદ્યોગ ગૃહો, વાણિજય સંસ્થાઓ, હોસ્પિટલો, આરોગ્ય કેન્દ્રો વિગેરે તમામ જગ્યાએ આદર અને સમ્માન પૂર્વક રાષ્ટ્રધ્વજ લહેરાવવાનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ વિશ્વનો પહેલો એવો કાર્યક્રમ હશે જે કયારેય કોઈ રાષ્ટ્રે તેની સ્વતંત્રતા કે અન્ય કોઈ દિવસની ઉજવણી માટે ઉજવણી કરી ન હોય.

તા.૦૨ ઓગષ્ટ ૨૦૨૨ ના રોજથી ૨૦" × ૩૦" ની સાઈઝનો રાષ્ટ્રધ્વજ અંદાજીત રૂા. ૨૫ અને ૧૬" × ૨૪" ની સાઈઝનો રાષ્ટ્રધ્વજ અંદાજીત રૂા. ૧૮ ના દરે વેચાણથી સુરત મહાનગરપાલિકાના તમામ નાગરિક સુવિધા કેન્દ્રો,તમામ વોર્ડ ઓફીસ,તમામ ગાર્ડન, તમામ સ્વીમીંગ પુલ,પ્રાથમિક સકુલ,સુમન સ્કુલ,લાઈબ્રેરી,ફાયર સ્ટેશન, બી.આર.ટી.એસ. સ્ટેશન અને કોમ્યુનીટી હોલ સહિત વિવિધ ૫૭૨ સ્થળોથી મળી શકશે. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં શહેરીજનો યોગ્ય સાથ સહકાર મળી રહે રાષ્ટ્રધ્વજનું ગૌરવ જળવાય રહે તે મુજબ તમામ સ્થળોએ રાષ્ટ્રધ્વજ લહેરાવી રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવા માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલે ઉપસ્થિત એસોસીએશનોના પ્રતિનિધિઓને અનુરોધ કર્યો હતો. માન. મ્યુ. કમિશનર શ્રી બંછાનિધિએ જણાવ્યું હતું કે તા.૧૫ ઓગષ્ટ ૨૦૨૨ પછી રાષ્ટ્રધ્વજનું સન્માન જળવાય રહે તે માટે સુરત મહાનગરપાલિકાની તમામ કચેરીઓમાં રાષ્ટ્રધ્વજ પરત લેવામાં આવશે. વધુમાં ઉપસ્થિત એસોસીએશનોના પ્રતિનિધિઓ અને અધિકારીશ્રીઓએ આદર અને સમ્માન પૂર્વક રાષ્ટ્રધ્વજ લહેરાવવાની પ્રતિજ્ઞા લીધી હતી અને ઉપસ્થિત એસોસીએશનોના પ્રતિનિધિઓએ" હર ઘર તિરંગા " કાર્યક્રમમાં સહભાગી બની અન્યોને પણ આ કાર્યક્રમમાં જોડાવા માટે સાથ સહકાર આપવા તત્પરતા દર્શાવી હતી.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથીસાદર સમાચાર યાદી નં.૨૨૧,તા.૨૮/૦૭/૨૦૨૨**





# <u>પ્રેસ નોટ</u>

સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોનમાં કરવામાં આવતી રસ્તા રીપેરીંગની કામગીરી અંતર્ગત આજરોજ નીચે મુજબના પરિશિષ્ટ મુજબ **કુલ ૫૧૧.૩૩ મે.ટન** બીટયુમીનસ મટીરીયલનો અને **કુલ ૨૬૩.૨૧ મે.ટન** જી.એસ.બી./છારૂ વિગેરે મટીરીયલનો ઉપયોગ કરી **કુલ ૧૦૪** રસ્તાઓ પર **અંદાજે ૮૭૩૬.૧૦ ચો.મી.** વિસ્તારમાં રસ્તા રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. વધુમાં, રસ્તા રીપેરીંગની કામગીરી નિયમિતપણે તમામ ઝોનમાં ચાલુ રહેશે.

## <u>પરિશિષ્ટ</u>

| અ.નં. | ઝોનનું નામ | બીટયુમીન મટીરીયલ પેચવર્ક(મે.ટન) | જી.એસ.બી. / છારૂ વિગેરે મટીરીયલ (મે.ટન) |
|---|---|---|---|
| ૧ | વેસ્ટ ઝોન | ૫૯.૪૮ | ૨૧.૫૦ |
| ૨ | નોર્થ ઝોન | ૬૪.૦૧ | ૨૯.૦૪ |
| ૩ | વરાછા ઝોન–એ | ૪૮.૦૭ | ૪૧.૯૩ |
| ૪ | વરાછા ઝોન–બી | ૩૯.૭૨ | ૨૯.૬૨ |
| ૫ | સાઉથ–વેસ્ટ ઝોન | ૫૭.૮૭ | ૧૯.૭૧ |
| ૬ | સાઉથ–ઈસ્ટ ઝોન | ૭૧.૪૦ | ૩૧.૦૦ |
| ૭ | સાઉથ ઝોન–એ | ૨૯.૩૨ | ૫૪.૪૧ |
| ૮ | સાઉથ ઝોન–બી | ૨૨.૨૧ | ૨૪.૦૦ |
| ૯ | સેન્ટ્રલ ઝોન | ૧૧૯.૨૫ | ૧૨.૦૦ |
| | **કુલ..** | **૫૧૧.૩૩** | **૨૬૩.૨૧** |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૨૨૨
તા.૨૯/૦૭/૨૦૨૨

## :: પ્રેસનોટ ::

### "આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત મહેંદી સ્પર્ધા"

**વિષય : આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૯/૦૭/૨૦૨૨ના કતારગામ કોમ્યુનિટી હોલ, સુરત ખાતે યોજાયેલ મહેંદી સ્પર્ધા બાબત.**

ભારતીય લોક સંસ્કૃતિ અને વૈવિધ્ય સભર સાંસ્કૃતિક વિરાસતના જતન કરવાના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા અનેક વિધ પ્રયત્ન કરતી આવી છે. ભારત દેશની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી "આઝાદી કા અમૃત મહોત્સવ"માં સમગ્ર દેશમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે ત્યારે સુરત મહાનગરપાલિકા દ્વારા "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય સંસ્કૃતિમાં બાલિકાઓ, કન્યાઓ અને મહિલાઓ માટે જ વિશેષરૂપે ઉજવાતી મહેંદી સ્પર્ધા તા.૨૯/૦૭/૨૦૨૨ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે પ્રાથમિક અને માધ્યમિક વિભાગ તથા બપોરે ૨.૦૦ કલાકે ખુલ્લા વિભાગની "મહેંદી સ્પર્ધા"નું આયોજન કતારગામ કોમ્યુનિટી હોલ, વસ્તાદેવડી રોડ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી પુર્ણિમાબેન દાવલે તથા અન્ય મહાનુભાવોના વરદ્ હસ્તે દિપ પ્રાગ્ટય કરી સ્પર્ધાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી પુર્ણિમાબેન દાવલેએ યુવતીઓમાં રહેલી સુષુપ્ત શકિતને બહાર લાવવા અને સાંસ્કૃતિક વારસાના જતન અને સંવર્ધન માટે સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં નગરજનોને ભાગ લેવા હિમાયત કરી હતી. આસી.મ્યુનિ.કમિશનર અને ઈ.ચા.ડે.મ્યુનિ.કમિશનરશ્રી ગાયત્રીબેન જરીવાલાએ ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહીત કર્યા હતા. ભારતીય પરંપરામાં શુકન ગણાતી હાથે મહેંદી મુકવાની પ્રણાલીને અનુસરતા મહેંદી સ્પર્ધામાં ૭૫૦ થી વધુ વિદ્યાર્થિનીઓ અને મહિલાઓએ ઉમંગભેર ભાગ લઈ અવનવી ડિઝાઈનમાં હાથે મહેંદી મુકી હતી. સ્પર્ધાને અંતે નીચે મુજબના સ્પર્ધકો વિજેતા જાહેર થયા હતા.

| વિજેતા | પ્રાથમિક વિભાગ | માધ્યમિક વિભાગ | ખુલ્લો વિભાગ |
|---|---|---|---|
| પ્રથમ | દિશિતા એસ. મુગલપરા | ડેન્સી પાનસુરીયા | સંગીતાબેન જે.ભટારીયા |
| | | | પ્રિયંકાબેન એમ.પ્રજાપતિ |
| દ્વિતીય | ધ્રુજાંશી એચ. ધોડાદરા | ડાંગોદરા મિતલ | ચાર્મી ડબગરવાડા |
| | | | વોરા જીશા સી. |
| તૃતીય | તૃષ્ણા પી. વાગડીયા | નાકરાણી પિનાંસી | રશ્મિકાબેન એસ. |
| | | | કમરજહાં એ. બનારસી |
| આશ્વાસન | ભવ્યા યુ. ગાયવાલા | પાટીલ નંદિની | સુહૈમા એમ. પઠાણ |
| | પઠાણ સના કોશલ | રાવલ તન્વી | મીનલ સીલીયાવાલા |
| | સમીરા ફારૂક શેખ | પાંડે પુનમ | સાવલીયા હિતાક્ષી એ. |
| | આશા સાંજીત્રા | સૃષ્ટિવાડદોરીયા | જસ્મીન અમરૂદીન શેખ |
| | તબસ્સુમ ઈરફાન ખાટીક | મહેક કયાડા | ઉર્વિશા એન.વીરપરા |
| | ઝીલ હિતેશભાઈ ગામભયા | રાબડિયા મિત્વા | માનસી વોરા |
| | પ્રિયાંશી પી. ધાસકટા | જેન્સી રાવલ | વરીયા મનીષા |
| | | | શેખ ઉઝમા પરવીન યુ. |
| | | | પ્રજાપતિ અદિતી પી. |
| | | | ભૂમિકા એસ. પટેલ |
| | | | અલ્કા ગીરીશભાઈ પટેલ |

સાંસ્કૃતિક વારસાના જતન અને સંવર્ધન માટે સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત મંહેદી સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી પૂર્ણિમાબેન દાવલે, જાહેર પરિવહન પ્રવૃત્તિ સમિતિના અધ્યક્ષા શ્રીમતી રમીલાબેન પટેલ, મ્યુનિ.સભ્યશ્રીઓ, નિર્ણાયકશ્રીઓના વરદહસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

સમાચારયાદી નં. ૨૨૩ , તા.૨૯/૦૭/૨૦૨૨, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.





## <u>પ્રેસ નોટ</u>

સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોનમાં કરવામાં આવતી રસ્તા રીપેરીંગની કામગીરી અંતર્ગત આજરોજ નીચે મુજબના પરિશિષ્ટ મુજબ **કુલ ૪૪૦.૯૦ મે.ટન** બીટયુમીનસ મટીરીયલનો અને **કુલ ૨૮૨.૬૬ મે.ટન** જી.એસ.બી./છારૂ વિગેરે મટીરીયલનો ઉપયોગ કરી **કુલ ૧૦૩** રસ્તાઓ પર **અંદાજે ૭૬૦૨.૦૦ ચો.મી.** વિસ્તારમાં રસ્તા રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. વધુમાં, રસ્તા રીપેરીંગની કામગીરી નિયમિતપણે તમામ ઝોનમાં ચાલુ રહેશે.

### <u>પરિશિષ્ટ</u>

| અ.નં. | ઝોનનું નામ | બીટયુમીન મટીરીયલ પેચવર્ક(મે.ટન) | જી.એસ.બી. / છારૂ વિગેરે મટીરીયલ (મે.ટન) |
|---|---|---|---|
| ૧ | વેસ્ટ ઝોન | ૪૭.૬૨ | ૯.૦૦ |
| ૨ | નોર્થ ઝોન | ૫૯.૩૭ | ૨૯.૯૦ |
| ૩ | વરાછા ઝોન–એ | ૪૨.૯૬ | ૨૨.૦૦ |
| ૪ | વરાછા ઝોન–બી | ૩૭.૭૪ | ૬૧.૬૮ |
| ૫ | સાઉથ–વેસ્ટ ઝોન | ૫૭.૧૮ | ૨૬.૨૪ |
| ૬ | સાઉથ–ઈસ્ટ ઝોન | ૭૧.૮૩ | ૪૫.૮૪ |
| ૭ | સાઉથ ઝોન–એ | ૨૧.૯૦ | ૩૬.૦૦ |
| ૮ | સાઉથ ઝોન–બી | ૨૧.૩૬ | ૩૪.૦૦ |
| ૯ | સેન્ટ્રલ ઝોન | ૮૦.૯૪ | ૧૮.૦૦ |
| | કુલ.. | ૪૪૦.૯૦ | ૨૮૨.૬૬ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૨૨૪
તા.૩૦/૦૭/૨૦૨૨

(મો.) ૯૯૦૯૨ ૫૯૨૪૪

ધનેશકુમાર કંચનલાલ શાહ
અધ્યક્ષશ્રી
સુરત મહાનગર પાલિકા
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.
સરનામું : ૨૪, પૂનમનગર સોસાયટી.,
સ્વામી વિવેકાનંદ બાગની સામે,
જમનાનગર ભટાર રોડ, સુરત.

(M) 99092 59244

Dhaneshkumar Kanchanlal Shah
Chairman
Surat Municipal Corporation
Municipal School Board, Surat
Address : 24, Poonam Society,
Opp. Swami Vivekanand Gardan,
Jamananagar Bhatar Road, Surat.

તા.૩૧/૦૭/૨૦૨૨

પ્રતિ,

તંત્રીશ્રી,

વિષય- તા.૩૧/૦૭/૨૦૨૨ના વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ થયેલ સ્ટોરી ટેલીંગના વિપક્ષના આક્ષેપ અંગેના ખુલાસાની પ્રેસનોટ પ્રસિધ્ધ કરવા બાબત.

## <u>પ્રેસનોટ</u>

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત દ્વારા "સ્ટોરી ટેલીંગ" ના કોન્ટ્રાક્ટ બાબતમાં વિરોધ પક્ષના આપના સભ્યશ્રી રાકેશભાઇ હીરપરા દ્વારા થયેલ આક્ષેપો તદ્દન જુઠાણા, પાયાવિહોણા અને સત્યથી વેગળા છે. જેમાં કોઇ પણ પ્રકારનું તથ્ય નથી. સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, દ્વારા શ્રેષ્ઠ ગુણવત્તા સભર સુવિધા યુક્ત શિક્ષણ અપાય રહ્યુ છે. જે સુરતના નાગરિકો જાણે છે. નવી શિક્ષણ નિતી અને ભારતીય સંસ્કૃતિના સવર્ધન કરવાને ધ્યાનમાં રાખી, સ્ટોરી ટેલીંગનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આ મોટીવેશનલ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થી હસતા-રમતા  સંસ્કાર યુક્ત જ્ઞાન મેળવે એ મુખ્ય ઉદ્દેશ હતો. જે માટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ તમામ નિયમોનું પાલન કરીને ૧૦૦ શાળાઓમાં નિયમાનુસાર કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ પેટે કુલ ચુકવવા પાત્ર જીએસટી સહિતની રકમ રૂા. ૧,૮૮,૬૭૪/- થાય છે.  જે અંગેનું બીલ ચુકવણી હજી બાકી છે. શાળા કક્ષાએ સ્ટોરી ટેલીંગ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયેલ છે અને તે અંગેના શાળા દ્વારા પ્રમાણપત્ર કચેરીને પ્રાપ્ત થયેલ છે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ખુબજ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો અને પ્રોત્સાહિત થયેલ હતા. વિપક્ષ આપના સભ્યશ્રી રાકેશભાઇ હિરપરા દ્વારા તદ્દન સસ્તી પ્રસિધ્ધિ માટે શાળાની સહઅભ્યાસિક પ્રવૃતિના મોટીવેશન કાર્યક્રમની પ્રશંસા કરવાને બદલે આક્ષેપબાજી કરી શાળાનું મોરલ ડાઉન કરવાની અને વિદ્યાર્થીહિત વિરોધી પ્રવૃતિ કરવાના પ્રયત્નોને હું સખત શબ્દોમાં વખોડી કાઢુ છું. જે બાબત આપશ્રીના વર્તમાનપત્રમાં વિનામુલ્યે પ્રસિધ્ધ કરવા વિનંતી કરૂ છું.

આભાર..

અધ્યક્ષ
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત

સુરત મહાનગરપાલિકા
પ્રેસનોટ

# World Cities Summit- 2022 Singapore

સિંગાપોર ખાતે આઠમી " World Cities Summit - 2022 " યોજાયેલ છે.જેમાં સમગ્ર ભારત દેશમાંથી સુરત શહેરના માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાની પસંદગી કરવામાં આવેલ છે. World Cities Summit-2022 માં વિવિધ વિષયોના તજજ્ઞો,ટેકનોલોજીસ્ટો અને શહેરના અધિકારીઓ અને પદાધિકારીઓ પોતાના મંતવ્યો અને અનુભવો રજૂ કરશે. તા.૩૧/૦૭/૨૦૨૨ના રોજ પ્રથમ દિવસે શહેરના પ્રથમ નાગરિક એવા માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ વિશ્વના અગ્રણી મેયરશ્રીઓની મિટીંગમાં ડિજીટલ ઈન્ડિયા વિષયે તથા શહેરમાં ચાલતા વિવિધ પ્રોજેક્ટો વિશે ચર્ચા કરી. ત્યારબાદ Minister Of National development and Social services Integeration of Singapore - Mr Desmond Lee ને માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ સ્મૃતિચિન્હ અર્પણ કર્યું અને ક્રાઈસ્ટચર્ચ(ન્યુઝીલેન્ડ)ના મેયર Lianna Dalziel સાથે મુલાકાત કરી માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ પૂર સંબધિત પરિસ્થિતીને લઈને સુરત કેવી રીતે અનુકૂલન કરી રહયું છે. તે અંગે ચર્ચા કરી તેમજ સુરત જે મોડલ અને વ્યુહરચના અમલમાં મુકે છે. તેની માહિતી આપી હતી.

તા.૦૧/૦૮/૨૦૨૨ના રોજ દ્વિતીય દિવસે માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ અને માન. કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ સુરતના ઈન્ફ્રાસ્ટકચર ડેવલ્પમેન્ટ અંગે IFC વર્લ્ડ બેંક ગ્રુપ સાથે ચર્ચા કરી ત્યારબાદ માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા, માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલ અને માન. કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ સુરતની ડિજિટલ ક્ષમતા વધારવા સંદર્ભે માસ્ટરકાર્ડ કંપનીના અગ્રણીઓ સાથે ચર્ચા કરી તેઓનો પુરતો સાથ– સહકાર મળે એવો અનુરોધ કર્યો હતો. ઈન્ટરનેશનલ વોટર અફેર્સ – નેધરલેન્ડના ખાસદૂત Mr. Henk Ovink સાથે Surat sunstainable approach towards water managment સંદર્ભે માન.મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ ચર્ચા કરી હતી. ઈન્ટરનેશનલ વોટર અફેર્સ – નેધરલેન્ડના ખાસદૂત Mr. Henk Ovink એ ભારતના માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાથે ગત વર્ષે મુલાકાત કરી હતી અને Water Resillent country બનાવવા ભારત દેશના અથાગ પ્રયાસોનો પણ ઉલ્લેખ કર્યો હતો. વધુમાં IFC રાઉન્ડ ટેબલ પર માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ જરૂરી ચર્ચા કરી હતી.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૨૨૬,તા.૦૧/૦૮/૨૦૨૨**


31 JULY - 3 AUGUST 2022
WORLD CITIES SUMMIT


WORLD CITIES SUMMIT
WORLD CITIES SUMMIT 2022


WORLD
CITIES
SUMMIT
SUMMIT 2022




WORLD CITIES SUMMIT 2022
SINGAPORE
31 JULY - 3 AUGUST 2022


Hemali Boghawala
Surat Municipal Corporation

# <u>પ્રેસ નોટ</u>

સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોનમાં કરવામાં આવતી રસ્તા રીપેરીંગની કામગીરી અંતર્ગત આજરોજ નીચે મુજબના પરિશિષ્ટ મુજબ **કુલ ૩૯૮.૭૨ મે.ટન** બીટયુમીનસ મટીરીયલનો અને **કુલ ૨૪૮.૨૫ મે.ટન** જી.એસ.બી./છારૂ વિગેરે મટીરીયલનો ઉપયોગ કરી **કુલ ૧૦૭** રસ્તાઓ પર **અંદાજે ૭૩૯૦.૮૦ ચો.મી.** વિસ્તારમાં રસ્તા રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. વધુમાં, રસ્તા રીપેરીંગની કામગીરી નિયમિતપણે તમામ ઝોનમાં ચાલુ રહેશે.

## <u>પરિશિષ્ટ</u>

| અ.નં. | ઝોનનું નામ | બીટયુમીન મટીરીયલ પેચવર્ક(મે.ટન) | જી.એસ.બી. / છારૂ વિગેરે મટીરીયલ (મે.ટન) |
|---|---|---|---|
| ૧ | વેસ્ટ ઝોન | ૪૨.૧૫ | ૧૩.૦૦ |
| ૨ | નોર્થ ઝોન | ૬૬.૯૫ | ૧૭.૪૩ |
| ૩ | વરાછા ઝોન–એ | ૩૮.૦૮ | ૨૨.૫૦ |
| ૪ | વરાછા ઝોન–બી | ૩૨.૨૫ | ૩૩.૩૬ |
| ૫ | સાઉથ–વેસ્ટ ઝોન | ૩૮.૧૬ | ૨૭.૩૯ |
| ૬ | સાઉથ–ઈસ્ટ ઝોન | ૬૫.૧૮ | ૪૦.૦૦ |
| ૭ | સાઉથ ઝોન–એ | ૨૭.૮૯ | ૫૩.૦૦ |
| ૮ | સાઉથ ઝોન–બી | ૧૮.૫૧ | ૩૦.૫૭ |
| ૯ | સેન્ટ્રલ ઝોન | ૬૯.૫૫ | ૧૧.૦૦ |
| | કુલ.. | ૩૯૮.૭૨ | ૨૪૮.૨૫ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં..૨૨૭
તા.૦૧/૦૮/૨૦૨૨

સુરત મહાનગરપાલિકા
પ્રેસનોટ

# World Cities Summit- 2022 Singapore

"સિંગાપોર દેશના મહામહિમ રાષ્ટ્રપતિ Halimah Yacob સાથે
માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાની મુલાકાત"

સિંગાપોર ખાતે આઠમી " World Cities Summit - 2022 " તા.૩૧/૦૭/૨૦૨૨ થી તા.૦૩/૦૮/૨૦૨૨ દરમ્યાન યોજાયેલ છે. જે અંતર્ગત સમગ્ર ભારત દેશમાંથી સુરત શહેરના માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાની પસંદગી કરવામાં આવેલ છે. આ પ્રસંગે ડાયમંડ સિટી, બ્રિજ સિટી , ટેક્ષટાઈલ સિટી અને સ્વચ્છ સિટી તરીકે ખ્યાતનામ સુરત સિટીના પ્રથમ નાગરિક તરીકે સિંગાપોર ખાતે પ્રતિનિધિત્વ કરતા સમગ્ર ભારતભરમાંથી પસંદગી પામેલ માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ સિંગાપોર દેશના પ્રથમ નાગરિક અને મહામહિમ રાષ્ટ્રપતિ Halimah Yacob સાથે રૂબરૂ મુલાકાત લઈ તેઓ અને અન્ય મહાનુભાવો સાથે ગ્રુપ ફોટો પડાવી ગૌરવાન્વિત થયા હતા.

જનસંપર્ક વિભાગ,

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૨૨૮, તા.૦૧/૦૮/૨૦૨૨





## પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોનમાં કરવામાં આવતી રસ્તા રીપેરીંગની કામગીરી અંતર્ગત આજરોજ નીચે મુજબના પરિશિષ્ટ મુજબ **કુલ ૪૦૨.૩૨ મે.ટન** બીટયુમીનસ મટીરીયલનો અને **કુલ ૨૪૮.૨૬ મે.ટન** જી.એસ.બી./છારૂ વિગેરે મટીરીયલનો ઉપયોગ કરી **કુલ ૯૫** રસ્તાઓ પર **અંદાજે ૭૨૨૯.૯૦ ચો.મી.** વિસ્તારમાં રસ્તા રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. વધુમાં, રસ્તા રીપેરીંગની કામગીરી નિયમિતપણે તમામ ઝોનમાં ચાલુ રહેશે.

### પરિશિષ્ટ

| અ.નં. | ઝોનનું નામ | બીટયુમીન મટીરીયલ પેચવર્ક(મે.ટન) | જી.એસ.બી. / છારૂ વિગેરે મટીરીયલ (મે.ટન) |
|---|---|---|---|
| ૧ | વેસ્ટ ઝોન | ૫૬.૩૩ | ૩૧.૦૦ |
| ૨ | નોર્થ ઝોન | ૫૩.૧૨ | ૬૩.૭૧ |
| ૩ | વરાછા ઝોન–એ | ૪૮.૭૧ | ૧૫.૨૫ |
| ૪ | વરાછા ઝોન–બી | ૩૬.૧૭ | ૨૧.૬૨ |
| ૫ | સાઉથ–વેસ્ટ ઝોન | ૫૧.૫૬ | ૧૫.૯૮ |
| ૬ | સાઉથ–ઈસ્ટ ઝોન | ૫૨.૨૧ | ૨૯.૦૦ |
| ૭ | સાઉથ ઝોન–એ | ૨૨.૨૯ | ૨૭.૦૦ |
| ૮ | સાઉથ ઝોન–બી | ૧૧.૯૯ | ૩૮.૭૦ |
| ૯ | સેન્ટ્રલ ઝોન | ૬૯.૯૪ | ૬.૦૦ |
| | કુલ.. | ૪૦૨.૩૨ | ૨૪૮.૨૬ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૨૨૯
તા.૦૨/૦૮/૨૦૨૨

# પ્રેસનોટ

**<u>સિંગાપોર ખાતે યોજાયેલ "World Cities Summit-2022" માં ભારતભરમાંથી પસંદગી પામેલ એકમાત્ર માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ આફતને અવસરમાં પલટવાની તાસીર ધરાવતા ગુજરાતીઓ અને સુરતીજનોના શહેર સુરતનું પ્રતિનિધિત્વ કરી અવિરત વિકાસ ની ગાથા અને સિદ્ધીઓની ઝાંખી દર્શાવી.</u>**

આજરોજ તા.૦૨/૦૮/૨૦૨૨ના રોજ **"World Cities Summit-2022"** સિંગાપોર ખાતે **"URBAN RESILIENCE"** કેટેગરીમાં **"*Cities Facing Extremes: How Do We Adapt ?*"** વિષય ઉપર ભારત તરફથી ઉપસ્થિત માનનીય મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાના ચર્ચાના મુખ્ય અંશો નીચે મુજબ છે.

- સુરત શહેરની ગણના ભારત દેશના બીજા નંબરના સ્વચ્છ શહેર તરીકે થાય છે.
- સુરતને યુનેસ્કો, 2020 નેટ એક્સ્પ્લો એવોર્ડ હેઠળ વિશ્વના સ્માર્ટ રેઝિલિએન્ટ સિટી તરીકે પણ ઓળખવામાં આવે છે.
- યુનેસ્કો દ્વારા વિશ્વભરમાંથી સુરત શહેરને વર્ષ ૨૦૨૦ માં **Resilience cCategory** માં **"Best Resilient City"** થી સન્માનિત કરવામાં આવ્યું છે.
- વર્ષ 1994 ની પ્લેગ મહામારી પછી સુરત શહેર એ ઘનકચરાના વ્યવસ્થિત પ્રબંધન ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરી હાલ 100% ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન તેમજ પ્રોસેસિંગ, ટ્રીટમેન્ટ અને સ્ત્રોત અલગતા સાથે કચરાના નિકાલ કામગીરી કરતુ દેશનું અગ્રેસર શહેર બન્યું છે.
- સુરત શહેર એ 5 R- કોન્સેપ્ટ (Refuse, Reuse, Reduce, Repurpose, Recycle) પર કાર્યરત ભારત દેશનું પ્રમુખ શહેર છે.
- સુરત મહાનગરપાલિકા ભારત દેશની સર્વપ્રથમ મહાનગરપાલિકા છે જે વાર્ષિક 115 MLD પાણીને રિસાઇકલ તેમજ ટ્રીટ કરી તેને ઔદ્યોગિક એકમોને વેચી તેમાંથી ૧૪૦ કરોડથી વધુ રકમની માતબર કમાણી કરી "Circular Economy" નું શ્રેષ્ઠ અનુકરણીય ઉદાહરણ છે.
- સુરત મહાનગરપાલિકા દ્વારા તાપી નદીના શુદ્ધિકરણ તેમજ નવસાધ્યકરણની કામગીરી માટે યોજના કાર્યરત છે. તાપી નદીના વર્ષ ૨૦૦૬ ના વિનાશક પૂરની પરિસ્થતિ બાદ પૂરની પરિસ્થતિને પહોંચી વળવા નદીના બંને કિનારે તાપી રિવરફ્રન્ટ યોજના અમલીકૃત છે.
- તાપી નદી પરના વિયર કમ કોઝવેના સફળ પ્રકલ્પ બાદ શહેર માટે ભવિષ્યમાં પાણીની અછત ન સર્જાય તથા તાપી નદીમાં દરિયાનું ખારું પાણી અટકાવવાના હેતુથી તાપી નદી પર "બહુહેતુક કન્વેન્શનલ બૅરેજ " સાકાર કરવાનું આયોજન કરવામાં આવેલ છે.
- જળ સંચય હેતુથી સુરત શહેરમાં રેઇન વોટર હાર્વેસ્ટિંગ બોરવેલ કાર્યરત કરવામાં આવી રહ્યા છે.
- સુરત મહાનગરપાલિકા તેના કુલ ઉર્જા વપરાશના ૩૫ % ઉર્જા, પુનઃ પ્રાપ્ય ઉર્જા સ્ત્રોતો જેવા કે સોલાર તેમજ વિન્ડ એનર્જી માંથી મેળવે છે.
- સુરતનો ૩૦ % વિસ્તાર ગ્રિન કવર ધરાવતું શહેર છે, જેમાં ભારત દેશનું સૌથો મોટું બાયો ડાયવર્સીટી પાર્કનું આયોજન કરવામાં આવેલ છે.

- સુરત શહેરને પ્રદૂષણ મુક્ત કરવા માટે સુરત મહાનગરપાલિકાએ ઇલેક્ટ્રિક વ્હીકલ પોલીસી 2021 અમલીકરણ હેઠળ છે. EV પોલિસી ધરાવતું સુરત ભારતનું અગ્રણી શહેર છે.
- સુરત શહેર ૧૦૮ કિમી જેટલું દેશનો સૌથી લાંબો BRTS કોરિડોર નેટવર્ક ધરાવતું શહેર છે. જેમાં હાલમાં કાર્યરત બસો કરતા બીજી ૪૫૦ થી વધુ ઇલેક્ટ્રિક બસો દોડાવવાનું આયોજન છે.
- સુરતે નોન-મોટરાઇઝડ ટ્રાન્સપોર્ટ નેટવર્કના કવરેજની ટકાવારીમાં પણ વધારો કર્યો છે. શહેરમાં 121 સાયકલ શેરિંગ સ્ટેશન કાર્યરત છે.
- સુરત, જે અગાઉ પૂર, પ્લેગ માટે જાણીતું હતું, તે હવે ડાયમંડ સિટી અને વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતા શહેર તરીકે જાણીતું છે. વિશ્વની સૌથી મોટી ઓફિસ બિલ્ડીંગ એટલે કે ડાયમંડ બુર્સ હવે પૂર્ણતાના તબક્કામાં છે.
- સુરત શહેર એ હંમેશા ક્લાઇમેટ ચેન્જ મેનેજમેન્ટમાં શ્રેષ્ઠ પ્રેક્ટિસને અનુસરીને વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવવાનો પ્રયત્ન કર્યો છે.

વધુમાં **"World Cities Summit-2022"** સિંગાપોર ખાતે **"URBAN RESILIENCE"** કેટેગરીમાં ***"Cities Facing Extremes: How Do We Adapt ?"*** વિષય ઉપર માનનીય મેયર સુરત શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ, મેલબોર્ન (ઓસ્ટ્રેલિયા)ના મેયર Sally Capp અને ક્રાઇસ્ટચર્ચ (ન્યુઝીલેન્ડ)ના મેયર Lianne Daiziel સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. માન.મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા અને માન. કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ વિવિધ દેશોના પ્રતિનિધિઓની રૂબરૂ મુલાકાત લઇ એકતાના પ્રતિકરૂપે મોમેન્ટો આપી તેઓ અને અન્ય મહાનુભાવો સાથે ગ્રુપ ફોટો પડાવી ગૌરવાન્વિત થયા હતા. આ સમિતમાં ૫૦૦ ગ્લોબલ સિટીમાંથી ૬૫ મેયર સહિત કુલ ૪૦૦૦ મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા. વધુમાં સિંગાપોર ખાતે આઠમી " World Cities Summit-2022" માં સુરતને આમંત્રણ આપવા બદલ માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ આમંત્રિતોનો આભાર વ્યક્ત કર્યો હતો.

જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર સમાચાર યાદી નં.૨૩૦,
તા.૦૨/૦૮/૨૦૨૨






Cities Facing Extremes: How do we Adapt?
Panelist Sharing
WORLD CITIES SUMMIT
URBAN RESILIENCE TRACK
do we Adapt?


WELCOME TO WORLD CITIES SUMMIT 2022
URBAN RESILIENCE TRACK

# <u>પ્રેસ નોટ</u>

સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોનમાં કરવામાં આવતી રસ્તા રીપેરીંગની કામગીરી અંતર્ગત આજરોજ નીચે મુજબના પરિશિષ્ટ મુજબ **કુલ ૪૧૮.૭૭ મે.ટન** બીટયુમીનસ મટીરીયલનો અને **કુલ ૨૧૪.૨૮ મે.ટન** જી.એસ.બી./છારૂ વિગેરે મટીરીયલનો ઉપયોગ કરી **કુલ ૯૨ રસ્તાઓ પર અંદાજે ૭૦૦૧.૬૦ ચો.મી.** વિસ્તારમાં રસ્તા રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. વધુમાં, રસ્તા રીપેરીંગની કામગીરી નિયમિતપણે તમામ ઝોનમાં ચાલુ રહેશે.

## <u>પરિશિષ્ટ</u>

| અ.નં. | ઝોનનું નામ | બીટયુમીન મટીરીયલ પેચવર્ક (મે.ટન) | જી.એસ.બી. / છારૂ વિગેરે મટીરીયલ (મે.ટન) |
|---|---|---|---|
| ૧ | વેસ્ટ ઝોન | ૪૨.૮૩ | ૨૨.૦૦ |
| ૨ | નોર્થ ઝોન | ૫૫.૮૫ | ૨૦.૪૨ |
| ૩ | વરાછા ઝોન–એ | ૪૭.૦૦ | ૪૭.૭૩ |
| ૪ | વરાછા ઝોન–બી | ૨૯.૭૦ | ૧૫.૫૦ |
| ૫ | સાઉથ–વેસ્ટ ઝોન | ૮૪.૯૫ | ૧૯.૮૮ |
| ૬ | સાઉથ–ઈસ્ટ ઝોન | ૩૯.૫૫ | ૨૯.૦૦ |
| ૭ | સાઉથ ઝોન–એ | ૨૦.૦૩ | ૨૯.૮૫ |
| ૮ | સાઉથ ઝોન–બી | ૯.૩૬ | ૨૨.૬૦ |
| ૯ | સેન્ટ્રલ ઝોન | ૮૯.૧૦ | ૦.૦૦ |
| | **કુલ..** | **૪૧૮.૭૭** | **૨૧૪.૨૮** |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૨૩૧
તા.૦૩/૦૮/૨૦૨૨

# નવો પૂર્વઝોન(સરથાણા)–બી ની અખબારી યાદી

તા. ૦૩/૦૮/૨૦૨૨

**નવો પૂર્વ(સરથાણા)ઝોન–બી વિસ્તારમાં તા.૦૩/૦૮/૨૦૨૨ નાં રોજ નીચે જણાવેલ સ્થળએ કરવામાં આવેલ ડીમોલીશન બાબત.**

| અ.નં. | ટી.પી.સ્કીમ નં./ફા.પ્લોટ નં. | સ્થળ | ડીમોલીશનની વિગત | રીમાર્કસ |
|---|---|---|---|---|
| | તારીખ ૦૩/૦૮/૨૦૨૨ | | | |
| ૧ | ફા.ટી.પી.સ્કીમ નં. ૨૪ (મોટાવરાછા–ઉત્રાણ), ફા.પ્લોટ નં. ૪૪/બી | વૃંદાવન સોસાયટી, મોટાવરાછા, સુરત | પ્રશ્નવાળી મિલ્કતમાં મંજૂરી વગરનું ગ્રા.ફલોર તથા પ્રથમ માળનું આર.સી.સી., બીમ, કોલમ, ચણતર સહીતનું અંદાજે ૧૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં બાંધકામ જમીન દોસ્ત કરવામાં આવેલ છે. | ડીમોલીશન/વહીવટી ચાર્જ પેટે રૂા. ૨૦૦૦૦૦.૦૦ વસુલ લેવામાં આવેલ છે. |

ઉપર જણાવેલ નવો પૂર્વ(સરથાણા)ઝોન–બી માં સમાવિષ્ટ ફા.ટી.પી.સ્કીમ નં. ૨૪ (મોટાવરાછા–ઉત્રાણ), ફા.પ્લોટ નં. ૪૪/બી માં આવેલ વૃંદાવન સોસાયટીના સી.ઓ.પી. વાળી જગ્યામાં મંજૂરી વગરનું ગ્રા.ફલોર તથા પ્રથમ માળનું આર.સી.સી., બીમ, કોલમ, ચણતર સહીતનું અંદાજે ૧૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં બાંધકામ જમીનદોસ્ત કરવામાં આવેલ છે. ઉકત કામગીરી મે.ડે.કમિશ્નરશ્રી(ડેપ્યુટેશન)નાં આદેશ મુજબ ઈ.ચા.કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ શહેરી વિકાસ સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફની મદદથી પાર પાડવામાં આવેલ છે તથા ડીમોલીશન/વહીવટી ચાર્જ પેટે રૂા. ૨૦૦૦૦૦.૦૦ વસુલ લેવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૨૩૨
તા. ૦૩/૦૮/૨૦૨૨

# સુરત મહાનગરપાલિકા

## <u>પ્રેસનોટ</u>

**સુરત મહાનગરપાલિકાની મુખ્યકચેરી ખાતે આઠમી " World Cities Summit - 2022 " સિંગાપોર ખાતેથી પરત ફરેલા માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાનું ઉષ્માભેર સ્વાગત**

આઠમી " World Cities Summit - 2022 " તા.૩૧/૦૭/૨૦૨૨ થી તા.૦૩/૦૮/૨૦૨૨ દરમ્યાન સિંગાપોર ખાતે યોજાયેલ સમિટમાં ડાયમંડ સિટી, બ્રિજ સિટી, ટેક્ષટાઈલ સિટી અને સ્વચ્છ સિટી તરીકે ખ્યાતનામ સુરત સિટીના પ્રથમ નાગરિક અને સમગ્ર ભારતભરમાંથી પસંદગી પામેલ માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ સિંગાપોર ખાતે પ્રતિનિધિત્વ કરી આપણા સુરત શહેરની અવિરત વિકાસની ઝાંખી અને સિધ્ધીઓ વિશ્વસ્તરે વિવિધ દેશોના પ્રતિનિધિઓ સમક્ષ પ્રસ્તુત કરી સોનેરી ક્ષિતિજોના સાક્ષી બની આજરોજ સિંગાપોર એરપોર્ટથી મુંબઈ અને ત્યાંથી સુરત એરપોર્ટ પર આવી ડાયરેક્ટ સુરત મહાનગરપાલિકા મુખ્યકચેરી ખાતે ફરજ પર હાજર થયા હતા.

માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાની એક પહેલ કે સ્વાગત કરવા માટે પુષ્પગુચ્છને બદલે અનાજ–કઠોર વડે સ્વાગત–સત્કાર કરવામાં આવે અને આજ અનોખી પહેલને અનુસરીને માન.મ્યુ. સદસ્યશ્રીઓએ  માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાની અનાજ–કઠોર અને ફળાફળાદી ધ્વારા સ્વાગત કર્યુ. વધુમાં  સુરત મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીશ્રીઓએ પણ માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાનું સ્વાગત–સત્કાર કર્યો હતો . આ ઉપરાંત  માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ આઠમી " World Cities Summit - 2022 " ની વિવિધ ચર્ચા,મુલાકાતો અને અનુભવો વિશે માન.મ્યુ. સદસ્યશ્રીઓ અને ઉચ્ચ અધિકારીશ્રીઓને માહિતગાર કર્યા હતા. વધુમાં માન. મેયરશ્રીને  માન.મ્યુ. સદસ્યશ્રીઓ તરફથી સન્માનરૂપે પ્રાપ્ત થયેલ અનાજ–કઠોર અને ફળાફળાદી આંગણવાડીના બાળકો અને જરૂરિયાતમંદોમાં વિતરણ કરવામાં આવશે.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદીનં.૨૩૩,તા.૦૩/૦૮/૨૦૨૨**





# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

**" હર ઘર તિરંગા " કાર્યક્રમ સંદર્ભે સુરત મહાનગરપાલિકા હસ્તકના રાષ્ટ્રધ્વજના વેચાણ કેન્દ્રો**

ભારત દેશની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે અને આ આઝાદીકા અમૃત મહોત્સવ અને સ્વતંત્રતા સપ્તાહ દરમ્યાન " હર ઘર તિરંગા " અભિયાન અંતર્ગત તા.૧૩ ઓગષ્ટ ૨૦૨૨ થી તા.૧૫ ઓગષ્ટ ૨૦૨૨ દરમ્યાન ઘરે ઘરે રાષ્ટ્રધ્વજ આદરપૂર્વક લહેરાવાનું આયોજન કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા જાહેરજનતા માટે તમામ વોર્ડ ઓફીસો – ૧૦૬, નાગરીક સુવિધા કેન્દ્રો–૨૫, ફાયર સ્ટેશન–૧૭, સ્વીમીંગ પુલ–૧૭, પ્રાથમિક શાળા–૨૧૬, સુમન શાળા–૧૪, નકકી કરેલ નીચે મુજબની લાયબ્રેરી–૩, બી.આર.ટી.એસ. સ્ટેશન ૧૦ તેમજ ગાર્ડન– ૮ સહિત કુલ ૪૧૬ સ્થળો પરથી રૂા.૨૧ ના દરે રાષ્ટ્રધ્વજ તથા સ્ટીક સાથેના રાષ્ટ્રધ્વજ રૂા.૩૦ ના દરે મેળવી શકાશે.

(૧) કવિ નર્મદ સેન્ટ્રલ લાઈબ્રેરી, ઉમરા પોલીસ સ્ટેશન સામે ,ઘોડદોડ રોડ,અઠવાલાઈન્સ ( ૨) સાકસર ડૉ. વિષ્ણુ પ્રસાદ ત્રિવેદી વિવિધલક્ષી વાંચનાલય અયોધ્યા નગરી રો–હાઉસ પાસે, વીર ભગતસિંહ માર્ગ, અડાજણ (૩) શ્રી અટલબિહારી વાજપાય લાઈબ્રેરી,પાંડેસરા કોમ્યુનિટી હોલની બાજુમાં છત્રપતિ શિવાજી શાકમાર્કેટ પાસે, પાંડેસરા,સહિતની લાયબ્રેરીઓ પર તથા (૧) કામરેજ ટર્મિનલ (૨) ખરવરનગર (૩) અડાજણ પાટિયા (૪) મોરાભાગળ (૫) DGVCL ઉર્જા સદન (૬) ગજેરા સર્કલ (૭) ઉધના દરવાજા (૮) પાંડેસરા GIDC (૯) અમેઝીયા એમ્યુઝમેન્ટ પાર્ક (૧૦) Y જંકશન સહિતના BRTS સ્ટેશનો પર તેમજ (૧) ગાંધીબાગ, ચોકબજાર ( ૨) જયોતિન્દ્ર દવે ઉદ્યાન, જોગાણીનગર પાસે (૩) લેકવ્યુ ગાર્ડન, પીપલોદ (૪) સુમન નર્સરી–ટી.પી.નં.૪૮, એફ.પી.નં.૭૩ પ્લોટ જીયાવ બુડીયા રોડ, સાંઈ સૃષ્ટિ એપાર્ટમેન્ટની બાજુમાં, ભેસ્તાન ખાતે (૫) સુમન નર્સરી– ટી.પી . સ્કીમ નં.૬૯ (ગોડાદરા–ડીંડોલી), પ્લોટ નં.આર–૧૮ ડીંડોલી સ્વીમીંગપુલની બાજુમાંપ ડીંડોલી (૬) ઝવેરચંદ મેઘાણી ઉદ્યાન, મીનીબજાર, વરાછા (૭) સુમન નર્સરી –ટી.પી.નં.૨૪ (મોટાવરાછા–ઉત્રાણ), ફા.પ્લોટ નં.૨૦૭, આર–૫૬ સીએનજી પંપની પાસે, ઈંટાલીયા હોસ્પિટલની પાછળ,શ્રીપદ રેસીડેન્સીની સામે, મોટાવરાછા અને (૮) ડભોલી લેક ગાર્ડન, ડભોલી ગામ.

તમામ શહેરીજનો સ્વતંત્રતા સપ્તાહ દરમ્યાન " હર ઘર તિરંગા " અભિયાનમાં ઘરે ઘરે રાષ્ટ્રધ્વજ ફરકાવી રાષ્ટ્રવ્યાપી ઉજવણીમાં સહભાગી બને એવી સુરત મહાનગરપાલિકા ધ્વારા અપીલ કરવામાં આવે છે. વધુમાં જો કોઈ સંસ્થા કે રાષ્ટ્રપ્રેમીઓને જથ્થામાં રાષ્ટ્રધ્વજની જરૂરિયાત હોય તો તેઓ સ્ટોર સુપ્રિટેન્ડન્ટ શ્રી આશિષ ગાંધી (મો. ૯૮૭૯૧ ૫૬૫૦૧) અને ડે. કમિશનર શ્રી કે.બી.નાયક(મો. ૯૭૨૪૩ ૪૫૫૪૮)નો સંપર્ક કરી મેળવી શકશે.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથીસાદર સમાચાર યાદીનં.૨૩૪,તા.૦૩/૦૮/૨૦૨૨**

# સુરત મહાનગરપાલિકા
## પ્રેસનોટ

❖ " હર ઘર તિરંગા " અભિયાન સંદર્ભે માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં તા.૦૪/૦૮/૨૦૨૨ના રોજ સવારે ૯:૦૦ વાગે પદયાત્રાનું આયોજન.

❖ " હર ઘર તિરંગા " કાર્યક્રમ સંદર્ભે તા.૧૩ ઓગષ્ટ ૨૦૨૨ થી તા.૧૫ ઓગષ્ટ ૨૦૨૨ દરમ્યાન દેશના ૨૦ કરોડથી વધુ ઘરો અને ગુજરાત રાજ્યના ૧ કરોડ ઘરો પર લહેરાશે રાષ્ટ્રધ્વજ.

❖ " હર ઘર તિરંગા " કાર્યક્રમનો મુખ્ય હેતુ રાષ્ટ્રધ્વજ અને દેશ માટે ગર્વની ભાવના જાગૃત કરવાનો છે.

❖ લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડિયમથી કારગીલ ચોક સુધી બે કિલોમીટરની પદયાત્રાનું આયોજન.

❖ માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદહસ્તે " હર ઘર તિરંગા " કાર્યક્રમના ગીતનું લોન્ચીંગ.

ભારત દેશની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. અને આ આઝાદીકા અમૃત મહોત્સવ અભિયાન અંતર્ગત સ્વતંત્રતા સપ્તાહ દરમ્યાન " હર ઘર તિરંગા " કાર્યક્રમની રાષ્ટ્રવ્યાપી ઉજવણી સંદર્ભે તા.૦૪/૦૮/૨૦૨૨ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાના પ્રમુખપદે, માન.કેન્દ્રીય રા.ક. મંત્રી, રેલવે તથા કાપડ મંત્રાલય, ભારત સરકાર શ્રીમતી દર્શનાબેન જરદોશ અને માન. સંસદસભ્ય શ્રી સી.આર.પાટીલની પ્રેરક ઉપસ્થિતીમાં, માન. મંત્રી માર્ગ અને મકાન, વાહન વ્યવહાર, નાગરિક ઉડ્ડયન, પ્રવાસન અને યાત્રાધામ શ્રી પૂર્ણેશભાઈ મોદી, માન.મંત્રી, નાણા, ઉર્જા, પેટ્રોકેમિકલ્સ અને પ્રભારી મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ,માન. મંત્રી (રા.ક.) રમત,ગમત,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ,સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ, ગૃહ રક્ષણ દળ અને ગ્રામ રક્ષક દળ,નાગરિક સંરક્ષણ,નશાબંધી,આબકારી,જેલ,સરહદી સુરક્ષા(તમામ સ્વતંત્ર હવાલો), ગૃહ અને પોલીસ હાઉસીંગ, આપત્તિ શ્રી હર્ષ સંઘવી,માન. મંત્રી (રા.ક.) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ શ્રી વિનોદભાઈ મોરડીયા,માન.મંત્રી (રા.ક.), કૃષિ,ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ શ્રી મુકેશભાઈ પટેલ અને માન. સંસદસભ્ય શ્રી પરભુભાઈ વસાવાના મુખ્ય મહેમાનપદે તેમજ માન. ધારાસભ્યશ્રીઓ, માન.પદાધિકારીશ્રીઓના અતિથિ વિશેષ પદે લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડિયમથી બે કિલોમીટર કારગીલ ચોક સુધી સવારે ૯:૦૦ વાગે પદયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. આ પદયાત્રાના રૂટ પર વિવિધ સાંસ્કૃતિક ગ્રુપો દેશભક્તિની રંગારગ કૃતિઓ રજુ કરી પદયાત્રીઓને આવકારશે. આ પદયાત્રામાં વિવિધ શાળાના વિધાર્થીઓ,શિક્ષકો,સ્પોર્ટસ ગ્રુપ અને એસોસિએશનો,

# સુરત મહાનગરપાલિકા

## <u>પ્રેસનોટ</u>

- માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ્દહસ્તે " હર ઘર તિરંગા " ગીતનું રાજયવ્યાપી લોન્ચિંગ
- સમગ્ર દેશને રાષ્ટ્રધ્વજ બનાવી પહોંચાડે છે.– સુરત શહેર
- મોજ–મસ્તી અને ખાન–પાનના શોખીન સુરતીઓ રાષ્ટ્રભકિતમાં પણ અગ્રેસર
- " હર ઘર તિરંગા " કાર્યક્રમ અંતર્ગત તા. ૧૩ ઓગષ્ટ થી ૧૫ ઓગષ્ટ ૨૦૨૨ દરમ્યાન ૧ કરોડ રાષ્ટ્રધ્વજ ગુજરાતમાં લહેરાશે. – માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
- " હર ઘર તિરંગા " ગુજરાતનો રાજયવ્યાપી કાર્યક્રમ સુરત શહેર થી કરવામાં આવ્યો પ્રારંભ.

ભારત દેશની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. અને આ આઝાદીકા અમૃત મહોત્સવ અભિયાન અંતર્ગત સ્વતંત્રતા સપ્તાહ દરમ્યાન " હર ઘર તિરંગા " કાર્યક્રમની રાષ્ટ્રવ્યાપી ઉજવણી સંદર્ભે તા.૦૪/૦૮/૨૦૨૨ના રોજ ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડિયમથી કારગીલ ચોક સુધી " તિરંગા પદયાત્રા " કરવામાં આવેલ.

આ કાર્યક્રમ પ્રસંગે માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કાર્યક્રમના સ્થળ પાસેથી સ્ટોલ ઉપરથી ડિજિટલ પેમેન્ટ કરી રાષ્ટ્રધ્વજ ખરીદી ડિજિટલ ઈન્ડિયાનું શ્રેષ્ઠ ઉદાહરણ આપી અન્ય માટે પ્રેરણાસ્ત્રોત બન્યા. ત્યારબાદ માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું ફુલ અને મોમેન્ટો વડે સ્વાગત કરવામાં આવેલ.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન. મંત્રી (રા.ક.) રમત,ગમત,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ,સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ, ગૃહ રક્ષણ દળ અને ગ્રામ રક્ષક દળ, નાગરિક સંરક્ષણ, નશાબંધી, આબકારી, જેલ, સરહદી સુરક્ષા(તમામ સ્વતંત્ર હવાલો), ગૃહ અને પોલીસ હાઉસીંગ, આપત્તિ શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે ભારત દેશની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં આઝાદીકા અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે અને આ આઝાદીકા અમૃત મહોત્સવની ઉજવણી સંદર્ભે સમગ્ર દેશમાં " હર ઘર તિરંગા" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આઝાદીના ૭૫ વર્ષ થયા પછી ફરી એકવાર સમગ્ર દેશમાં આઝાદીનો માહોલ સુરત–ગુજરાતમાં નજરે ચડી રહયો છે. હર ઘર તિરંગા અભિયાન

અંતર્ગત તા.૧૩ ઓગષ્ટ ૨૦૨૨ થી  તા.૧૫ ઓગષ્ટ–૨૦૨૨ સુધી સમગ્ર ભારત દેશમાં રાષ્ટ્રધ્વજ લેહરાશે અને આજે આ ગુજરાતનો રાજયવ્યાપી કાર્યક્રમ સુરત શહેર થી પ્રારંભ કરવામાં આવ્યો છે. સુરતની ધરતી પર રાષ્ટ્રધ્વજ ખુબજ આદરપુર્વક તૈયાર કરી કરોડો દેશવાસીઓ સુધી પહોંચાડવાની કામગીરી કરવામાં આવેલ છે. વધુમાં તેઓએ રાષ્ટ્રધ્વજ કોઈપણ વ્યકિત પાસેથી ભેટમાં ન સ્વીકારી પોતાની બચત થી સ્વભિમાનભેર રાષ્ટ્રધ્વજ ખરીદે એવી અપીલ કરી હતી.

આ કાર્યક્રમ પ્રસંગે માન.સંસદસભ્ય શ્રી સી.આર.પાટીલે તેમના ઉદ્દબોધનમાં જણાવ્યુ કે આજે જે સહજતાથી આપણે સૌ આ રાષ્ટ્રધ્વજ લહેરાવીએ છે. તે સહજતાથી રાષ્ટ્રધ્વજ લહેરાવવાની આઝાદી આપણને નથી મળી. આપણા સૌ પુવર્જોએ અને વીરોની શહીદીને લીધે તથા ખુબ જ જહેમતથી આ આઝાદી આપણને મળેલ છે. માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી "હર ઘર તિરંગા" અભિયાન અંતર્ગત દેશના દરેક ઘરે ઘરે આ રાષ્ટ્રધ્વજ પહોંચે એ માટે સખત પ્રયત્નો અને વ્યવસ્થા કરી રહયા છે. તથા ગુજરાત રાજયમાં માન.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૧ કરોડ રાષ્ટ્રધ્વજની વ્યવસ્થા કરી છે. અને સુરત શહેરના દરેક ઘરે રાષ્ટ્રધ્વજ લગાવવાની કલ્પના સાકાર કરવાનો પ્રયત્ન અમે કરી રહયા છે. દરેક નાગરિકોએ સ્વમાનભેર પોતાના ખર્ચે રાષ્ટ્રધ્વજ ખરીદવાનો આગ્રહ રાખવો જોઈએ તથા વિદ્યાર્થીઓ પોતાના ઘરે પોતાના બચતના પૈસાથી રાષ્ટ્રધ્વજ ખરીદી પોતાના હાથે રાષ્ટ્રધ્વજ લગાવી તેના વિડિયો – ફોટા સોશિયલ મિડિયામાં મુકે જેથી અન્ય લોકો પણ પ્રોત્સાહિત થાય. સુરત શહેર આખા દેશને રાષ્ટ્રધ્વજ બનાવી પહોંચાડે છે. વધુમાં પહેલા વરસાદ અને સૂર્યાસ્ત પછી રાષ્ટ્રધ્વજ લહેરાવી શકતો ન હતો. રાષ્ટ્રધ્વજ લહેરાવવાના નિયમોમાં ભારત સરકાર તરફથી જરૂરી ફેરફાર  કરવામાં આવેલ છે. જેથી હવે દરેક દેશવાસીઓ રાત–દિવસ અને વરસાદમાં પણ રાષ્ટ્રધ્વજ લહેરાવી શકશે.

ત્યારબાદ  માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ્દહસ્તે  " હર ઘર તિરંગા " ગીતનું રાજયવ્યાપી લોન્ચિંગ કરવામાં આવ્યું. આ ગીતને તમામ ઉપસ્થિત રાષ્ટ્રપ્રેમીઓએ ઉમળકાભેર આવકાર્યું.

આ કાર્યક્રમ પ્રસંગે માન.મુખ્યમંત્રી ગુજરાત રાજય શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તેમના ઉદ્દબોધનમાં જણાવ્યું કે આપણો દેશમાં ભારત દેશની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે અને આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત "હર ઘર તિરંગા" રાષ્ટ્રવ્યાપી  કાર્યક્રમ રાખવામાં આવેલ છે. માન. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબે દેશની એકતા – અંખડિતતા અને એક ભારત શ્રેષ્ઠ ભારતના પ્રતિક રાષ્ટ્રીય તિરંગાને ઘરે ઘરે લહેરાવવાનું આહવાન કર્યુ છે. ગુજરાતમાં આવનારી ૧૩ ઓગષ્ટ થી ૧૫ ઓગષ્ટ દરમ્યાન ૧ કરોડ ઘરો પર રાષ્ટ્રધ્વજ લહેરાશે.  સુરત મહાનગરપાલિકાએ રાષ્ટ્ર ભાવના જગાવવા "હર ઘર તિરંગા" કાર્યક્રમની વ્યવસ્થા કરી તે પ્રંશસનીય છે. સુરતીઓ મોજ–મસ્તી અને ખાન–પાનના શોખીન છે એ જ સુરતીઓ આ પદયાત્રામાં જોડાઈને રાષ્ટ્રભકિતમાં પણ અગ્રેસર છે. આઝાદીના અમૃત મહોત્સવ અન્વયે તા.૧૩ થી૧૫ ઓગષ્ટ દરમ્યાન ઘરે ઘરે રાષ્ટ્રધ્વજ લહેરાય એવી અભ્યર્થના.

ત્યારબાદ તમામ મંચસ્થ મહાનુભવોએ " હર ઘર તિરંગા " અન્વયે પ્રતિજ્ઞા અને ખૂબજ આદરપૂર્વક રાષ્ટ્રગાન કરવામાં આવેલ.ત્યારબાદ ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં તથા અન્ય માન.મંત્રીગણ અને માન. સાંસદ, માન. ધારાસભ્યશ્રીઓ,પદાધિકારીશ્રીઓ તથા માઉન્ટેડ પોલીસ,પોલીસ બાઈક વીથ સાયરન,ફાયર બાઈક વીથ સાયરન,સાયકલીસ્ટ, મિડીયા, વી.વી.આઈ.પી.,૧૫ બાળકો, પોલીસ બેન્ડ,પોલીસ પ્લાટુન નં.૧(પુરૂષ),કેરાલા ગ્રુપ, શારદાયતન સ્કુલ,ફાયર સ્કુલ,ફાયર પ્લાટુન, એસ.વી.પી.સ્કુલ,પોલીસ પ્લાટુનનં.૨,એન.સી.સી,લેંસર આર્મી સ્કુલ,બંગાળી ગૃપ,પોલીસ પ્લાટૂ નંગ-૦૫, એ.સી.લાપસીવાલા સ્કુલ,ફાયર પ્લાટુન,ડી.આઈ.દાદરવાલા સ્કુલ, રાજસ્થાન ગૃપ,એન.વાય.કે ગ્રુપ,ગેઈલ ઈન્ડિયા પ્રા. લી.,સુમન હાઈસ્કુલ-૧૪,પોલીસ પ્લાટુન નં.૦૭,એન.એસ.એસ ગ્રુપ,એલ.પી.સવાણી સ્કુલ, મહારાષ્ટ્ર ગ્રુપ,કે.પી.સંઘવી સ્કુલ,પ્રેસીડન્સી સ્કુલ, એન.સી.સી.પ્લાટુન,તમીલ ગૃપ,એ.એમ.એન.એસ. ઈન્ડિયા હજીરા,પી.પી. સવાણી સ્કુલ, પોલીસ પ્લાટુન ન.૦૪(ટ્રાફિક પુરૂષ),રીલાયન્સ ફાઉન્ડેશન ગ્રુપ,યુ.પી. ગ્રુપ, હોમગાર્ડ પ્લાટુન નં.૦૯,ન્યુ. મોર્ડન સ્કુલ,રમત ગમત વિકાસ ઓફિસ ટ્રેનર્સ,પોલીસ પ્લાટુન નં.૦૩, ક્રિભ્કો હજીરા,રયાન ઈન્ટરનેશનલ સ્કુલ,પોલીસ પ્લાટુન નંગ-૧૦,સાર્વજનિક સ્કુલ વિભાંયત,એસ.ડી.જૈન સ્કુલ,ઓડીસા ગૃપ, એસ.એચ. ગજેરા સ્કુલ,પોલીસ પ્લાટુન નં.૬(મહિલા),સુમન હાઈસ્કુલ નં.,રીલાયન્સ ઈન્ડસ્ટ્રીસ લીમીટેડ, એલ.પી.સવાણી રીવેરા સાઈડ સ્કુલ તથા સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન દીઠ-૫૦૦ કર્મચારીઓ સહિતના ગૃપના આશરે **૧૪૧૪૪** રાષ્ટ્રપ્રેમીઓએ લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડિયમથી કારગીલ ચોક સુધી **" તિરંગા પદયાત્રા "** કરી રાષ્ટ્રભકિતનો સંદેશો પાઠવ્યો.

આ કાર્યક્રમમાં માન. મંત્રી માર્ગ અને મકાન, વાહન વ્યવહાર, નાગરિક ઉડયન, પ્રવાસન અને યાત્રાધામ શ્રી પૂર્ણેશભાઈ મોદી, માન.મંત્રી, નાણા, ઉર્જા, પેટ્રોકેમિકલ્સ અને પ્રભારી મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, માન. મંત્રી (રા.ક.) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ શ્રી વિનોદભાઈ મોરડીયા,માન.મંત્રી (રા.ક.), કૃષિ,ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ શ્રી મુકેશભાઈ પટેલ, માન. પ્રભારી મંત્રી શ્રી પ્રદીપસિંહ વાઘેલા, માન. જનરલ સેક્રેટરી શ્રી રત્નાકરજી,માન. ધારાસભ્ય શ્રી કિશોરભાઈ કાનાણી, માન. ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, માન. ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ,માન. ધારાસભ્ય શ્રી વિવેકભાઈ પટેલ, માન. ધારાસભ્ય શ્રી પ્રવિણભાઈ ઘોઘારી,માન. ધારાસભ્ય શ્રી વી.ડી. ઝાલાવડીયા ,માન.મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા, માન. ડે. મેયર શ્રી દિનેશભાઈ જોધાણી, માન.મ્યુ. કમિશનર શ્રી બંછાનિધિ પાની, માન. કલેકટર શ્રી આયુષ ઓક, માન. પોલીસ કમિશનર અજય તોમર, માન. નેતા,શાસકપક્ષ શ્રી અમિતસિંગ રાજપૂત,માન. દંડક શ્રી વિનોદભાઈ પટેલ,માન.વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ,માન.મ્યુ. સદસ્યશ્રીઓ, મ્યુ સદસ્યશ્રીઓ,મિડીયાના મિત્રો તથા સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ તથા અન્ય રાષ્ટ્રપ્રેમીઓ ઉપસ્થિત રહયા હતા.

જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદીનં.૨૩૬,તા.૦૪/૦૮/૨૦૨૨











# <u>પ્રે સ નો ટ</u>

ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસર અને આરોગ્ય અધિકારીશ્રીની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ આગામી બળેવનાં તહેવારને ધ્યાનમાં લઈ સુરત શહેર વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ સંસ્થાઓની તા.૦૪/૦૮/૨૦૨૨ નાં રોજ ફુડ વિભાગનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સ્થળ તપાસ કરી કુલ–૨૪ સંસ્થાઓમાંથી દુધનાં માવાનાં કુલ–૨૫ નમૂનાઓ લઈ પૃથ્થકરણ સારૂં પબ્લીક હેલ્થ લેબોરેટરી, સુરત મહાનગરપાલિકા ખાતે મોકલી આપવામાં આવેલ છે, જેનો પૃથ્થકરણ અહેવાલ આવ્યેથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

| અ.નં | સંસ્થાનુ નામ | સરનામુ |
|---|---|---|
| ૧ | ઓમ બંસી માવા ભંડાર | ગોપી શેરી, ભાગળ, સુરત. |
| ૨ | નંદકિશોર એસ માવાવાલા | કોટસફીલ રોડ, સુરત. |
| ૩ | શ્રી ક્રિષ્ના માવા ભંડાર | બરાનપુરી ભાગળ, સુરત. |
| ૪ | જૈન માવા ભંડાર | પટની સમાજની વાડી, પીરછડી રોડ, હરિપુરા, સુરત. |
| ૫ | સુરજ માવા ભંડાર | પીરછડી રોડ, હરિપુરા, સુરત. |
| ૬ | જય અંબે માવા ભંડાર | નાની છીપવાડ, અંબાજી રોડ, સુરત. |
| ૭ | અંબે શંકર માવા ભંડાર | ગોપી શેરી, ભાગળ, સુરત. |
| ૮ | શ્રી કનૈયા ડેરી અને સ્વીટસ | ક્રિષ્ણા કોમ્પલેક્ષ, કતારગામ, સુરત |
| ૯ | અમૃત ડેરી ફાર્મ | ધનમોરા કોમ્પલેક્ષ, કતારગામ, સુરત |
| ૧૦ | જય ભોલે માવાવાલા | કૈલાશ રેસી., રૂઘનાથપુરા, સુરત |
| ૧૧ | શ્રી અંબિકા માવા ભંડાર | અર્વિભાવ સોસા–૧, પાંડેસરા, સુરત |
| ૧૨ | જય માં વૈષ્ણવ સ્વીટસ | હિંગળાજ ગૃહ વસાહત, ખટોદરા, સુરત |
| ૧૩ | સુગમ ડેરી | નોવા એપેક્ષ કોમ્પ., આનંદ મહલ રોડ, અડાજણ, સુરત |
| ૧૪ | શ્રી ક્રિષ્ણા ડેરી | ભગુનગર સોસા., એલ.એચ. રોડ, સુરત |
| ૧૫ | નંદલાલ સ્વીટસ | પ્લોટ નં–૨, ગણેશ કોલોની, વરાછા રોડ, સુરત |
| ૧૬ | કનૈયા ડેરી ફાર્મ પ્રા. લી. | ગણેશ શોપીંગ સેન્ટર, વર્ષા સોસ., એલ.એચ. રોડ, સુરત |
| ૧૭ | સુરભી ડેરી સ્વીટ એન્ડ આઈસક્રીમ | રીયલ પોઈન્ટ, હની પાર્ક રોડ, સુરત |
| ૧૮ | માધવ ડેરી પ્રોડકટસ | બીનાકા કેમ્પસ, પુણા–સીમાડા રોડ, સુરત |
| ૧૯ | ખંડેલવાડ ડેરી એન્ડ સ્વીટ | શિવપુજા શોપીંગ સેન્ટર, સીટી લાઈટ, સુરત |
| ૨૦ | અંબિકા માવા ભંડાર | આર્વિભાવ સોસા., ચીકુવાડી, પાંડેસરા, સુરત |
| ૨૧ | જય મા દુર્ગા સ્વીટ એન્ડ ડેરી | ૧૨, માધવ નગર, બમરોલી, સુરત |
| ૨૨ | શ્રી નાથજી ચુનીલાલ માવાવાલા | ૫/૨૮૯, ભાગળ, સુરત |
| ૨૩ | શંકરલાલ માવાવાલા | તરટીયા હનુમાન શેરી, હરીપુરા, સુરત |
| ૨૪ | જય ભોલે માવાવાલા | રૂઘનાથપુરા, મોટાલા શેરી, સુરત |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૨૩૭
તા.૦૪/૦૮/૨૦૨૨

## **પ્રેસ નોટ**

સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોનમાં કરવામાં આવતી રસ્તા રીપેરીંગની કામગીરી અંતર્ગત આજરોજ નીચે મુજબના પરિશિષ્ટ મુજબ **કુલ ૩૫૧.૪૬ મે.ટન** બીટયુમીનસ મટીરીયલનો અને **કુલ ૨૭૩.૬૮ મે.ટન** જી.એસ.બી./છારૂ વિગેરે મટીરીયલનો ઉપયોગ કરી **કુલ ૬૪** રસ્તાઓ પર **અંદાજે ૬૫૧૫.૦૦ ચો.મી.** વિસ્તારમાં રસ્તા રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. વધુમાં, રસ્તા રીપેરીંગની કામગીરી નિયમિતપણે તમામ ઝોનમાં ચાલુ રહેશે.

### **પરિશિષ્ટ**

| અ.નં. | ઝોનનું નામ | બીટયુમીન મટીરીયલ પેચવર્ક (મે.ટન) | જી.એસ.બી. / છારૂ વિગેરે મટીરીયલ (મે.ટન) |
|---|---|---|---|
| ૧ | વેસ્ટ ઝોન | ૨૭.૪૨ | ૬૪.૦૦ |
| ૨ | નોર્થ ઝોન | ૬૦.૫૫ | ૪૬.૪૪ |
| ૩ | વરાછા ઝોન–એ | ૩૩.૩૨ | ૧૫.૦૦ |
| ૪ | વરાછા ઝોન–બી | ૨૩.૨૦ | ૧૦.૨૩ |
| ૫ | સાઉથ–વેસ્ટ ઝોન | ૦.૦૦ | ૧૭.૦૧ |
| ૬ | સાઉથ–ઈસ્ટ ઝોન | ૬૩.૮૩ | ૨૬.૦૦ |
| ૭ | સાઉથ ઝોન–એ | ૩૦.૩૩ | ૧૯.૦૦ |
| ૮ | સાઉથ ઝોન–બી | ૧૨.૩૧ | ૪૬.૦૦ |
| ૯ | સેન્ટ્રલ ઝોન | ૧૦૦.૫૦ | ૩૦.૦૦ |
| | કુલ.. | ૩૫૧.૪૬ | ૨૭૩.૬૮ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૨૩૮
તા.૦૪/૦૮/૨૦૨૨

## સુરત મહાનગરપાલિકા

**પ્રેસનોટ**

**" હર ઘર તિરંગા " કાર્યક્રમ સંદર્ભે સુરત મહાનગરપાલિકા હસ્તકના રાષ્ટ્રધ્વજના વેચાણ કેન્દ્રો**

ભારત દેશની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે અને આ આઝાદીકા અમૃત મહોત્સવ અને સ્વતંત્રતા સપ્તાહ દરમ્યાન " હર ઘર તિરંગા " અભિયાન અંતર્ગત તા.૧૩ ઓગષ્ટ ૨૦૨૨ થી તા.૧૫ ઓગષ્ટ ૨૦૨૨ દરમ્યાન ઘરે ઘરે રાષ્ટ્રધ્વજ આદરપૂર્વક લહેરાવાનું આયોજન કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા જાહેરજનતા માટે તમામ વોર્ડ ઓફીસો – ૧૦૬, નાગરીક સુવિધા કેન્દ્રો–૨૫, ફાયર સ્ટેશન–૧૭, સ્વીમીંગ પુલ–૧૭, પ્રાથમિક શાળા–૨૧૬, સુમન શાળા–૧૪, નકકી કરેલ નીચે મુજબની લાયબ્રેરી–૩, બી.આર.ટી.એસ. સ્ટેશન ૧૦ તેમજ ગાર્ડન– ૮ સહિત કુલ ૪૧૬ સ્થળો પરથી રૂા.૨૧ ના દરે રાષ્ટ્રધ્વજ તથા સ્ટીક સાથેના રાષ્ટ્રધ્વજ રૂા.૩૦ ના દરે મેળવી શકાશે.

(૧) કવિ નર્મદ સેન્ટ્રલ લાઈબ્રેરી, ઉમરા પોલીસ સ્ટેશન સામે ,ઘોડદોડ રોડ,અઠવાલાઈન્સ ( ૨) સાકસર ડૉ. વિષ્ણુ પ્રસાદ ત્રિવેદી વિવિધલક્ષી વાંચનાલય અયોધ્યા નગરી રો–હાઉસ પાસે, વીર ભગતસિંહ માર્ગ, અડાજણ (૩) શ્રી અટલબિહારી વાજપાય લાઈબ્રેરી,પાંડેસરા કોમ્યુનિટી હોલની બાજૂમાં છત્રપતિ શિવાજી શાકમાર્કેટ પાસે, પાંડેસરા,સહિતની લાયબ્રેરીઓ પર તથા (૧) કામરેજ ટર્મિનલ (૨) ખરવરનગર (૩) અડાજણ પાટિયા (૪) મોરાભાગળ (૫) DGVCL ઉર્જા સદન (૬) ગજેરા સર્કલ (૭) ઉધના દરવાજા (૮) પાંડેસરા GIDC (૯) અમેઝીયા એમ્યુઝમેન્ટ પાર્ક (૧૦) Y જંકશન સહિતના BRTS સ્ટેશનો પર તેમજ (૧) ગાંધીબાગ, ચોકબજાર ( ૨) જયોતિન્દ્ર દવે ઉદ્યાન, જોગાણીનગર પાસે (૩) લેકવ્યુ ગાર્ડન, પીપલોદ (૪) સુમન નર્સરી–ટી.પી.નં.૪૮, એફ.પી.નં.૭૩ પ્લોટ જીયાવ બુડીયા રોડ, સાંઈ સૃષ્ટિ એપાર્ટમેન્ટની બાજુમાં, ભેસ્તાન ખાતે (૫) સુમન નર્સરી– ટી.પી . સ્કીમ નં.૬૯ (ગોડાદરા–ડીંડોલી), પ્લોટ નં.આર–૧૮ ડીંડોલી સ્વીમીંગપુલની બાજુમાંપ ડીંડોલી (૬) ઝવેરચંદ મેઘાણી ઉદ્યાન, મીનીબજાર, વરાછા (૭) સુમન નર્સરી –ટી.પી.નં.૨૪ (મોટાવરાછા–ઉત્રાણ), ફા.પ્લોટ નં.૨૦૭, આર–૫૬ સીએનજી પંપની પાસે, ઈટાલીયા હોસ્પિટલની પાછળ,શ્રીપદ રેસીડેન્સીની સામે, મોટાવરાછા અને (૮) ડભોલી લેક ગાર્ડન, ડભોલી ગામ.

તમામ શહેરીજનો સ્વતંત્રતા સપ્તાહ દરમ્યાન " હર ઘર તિરંગા " અભિયાનમાં ઘરે ઘરે રાષ્ટ્રધ્વજ ફરકાવી રાષ્ટ્રવ્યાપી ઉજવણીમાં સહભાગી બને એવી સુરત મહાનગરપાલિકા દ્વારા અપીલ કરવામાં આવે છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા તિરંગાના વેચાણ માટે જે સ્થળોએ જો કોઇ મુશ્કેલી જણાય તો નીચે મુજબના અધિકારીશ્રીઓનો સંપર્ક કરવો.

| ક્રમ | તિરંગાના વેચાણ સ્થળો | અધિકારીશ્રીનું નામ | સંપર્ક નંબર |
|---|---|---|---|
| ૧ | (૧) રાંદેર ઝોન | (૧) શ્રી જયેશ સી. ગાંધી<br>ઈ.ચા.આસી.કમિશનર<br>(૨) શ્રી કેતન વાય. ગરાસીયા<br>નાયબ આરોગ્ય અધિકારી | ૯૭૨૪૩ ૪૫૫૩૩<br><br>૯૦૯૯૦ ૦૭૮૯૪ |
| | (૨) સેન્ટ્રલ ઝોન | (૧) શ્રીમતી ગાયત્રીબેન આર. જરીવાલા<br>આસી.કમિશનર અને<br>ઈ.ચા.ડે.કમિશનર<br>(૨) ડો. મહેન્દ્ર એન. પટેલ<br>નાયબ આરોગ્ય અધિકારી | ૯૭૨૪૩ ૪૫૪૮૯<br><br>૯૭૨૪૩ ૪૫૪૭૪ |
| | (૩) કતારગામ ઝોન | (૧) શ્રી નિલેશ એચ. પટેલ<br>ઈ.ચા.આસી.કમિશનર<br>(૨) ડો. કનુભાઈ એ. શ્રોફ<br>નાયબ આરોગ્ય અધિકારી | ૯૭૨૪૩ ૪૫૪૯૭<br><br>૯૭૨૪૩ ૪૫૪૭૨ |
| | (૪) વરાછા ઝોન - એ | (૧) શ્રી ધનંજય યુ. રાણે<br>ઈ.ચા.આસી.કમિશનર અને<br>આસી.લો.ઓફીસર<br>(૨) પ્રકાશકુમાર એસ.પટેલ<br>નાયબ આરોગ્ય અધિકારી | ૯૮૨૪૫ ૨૨૧૫૪<br><br>૯૦૯૯૦ ૦૭૯૭૭ |
| | (૫) વરાછા ઝોન - બી | (૧) શ્રી ડીકસન એમ. ક્રિશ્ચિયન<br>આસી.કમિશનર<br>(૨) ડો. કિંજલ એચ. પટેલ<br>નાયબ આરોગ્ય અધિકારી | ૯૭૨૪૩ ૪૫૫૦૨<br><br>૯૦૯૯૦ ૦૭૯૭૧ |
| | (૬) ઉધના ઝોન-એ | (૧) કુ. પારુલ જે. રાણા<br>ઈ.ચા.આસી.કમિશનર અને પોર્સોનલ ઓફીસર<br>(૨) ડો. અર્પિત ડી. દુધવાલા<br>નાયબ આરોગ્ય અધિકારી | ૯૮૨૫૧ ૩૯૦૩૮<br><br>૯૮૨૫૪ ૬૫૬૦૦ |
| | (૭) ઉધના ઝોન-બી | (૧) શ્રી પી.આર.પ્રસાદ<br>આસી.કમિશનર<br>(૨) ડો. અજીતકુમાર પી. ભટ્ટ<br>નાયબ આરોગ્ય અધિકારી | ૯૭૨૪૩ ૪૫૫૯૩<br><br>૯૭૨૪૩ ૪૫૪૭૭ |
| | (૮) અઠવા ઝોન | (૧) શ્રી જયેશ સી. ગાંધી<br>આસી.કમિશનર<br>૨) ડો. કલ્પેશ આઈ. ખત્રી<br>નાયબ આરોગ્ય અધિકારી | ૯૭૨૭૭ ૪૦૯૧૦<br><br>૯૭૨૪૩ ૪૫૪૭૧ |

| | | | |
|---|---|---|---|
| | (૯) લિંબાયત ઝોન | (૧) શ્રી બાબુરાવ.બી. મોરે<br>આસી.કમિશનર<br>૨) ડૉ. સંજય. એસ. દાસ<br>નાયબ આરોગ્ય અધિકારી | ૯૭૨૪૩ ૪૫૫૦૭<br>૯૭૨૪૩ ૪૫૪૫૪ |
| ૨ | તમામ નાગરિક સુવિધા કેન્દ્રો | - | - |
| ૩ | તમામ ફાયર સ્ટેશનો | શ્રી બસંતકુમાર પરીખ<br>એડી.ચીફ ફાયર અને ઈ.ચા.ચીફ ફાયર ઓફિસરશ્રી | ૯૭૨૪૩ ૪૫૫૫૩ |
| ૪ | સ્વીમીંગ પુલો | શ્રી બકુલકુમાર જી. સારંગ<br>ચીફ સ્વીમીંગ પુલ ઈન્સ્ટ્રકટર | ૮૫૧૧૧ ૬૮૭૦૬ |
| ૫ | ન.પ્રા.શિ.સમિતિ | ઓફીસ | ૦૨૬૧ ૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪ |
| ૬ | સુમન શાળા | શ્રી ધર્મેશભાઈ એમ. પટેલ<br>વહીવટી અધિકારી | ૯૦૯૯૦ ૦૮૬૧૧ |
| ૭ | લાયબ્રેરી | શ્રી સુનીલભાઈ સી. ગામીત<br>જુ. લાઈબ્રેરીયન અને ઈ.ચા. લાઈબ્રેરીયન (કવિ નર્મદ લાઈબ્રેરી) | ૯૪૨૬૮ ૯૦૩૩૧ |
| ૮ | નક્કી કરેલા ગાર્ડન | શ્રી પરેશભાઈ ડી. રાંદેરિયા<br>ઈ.ચા.ગાર્ડન સુપ્રીટેન્ડન્ટ | ૯૬૨૪૩ ૪૫૫૬૧ |
| ૯ | બી.આર.ટી.એસ સ્ટેશનો | શ્રી મેહુલભાઈ એસ. પટેલ<br>વહીવટી અધિકારી | ૯૭૨૪૩ ૪૫૪૯૮ |

જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર સમાચાર યાદી નં.૨૩૯,
તા.૦૪/૦૮/૨૦૨૨

# પ્રેસ નોટ

........................

**માહે જુલાઈ ૨૦૨૨ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.**

સ્મીમેર હોસ્પીટલમાં માહે જુલાઈ ૨૦૨૨ દરમ્યાન ૪૭૯૮ ઈન્ડોર તથા ૬૧૦૯૫ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. ૪૬૮૭ નાના તથા ૧૧૪૦ મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. **૧૫૨૮૦** એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૮૨૩ અને જુના ૯૭૮ દર્દીઓ સહીત કુલ ૧૮૦૧ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૯૪૨ તથા આંખ વિભાગમાં ૩૩૨૧ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ ૨૦૨૫૦ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

પ્રતિ,
જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર.
સમાચાર યાદી નં.૨૪૦
તા.૦૫/૦૮/૨૨

**સુરત મહાનગરપાલિકા**

**યુસીડી વિભાગ**

**અખબારી યાદી**

**યુસીડી વિભાગ, સુરત મહાનગરપાલિકા "રાખી મેળા-૨૦૨૨"**

સરકારશ્રીના મહિલા સશક્તિકરણ અંગેના પ્રયત્નોને વધુ વેગવાન બનાવવાના ભાગરૂપે આગામી રક્ષાબંધન પર્વ નિમિત્તે સુરત મહાનગરપાલિકા અમલીકૃત દિનદયાળ અંત્યોદય યોજના - રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના હેઠળ સ્થાપેલ સ્વ-સહાય જુથો/ALF/CLF તેમજ મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ JLESG ના સભ્યોને રાખડી તથા રાખડી સંબંધિત ચીજ-વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ માટે સીધે-સીધુ બજાર મળી રહે તે હેતુથી તા. ૦૫/૦૮/૨૦૨૨ થી ૧૧/૦૮/૨૦૨૨ સુધી "રાખી મેળા-૨૦૨૨"નું આયોજન રાખવામાં આવેલ છે.

તા. ૦૫/૦૮/૨૨ ના રોજ  રાખી મેળા-૨૦૨૨ નું ઉદ્ઘાટન સવારે ૧૧:૦૦ કલાકે બરોડા પ્રિસ્ટેજ શાકમાર્કેટ, મેઈન રોડ, વરાછા, સુરત.ખાતે ડે.મેયરશ્રી દિનેશભાઈ જોધાણીનાં વરદહસ્તે રાખી મેળા ખુલ્લો મુકતા જણાવેલ કે, "સ્વ-સહાય જૂથની બહેનો ધ્વારા રાખડી તથા રાખડી સબંધિત ચીજવસ્તુઓનું ઉત્પાદન કરી તેમને આર્થિક રીતે સહયોગ આપવા માટે પ્રોત્સાહિત કર્યાં હતા" વધુમાં સવારે ૧૦:૦૦ કલાકે જ્યોતીન્દ્રદવે ગાર્ડનની બાજુમાં ટી.પી.૧૩ ફા.પ્લોટ નં.૧૩૨,(જોગાણી નગર પાર્ટી પ્લોટ),અડાજણ, સુરત ખાતે ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરી દીપ પ્રાગટ્યવિધિ સંપન્ન કરવામાં આવેલ. મા.સમાજ કલ્યાણ, આનંદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતી પૂર્ણિમાબેન દવેનાં વરદહસ્તે  રાખી મેળા ખુલ્લા મુકવામાં આવેલ હતો. આ પ્રસંગે પ્રાસંગિક ઉદબોધનમાં તેઓશ્રીએ જણાવેલ કે "મહિલા સશક્તિકરણ અંગેના પ્રયત્નોને વધુ વેગવાન બનાવવાના ભાગરૂપે સરકારશ્રી તથા સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષ દરમ્યાન આયોજિત રાખી મેળા થકી બહેનોને રોજગારી મળી રહે છે. આમ નાની - મોટી પ્રવૃતિઓ દ્વારા બહેનો આર્થિક રીતે પગભર થાય તે દ્વારા પોતાના કુટુંબ માટે પણ આર્થિક ઉપાર્જનમાં ભાગ ભજવી શકે અને તેઓના જીવનસ્તરમાં વધુ સકારત્મક પરિવર્તન આવી શકશે, તે માટે તેઓને વિવિધ સ્વરૂપે મદદરૂપ થવા સુરત મહાનગરપાલિકા હંમેશા કટિબધ્ધ છે". જેમાં સુરત મહાનગરપાલિકા વિવિધ ઝોન વિસ્તાર ખાતે ૮૧ સ્ટોલ સ્વ-સહાય જૂથોની બહેનોને રોજગારી મળી તે હેતુથી ફાળવવામાં આવેલ છે"આ પ્રસંગે  જાહેર પરિવહન પ્રવૃત્તિ સમિતિનાં અધ્યક્ષ શ્રીમતી સ્મીતાબેન પટેલ તથા સુરત મહાનગરપાલિકાના સ્થાનિક મ્યુનિ. સદસ્યશ્રીઓ હાજર રહી બહેનોને પ્રોત્સાહિત કર્યાં હતા. વધુમાં, વિવિધ ઝોન વિસ્તાર ખાતે સ્થાનિક મ્યુ.સદસ્યશ્રીઓ ધ્વારા રાખી મેળાને ખુલ્લો મુકવામાં આવેલ.

:- વિવિધ વિસ્તારમાં આવેલ રાખી મેળાના સ્થળો :-

- સિંગણપોર મલ્ટીપર્પઝ હોલની બહાર, પ્રમુખ વિદ્યાલયની બાજુમાં, જય શિવમ સોસાયટીની સામે, સિંગણપોર રોડ, સુરત.
- જ્યોતીન્દ્રદવે  ગાર્ડનની બાજુમાં ટી.પી.૧૩ ફા.પ્લોટ નં.૧૩૨,(જોગાણી નગર પાર્ટી પ્લોટ),અડાજણ,સુરત
- છત્રપતિ શિવાજી શાકભાજી માર્કેટની બાજુમાં, વોર્ડ ઓફીસની સામે પંડિસરા,સુરત
- લાલદરવાજા બ્રીજ નીચે, ખોડીયાર માતાના મંદિર સામે,સુરત
- બરોડા પ્રિસ્ટેજ શાકમાર્કેટ, મેઈન રોડ, વરાછા, સુરત.
- મોડર્ન ટાઉન શાકભાજી માર્કેટ પાસે (ખુલ્લા પ્લોટમા ), લીંબાયત, સુરત.
- માધવબાગની સામે પરવટ પાટિયા નજીક, લીંબાયત, સુરત.
- કારગીલ સર્કલ પાસે, લેકવ્યુ ગાર્ડનની બાજુની ફૂટપાથ પર, સાયકલ સ્ટેન્ડની બાજુમાં, પીપલોદ, સુરત.
- જવાહરલાલ નેહરૂ ઉદ્યાન, સીટી બસ સ્ટેશનની  બાજુમાં, ચોપાટી પાસે, અઠવાલાઈન્સ, સુરત.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં.
તા. ૦૫/૦૮/૨૦૨૨





# **<u>પ્રેસનોટ</u>**

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

**<u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–**

આજરોજ સુરત મહાનગરપાલિકાના કાર્યપાલક ઇજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.૦૨,નોંધ નં.૨૮૫૧ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા મંજુર પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા, તા.૦૫/૦૮/૨૦૨૨ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત રહેણાંકનાં હેતુસરવાળી મિલ્કતમાં પાંચમાં માળે આશરે ૪૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર. સી. સી. સ્લેબ તથા આશરે ૫૦૦ ચો.ફુટ ચણતર દુર કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૨૪૨
તા.૦૫/૦૮/૨૦૨૨

સ્માર્ટ સિટીઝ વર્કશોપ અને વર્લ્ડ સિટીઝ સમિટ –૨૦૨૨ તા.૩૧, જુલાઈ–૨૦૨૨ થી તા.૦૩/૦૮/૨૦૨૨ દરમ્યાન સિંગાપોર ખાતે યોજાયેલ. જેનું આયોજન સેન્ટર ફોર લિવેબલ સિટીઝ (CLC), સિંગાપોર દ્વારા કરવામાં આવેલ. સ્માર્ટ સિટીઝ વર્કશોપના મુખ્ય સ્માર્ટ સિટીઝ ડેવલોપમેન્ટના અનુભવો શેર કરવાના છે. જેમાં વિશ્વના ૫૦ સિટીના પ્રોજેક્ટો તેમજ વિવિધ ક્ષેત્રો જેવા કે પ્રાઈવેટ સેક્ટર ટેકનોલોજી સોલ્યુશન પ્રોવાઈડર, નાણાંકીય સંસ્થાઓ, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ ભાગ લીધેલ.

આ સમિટમાં સમગ્ર ભારતમાંથી સુરત શહેરની પસંદગી થયેલ જેમાં સુરત મહાનગરપાલિકા વતી માન.મેયરશ્રી, માન.ચેરમેનશ્રી, સ્ટેન્ડીંગ કમિટી, માન.કમિશ્નરશ્રી તેમજ માન.સીટી ઈજનેરશ્રીએ ભાગ લીધેલ.

- આ સમિટ અંતર્ગત સ્માર્ટ સિટીઝ વર્કશોપ મરિના–બે–સેન્ડી–ખાતે યોજાયેલ જેમાં મા.કમિશ્નરશ્રીએ કન્વેન્શનલ બેરેજ અને વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ અંતર્ગત પ્રેઝન્ટેશન આપેલ.
- આ સમિટમાં નીચે જણાવેલ વિવિધ ફાયનાન્સીલ પાર્ટનર/સંસ્થાઓ સાથે મિટીંગ યોજાયેલ.

(૧) હાઈડ્રોલીપ

(૨) Leapthought.

(૩) ઈન્ટરનેશનલ ફાઈનાન્સ કોર્પોરેશન, વર્લ્ડ બેંક ગ્રુપ.

(૪) સેન્ટર ફોર લિવેબલ સિટીઝ, સિંગાપોર.

(૫) ZWEEC, Vision for Tomorrow.

(૬) ડ્રોન અને ઈમેજીંગ, Surbana Jurong.

(૭) માસ્ટર કાર્ડ.

(૮) એશિયા ડેસ્ક, સ્માર્ટ ગ્રીન એશિયન સિટીઝ.

**સ્પેશિયલ મીટીંગ**

(૧) સુચિત કન્વેન્શનલ બરાજ તથા વેસ્ટ વોટર ટ્રીટમેન્ટના કામે ઓછા વ્યાજ દરે નાણાંકિય સહાય મળી રહે તે હેતુ સર IFC (International Finance Corporation) સાથે સ્પેશિયલ મીટીંગ થયેલ.

(૨) માસ્ટર કાર્ડ સાથે સીટી પોસીબલ પ્રોગ્રામ અંતર્ગત સર્વપ્રથમ સુરતની પસંદગી કરવામાં આવેલ.

**પેનલ ડિસ્કશન**

(૧) Urban Eats Program હેઠળ Food/west, Circularity વિષય પર ચર્ચા કરવામાં આવેલ.

(૨) Accelerating Urban Water Resilience મુદ્દા પર વર્ષ ૨૦૨૩ માં યોજાનાર UN Water Conference નો રોડ મેપ નક્કી કરવા માટે કમિશ્નરશ્રી દ્વારા પેનલ સબોધન કરેલ.

**સાઈટ વિઝીટ**

(૧) મરીના બરાજ

(૨) GARDEN BY BAY

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં BRTS અને સીટીબસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહેલ છે. શહેરના નાગરિકો દ્વારા બસ સેવાનો ખુબજ સારા પ્રમાણમાં લાભ લેવામાં આવી રહેલ છે. જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉત્તરો-ઉત્તર વધારો થઇ રહેલ છે. હાલમાં BRTS ના કુલ ૧૩ રૂટ તેમજ સીટીબસના કુલ ૪૫ રૂટ ઉપર આશરે દૈનિક ૨,૫૦,૦૦૦ જેટલા નાગરિકો જાહેર પરિવહન સેવાનો લાભ લઇ રહેલ છે.

Bus & Car Operators Confederation Of India દ્વારા વિવિધ કેટેગરીમાં દર વર્ષે "Award Of Excellence" આપવામાં આવે છે. આ વર્ષે હૈદરાબાદ ખાતે "પ્રવાસ 3.0" નું ૪ થી ૬ ઓગસ્ટ-૨૦૨૨ ના રોજ કોન્ફરન્સ તથા એવોર્ડ ફંક્શનનું આયોજન કરવામાં આવેલ. જેમાં સુરત મહાનગરપાલિકાને જાહેર પરિવહન ક્ષેત્રે Public Private Partnership(PPP) દ્વારા જાહેર જનતાને બસ સેવા આપવા માટે ઉત્કૃષ્ટ આયોજન અને તેનું સફળતાપૂર્વક અમલીકરણ કરવા માટે સમગ્ર દેશના શહેરો પૈકી સુરત શહેરને મા. ફાયનાન્સ મિનિસ્ટરશ્રી અને મા. ટ્રાન્સપોર્ટ મિનિસ્ટરશ્રી, તેલંગાણા સરકાર ના વરદ હસ્તે એવોર્ડ આપવામાં આવેલ. જે એવોર્ડ સુરત મહાનગરપાલિકા વતી ડે. મ્યુ. કમિશનરશ્રી અને મેનેજિંગ ડિરેક્ટરશ્રી(સુરત સિટીલિંક લિમિટેડ) શ્રી કમલેશ નાયક દ્વારા સ્વીકારવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ..........................................
તા.૦૬/૦૮/૨૦૨૨


Prawaas
Prawaas
Excellence Award

# સુરત મહાનગરપાલિકા

**પ્રેસનોટ**

**" Hon'ble Union Home Minister &**

**Minister Of Cooperation- India શ્રી અમિત શાહની**

**ન્યુ. દિલ્હી ખાતે માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાની પ્રત્યક્ષ શુભેચ્છા મુલાકાત"**

આજરોજ ભારતના કેપીટલ ન્યુ. દિલ્હી ખાતે **Hon'ble Union Home Minister & Minister Of Cooperation- India શ્રી અમિત શાહની** ડાયમંડ સિટી, બ્રિજ સિટી, ટેક્ષટાઈલ સિટી અને સ્વચ્છ સિટી તરીકે ખ્યાતનામ સુરત સિટીના પ્રથમ નાગરિક માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ પ્રત્યક્ષ શુભેચ્છા મુલાકાત લીધી તથા આપણા સુરત શહેરનો અવિરત વિકાસ કરવા તથા શહેરમાં સર્વાંગી વિકાસના શિખરો સર કરી વિશ્વસ્તરે સુરતને ખ્યાતનામ કરવા માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ **Hon'ble Union Home Minister & Minister Of Cooperation- India શ્રી અમિત શાહનું** અમુલ્ય માર્ગદર્શન મેળવ્યું હતુ.

**જનસંપર્ક વિભાગ,**

**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર**

**યાદીનં.૨૪૫,તા.૦૬/૦૮/૨૦૨૨**

# <u>પ્રે સ નો ટ</u>

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ નોન–બી.આઈ.એસ. ડ્રિંકીગ વોટર પ્લાન્ટોને અગાઉ સીલ કરવામાં આવેલ, વધુમાં આજરોજ તા.૦૬/૦૮/૨૦૨૨ એ ફરી માન. મે. કમિશ્નરશ્રીનાં આદેશ મુજબ તેમજ ઝોનલ ચીફશ્રી, ડેપ્યુ. કમિશ્નરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પિટલ) અને ડેઝિગ્નેટેડ ઓફીસર અને આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારનાં જુદા–જુદા ઝોન વિસ્તારમાં આવેલ નોન બી.આઈ.એસ. તેમજ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ–૨૦૦૬ અન્વયેના લાયસન્સ વગર ધંધો કરતા પ્લાન્ટો/સંસ્થાઓને દરેક ઝોનનાં ટેકનીકલ સ્ટાફ, ઝોનનો આરોગ્યનો સ્ટાફ સાથે સંકલનમાં રહી ફુડ ઈન્સ્પેકશન વિભાગના સ્ટાફે કુલ–૫૮ સંસ્થાઓની તપાસણી કરતાં કુલ–૨ સંસ્થાઓએ લાયસન્સ મેળવેલ હોવાનું, કુલ–૧૩ સંસ્થાઓએ ધંધો બંધ કરેલ હોવાનું માલુમ પડેલ અને નીચે મુજબની કુલ–૪૩ સંસ્થાઓને સીલ કરવાની સંયુક્ત કામગીરી હાથ ધરવામાં આવેલ છે. વધુમાં આ કામગીરી આગામી દિવસોમાં પણ ચાલુ રાખવામાં આવનાર છે.

| ક્રમ | સંસ્થાનું નામ | સંસ્થાનું સરનામુ |
|---|---|---|
| ૧ | રાજ એક્વા | ૧૨/૧૩, સંતોષ નગર, પર્વતગામની બાજુમાં, લિંબાયત, સુરત |
| ૨ | ઈલુ આકાશ વોટર | ૭, મયુર નગર, સંતોષ નગરની સામે, મમતા ટોકીઝની પાછળ, લિંબાયત, સુરત |
| ૩ | મીનરલ વોટર પ્લાન્ટ | ૨૧૭/૨૧૮, આસપાસ નગર–૧, ગોડાદરા, સુરત |
| ૪ | દ્રષ્ટી આર.ઓ. | ૯૪, શિવ દર્શન સોસા., દશામાના મંદિરની બાજુમાં, ડીંડોલી, સુરત |
| ૫ | મીનરલ વોટર પ્લાન્ટ | ૭, હરીહર નગર પોલીસ ચોકીની બાજુમાં, નવાગામ, ડીંડોલી, સુરત |
| ૬ | સ્પ્રીગ વોટર | ૪૩, દિપક નંબર આર.ડી. કોમ્પ્લેક્ષની સામે, મોર્ય સમાજની વાડીની ગલી, નવાગામ, ડીંડોલી, સુરત |
| ૭ | વડવાલા ફ્લેવર વોટર | બી–૫૬, પટેલ નગર, રેલ્વે ટ્રેકની બાજુમાં, એ.કે. રોડ, સુરત |
| ૮ | જે.કે. વોટર | બ્લોક નં–૧૩૩/૧૩૪, ગલી નં–૦૪, શ્યામ નગર સોસા., સરથાણા પોલીસ ચોકીની સામે, વરાછા રોડ, સુરત |
| ૯ | એક્વાલી વોટર | ડી–૨૦, યોગી નગર–સી,પુણા થી સીમાડા રોડ, યોગી ચોક, વરાછા રોડ, સુરત |
| ૧૦ | એસ.એસ.બી. વોટર | ૧૬૮, વૃંદાવન સોસા., જ્ઞાનસાગર સંકુલની બાજુમાં, ગોડાદરા, સુરત |
| ૧૧ | શગુન વોટર | સંગીતા પાટીલ (એમ. એલ.એ) ઓફીસની બાજુમાં, નીલગીરી સર્કલ, લિંબાયત, સુરત |
| ૧૨ | જીગ્નેશભાઈ (મીનરલ વોટર પ્લાન્ટ) | બી.જે.પી કાર્યાલયની બાજુમાં, રાજીવ નગર, આજણા ફાર્મ, ન્યુ બોમ્બે માર્કેટની સામે, સુરત |
| ૧૩ | ચિંતનભાઈ નિમેષભાઈ રૂવાળા | ૨૫–૯૦, સ્વામી નારાયણની ચાલ, મન મોહન આઈસ્ક્રીમની સામે,લાલ દરવાજા, સુરત |
| ૧૪ | રેવાન એન્ટરપાઇઝ | દિલ્હી ગેટ પોલીસ ચોકી પાછળ, મચ્છી માર્કેટ, દિલ્હીગેટ, સુરત |
| ૧૫ | જય અંબે વોટર | રતન માસ્તરનો શેરો, અંબાવી રોડ, ચૌટા બજાર, સુરત |
| ૧૬ | રામભાઈ (મીનરલ વોટર પ્લાન્ટ) | વિગત બજાર, કારગીલ ચોક, લેક વ્યુ ગાર્ડન, પીપલોદ, સુરત |
| ૧૭ | સફા વોટર | ફુલવાડી, વેડ રોડ, કતારગામ, સુરત |
| ૧૮ | ચામુંડા મિનરલ વોટર | પ્લોટ નં–૦૪, સાંઈ જ્યોત નગર, બમરોલી રોડ, સુરત |
| ૧૯ | મીનરલ વોટર પ્લાન્ટ | કૈલાશ નગર, પાલી ગામ, સચીન, સુરત |
| ૨૦ | યોગેશભાઈ (મીનરલ વોટર પ્લાન્ટ) | શામળા રો–હાઉસ, ખોલવાડ રોડ શોપીંગ સેન્ટર, લસકાણા, સુરત |
| ૨૧ | ધારા એન્ટરપ્રાઈઝ | ૧, અંબિકા નગર, પાલનપુર ગામ, સુરત |
| ૨૨ | જય એક્વા(જલા એક્વા) | આશારામ આશ્રમની સામે, જહાંગીરપુરા, સુરત |
| ૨૩ | જેની એક્વા | ઉગત રોડ, સુરત |
| ૨૪ | શીવ ધારા મિનરલ વોટર | તપનાથ મહાદેવ મંદિરની પાસે, પાલનપુર ગામ, સુરત |
| ૨૫ | આત્મીય જલધારા | ૩૬૩,કલ્યાણ કુટિર, હરીનગર–૩ની પાછળ, ચીકુવાડીની પાસે, ઉધના–પાંડેસરા, સુરત. |
| ૨૬ | જય પ્રકાશ ઓઝા પ્લાન્ટ | ૭૧/૭૨, ડેકાવાળા કંમ્પાઉન્ડ, ઉમિયા ધામ મીંદરની બાજુમાં, બમરોલી, સુરત |

| | | |
|---|---|---|
| ૨૭ | સંગમ વોટર | ૬૫૨, ગણપતિ નગર, આશાપુરી સોસા., પીયુસ પોઈન્ટ, બમરોલી રોડ, સુરત |
| ૨૮ | બાપા સીતારામ જલધારા | પ્લોટ નં.૧૭૯, સાંઈનાથ સોસા., ગુજરાત હા.સીંગ બોર્ડ, સચીન, સુરત |
| ૨૯ | શ્રી જી માર્કેટીગ | ૨૬૬૨, સહયોગ સોસાયટી, ગુજરાત હા.સીંગ બોર્ડ, સચીન, સુરત |
| ૩૦ | દેવનારાયણ વોટર સપ્લાયર્સ | પ્લોટ નં.૨૧૬, છોટુકાકાની વાડી, પાલી ગામ, સચીન, સુરત |
| ૩૧ | વર્લ્ડ વોટર | પી–૫૭, રવી ટેક્ષટાઈલ, જડકીયા સર્કલની પાસે, કાપોદ્રા, વરાછા, સુરત |
| ૩૨ | સાંઈ વોટર | ૨૦૧૧, શ્રી રામનગર હાઉસીંગ, રીલાયન્સ હાઉસીંગની બાજુમાં, અમરોલી, સુરત |
| ૩૩ | મારૂતિ વોટર | ૧૯૮, પટેલ ફળીયું, છાપરાભાઠા રોડ, અમરોલી, સુરત |
| ૩૪ | જય ગોપાલ મીનરલ વોટર | ૯–૧૧, અંજની ઈન્ડ.–૮, કોસાડ ગામ, સુરત |
| ૩૫ | મધર ફાઉન્ડેશન | પ્લોટ નં.૭૯, સાંઈ આશિષ સોસાયટી, ઉત્રાણ, સુરત |
| ૩૬ | હરીધામ માર્કેટીગ | પ્લોટ નં–૭ અને ૮, શકિતનગર, હીરાબાગ ગૌ શાળા રોડ, વરાછા રોડ, સુરત |
| ૩૭ | ગંગાજલ પ્લાન્ટ | ઠાકોર નગર, મરાઠા સ્કુલની પાછળ, પાંડેસરા, સુરત |
| ૩૮ | વરાહી વોટર | ૩૫/૩૬, લક્ષ્મીનારાયણ ઈન્ડ. પાર્ક, લક્ષ્મીનારાયણ મંદિરની પાછળ, ભેસ્તાન, ઉધના, સુરત |
| ૩૯ | ગન ગણપતે વોટર | બ્લોક નં–૧૩, ઈસીયાડ સોસા., ભાટીયા કોમ્પલેક્ષની પાછળ, સોસયો સર્કલ, યુ.એમ. રોડ, સુરત |
| ૪૦ | બીડી.બીપી વોટર | ૨૧/૨૩, આનંદ ઈન્દ્રા સોસા., યુ.એમ. રોડ, સુરત |
| ૪૧ | બી.આર.સી. મીનરલ પ્લાન્ટ | એસ–૧૧૫, બીઆરસી ઈન્ડ., દક્ષેશ્વર ચોકડી, ઉધના–નવસારી રોડ, સુરત |
| ૪૨ | કેવલ વોટર | તળાવ ફળીયુ, શ્રીમાન કરૂણાસાગર મંદિરની બાજુમાં, ઉનગામ, સુરત |
| ૪૩ | સબીલ મિનરલ વોટર | પ્લોટ નં–૧૨, વિશાલ નગર, ભીડી બજાર, ઉન, સુરત |

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર પાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં.૨૪૬

તા.૦૬/૦૮/૨૦૨૨

# નવો પૂર્વઝોન(સરથાણા)–બી ની અખબારી યાદી

તા.૦૬/૦૮/૨૦૨૨

**નવો પૂર્વ(સરથાણા)ઝોન–બી વિસ્તારમાં તા.૦૬/૦૮/૨૦૨૨ નાં રોજ નીચે જણાવેલ સ્થળએ કરવામાં આવેલ ડીમોલીશન બાબત.**

| અ.નં. | ટી.પી.સ્કીમ નં./ફા.પ્લોટ નં. | સ્થળ | ડીમોલીશનની વિગત | રીમાર્કસ |
|---|---|---|---|---|
| | તારીખ ૦૬/૦૮/૨૦૨૨ | | | |
| ૧ | મોજે લસકાણા, બ્લોક નં. ૧૩૫, | સબ પ્લોટ નં. ૩૮૦, ૩૮૧, મોજે લસકાણા, ડાયમંડ નગર વિભાગ–૧ ,સુરત | પ્રશ્નવાળી મિલ્કતમાં ચોથા માળે તથા ત્રીજા માળ પરનાં અંદાજે ૩૪.૦૦ ફૂટ × ૯૦.૦૦ ફૂટ = ૩૦૬૦ ચો. ફૂટ × ૨ =૬૧૨૦ ચો. ફૂટ આર.સી.સી.બાંધકામ દૂર કરવામાં આવેલ. | ડીમોલીશન/વહીવટી ચાર્જ પેટે રૂા. ૨૦૦૦૦૦.૦૦ તથા ડીપોઝીટ પેટે રૂા. ૨૦૦૦૦૦.૦૦ વસુલ લેવામાં આવેલ છે. |

ઉપર જણાવેલ નવો પૂર્વ(સરથાણા)ઝોન–બી માં સમાવિષ્ટ મોજે લસકાણા, બ્લોક નં. ૧૩૫ માં આવેલ ડાયમંડનગર વિભાગ–૧ ના પ્લોટ નં. ૩૮૦, ૩૮૧ વાળી મિલ્કતમાં ચોથા માળે તથા ત્રીજા માળ પરનાં અંદાજે ૩૪.૦૦ ફૂટ × ૯૦.૦૦ ફૂટ = ૩૦૬૦ ચો. ફૂટ × ૨ =૬૧૨૦ ચો. ફૂટ આર.સી.સી. બાંધકામ દૂર કરવામાં આવેલ છે. ઉક્ત કામગીરી મે.ડે.કમિશનરશ્રી(ડેપ્યુટેશન)નાં આદેશ મુજબ કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ શહેરી વિકાસ સ્ટાફ, દબાણ સ્ટાફ, તથા સીકયુરીટી સ્ટાફની મદદથી પાર પાડવામાં આવેલ. તથા ડીમોલીશન/વહીવટી ચાર્જ પેટે રૂા.૨૦૦૦૦૦.૦૦ અને ડીપોઝીટ પેટે રૂા.૨૦૦૦૦૦.૦૦ વસુલ લેવામાં આવેલ છે.

વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ નં. R/SPECIAL CIVIL APPLICATION NO 4898 OF 2022 થી ગુજરાત પેકેજડ ડ્રિંકિંગ એસોસિએશન ની અરજી અન્વયે નામદાર ગુજરાત હાઈકોર્ટ ના ઓરલ ઓર્ડર દ્વારા નોન પેકજડ ડ્રિંકિંગ વોટરના પ્લાન્ટો કે જેમણે બી.આઈ.એસ.સર્ટીફીકેટ લીધેલ નથી તેમની સામે કામગીરી કરવા મે. કમિશનરશ્રીની તા. ૦૫/૦૮/૨૦૨૨ ની મંજુરી ના અનુસંધાનમાં નુ ઈસ્ટ ઝોન (સરથાણા) માં કુલ ૦૭ સંસ્થા સીલ કરવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ,**

**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદીનં.૨૪૭ ,**

**તા.૦૬/૦૮/૨૦૨૨**

## <u>પ્રેસ નોટ</u>

સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોનમાં કરવામાં આવતી રસ્તા રીપેરીંગની કામગીરી અંતર્ગત આજરોજ નીચે મુજબના પરિશિષ્ટ મુજબ કુલ ૬૫૩.૧૬ મે.ટન જી.એસ.બી./છારૂ વિગેરે મટીરીયલનો ઉપયોગ કરી કુલ ૧૧૭ રસ્તાઓ પર અંદાજે ૬૦૬૦.૦૦ ચો.મી. વિસ્તારમાં રસ્તા રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. વધુમાં, રસ્તા રીપેરીંગની કામગીરી નિયમિતપણે તમામ ઝોનમાં ચાલુ રહેશે.

### <u>પરિશિષ્ટ</u>

| અ.નં. | ઝોનનું નામ | જી.એસ.બી. / છારૂ વિગેરે મટીરીયલ (મે.ટન) |
|---|---|---|
| ૧ | વેસ્ટ ઝોન | ૭૯.૦૦ |
| ૨ | નોર્થ ઝોન | ૯૮.૬૫ |
| ૩ | વરાછા ઝોન–એ | ૬૯.૦૧ |
| ૪ | વરાછા ઝોન–બી | ૭૭.૬૫ |
| ૫ | સાઉથ–વેસ્ટ ઝોન | ૮૦.૧૧ |
| ૬ | સાઉથ–ઈસ્ટ ઝોન | ૯૬.૭૪ |
| ૭ | સાઉથ ઝોન–એ | ૪૫ |
| ૮ | સાઉથ ઝોન–બી | ૪૨.૦૦ |
| ૯ | સેન્ટ્રલ ઝોન | ૬૫.૦૦ |
| | કુલ.. | ૬૫૩.૧૬ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં..........
તા.૦૬/૦૮/૨૦૨૨

સુરત મહાનગરપાલિકા

પી.આર.ઓ.વિભાગ

<u>અખબારી યાદી</u>

**સરદારપટેલ સ્મૃતિભવન, ઝવેરચંદમેઘાણીગાર્ડનનીસામે, વરાછા, સુરતખાતે મહાનગરપાલિકા ધ્વારા સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.**

રાજ્ય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃત્તિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનું ન્યાયીક ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓનો સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તા. ૦૬/૦૮ /૨૦૨૨ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાનસરદારપટેલ સ્મૃતિભવન, ઝવેરચંદમેઘાણીગાર્ડનનીસામે, વરાછા, સુરતખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા આઠમાં તબક્કાનો સાતમાં "સેવાસેતુ કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવેલ હતું.

સેવાસેતુકાર્યક્રમમાંઉપસ્થિતમહાનુભાવોનાહસ્તેસેવાસેતુકાર્યક્રમખુલ્લોમુકવામાંઆવેલ.સેવાસેતુકાર્યક્રમમાંઉપસ્થિતડે.મેયરશ્રી દિનેશભાઈ જોધાણી એ આવકારપ્રવચનઆપતાજણાવેલકે" સેવાસેતુકાર્યક્રમ ગુજરાત સરકાર અને સુરત મહાનગરપાલિકા ધ્વારા વિવિધ પ્રકારની સેવાઓ મેળવવા લોકોને અન્ય જગ્યાએ ભાગદોડ કરવી ન પડે તેવું સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવેલ છે.જેમાં લોકોએ વધુમાં વધુ લાભ મેળવે તે માટે આમ જનતાને અપીલ કરવામાં આવેલ".સેવાસેતુકાર્યક્રમમાં ઉપસ્થિત માનનીયમેયરશ્રીહેમાલીબેનબોઘાવાલાએઅધ્યક્ષ સ્થાનેથી જણાવેલકે "સેવાસેતુકાર્યક્રમમાં એકજ સ્થળેથી વિવિધ સેવાઓનો લાભ લાભાર્થીઓને મળતો હોય જેથી સમય અને નાણાંની બચાવ થાય છે.સરકારશ્રીની યોજનાઓ સીધે સીધી છેવાડાના લોકો સુધી સેવાસેતુના માધ્યમથીસરળતાથી લાભ પ્રાપ્ત થાય છે."

સેવાસેતુકાર્યક્રમમાંઉપસ્થિતધારાસભ્યશ્રી કુમારભાઈ કાનાણી એ પ્રાસંગિકઉદબોધનકરતાજણાવેલકે"સેવાસેતુકાર્યક્રમ એ રાજ્ય સરકારનો સૌથી વધુ સફળ કાર્યક્રમ છે.લોકોને ખરા અર્થમાં એક જ જગ્યાએથી વિવિધ પ્રકારની સેવાઓ સરળતાથી ઉપલબ્ધ થાય છે. લાભાર્થીઓએ કચેરીઓમાં ધક્કા ખાવા પડતા નથી. અને એક જ દિવસમાં જે તે યોજનાનો લાભ મળી રહે છે.સેવાસેતુ કાર્યક્રમમાં મ્યુ.સદસ્યશ્રી મનીષાબેન આહીર ધ્વારા આભારવિધિ સંપન્ન કરતા જણાવેલ કે "સેતુ સાથે સેવાની સુગંધ ભળે છે.સરકારના વિવિધ વિભાગોની સેવાઓનો લાભ લોકો સુધી પહોંચાડવામાં આવે છે." સેવાસેતુ કાર્યક્રમમાં માન.ધારાસભ્યશ્રી પ્રવીણભાઈ ઘોઘારી, માન.ધારાસભ્યશ્રી વી.ડી ઝાલાવાડિયા, માન.દંડક, શાસકપક્ષ શ્રી વિનોદભાઈ પટેલ, શિક્ષણ સમિતિના સભ્યશ્રી તેમજ વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ અને મ્યુ.સદસ્યશ્રીઓએ હાજર રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

"સેવાસેતુ કાર્યક્રમ"માં વિવિધ વિભાગો જેવા કે મેહસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગરપાલિકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ.વિભાગ,વિવિધ બેંકો વગેરે ધ્વારા દિવસ દરમ્યાન કુલ.1003લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રીમીલેયર સર્ટી, પંચનામાં, ધાર્મિક લઘુમતી પ્રમાણપત્ર, વિધવા સહાય,વૃદ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., મા વાત્સલ્ય કાર્ડ, મા અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજૂઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભ લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યક્ત કરતા જોવા મળ્યા તેમજ એક જ સ્થળ પરથી રજૂઆતોના નિકાલ માટેના આ ' સેવાસેતુ કાર્યક્રમના આયોજન બદલ વિસ્તારના રહીશો ધ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગરપાલિકા<br>
સમાચાર યાદી નં. ૨૪૯<br>
તા. ૦૬/૦૮/૨૦૨૨

## <u>પ્રેસનોટ</u>

**<u>વિષય</u> : દેશના ૧૨ શહેરોમાં CITIIS અંતર્ગત ચાલતા પ્રોજેક્ટો માટે યોજાઇ રહેલી Photograpy Competition માં સુરતના Photographer મિત્રોને જોડાવા માટે અપીલ કરતી પ્રેસનોટ**

ભારત સરકારના **Ministry of Housing and Urban Affairs** ના સહયોગથી **CITIIS (City Investments To Innovative, Integrate and Sustain)** દ્વારા ભારતની ઉજ્જવળ આવતીકાલને દર્શાવતી એક **Photography Competition** નું નેશનલ લેવલે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભાગ લઇ રહેલ ૧૨ શહેરો પૈકી સુરતનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

આ અંતર્ગત સુરત શહેરના સ્પર્ધકોએ સુરત શહેરના **Innovative and Sustainable Development Projects** ની ઇનોવેટીવ ફોટોગ્રાફી કરવાની રહેશે અને **Photograpy Competition** માં ભાગ લેવા આપેલ લિંક ઉપર ૨૬ ઓગષ્ટ પહેલા ફોટોગ્રાફ્સ સબમીટ કરવાના રહેશે. ફોટોની મહત્તમ સાઇઝ ૨૦ **MB** ની રહેશે. આ સ્પર્ધામા પ્રથમ ત્રણ વિજેતાને અનુક્રમે રૂ.૫૦,૦૦૦, રૂ.૨૫,૦૦૦ અને રૂ.૧૦,૦૦૦ નું ઈનામ મળશે. આ ઉપરાંત વિજેતાના ફોટોને દિલ્હી ખાતે આવેલા ઇન્ડીયા હેબિટેટ સેન્ટર ખાતે પ્રદર્શિત કરવામા આવશે. આ સ્પર્ધા અંગેની વિસ્તૃત માહિતી માટે આપેલ **QR** કોડને સ્કેન કરો.




જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર પ્રસિદ્ધ યાદી નં.૨૫૭, તા.૦૬/૦૮/૨૦૨૨

## દશામા વિસર્જન અંગેની પ્રેસનોટ
## સુરત મહાનગરપાલિકા

સુરત શહેરમાં તા.૦૬/૦૮/૨૦૨૨ તથા તા.૦૭/૦૮/૨૦૨૨ ના રોજ દશામા વિસર્જનનાં દિવસે શહેરમાં નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ અને સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડની ગાઈડલાઈન મુજબ પર્યાવરણની જાળવણી સહિત કુલ ૫ કૃત્રિમ તળાવોમાં પ્રતિમાઓનું ઈકો ફ્રેન્ડલી પધ્ધતિથી વિસર્જન કરવામાં આવેલ. વિસર્જિત પ્રતિમાઓની સંખ્યા તા.૦૬/૦૮/૨૦૨૨ ના રોજ રાત્રે ૯:૦૦ વાગ્યાથી તા. ૦૭/૦૮/૨૦૨૨ બપોરે ૨:૦૦ કલાક સુધીમાં નીચે પત્રક મુજબની હતી.

**સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષ–૨૦૨૨ માં કૃત્રિમ તળાવોમાં કરવામાં આવેલ શ્રી દશામા વિસર્જનની માહિતી**

| અનં. | ઝોનનું નામ | શ્રી દશામાની પ્રતિમા વિસર્જન માટેના કૃત્રિમ તળાવોના લોકેશન | સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અઠવા ઝોન | ડુમ્મસ–૧ | ૪૩૨ |
| ૨ | સેન્ટ્રલ ઝોન | ડક્કા ઓવારા | ૧,૪૧૮ |
| ૩ | વરાછા ઝોન | વી.ટી. ઓવારા | ૩,૫૦૬ |
| ૪ | રાંદેર ઝોન | રામજી ઓવારા | ૯૫૨ |
| ૫ | કતારગામ ઝોન | લંકા વિજય ઓવારા | ૪,૮૩૫ |
| કુલ દશામા વિસર્જન તા.૦૬/૦૮/૨૦૨૨ ના રોજ રાત્રે ૯:૦૦ વાગ્યા થી તા.૦૭/૦૮/૨૦૨૨ બપોરે ૨:૦૦ વાગ્યા સુધી | | | ૧૧,૧૪૩ |

આમ, સુરત શહેરમાં તાપી નદી તથા કુદરતી જળાશયોમાં દશામાની પ્રતિમાઓના વિસર્જન ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવેલ, ઉપરોકત કૃત્રિમ તળાવો ઉપરથી વિસર્જિત થયેલ પ્રતિમાઓને હજીરા ખાતે એસ્સાર જેટી ખાતે અંતિમ વિસર્જન અર્થે મોકલવાની કામગીરી કરવામાં આવેલ હતી. ઉપરોકત કામગીરીમાં સુરત મહાનગરપાલિકાનાં પાંચ ઝોન, પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ, ફાયર બ્રિગેડ વિભાગ તથા સીકયુરીટી વિભાગ ૦૬/૦૮/૨૦૨૨ ના રોજ રાત્રે ૯:૦૦ વાગ્યાથી જોડાયેલ. કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે સુરત શહેર પોલીસ ધ્વારા તમામ કૃત્રિમ તળાવો ઉપર તથા વિસર્જનનાં રૂટ ઉપર અને કુદરતી જળાશયો પાસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવેલ.

વધુમાં વિસર્જન બાદ, શહેરનાં તમામ માર્ગોને સફાઈકર્મીઓને મૂકી સંપૂર્ણ સફાઈ કરવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

સમગ્ર વિસર્જનની કામગીરી સરળતાપૂર્વક અને સફળ રીતે પૂર્ણ કરવામાં આવી છે.

જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,
સમાચાર યાદી નં......,
તા.૦૭/૦૮/૨૦૨૨



# **પ્રેસ નોટ**

સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોનમાં કરવામાં આવતી રસ્તા રીપેરીંગની કામગીરી અંતર્ગત આજરોજ નીચે મુજબના પરિશિષ્ટ મુજબ **કુલ ૩૪૦.૨૦ મે.ટન** બીટ્યુમીનસ મટીરીયલનો અને **કુલ ૨૪૩.૭૭ મે.ટન** જી.એસ.બી./છારૂ વિગેરે મટીરીયલનો ઉપયોગ કરી **કુલ ૧૧૨** રસ્તાઓ પર **અંદાજે ૬૦૦૦.૦૦ ચો.મી.** વિસ્તારમાં રસ્તા રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. વધુમાં, રસ્તા રીપેરીંગની કામગીરી નિયમિતપણે તમામ ઝોનમાં ચાલુ રહેશે.

## **પરિશિષ્ટ**

| અ.નં. | ઝોનનું નામ | બીટયુમીન મટીરીયલ પેચવર્ક (મે.ટન) | જી.એસ.બી. / છારૂ વિગેરે મટીરીયલ (મે.ટન) |
|---|---|---|---|
| ૧ | વેસ્ટ ઝોન | ૩૯.૧૬ | ૨૫.૦૦ |
| ૨ | નોર્થ ઝોન | ૫૦.૮૩ | ૫૧.૫૩ |
| ૩ | વરાછા ઝોન–એ | ૪૮.૯૬ | ૦.૦૦ |
| ૪ | વરાછા ઝોન–બી | ૨૨.૩૩ | ૩૨.૨૯ |
| ૫ | સાઉથ–વેસ્ટ ઝોન | ૩૦.૪૮ | ૨૭.૭૧ |
| ૬ | સાઉથ–ઈસ્ટ ઝોન | ૫૧.૪૨ | ૭૨.૭૪ |
| ૭ | સાઉથ ઝોન–એ | ૨૬.૨૩ | ૩૦.૦૦ |
| ૮ | સાઉથ ઝોન–બી | ૧૩.૮૨ | ૦.૦૦ |
| ૯ | સેન્ટ્રલ ઝોન | ૫૬.૯૭ | ૪.૫૦ |
| | **કુલ..** | ૩૪૦.૨૦ | ૨૪૩.૭૭ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૨૫૨
તા.૦૮/૦૮/૨૦૨૨

## પ્રેસનોટ

### કવિ શ્રી નર્મદની જન્મ જયંતીની ઉજવણી અંતર્ગત .
### કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય ખાતે વિવિધ કાર્યક્રમ

સુરત શહેરના મહાન સપૂત અને ગરવી ગુજરાતના પ્રણેતા એવા કવિ શ્રી નર્મદાશંકર લાલશંકર દવે એટલે કે, 'કવિશ્રી નર્મદ' ની ૧૯૦ મી જન્મ જયંતી તેમજ સુરત મહાનગરપાલિકા નિર્મિત કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલયના ૩૨ મા સ્થાપના દિન નિમિત્તે તા.૨૪/૦૮/૨૦૨૨ થી તા.૨૭/૦૮/૨૦૨૨ દરમ્યાન  સુરત મહાનગરપાલિકા ધ્વારા કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય ખાતે કવિ નર્મદની જીવન ઝરમર તેમજ તેઓશ્રી દ્વારા ગુજરાતી સાહિત્યને પ્રદાન કરવામાં આવેલ પુસ્તકો સહિત સામાન્ય જ્ઞાન, ટેકનોલોજી, અર્થશાસ્ત્ર, લોકસાહિત્ય, વિજ્ઞાન, પ્રવાસ, જીવનચરિત્ર, ઈતિહાસ વિ. વિષયોને લગતા પુસ્તકો પ્રદર્શિત કરવામાં આવશે. તદ્ઉપરાંત, સુરત શહેરના પુસ્તક પ્રેમી દાતાઓ તરફથી ભેટમાં મળેલ પુસ્તકો વધુને વધુ વાચકો સુધી પહોંચે તેવા શુભાશયથી 'વાંચો અને વંચાવો' યોજના અંતર્ગત વહેલા તે પહેલાના ધોરણે પુસ્તકોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે. ઉકત યોજનાનો સુરત શહેરના નાગરિકો વધુમાં વધુ લાભ લે તેવી મ.ન.પા. ધ્વારા નગરજનોને અપીલ કરવામાં આવી છે.

સમાચારયાદી નં. ૨૫૩
તા. ૧૦ /૦૮/૨૦૨૨
જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

# —::પ્રેસનોટ::—

આરોગ્ય અધિકારીશ્રી, ટોબેકો કંટ્રોલ સેલ, સુરત મહાનગરપાલિકાનાં સીધા માર્ગદર્શન હેઠળ તા.૧૦/૦૮/૨૦૨૨નાં રોજ તમાકુ નિયત્રણ અધિનિયમ–૨૦૦૩ હેઠળ કલમ–૪ અને કલમ–૬(બી)નાં ભંગ કરનાર ઈસમો સામે અસરકારક અને સખ્ત અમલીકરણ તથા તમાકુ વિરોધી લોક જાગૃતિ થાય તે માટે તમામ ઝોનમાં નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે. જેનાથી તમાકુ પ્રોડકટસનું વેચાણ કરનાર વિક્રતાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | કલમ–૪ નાં ભંગ બદલ દંડ | | કલમ–૬ (બી)નાં ભંગ બદલ દંડ | | કલમ –૪ અને ૬(બી) નાં ભંગ બદલ કુલ દંડ | |
|---|---|---|---|---|---|---|
| | ઈસમ | રૂપિયા | ઈસમ | રૂપિયા | કુલ ઈસમો | કુલ રૂપિયા |
| સેન્ટ્રલ | ૦૬ | ૧૨૦૦ | ૦૭ | ૧૪૦૦ | ૧૩ | ૨૬૦૦ |
| વરાછા (એ) | ૦૬ | ૧૨૦૦ | ૦૭ | ૧૪૦૦ | ૧૩ | ૨૬૦૦ |
| વરાછા (બી) | ૦૫ | ૧૦૦૦ | ૦૫ | ૧૦૦૦ | ૧૦ | ૨૦૦૦ |
| રાંદેર | ૦૯ | ૧૮૦૦ | ૧૦ | ૧૦૦૦ | ૧૯ | ૩૮૦૦ |
| કતારગામ | ૦૬ | ૧૨૦૦ | ૦૬ | ૧૨૦૦ | ૧૨ | ૨૪૦૦ |
| ઉધના (એ) | ૦૯ | ૧૮૦૦ | ૦૫ | ૧૦૦૦ | ૧૪ | ૨૮૦૦ |
| ઉધના (બી) | ૦૩ | ૬૦૦ | ૦૪ | ૮૦૦ | ૦૭ | ૧૪૦૦ |
| લિંબાયત | ૦૭ | ૧૪૦૦ | ૦૯ | ૧૮૦૦ | ૧૬ | ૩૨૦૦ |
| અઠવા | ૦૩ | ૬૦૦ | ૦૯ | ૧૮૦૦ | ૧૧ | ૨૪૦૦ |
| **કુલ** | **૫૪** | **૧૦૮૦૦** | **૬૨** | **૧૧૪૦૦** | **૧૧૫** | **૨૩૨૦૦** |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૨૫૪
તા.૧૦/૦૮/૨૦૨૨

TOBACCO NONDH

**સુરત મહાનગર પાલિકા**
**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**
**અખબારી યાદી**

**વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૦૧/૦૮/૨૦૨૨ થી ૦૭/૦૮/૨૦૨૨ દરમ્યાન ૨૮૭ બાંધકામોમાંથી કુલ ૩,૫૯,૪૦૦ /– વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ છે, ૧૨૬૨ સોસાયટીના પ્રમુખને આપવામાં આવેલ નોટીસ આપવામાં આવેલ છે.**

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ઘરે ઘરે સર્વે કરી મેલેરિયા સર્વેલન્સ, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે, એન્ટીલાર્વલ, ફોગીંગ, ટાયરો, કેરબા, પીપડા તેમજ બિનવપરાશી કાટમાળનો નિકાલ, વહીવટી ખર્ચની વસુલાત, આરોગ્ય રક્ષણ સંબંધી નોટિસ ઈસ્યુ કરવી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી કામગીરી કરવામાં આવે છે.

વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૦૧/૦૮/૨૦૨૨ થી ૦૭/૦૮/૨૦૨૨ના રોજ **૩૯૧૧** સોસાયટીમાં **૧૨૬૨** સોસાયટીના પ્રમુખને આપેલ નોટીશ, **૭૨૭** IEC કરેલ સોસાયટી, **૧૬૬૩૧** પેમ્પલેટ વિતરણ કરવામાં આવેલ તથા **૨૮૭** બાંધકામોમાંથી કુલ **૩,૫૯,૪૦૦** /– વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ છે. જેમાં

સા–વેસ્ટ ઝોનમાં કુલ ૭૬ સોસાયટી ચેક કરાતા ૭૬ સોસાયટીને નોટીશ આપવામાં આવેલ ૭૬ સોસાયટીમાં IEC કરેલ અને ૧૨૬૭ પેમ્પલેટનું વિતરણ કરવામાં આવેલ છે,આમ કુલ **૧૯૯** બાંધકામ ચેક કરતા IFC બાંધકામ ૧૦,૦૦૦,અગસ્ત્ય બાંધકામ ૧૦,૦૦૦/–,હોમલેન્ડ સીટી ૧૦,૦૦૦/–,ઉત્સવ પાર્ટી પ્લોટ ૧૦,૦૦૦/–,સ્કાય સુપિરીયા ૧૦,૦૦૦/–,મહાવીર કન્સર હાસ્પટલ ૭૦૦૦/–,અલથાણ ટેનામેન્ટ ૫૦૦૦/–,હેવલી હાઈટસ ૫૦૦૦/– કુલ મળી **૧,૪૩,૦૦૦/–** વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.

સેન્ટ્રલઝોનમાં કુલ ૧૦૬ સોસાયટી ચેક કરાતા ૮૯ સોસાયટીને નોટીશ આપવામાં આવેલ ૩૫ સોસાયટીમાં IEC કરેલ અને ૧૬૮૭ પેમ્પલેટનું વિતરણ કરવામાં આવેલ છે, ૮ બાંધકામોમાં સર્વે દરમ્યાન એચ.કે.સ્ટ્રીટ, ઝાંપાબજાર ૫૦૦૦/–,સંઘાડીયાવાડ ગોપીપુરા ૫૦૦૦/–, કાગળવાળાનો ખાંચો ૪૦૦૦/–, ગુંદીશેરી મહીધરપુરા ૨૦૦૦/–મળી કુલ રૂ. ૨૦,૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનમાં કુલ ૨૬૯ સોસાયટી ચેક કરાતા ૩૦૫ સોસાયટીને નોટીશ આપવામાં આવેલ ૧૪૯ સોસાયટીમાં IEC કરેલ અને ૨૮૯૧ પેમ્પલેટનું વિતરણ કરવામાં આવેલ છે, આમ કુલ ૮ બાંધકામ ચેક કરતા ગૌરવપથ રોડના બાંધકામ–૦૩ ૧૧૦૦૦/–,આનંદ મહલ રોડનું બાંધકામ ૧૦,૦૦૦/–,હબ ટાઉન બાંધકામ ૫૦૦૦/–,એવરગ્રીન કોર્પોરેશન બાંધકામ ૫૦૦૦/– બાંધકામોમાં સર્વે દરમ્યાન કુલ રૂ.૩૮૦૦૦ /– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.

સાઉથ–એ ઝોનમાં કુલ ૪૪૫ સોસાયટી ચેક કરાતા ૬૩ સોસાયટીને નોટીશ આપવામાં આવેલ ૬૪ સોસાયટીમાં IEC કરેલ અને ૨૪૨૯ પેમ્પલેટનું વિતરણ કરવામાં આવેલ છે ૨૨ બાંધકામોમાં સર્વે દરમ્યાન લક્ષ્મીનારાયણ ઈન્ડ.–એ–૩૭,એફ–૪૪ ૨૯૦૦૦/–,સાઈ યુનિટી પ્લોટ નં ૧૩૮,૧૧૬,૧૪૩માંથી ૧૪૫૦૦/–,તૃપ્તીનગર,ભકિતનગર–૩ ૧૪૫૦૦/– મળી કુલ રૂ. ૫૮,૯૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.

સાઉથ–બી ઝોનમાં કુલ ૨૪૩ સોસાયટી ચેક કરાતા ૮૭ સોસાયટીને નોટીશ આપવામાં આવેલ ૬૩ સોસાયટીમાં IEC કરેલ અને ૨૩૧૩ પેમ્પલેટનું વિતરણ કરવામાં આવેલ છે ૩૦ બાંધકામોમાં સર્વે દરમ્યાન

ગ્લોરીના વેલી, છોટુકાકાનીવાડી, વૃંદાવન રેસીડન્સી,શ્રીજી કોમ્પલેક્ષ, કનકપુર ૨૨,૦૦૦, મહાલક્ષ્મી, અંબેનગર, પુષ્પકનગર ૬૦૦૦/– મળી કુલ રૂ. ૨૮,૫૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.

સા–ઈસ્ટ ઝોનમાં કુલ ૬૬૭ સોસાયટી ચેક કરાતા ૧૮૧ સોસાયટીને નોટીશ આપવામાં આવેલ ૧૪૦ સોસાયટીમાં IEC કરેલ અને ૨૨૦૪ પેમ્પલેટનું વિતરણ કરવામાં આવેલ છે આમ કુલ <u>૪</u> બાંધકામ ચેક કરતા ક્રિષ્ના હેરીટેજ ડિંડોલી ૩૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.

નોર્થ ઝોનમાં કુલ ૧૧૬૧ સોસાયટી ચેક કરાતા ૨૧૩ સોસાયટીને નોટીશ આપવામાં આવેલ ૧૧૮ સોસાયટીમાં IEC કરેલ અને ૧૫૯૩ પેમ્પલેટનું વિતરણ કરવામાં આવેલ છે આમ કુલ <u>૬</u> બાંધકામ ચેક કરતા ૧૬૦, જૂની જી.આઈ.ડી.સી. ૫૦૦૦/–, એમ.ડી.રેસીડેન્સી,સાયણ રોડ ૫,૦૦૦/–, સ્નેહ રો હાઉસ,હાથી મંદિર રોડ ૨૫૦૦/–, ૮૨,બ્લ્યુ કેન્ડલની બાજુમાં ૨૦૦૦/–, સાંઈ આશીષ સોસાયટી ૧૦૦૦/– બાંધકામોમાં સર્વે દરમ્યાન કુલ રૂ.**<u>૧૭,૦૦૦</u>** /– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ–એ ઝોનમાં કુલ ૫૫૦ સોસાયટી ચેક કરાતા ૫૩ સોસાયટીને નોટીશ આપવામાં આવેલ ૬૧ સોસાયટીમાં IEC કરેલ અને ૨૦૬૩ પેમ્પલેટનું વિતરણ કરવામાં આવેલ છે,આમ કુલ **<u>૫</u>** બાંધકામ ચેક કરતા વેનેજીયા રેસીડેન્સી ૯૦૦૦/–,શિવ બંગ્લોઝ ૫૦૦૦/–,ટોરેન્ટ પાવર બાંધકામ ૫૦૦૦/–,લીબર્ટી બાંધકામ ૪૦૦૦/–,બાંધકામ,કિરણ ડાગમંડ ની બાજુ ૪૦૦૦/–, કુલ મળી **<u>૨૮,૫૦૦/–</u>** વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ–બી ઝોનમાં કુલ ૩૯૪ સોસાયટી ચેક કરાતા ૧૯૫ સોસાયટીને નોટીશ આપવામાં આવેલ ૨૧ સોસાયટીમાં IEC કરેલ અને ૧૮૪ પેમ્પલેટનું વિતરણ કરવામાં આવેલ છે,આમ કુલ **<u>૫</u>** બાંધકામ ચેક કરતા પ્રમુખ એન્ટરપ્રાઈઝ ૧૦,૦૦૦/– , મારૂતિ ઈન્ડસ્ટ્રીયલ ૫૦૦૦/–, સ્કાયનંદ હાઈટસ ૫૦૦૦/–, ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીયલ ૨૫૦૦/– કુલ મળી **<u>૨૨,૫૦૦/–</u>** વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.

**"મેલેરીયા,ડેંગ્યુ અને ચિકુનગુનિયા નિયંત્રણ આપણા સૌની સામૂહિક જવાબદારી છે."**

જનસંપર્ક વિભાગ
સમાચાર યાદી નં.૨૫૫
તા. ૧૦–૦૮–૨૦૨૨

# <u>પ્રેસ નોટ</u>

સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોનમાં કરવામાં આવતી રસ્તા રીપેરીંગની કામગીરી અંતર્ગત આજરોજ નીચે મુજબના પરિશિષ્ટ મુજબ **કુલ ૫૨૭.૮૪ મે.ટન** જી.એસ.બી./છારૂ વિગેરે મટીરીયલનો ઉપયોગ કરી **કુલ ૧૧૧** રસ્તાઓ પર **અંદાજે ૫૨૯૨.૯૦ ચો.મી.** વિસ્તારમાં રસ્તા રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. વધુમાં, રસ્તા રીપેરીંગની કામગીરી નિયમિતપણે તમામ ઝોનમાં ચાલુ રહેશે.

## <u>પરિશિષ્ટ</u>

| અ.નં. | ઝોનનું નામ | જી.એસ.બી. / છારૂ વિગેરે મટીરીયલ (મે.ટન) |
|---|---|---|
| ૧ | વેસ્ટ ઝોન | ૪૭.૦૦ |
| ૨ | નોર્થ ઝોન | ૪૮.૭૨ |
| ૩ | વરાછા ઝોન–એ | ૩૬.૫૦ |
| ૪ | વરાછા ઝોન–બી | ૯૫.૩૫ |
| ૫ | સાઉથ–વેસ્ટ ઝોન | ૧૧૪.૪૮ |
| ૬ | સાઉથ–ઈસ્ટ ઝોન | ૧૨૧.૦૦ |
| ૭ | સાઉથ ઝોન–એ | ૧૦.૦૦ |
| ૮ | સાઉથ ઝોન–બી | ૨૦.૭૯ |
| ૯ | સેન્ટ્રલ ઝોન | ૩૪.૦૦ |
| | કુલ.. | ૫૨૭.૮૪ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૨૫૬
તા.૧૦/૦૮/૨૦૨૨

**અખબાર યાદી**

## ગાર્ડન ખાતુ
## સુરત મહાનગરપાલિકા
અને
### ગુજરાત સરકારના સામાજીક વનીકરણ વિભાગના સંયુકત ઉપક્રમે
# ૭૩ માં વન મહોત્સવની ઉજવણી

**૭૩ માં સુરત શહેર કક્ષાના વન મહોત્સવની તા.૧૨/૦૮/૨૦૨૨ ના રોજ શહેરીજનોની હાજરીમાં રાજય સરકારશ્રીના વિભાગના સંયુકત ઉપક્રમે ઈસ્ટ–અ ઝોનમાં ટી.પી. નં.૫૩ (મગોબ) એફ.પી. નં.૯૩ ખાતેનો ખુલ્લા પ્લોટ, પરવટ પાટીયા સી.એન.જી. પંપની પાછળ, રુદ્રમણી એવેન્યુની સામે, મગોબ ખાતેના ખુલ્લા પ્લોટમાં મા.મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાના વરદ્ હસ્તે વૃક્ષોના રોપાનું નગરજનોમાં વિતરણ તેમજ વૃક્ષોના રોપાનું પ્લાન્ટેશન કરવામાં આવેલ હતું. જેમાં ડે. મેયરશ્રી દિનેશ જોધાણી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી પરેશભાઈ પટેલ, ગૃહ નિમાર્ણ અને ઉધાન સમિતિના ચેરમેન શ્રીમતી રેશ્માબેન લાપસીવાલા, જાહેર પરિવહન પ્રવૃત્તિ સમિતિના ચેરમેનશ્રી રમીલાબેન યોગેશભાઈ પટેલ, સુ.મ.પા.ના મ્યુ.સભ્યશ્રી, ગુજરાત સરકારના સામાજિક વનીકરણ વિભાગના નાયબ વન અધિકારીશ્રી ધનંજય સાધુ વિગેરની હાજરીમાં પીપળા, મહોગની, લીમડા, કણજી, બકમ લીમડા, પ્લેટોફોર્મ વિગેરે જેવા ૪૪ રોપાઓનું પ્લાન્ટેશન કરવામાં આવેલ હતું. તેમજ શહેર હદ વિસ્તારમાં વિવિધ સ્થળે ૪૧૧૬ રોપાઓનું પ્લાન્ટેશન અને કાર્યક્રમ સ્થળેથી વિસ્તારના નગરજનોને ૨૦૦ નંગ તુલસીના રોપા સહિત શહેરમાં વિવિધ સ્થળેથી ૧૩૮૭ રોપાઓનું વિના મુલ્યે નગરજનોને વિતરણ કરવામાં આવેલ હતું.**

**વધુમાં, ૭૩ માં વન મહોત્સવ ઉજવણી દરમ્યાન જે તે ઝોનમાં નગરજનોને જરૂરી રોપા સરળતાથી મળી રહે તે માટે પરિશિષ્ટ–અ માં જણાવ્યા મુજબ તા.૧૨/૦૮/૨૦૨૨ થી તા.૨૦/૦૮/૨૦૨૨ દરમ્યાન વિનામુલ્યે રોપા મળી રહે તે મુજબ પણ આયોજન કરવામાં આવેલ છે. જેનો શહેરના નગરજનોને લાભ લેવા જણાવવામાં આવે છે.**

**<u>પરિશિષ્ટ – અ</u>**

| ઝોન | સ્થળ |
|---|---|
| સેન્ટ્રલ | ગાંધીબાગ, ચોક બજાર |
| વેસ્ટ | જયોતિન્દ્ર દવે ઉધાન, જોગાણીનગર પાસે, અડાજણ |
| સાઉથ વેસ્ટ | ધન્વંતરી હર્બલ ઉધાન, નગરપ્રાથમિક શાળાની બાજુમાં, પીપલોદ |
| સાઉથ | સુમન નર્સરી જીયાવ બુડીયા રોડ, સાંઈ સૃષ્ટિ એપાર્ટમેન્ટની બાજુમાં, ભેસ્તાન |
| સાઉથ ઈસ્ટ | સુમન નર્સરી ડીંડોલી કોમ્યુનીટી હોલની બાજુમાં, ડીંડોલી |
| ઈસ્ટ–અ | સુમન નર્સરી ઈંટાલીયા હોસ્પિટલની પાછળ, શ્રીપદ રેસીડેન્સીની સામે, મોટાવરાછા |
| ઈસ્ટ–બ | શહિદ વીર ભગતસીહ ઉધાન, ત્રીકમનગર |
| નોર્થ | કાંસાનગર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, કાંસાનગર |

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં.૨૫૭**
**તા.૧૨/૦૮/૨૦૨૨**





## :: પ્રેસનોટ ::

**"આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સ્વાતંત્ર્યદિન : ૧૫મી ઓગષ્ટ ૨૦૨૨ની ઉજવણી"**

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા ભારતના રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્ય દિન : ૧૫મી ઓગષ્ટ–૨૦૨૨ની ઉજવણી બાબત.**

સુરત મહાનગરપાલિકા દ્વારા ભારતના રાષ્ટ્રીય પર્વની ઉજવણી પ્રતિવર્ષ અલગ અલગ ઝોન વિસ્તારમાં કરવામાં આવે છે. જે અન્વયે ચાલુ વર્ષે સ્વાતંત્ર્ય દિન:૧૫મી ઓગષ્ટ–૨૦૨૨ની ઉજવણી ઉધના ઝોન–એમાં થનાર છે. ભારત દેશની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત સ્વાતંત્ર્યદિનની ઉજવણી તા.૧૫/૦૮/૨૦૨૨ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ટીપી સ્કીમ નં.૨(ઉધના), ફા.પ્લોટ નં.૭૮, વિજયાનગર સ્ટેડીયમ, ઉધના, સુરત ખાતે સુરત શહેરના પ્રથમ નાગરિક એવા માન.મેયરશ્રી હેમાલીબેન બોઘાવાલાના વરદહસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાનાર છે. સ્વાતંત્ર્ય પર્વના સુપ્રભાતે ઉધના ઝોન–એ વિસ્તારની શાળાઓના વિદ્યાર્થીઓ પ્રભાત ફેરી ટેબ્લોઝ અને દેશભકિતના નારા સાથે સવારે ૯.૦૦ કલાકે ઉધના–સુમન શાળા નં. ૬ના મેદાનથી શરૂ કરીને ન.પ્રા.શાળા ક્રમાંક : ૨૧૧ થઈ છત્રપતી શિવાજી સ્પોર્ટ સંકુલના મેઈન ગેટથી કૈલાશનગર સોસાયટી થઈ વિજયાનગર સ્ટેડીયમમાં રેલી સ્વરૂપે ધ્વજવંદન સમારોહમાં જોડાશે. સુરત મહાનગરપાલિકાના ફાયર અને વોચ એન્ડ વોર્ડ વિભાગના સીકયુરીટી જવાનોની માર્ચ પાસ્ટ સાથે ત્રિરંગાને સન્માનપૂર્વક સલામી આપવામાં આવશે. ધ્વજવંદન બાદ આ રાષ્ટ્રીય તહેવારની લોકોમાં પોતાનો તહેવાર હોય તેવી લાગણી ઊભી કરવા તથા લોકોમાં દેશભકિતની ભાવના પ્રબળ બને તે માટે યોજાયેલ વેશભૂષા, વકતૃત્વ અને નિબંધ સ્પર્ધાના પ્રથમ ત્રણ વિજેતાઓને ટ્રોફી, સુરત મહાનગરપાલિકાના વિશિષ્ટ અને પ્રશંસનીય કામગીરીની ખાતા / ઝોનની  ટીમોને પ્રશંસાપત્ર, અધિકારી/કર્મચારીઓને ઈનામ અને પ્રશંસાપત્ર, એલ.એસ.જી.ડી.ની પરીક્ષામાં પ્રથમ અને દ્વિતીય ક્રમ મેળવેલ કર્મચારી, તથા ધો.૧૦માં પ્રથમ પ્રયત્ને વધુ ગુણ મેળવનાર કર્મચારીઓના બાળકોને રોકડ ઈનામથી સન્માનિત કરવામાં આવશે. માન.મેયરશ્રીના વરદ હસ્તે થનાર આ ધ્વજ વંદન કાર્યક્રમ શહેરીજનો લાઈવ માણી શકે તે માટે સોશીયલ મીડિયા પર MY SURAT પેજ ઉપર લાઈવ પ્રસારિત કરવામાં આવશે.

ભારત દેશની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત યોજાનાર સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીમાં દેશભકિતને ઉજાગર કરતા રંગારંગ/સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. આ પ્રસંગે વિજયાનગર હેલ્થ સેન્ટર ખાતે સવારે મફત રોગ નિદાન હેલ્થ કેમ્પ રાખવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા રાષ્ટ્રના ગૌરવ સમા આ શાનદાર પર્વ સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કાર્યક્રમોમાં નગરજનોને સહભાગી થવા સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે.

સમાચારયાદી નં. ૨૫૮, તા.૧૨/૦૮/૨૦૨૨,જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# **પ્રેસ નોટ**

સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોનમાં કરવામાં આવતી રસ્તા રીપેરીંગની કામગીરી અંતર્ગત આજરોજ નીચે મુજબના પરિશિષ્ટ મુજબ **કુલ ૪૭૬.૮૩ મે.ટન** જી.એસ.બી./છારૂ વિગેરે મટીરીયલનો ઉપયોગ કરી **કુલ ૯૧** રસ્તાઓ પર **અંદાજે ૫૨૮૧.૦૦ ચો.મી.** વિસ્તારમાં રસ્તા રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. વધુમાં, રસ્તા રીપેરીંગની કામગીરી નિયમિતપણે તમામ ઝોનમાં ચાલુ રહેશે.

## **પરિશિષ્ટ**

| અ.નં. | ઝોનનું નામ | જી.એસ.બી. / છારૂ વિગેરે મટીરીયલ (મે.ટન) |
|---|---|---|
| ૧ | વેસ્ટ ઝોન | ૪૧.૦૦ |
| ૨ | નોર્થ ઝોન | ૪૯.૮૯ |
| ૩ | વરાછા ઝોન–એ | ૬૧.૦૦ |
| ૪ | વરાછા ઝોન–બી | ૨૯.૨૪ |
| ૫ | સાઉથ–વેસ્ટ ઝોન | ૪૭.૦૬ |
| ૬ | સાઉથ–ઈસ્ટ ઝોન | ૧૦૮.૬૭ |
| ૭ | સાઉથ ઝોન–એ | ૮૩.૦૦ |
| ૮ | સાઉથ ઝોન–બી | ૨૪.૯૭ |
| ૯ | સેન્ટ્રલ ઝોન | ૩૨.૦૦ |
| | **કુલ..** | ૪૭૬.૮૩ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૨૫૯
તા.૧૨/૦૮/૨૦૨૨

## :: પ્રેસનોટ ::

### "આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સ્વાતંત્ર્યદિન : ૧૫મી ઓગષ્ટ ૨૦૨૨ની ઉજવણી"

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા ભારતના રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્ય દિન : ૧૫મી ઓગષ્ટ–૨૦૨૨નીઉજવણી બાબત.**

સુરત મહાનગરપાલિકા દ્વારા ભારતના રાષ્ટ્રીય પર્વોની ઉજવણી પ્રતિવર્ષ અલગ અલગ ઝોન વિસ્તારમાં કરવામાં આવે છે. જે અંતર્ગત ભારત દેશની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત સ્વાતંત્ર્યદિનની ઉજવણી તા.૧૫/૦૮/૨૦૨૨ના રોજ સવારે ૧૦ કલાકે ટીપી સ્કીમ નં.૨(ઉધના), ફા.પ્લોટ નં.૭૮, વિજયાનગર સ્ટેડીયમ, ઉધના, સુરત ખાતે ધામધૂમથી કરવામાં આવી હતી. સ્વાતંત્ર્ય દિનની ખુશનુમાં પ્રભાતે ઉધના ઝોન–એ વિસ્તારની શાળાઓના વિદ્યાર્થીઓ પ્રભાત ફેરી ટેબ્લોઝ અને દેશભકિતના નારા સાથે સવારે ૯ કલાકે ઉધના–સુમન શાળા નં. ૬ના મેદાનથી શરૂ કરીને ન.પ્રા.શાળા ક્રમાંક : ૨૧૧ થઈ છત્રપતી શિવાજી સ્પોર્ટ સંકુલના મેઈન ગેટથી કૈલાશનગર સોસાયટી થઈ વિજયાનગર સ્ટેડીયમમાં રેલી સ્વરૂપે ધ્વજવંદન સમારોહમાં હર્ષોલ્લાસભેર જોડાયા હતા. સ્વાતંત્ર્ય દિવસની સુવર્ણમયી સવારે સુરત શહેરના પ્રથમ નાગરિક એવા માન.મેયરશ્રી હેમાલીબેન બોઘાવાલાએ વિજયાનગર સ્ટેડીયમ ખાતે ફાયર અને વોચ એન્ડ વોર્ડ વિભાગના જવાનોની પરેડ સાથે રાષ્ટ્રની આન, બાન અને શાન સમા ત્રિરંગાને રાષ્ટ્રગીતની ધુન વચ્ચે લહેરાવી સન્માનપૂર્વક સલામી આપી હતી.

માન.મેયરશ્રી હેમાલીબેન બોઘાવાલાએ પ્રસંગોચિત્ત ઉદબોધનમાં પ્રારંભે સ્વાતંત્ર્ય પર્વની શુભેચ્છા પાઠવી દેશની આઝાદી માટે શહીદ થયેલ વીરજવાનોને યાદ કરતાં જણાવ્યું હતું કે, ભારતના અનેક મહાપુરૂષોએ રાષ્ટ્રની આઝાદી માટે અવિરત સંઘર્ષો કર્યા તેના પરિણામ સ્વરૂપ આપણને સ્વરાજય પ્રાપ્ત થયું છે. ભારત દેશની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સબળ નેતૃત્વમાં હર ઘર તિરંગામાં પણ સુરત શહેરના નગરજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ અનેક સફળ કાર્યક્રમો કર્યા છે એ ગર્વની વાત છે. સિંગાપોર ખાતે યોજાયેલ ૮મી વર્લ્ડ સીટી સમિટમાં પણ સુરત શહેરની પસંદગી કરવામાં આવી એ આપણા માટે ગૌરવની બાબત છે. કોરોના કાળની કપરી પરિસ્થિતિમાં સ્વચ્છતા સર્વેક્ષણમાં દ્વિતીય સ્થાન અપાવી શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવામાં સુરતીઓનો સિંહ ફાળો રહ્યો છે. નગરજનોને માળખાકીય સુવિધાઓ પૂરી પાડવામાં અગ્રેસર સુરત મહાનગરપાલિકાએ ફાયર અને ઈમરજન્સીના અદ્યતન સાધનો વસાવીને શહેર કે તેની આસપાસના શહેરોમાં કુદરતી હોનારત કે જાનહાનીના સમયે તત્કાલીન ધોરણે સેવા પૂરી પાડી છે. ડ્રેનેજના પાણીને શુદ્ધ કરીને પીવા લાયક પાણી બનાવવામાં પ્રથમ શહેર બન્યું છે. સીટીલીંક–બીઆરટીએસ બસ તેમજ ઈ–બસના માધ્યમથી શુધ્ધ હવામાન સાથે છેવાડાના માનવી સુધી ટ્રાન્પોર્ટેશનની સુવિધા પુરી પાડી છે. કોરોના કાળમાં રીકવરી રેટમાં પ્રથમ રહેવા સાથે સુરત મહાનગરપાલિકાએ હાલ ટીબી મુકત શહેર બનાવવાનું બીડું ઝડપ્યું છે. કેન્દ્ર સરકાર, રાજય સરકાર અને સુ.મ.પા.ની તમામ માળખાકીય સેવાઓ એક જ સ્થળેથી ઉપલબ્ધ થાય તેવું સૂચિત વહીવટી ભવન નિમાર્ણ થવાની દિશામાં છે. સ્માર્ટ સીટી મિશન અંતર્ગત સ્માર્ટ સીટી એવા, સુરત શહેરમાં એરીયા ડેવલોપમેન્ટ, રીન્યુએબલ એનર્જી, ઈકોનોમિક ડેવલોપમેન્ટ, એન્વાયમેન્ટ અવેરનેશ, હેરીટેજ, એફોર્ડેબલ હાઉસીંગ, આઈટી કનેકટીવીટી અને ડીજીટલાઈજેશન જેવા વિવિધ પ્રોજેકટોનું આયોજન કરવામાં આવેલ છે. સુમન શાળા સેલ દ્વારા ધો.૧૧ અને ૧૨ના વર્ગો શરૂ કરી દરેક બાળકને શિક્ષણ મળી રહે તેવું આયોજન કરી રહી છે. રાષ્ટ્ર જયારે વિશ્વ સાથે કદમ મિલાવીને આગેકૂચ કરી રહ્યું છે ત્યારે સુરત શહેરને મજબુત અને ઝડપી વિકાસના મહાયજ્ઞમાં જોડાવા અનુરોધ કર્યો હતો.

આ રાષ્ટ્રીય તહેવારની લોકોમાં પોતાનો તહેવાર હોય તેવી લાગણી ઊભી કરવા તથા લોકોમાં દેશભકિતની ભાવના પ્રબળ બને તે માટે યોજાયેલ વેશભૂષા, વકતૃત્વ અને નિબંધ સ્પર્ધાઓના વિજેતાઓને ટ્રોફી અને વિજેતા પ્રમાણપત્ર, વર્ષ દરમ્યાન પ્રશંસનીય કામગીરી કરનાર સુરત મહાનગરપાલિકાના ઝોન તથા વિવિધ ખાતાઓની ૩૯ ટીમોને, ઈન્ટર કોર્પોરેશન ક્રિકેટ ટુર્નામેન્ટના મેયર અને કમિશનર ટીમના ૪૪ ખેલાડીઓને ટ્રોફી, અધિકારી / કર્મચારીઓ દ્વારા કરેલ વિશિષ્ટ કામગીરી માટે ૧૫૫ અધિકારી/કર્મચારીઓને શીલ્ડ અને પ્રશંસાપત્ર, ઓગષ્ટ–૨૦૨૧માં લેવાયેલ એલ.એસ.જી.ડી.પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને વધુ ગુણ મેળવનાર ૨ કર્મચારીઓને તથા સુ.મ.પા.ના કર્મચારીઓના ધો.૧૦માં પ્રથમ પ્રયત્ને વધુ ગુણ મેળવનાર ૨ બાળકોને માન.મેયરશ્રીના વરદહસ્તે રોકડ ઈનામ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સ્વાતંત્ર્ય પર્વના ધ્વજવંદન બાદ દેશભકિત પર આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશભકિત અને લોકસંસ્કૃતિ પર આધારિત રજુ કરેલ સાંસ્કૃતિક કાર્યકમોને શહેરીજનોએ મન ભરીને માંણ્યો હતો. અંતે "ભારત માતા કી જય"ના ગગનભેદી જયનાદ સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું. સુરત મહાનગરપાલિકા દ્વારા ધ્વજવંદન સ્થળ પાસેના વિજયાનગર હેલ્થ સેન્ટર ખાતે સવારે મફત રોગ નિદાન હેલ્થ કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેને મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. માન.મેયરશ્રીના વરદ હસ્તે યોજાયેલ આ ધ્વજ વંદન કાર્યક્રમને શહેરીજનો લાઈવ માણી શકે તે માટે સોશીયલ મીડિયા પર MY SURAT પેજ ઉપર લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રના ગૌરવ સમા આ શાનદાર પર્વની ઉજવણીમાં ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ, શ્રી પ્રવિણભાઈ ઘોઘારી, ડે.મેયરશ્રી દિનેશભાઈ જોધાણી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી પરેશભાઈ પટેલ, મ્યુનિ.કમિશ્નરશ્રી બંછાનિધી પાની,આઈ.એ.એસ., શાસકપક્ષ નેતાશ્રી અમિતસિંગ રાજપુત, શાસકપક્ષ દંડકશ્રી વિનોદભાઈ પટેલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ, શિક્ષકશ્રીઓ, શાળાના વિદ્યાર્થીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉત્સાહભેર જોડાયા હતા.

**સમાચારયાદી નં.૨૬૦, તા.૧૫/૦૮/૨૦૨૨,જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.**




સુરત મહાનગરપાલિકા


INDIA



# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

- **ગુજરાતમાં  પ્રથમવાર સુરત મહાનગરપાલિકા ધ્વારા પાલ,કતારગામ, બમરોલી અને ભાઠેના શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે ૫૦ બેડની અદ્યતન સુવિધાયુકત હોસ્પિટલનો શુભારંભ.**

- **ગુજરાત સતત વિકાસના પંથે છે અને રહેશે –  માન.સંસદસભ્ય  શ્રી સી.આર.પાટીલ**

સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરીજનોને ઘરઆંગણે ગુણવત્તાસભર આરોગ્ય વિષયક સુવિધાઓ મળી શકે તેવા ઉમદા આશયથી સુરત મહાનગરપાલિકા સંચાલિત પાલ શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૫૦ બેડની હોસ્પિટલની ઉદઘાટનવિધિ તેમજ કતારગામ, બમરોલી અને ભાઠેના શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૫૦ બેડની હોસ્પિટલની વર્ચ્યુઅલી ઉદઘાટનવિધિ માન.સંસદસભ્ય શ્રી સી.આર.પાટીલના વરદ્હસ્તે પાલ શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર,  પાલ ખાતેથી કરવામાં આવેલ.

આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન. કમિશનર શ્રી બંછાનીધી પાની, આઈ.એ.એસ.એ જણાવ્યું કે, આઝાદીના અમૃત મહોત્સવના અમૃતકાળ માં શહેરનાં શહેરી આરોગ્ય કેન્દ્ર પાલ, કતારગામ, બમરોલી અને ભાઠેના ખાતે ૫૦ બેડની હોસ્પિટલનો શુભારંભ કરવામાં આવેલ છે. હાલમાં આરોગ્ય વિષયક સુવિધાઓ માટે સુરત મહાનગરપાલિકામાં ૫૫ શહેરી આરોગ્ય કેન્દ્ર કાર્યરત છે.  તે પૈકી ૧૧ મેટરનીટી હોમ તેમજ ૮ શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર કાર્યરત છે.  સુરત મહાનગરપાલિકા ધ્વારા ગત વર્ષ દરમ્યાન આશરે ૧૫ લાખ ઓ.પી.ડી અને ૪૮૦૦૦ આઈ.પી.ડી તથા કુલ ૭૮૦૦ પ્રસુતિની સેવાઓ આપવામાં આવેલ છે. આ હોસ્પિટલ ખાતે મેડિસીન, સર્જરી, ગાયનેકોલોજીસ્ટ, પીડીયાટ્રીશીયન, ફિઝીયોથેરાપીસ્ટ, ડેન્ટીસ્ટની ઓ.પી.ડી તેમજ આઈ.પી.ડીની સારવાર ઉપલબ્ધ છે. સમગ્ર ગુજરાતમાં પ્રથમવાર આરોગ્ય કેન્દ્ર સાથે હોસ્પિટલની સુવિધાનો સુરત શહેરથી શુભારંભ કરવામાં આવ્યો.

આ પ્રસંગે ઉદ્‌બોધન કરતા માન. મેયર હેમાલીબેન બોઘાવાલાએ  જણાવ્યું કે શહેરી આરોગ્ય  કેન્દ્ર ખાતે શરૂ કરવામાં આવેલ ૫૦ બેડની હોસ્પિટલમાં ખાનગી હોસ્પિટલ જેવી અદ્યતન સુવિધા ઉપલબ્ધ છે. આ હોસ્પિટલમાં પીડીયાટ્રીશીયન, ફિઝીયોથેરાપીસ્ટ, મેડિસીન, સર્જરી, ગાયનેકોલોજીસ્ટ,ડેન્ટીસ્ટની ઓપીડી તેમજ આઈપીડીની સારવાર ઉપલબ્ધ છે. સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોન વિસ્તારમાં રહેતા શહેરીજનોને પોતાના જ વિસ્તારમાં આરોગ્યની સુવિધાઓ સરળતાથી મળી રહે તે હેતુસર આ ૫૦ બેડની હોસ્પિટલનો શુભારંભ કરવામાં આવેલ છે.

આ પ્રસંગે ઉદ્‌બોધન કરતા માન.કેન્દ્રીય રા.ક. મંત્રી, રેલવે તથા કાપડ મંત્રાલય, ભારત સરકાર શ્રીમતી દર્શનાબેન જરદોશે જણાવ્યું કે  પાલ, કતારગામ, બમરોલી અને ભાઠેના ખાતે ૫૦ બેડની ખાનગી હોસ્પિટલ જેવી અદ્યતન સુવિધાયુકત હોસ્પિટલની સેવા ઉપલબ્ધ કરાવવા માટે માન.પદાધિકારીશ્રી,   અધિકારીશ્રીને અભિનંદન પાઠવ્યા હતા. કોવિડના કપરાકાળમાં આરોગ્યની સુવિધાઓ તથા વેકસીનેશનની કામગીરીમાં આપણો ભારત દેશ આગળ રહયો છે.

આ પ્રસંગે ઉદ્‌બોધન કરતા માન.સંસદસભ્ય શ્રી સી.આર.પાટીલે જણાવ્યું કે  ગુજરાતમાં  પ્રથમવાર સુરત મહાનગરપાલિકા ધ્વારા પાલ, કતારગામ, બમરોલી અને ભાઠેના શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૫૦ બેડની અદ્યતન સુવિધાયુકત હોસ્પિટલનો શુભારંભ કરવામાં આવેલ છે. આ દિવસ સુરત શહેરના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. સુરત મહાનગરપાલિકા ધ્વારા સૌથી સસ્તાદરે પાણીની સુવિધા પુરી પાડવામાં આવે છે. શહેરમાં વસતા પરપ્રાંતીય લોકોના બાળકોને યોગ્ય શિક્ષણ મળી રહે તે માટે સુરત કહાનગરપાલિકા ધ્વારા વિવિધ ૭ ભાષાઓમાં  શિક્ષણ આપવામાં આવે છે. માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ધ્વારા શરૂ કરવામાં આવેલ  આયુષ્યમાન કાર્ડ અને મા વાત્સલય કાર્ડ જેવી આરોગ્યલક્ષી યોજનાઓ થકી રૂા.૫ લાખ સુધીની સુવિધા સારવાર મેળવી શકાય છે. આ કલ્યાણકારી યોજનાઓ જરૂરીયાતમંદો માટે વરદાનરૂપ સાબિત થઈ છે. માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીશ્રી નો ગુજરાતના ઘડતરમાં સૌથી મોટુ યોગદાન રહયું છે. ગુજરાત સતત વિકાસના પંથે છે અને રહેશે.

આ કાર્યક્રમમાં માન. ધારાસભ્ય શ્રી વિવેકભાઈ પટેલ, માન. ધારાસભ્ય શ્રી પ્રવિણભાઈ ઘોઘારી,માન. ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ,    માન. ડે.મેયર શ્રી દિનેશભાઈ જોધાણી, માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલ, માન. વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ,માન. મ્યુ સદસ્યશ્રીઓ,મિડીયાના મિત્રો તથા સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૨૬૧, તા.૧૬/૦૮/૨૦૨૨**








Surat

સુરત મહાનગરપાલિકા
જાહેર આરોગ્ય વિભાગ
માર્કેટ ખાતું

# પ્રેસનોટ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, સ્થાયી સમિતિના ઠરાવ નં.૨૬૧, તા.૨૦/૦૨/૧૯૭૬ થી વિદિત થઈ, જન્માષ્ટમી (ગોકુળ આઠમ) પર્વ નિમિત્તે દર વર્ષની જેમ સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના તા.૧૯/૦૮/૨૦૨૨ શુક્રવાર ના દિવસે બંધ રહેશે. જેની નોંધ આ વ્યવસાય સાથે સંકળાયેલ તમામ ઇસમોએ લેવી. આપેલ સુચનાનો ભંગ કરવા બદલ જે તે ઇસમો સામે ધી બી.પી.એમ.સી. અને બોમ્બે પોલીસ એક્ટની વિવિધ જોગવાઇઓ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે માર્કેટ ખાતાના વડાએ એક યાદીમાં જણાવ્યુ છે.

સમાચારયાદી નં. ૨૭૨
તા. ૧૭/૦૮/૨૦૨૨
જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

## પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોનમાં કરવામાં આવતી રસ્તા રીપેરીંગની કામગીરી અંતર્ગત આજરોજ નીચે મુજબના પરિશિષ્ટ મુજબ કુલ ૪૭૯.૫૪ મે.ટન જી.એસ.બી./છારૂ વિગેરે મટીરીયલનો ઉપયોગ કરી કુલ ૧૧૩ રસ્તાઓ પર અંદાજે ૪૫૦૮.૦૦ ચો.મી. વિસ્તારમાં રસ્તા રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. વધુમાં, રસ્તા રીપેરીંગની કામગીરી નિયમિતપણે તમામ ઝોનમાં ચાલુ રહેશે.

### પરિશિષ્ટ

| અ.નં. | ઝોનનું નામ | જી.એસ.બી. / છારૂ વિગેરે મટીરીયલ (મે.ટન) |
|---|---|---|
| ૧ | વેસ્ટ ઝોન | ૮૧.૦૦ |
| ૨ | નોર્થ ઝોન | ૭૮.૯૯ |
| ૩ | વરાછા ઝોન–એ | ૫૬.૪૪ |
| ૪ | વરાછા ઝોન–બી | ૫૮.૬૬ |
| ૫ | સાઉથ–વેસ્ટ ઝોન | ૭૯.૯૫ |
| ૬ | સાઉથ–ઈસ્ટ ઝોન | ૦.૦૦ |
| ૭ | સાઉથ ઝોન–એ | ૩૦.૦૦ |
| ૮ | સાઉથ ઝોન–બી | ૪૭.૫૦ |
| ૯ | સેન્ટ્રલ ઝોન | ૪૭.૦૦ |
| | કુલ.. | ૪૭૯.૫૪ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં....૩૬૩.
તા.૧૭/૦૮/૨૦૨૨

સુરત મહાનગરપાલિકા

# પ્રેસનોટ

હાલમાં ચાલી રહેલ ચોમાસાની ઋતુ દરમ્યાન શહેરમાં સર્જાતી પરિસ્થિતિઓના અવલોકન અને સમયસર વિવિધ સમસ્યાઓના નિરાકરણ અર્થે સુરત મહાનગરપાલિકાના પ્રથમ નાગરિક માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા સતત કાર્યરત છે. આજરોજ જહાંગીરપુરા સરોલી રેલ્વે ઓવરબ્રિજ પર સ્થળ મુલાકાત લઈ માન. મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ સ્થળ પરની સર્જાયેલ પરિસ્થિતિનો તાગ મેળવી અધિકારીશ્રીઓને જરૂરી સુચનો કર્યા.

આ ઉપરાંત હવામાન વિભાગની તા.૧૭/૦૮/૨૦૨૨ અને તા.૧૮/૦૮/૨૦૨૨ના રોજ સુરતમાં વરસાદની ઓરેન્જ એલર્ટની આગાહી અને  ચોમાસાની ઋતુને ધ્યાને લઈ વિવિધ સમસ્યાઓ સંદર્ભે અગમચેતીના પગલા ભરવા માન. કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ લિંબાયત ઝોન  વિસ્તારમાં મીઠી ખાડી તથા કાપોદ્રા ખાતે આવેલ ખાડી અને ફલડ ગેટની  સ્થળ મુલાકાત લઈ  અધિકારીશ્રીઓને જરૂરી સુચનો કર્યા તથા તેઓશ્રીએ સ્થળ મુલાકાત લઈ વાલક એસ.ટી.પી. ની કામગીરીનું પણ નિરિક્ષણ કરી સ્થળ પર કાર્યરત અધિકારીશ્રી – કર્મચારીઓને જરૂરી સુચનો કર્યા.

**જનસંપર્ક વિભાગ,**

**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં. ૨૬૪, તા.૧૭/૦૮/૨૦૨૨**


SURAT CITY
SURAT CITY






FINISHER
Rakuten